દરેક જાતના લેરીપોર્ટસ બાઈંડીંગ
** કરનાર **
બાળાસાહેબ માધવરાવ આઢક
ઠે સુરસાગર ઉપર મરીમાતાનો
ખાંચો-વડોદરા.

G. P. B.—(J) Y/273—2,500—12-50.
E. E. D. F. No. 71

सत्यं शिवं सुन्दरम्

Baroda College
Library

Book No. Ag·M
MAN

દરેક જાતના લે
** ક
બાળાસાહેબ
ૢે સુરસાગર
ખાંચો

THE UNIVERSITY LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda.
Call No. DS
485
.O33
.B4
G.6296

College Library
THE M. S. UNIVERSITY LIBRARY
BARODA.

# વાઘેરો

અને

# ઓખામંડળ યાત્રા પ્રવાસ.

મૂળ પુસ્તક ઉપરથી વધારા સાથે છપાવી.

પ્રસિદ્ધ કરનાર.
દુર્લભજી જટાશંકર મંકોડી.
તથા
હરિવલ્લભ જૂઠાભાઈ વ્યાસ.
દ્વારકાં ક્ષેત્ર.

આવૃત્તિ બીજી. પ્રત. ૧૦૦૦
सन १८९५ संवत १९५१

શ્લોક.

आपदां कथितः पन्था इंद्रियाणामसंयमः ।
तज्जयः संपदां मार्गो येनेष्टं तेन गम्यताम् ॥

ભાવાર્થ.

પૂર્વાપરથી એવો અર્થ થતો આવ્યો છે કે જે ઈંદ્રિયોને જીત્યો, તે સર્વને જીત્યો, અને તેનાથી હાર્યો તો તે સર્વથી હાર્યો.

નડીઆદ 'ન્યુ'-ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યો.

ગ્રંથકર્તાએ હક સ્વાધીન રાખ્યો છે.

મૂલ્ય રૂપિઆ. ૦-૧૨-૦ પોસ્ટેજ ૦-૧-૦

G. 6296

AgHM
MAN

DS
485
O53
B4

BARODA
COLLEGE
LIBRARY.

## પ્રસ્તાવના.

### શ્લોક.

त्यजंति शूर्पवद्दोषान्, गुणान्गृण्हन्ति साधवः ।
दोष ग्राही गुण त्यागी, चालनी इव दुर्जनाः ॥

**ભાવાર્થ**- સજ્જન રસીક જે હોય છે તે સુપડાં પ્રમાણે ગ્રંથમાંના દોષ એક કોરે મુકી ગુણ માત્ર ગ્રહણ કરે છે; અને દુર્જન હોય છે તે ચાળણી પ્રમાણે ગુણ ગાળી દોષજ એકઠા કરે છે.

આર્યસ્થાન ( હિંદુસ્થાન ) ના ચાર છેડાઓનાં ધાંમ પૈકી પશ્ચિમ તરફનું **ઓખામંડળ** ( દ્વારકાં) નામે સ્થળ અલૌકિક વિકટ જગ્યાનો નાનો પ્રદેશ છે. મજકુર સ્થળ યાત્રાનું પવિત્ર ધામ હોવાથી હિંદુસ્થાનમાં વસનારા સર્વ લોકના અંતરમાં રમી રહ્યું છે. આજકાલ સલાહ શાંતિના વખતમાં તેમજ ઇંગ્રેજ સરકારના રાજ્યના પ્રભાવથી આ પ્રાંત સર્વ લોકોને સુગમ અને સાધારણ થઇ પડયો છે. પરંતુ પ્રાચીન સ્થીતિ આ દેશની શી હતી, વિગેરેથી થોડાજ જણ માહિત હશે. જુના વખતમાં આ સ્થળે તરીને[1] રસ્તે જુજ લોકો આવતા. ખુશકીને[2] રસ્તે આવવા માટે ઘણો બંદોબસ્ત તથા માણસોનો જમાવ જોઇએ, ને તેમ છતાં પણ સલામતી ભરેલું નહોતું. આનું કારણ એ હતું કે અત્રેના વત્નિ કાંટીઆવર્ણુ વાઘેર લોકો જેઓ કાબા નાંમથી મશહૂર છે તેમનો અત્યંત ત્રાસ હતો. તેઓ યાત્રાળુને લૂટી લેતા; તેમના જૂલમથી લોકો તે નામથી થરથરતા. આ લોકો આવા જૂલમી એ વાત પ્રસિદ્ધ છે, પરંતુ હાલ આ જગોએ સંગીન બંદોબસ્તથી તેવો ઉપદ્રવ છે નહિ. વાઘેર, એ કાંઇ હવે તેટલી ભયંકર જાત રહી નથી. તેઓની પ્રાચીન તેમજ અર્વાચીન સ્થીતિ સર્વના જાણવામાં આવે, એ હેતુથી આ વાઘેરનો ઇતિહાસ પ્રસિદ્ધિમાં લાવવા જરૂર જણાઈ.

આ વાઘેર સંબંધી એક ઇતિહાસ રા. સા. ભગવાનલાલભાઇ સંપત્તરાંમભાઇએ રચી બાહેર પાડેલો છે. તેને આજે ઘણાં વર્ષો થઈ મજકુર

---

૧ જળમાર્ગ.    ૨ જમીનમાર્ગ.

ઇતિહાસની પ્રતો પણ કોઇ જગોએ જણાતી નથી. આ ઇતિહાસ માટે ઘણા ગૃહસ્થોની ઇન્તેજારી જોવામાં આવી. રા. સા. મરહુમ તરફથી જે ઇતિહાસ થએલો છે તે છેવટના બળવા સુધીનો છે. હાલ જે ઇતિહાસ લખ્યો છે તેમાં તે લોકોના બળવા પછી સરકાર તરફથી શાશા ઇલાજો લેવાયા તેથી થતી વાઘેર કોમપરની અસર સબંધી તે લોકોની અર્વાચીન સ્થીતિ પણ ટુંકામાં દાખલ કરેલી છે. જેથી તે નામનો જેઓ ત્રાસ સમજે છે તે દૂર થઇ જાય.

શરાતનમાં આ લોકોની ખૂબી કેવા પ્રકારની છે. કે ઇંદ્રિય દમન જેવાં કે ભુખ, તરસ, ટાઢ, તડકો, સહન કરી શૂરવીરતા બતાવવામાં કદી પણ પાછી પાની કરતા નથી. ઇંદ્રિદમન કરવાનો સર્વોપરી ગુણ કુદરતેજ એમને બક્ષીશ કરેલો છે. તે એક શૂરવીર પુરુષનું ભૂષણ ગણાય છે. વળી વગર સાધને તથા વગર હથીઆરે, અને વગર કેળવણીથી આ લોકો કેવી રીતે આટલા પ્રસિદ્ધ થયા તે હેવાલ ઇતિહાસ વાંચ્યાથી સેહેજ જણાશે.

પ્રસ્તાવનામાં ઇતિહાસ બાબત શું લખવું, તથા તે સંબંધમાં શાં ધોરણ પકડવાં તે વિશે અમોને ખબર નથી. તથા કેવાં ધોરણ ઉપર જવાથી વાંચક વર્ગને રૂચિકર થાય, તે વિશેપણ અમોને ઘણો અનુભવ નથી. તેથી સજ્જન પુરૂષો ઉપર જે શ્લોક લખ્યો છે તેના ભાવાર્થ મુજબ અમારા લખાણ સામું નહિ જોતાં તેમાં જે ગુણ હોય તે સ્વિકારી દોષ એક તરફ મુકી દઇ આ પુસ્તક આગળ વાંચશે તો અમો અમારો શ્રમ સફળ થયો માનીશું. અમો વિદ્વાન નથી, તેમ લેખક પણ નથી, જેથી કોઇ પણ બાબતનો અક્ષેપ નહીં લાવતાં જે કંઇ ખામી હશે તે દરગુજર કરવા વિનંતીછે.

ઇતિહાસ તરીકે આ પુસ્તક ઉપયોગી થઇ પડશે, એટલુંજ નહીં, પણ તમામ લોકો તે ખરીદ કરી શકે તથા યાત્રાળુને પણ તેમના યાત્રાના પ્રવાસમાં લાભકારી નીવડે, એવા ઇરાદાથી તેમાં છેવટે "ઓખામંડળ યાત્રા પ્રવાસનો" વધારો કર્યો છે. પેહેલા ભાગમાં વાઘેરોનો ઇતિહાસ ને બીજામાં યાત્રાની તમામ માહિતી, પવિત્ર સ્થળો, અલૌકિક દંત કથાઓ વીગેરેનું વિવેચન કરેલું છે. ટુંકામાં કે આ પુસ્તક છપાવવા પ્રયત્ન કરવા મત થયાથી પુનરાવૃતિ કરવા વિચાર થયો.

મે. રા. સા. ભગવાનલાલભાઇ સંપત્તરામભાઈએ પોતાનું મૂળ રચેલું



પુસ્તક વધારા સાથે ઉત્તેજન દાખલ છપાવવા પરવાનગી આપી તેથી તેઓ સાહેબના અમો અંતઃકરણ પૂર્વક આભારી થયા છીએ. તેમજ આ ઇતિહાસ પ્રસિદ્ધ કરવામાં મેહેરબાન વાઘજીભાઇ ચત્રભોજ, રેવાશંકર છબીલદાસ, તથા મુન્સફ સાહેબ વેણીશંકરભાઇ તરફથી અમોને સારી મદદ મળી છે. તેઓએ ઇતિહાસમાંની હકીકત બરોબર બંધ બેસતી કરવા જાતે શ્રમ લેઇ આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં પોતાનો અમુલ્ય વખત અમોને આપ્યો છે, ને ખરેખર તેમનીજ ખંતથી આ પુસ્તક સુજ્ઞ ગૃહસ્થો પાસે રજુ કરવા અમો શક્તિવાન થયા છીએ. આ સિવાય બીજા જે જે ગૃહસ્થો તરફથી અમોને મદદ મળી છે તેમનો પણ અમો ઉપકાર માનીએ છીએ.

વળી, આ પુસ્તકના પ્રથમથી ગ્રાહક થઈ જે જે ગૃહસ્થોએ અમોને મદદ આપી છે તેઓનો પણ ઉપકાર માનવામાં આવે છે.

**મુકામ દ્વારકાં. તારીખ. ૯ માહે જુલૈ સન ૧૮૯૫ મંગળવાર અષાડ વદ. ૩ સં. ૧૯૫૧**

**દુર્લભજી જટાશંકર મકોડી**

તથા

**હરિવલ્લભ જાઠા. વ્યાસ.**

**પ્રસિદ્ધ ક-ર્તા.**

# મંગળાચરણ.

## અનુષ્ટુપ્ છંદ.

ગણપતિ સ્તુતિ

એક દંત મહા કાય, વિઘ્નહર્ત્તા ગજાનન ।।
સ્મરૂં નામ શુભારંભે, ગ્રન્થ પૂર્ણ થવા મન ।।૧।।

## શાર્દૂલવિક્રીડિત છંદ.

સરસ્વતિ સ્તુતિ

હસ્તે સ્ફાટિક માલિકા ધારે અને, બેઠી મયૂરાસને ।
વીણા તું બનીં મોહીનિ મદ ભરી, ધારી દ્વિતીયે કરે ।।
દેવી એવીં સરસ્વતી મુજ મને, ખેશી અનુગ્રે[1] કરી ।।
પૂરણ ગ્રન્થ કરાવ માત જનુની માગું છું આશા ધરી ।।૨।।

ઇશ્વર સ્તુતિ.

(નારાયણ નરસિંહ નરોત્તમ પુરૂષોત્તમકો ધ્યાન ધરો એ રાહ)

વિશ્વેશ્વર પ્રભુ જગત નિયંતા નામ રટણ દુઃખ હારીરે. વિશ્વેશ્વર૦ ટેક.
દુર્લભ પદ છે આપ નારાયણ વ્યાપ્ત છતાં ત્રિભૂવનમાંરે ।।
ઇન્દ્રાદિક મહા રૂષિજનોને, શાસ્ત્ર વદે બહુ એમાંરે. વિશ્વેશ્વર૦ ૧
શુદ્ધ હૃદયથી ભાવે ભજે જે, નથી દુઃસાધ્યજ સ્વામિરે ।।
ભક્ત ધણાને પાર ઉતારે, ભક્તવત્સલ બહુ નામીરે. વિશ્વેશ્વર૦ ૨
અજર અમર નરસિંહ નરોત્તમ, રૂપ મંગળ સુખ દાતારે ।।
દાસ તણાં દુઃખ દુર કરી દ્યો, પદ સેવા સુખને તારે. વિશ્વેશ્વર૦ ૩

મંગળાચરણને આરંભે શ્રી ગણપતિ તથા મહાયોગિની એવાં સરસ્વતિને પ્રણામ કરી, વિશ્વકર્તા ભગવાનને નમસ્કાર કરવામાં આવે છે.

પરમાત્મા જગતનીયંતા પુરૂષોત્તમ ભગવાન આ સૃષ્ટિમાં દરેક વાત પોતે બાંધી રાખેલા નિયમ મુજબ અમલમાં લાવી, દરેક સ્થૂલ અને સૂક્ષ્મ

1 અનુગ્રહ.



સ્થળે બિરાજમાન થએલા છે. તેમની નજર બહાર કિંચિત કાર્ય થઇ શકતું નથી. એક લઘુ કાર્યથી આરંભી જુદાં જુદાં ગુરૂ કાર્યો તેમની ઇચ્છાનુસાર થયા કરે છે. આપણી આસપાસ જોવામાં આવતી બાહ્ય સૃષ્ટિ, મોટી તિવ્રબુદ્ધિવાળા મનુષ્યો, પ્રાણીઓ, તથા નહાનાં જીવ જંતુઓએ તેમની મહતશક્તિનો પ્રત્યક્ષ દાખલો છે. સૂર્ય, ચંદ્ર, તારા, ગ્રહમંડળ, પૃથ્વી, તેમની ઉત્પત્તિ, સ્થિતિ, અને લય, એ પણ તેમનેજ લઇને છે. એવા પરમાત્મા વિશ્વકર્તા ભગવતલીલાનો પાર મોટા દેવ રૂષિમુની પણ પામ્યા નથી.

આ જગતમાં તેમાં વિશેષે કરી ભરતખંડના પવિત્ર દેશમાં ભક્તોનો ઉદ્ધાર કરવા સારૂં ભગવાને લીલાથી મનુષ્ય અવતાર લઇ ભક્તિરૂપી એક મોટો સફાઇબંધ સ્ફાટિક જેવો ચળકતો માર્ગ બાંધી આપી સંસાર સાગરથી શી રીતે તરી જવાય છે તેનું સાધન જ્ઞાનરૂપી નૌકાથી બતાવી આપ્યું છે એટલે કે તેઓ ભક્તવત્સલ હોઇને ભક્તિવડે સુસાધ્ય છે. ગરીબનાં દુઃખ જાણનાર સર્વવ્યાપક ભગવાન સર્વને પુજ્ય છે તેમના પ્રસાદથી અલભ્યલભ્ય થાય છે, અનિષ્ટમાંથી ઇષ્ટ બને છે, અને ટુંકામાં સર્વ મનોરથ સિદ્ધ થઇ મનને આનંદ મળે છે. ત્યારે દરેક મનુષ્યને ઉચિત છે કે શુભ કામ આરંભતાં અવલ કૃપાળુ ભગવાનનું સ્તવન કરવું, જેથી પડતી મુસ્કેલી દૂર થઇ ધારેલી કલ્પનાને પહોંચી શકાય.

## शार्दूलविक्रीडित छंद.

यःसृष्टिस्थिति संहृतिर्वितनुते ब्रह्मादि मूर्तित्रिकै
र्यस्याधीनतया स्थितानि सदसत्कर्माण्यपि प्राणिनाम् ।
नित्येच्छाकृति बुद्धिमानथ परो जीवात्परात्मा स्वयं
सोऽयंवो विदधातु पूर्णमचिराच्चेतोगतं यद्भवेत ॥१॥

અર્થ-જે બ્રહ્માદિ (બ્રહ્મા વિષ્ણુ અને મહેશ) ત્રણ સ્વરૂપથી ઉત્પત્તિ સ્થિતિ તથા લય ધારણ કરે છે, અને જેના આધીન પ્રાણીઓનાં સત્ તેમજ અસત્ કર્મો રહ્યાં છે, જે હમેશાં ઇચ્છા પ્રમાણે આકૃતિ અને બુદ્ધિ ધારણ કરી શકે છે અને જે જીવથી પણ જુદો છે અને જે પરમાત્મા છે તે પોતે તમારા મનોરથ જલદીથી પુરા કરો.

वानिजकस्य

रा ज्ञो म हा क्ष त्र प सा मि रु द्र से न स्य

व र्षे २ २ २ वै शा ख ब हु ले पं च मे

इ मं ( — — — — ) वा नि ज क स्य पु त्रे ण

प्र ति ज वै न द त्तं (त्रि हा रि — ) +

ધાનિ જ કનો.

# વાઘેરો.

## ભાગ ૧.

હિંદુસ્તાનમાં કાઠિઆવાડની છેક પશ્ચિમમાં બાહેર નીકળતો ભાગ જે ાં આગળ મુખ્ય કરી વાઘેર લોકોની વસ્તી હતી તેને ઓખામંડળ કરી કહે છે. તેની આકૃતિ ઘણુકરી ત્રીકોણાકાર છે, અને ઘણુકરી સર્વ બાજુએ સમુદ્ર અને રણથી વીંટાએલો છે. તેની લંબાઇ આશરે ત્રીસ માઇલ અને પોહોળાઇ ઘણામાં ઘણી ચૌદથી પંદર માઇલ સુધી છે. એ પ્રાંતનું નામ ઓખામંડળ શીરીતે પડયું તે વિષે જૂદાં જૂદાં અનુમાન કરી શકાય છે. એક દંતકથા એવી ચાલે છે કે આ ભાગમાં ઓખા નામનો દૈત્ય રહેતો હતો, તેથી તેનું એ નામ પડયું છે. કોઇ કહે છે કે શ્રીકૃષ્ણના પૌત્ર અનિરૂદ્ધે અરબસ્તાનના ( જે ઠેકાણે હાલ સેનાન બંદર છે એમ અનુમાન જાય છે ) રાજા બાણાસુરની કન્યા ઓખાને પરણી લાવી તેઓ બંને આ દેશમાં રહેતાં, તે ઉપરથી એ ઓખામંડળ કહેવાયું. ગમેતેમ હોય તોપણ એ પ્રાંતના લોકો ઓખા એ શબ્દ અઘરૂં અગર વસમું એવે અર્થે વાપરે છે. કેહેવત ચાલે છે કે ઓખો તે જીવતો જોખો, એટલે પ્રથમ આ દેશમાં આવવાને જીવને જોખમ ભરેલું હતું.

આ પ્રાંતની પથ્થરવાળી ખારી ખરાબ જમીન, પાણીની તાણ, ખારી હવા, અને ચોર બારવટીયા લોકોને નિર્ભય પણે રેહેવા લાયક ઘાટી થોરની ઝાડી, તેમજ નાનાં મોટાં નાળાં, અને ખડાથી આ પ્રાંત ઘણા કાળ થયા ભયંકર ગણાતો આવ્યો છે. આ પ્રાંતના વાઘેર લોકો આગળના વખતમાં પોતાનુ ગુજરાન લૂંટ ચોરી અને ચાંચીઆના ધંધાથી ચલાવતા. તે ધંધાને આ પ્રાંતની આસપાસના નાના નાના ટેકરાએ કે જ્યાં શત્રુઓનાં વહાણો ખરાબાના ભયથી પોહોંચી શકતાં નહી, ત્યાંની કોતરોમાં નાના મછવાથી ભાગી જઇ છૂપી રહેવાનું તેઓને ઠીક બની આવતું હતું. મોટાં અને

અજાણ્યાં વહાણો જે આ રસ્તેથી નીકળે તેને લૂંટી હેરાન કરી તે લોકો આવા ખરાબામાં ભરાઇ જઇ પોતાના શત્રુઓની સામે નિર્ભય પણે પોતાનો બચાવ કરી શકતા.

લૂંટ ચોરીનો ધંધો કરનાર લોકોને ઉપર મુજબ અનુકુળ આવે તેવો દેશ, ને વળી જ્યાંની એવી પણ જમીન નહીં કે બીજા ધંધા વગર ફક્ત ખેતીવાડી કરી પોતાનુ ગુજરાન કરી શકે, કારણ ખેતીની હાલત સારી નહી વરસાદ ઘણો થોડો ને તેપણ વળી જોઇએ તેવો પડે નહી, તેને લઇને તથા જમીનને કયો પાક માફક આવે તથા કેટલું ખાતર જોઇએ એ જેમ લોકો હાલ કેટલેક દરજ્જે સમજે છે, અને મેહેનત લઇ ખેતીની હાલત ... ધારવા પ્રયત્ન કરે છે તેમ આગળ થતું નહી, તેથા તેવા દેશમાં અને ... વખતમાં જ્યારે બધો કાઠિયાવાડ તેવીજ સ્થિતિમાં હતો, તે વખતમાં એ ... કોનું બીજા ધંધા ઉપર વલણ થાય એતો ક્યાંથીજ બને. દરેક જૂના હેવા... ઉપરથી જણાય છે કે આ દેશના લુંટારાઓએ હમેશાં એજ ધંધો ચલાવ... આસપાસના લોકો તથા તેઓની પડોશમાં થઈ સમુદ્ર માર્ગે ગમન કરનારા લોકોને ક્યારે પણ ચેન કરી બેસવા દીધા નથી.

જેમાંથી આ દેશને લગતી કાંઇ કાંઇ કહાણી કથાઓ મળી આવે છે એવાં પુરાણ અને મહાત્મમાં પણ એ લોકોના જુલમ વિશે ઘણું કહેલું છે. દ્વારકાં મહાત્મમાં ઓખાના લૂંટારા કુશ ( જે ઉપરથી આ સ્થળ કુ... સ્થળી કેહેવાતું ) તથા ગોલક વિગેરે દૈત્યો, ને બેટના શંખાસુર નામ... ચાંચીઆ વિષે વિસ્તારથી વર્ણવ્યું છે. શ્રીકૃષ્ણે શંખાસુર નામના દૈત્યને મ... રી તેનો શંખ ઝુંટી લીધો તે આજ પણ હિંદુઓમાં વિષ્ણુની મૂર્તિના હાથમાં ધરવામાં આવે છે. પુરાણમાં કહે છે કે યાદવાસ્થળી થયા પછી યાદવોની સ્ત્રી બાળકોને પાંડવો તેડી જતા હતા, તેઓને પણ આજ સ્થળે લૂંટી લીધાં હતાં. આ ચાંચીઆના જુલમ વિષે ગ્રીક લોકોના ગ્રંથોમાંથી પણ કાંઇ કાંઇ દાખલાઓ મળી આવે છે. તે ઉપરથી ઇ. સ. પૂ. ૩૦૦૦ વર્ષો ઉપર યાદવોના વખતમાં પણ આ ચાંચીયા હતા એમ માની શકાય છે.

એ ચાંચીઆ લોકોને હાલમાં વાઘેર કરીને કહે છે. પણ તેમનું ઘણા કાળ થયા ચાલતું આવેલું અને હિંદુસ્તાનના ઘણા લોકોને જાણીતું નામ કાબા છે. તે કાબાઓનો જૂલમ એટલો બધો ત્રાસદાયક હતો કે તે બાબત



દ્વારકાં જતાં આવતાં યાત્રાળુઓમાં ગીતાં જોડાઇને ગવાય છે. તે ગીતમાં આ જુલમનો ત્રાસ વર્ણવ્યો છે. " દ્વારકાંના માર્ગે કાબા લૂટશે. તેનો ભય અતિશે લાગશે, કાબા અતિ કઠોર, દ્વારકાંમાં રાજ કરે રણછોડ " આ લોકોની દંત કથા ઉપરથી જણાય છે કે વાઘેર ટોળામાં કેટલાએક લોકો કાબા અને મોડા એ શાખ ઉપરથી ઓળખાય છે. અને તેજ લોકો તેઓમાં ઘણા જુનામાં જુના છે. વળી તેમની ઉત્પત્તિ વિશે તેમના વહીવંચા લોકો એમ કહે છે, કે ભગવાનના અંગના મેલમાંથી આ લોકો ઉત્પન્ન થયા છે. ખભાના મેલમાંથી ઉત્પન્ન થયા તે કાબા, મોંઢાના મેલમાંથી ઉત્પન્ન થયા તે મોડા, અને કટીના મેલમાંથી ઉત્પન્ન થયા તે કાળા કહેવાણા.

એ કાબા મોડા અને કાળા નામની શાખાઓમાં બીજા દેશમાંથી વૈર ટંટા અને એવાં બીજાં કારણોથી નાશી આવેલા જુદી જુદી જાતના લોકો આવી મળ્યા, અને તેઓમાંથી બીજી ઘણી શાખાઓ થઇ. કાળે કરી આજ સર્વે તેઓ વાઘેર જાતિમાં ગણાય છે, જેનો મોટો જથો ફક્ત આ ઓખામંડળના જુદા જુદા ગામોમાં નિવાસ કરી રેહેલો છે. અસલથીજ આ સ્થળ તેવા લોકોને આશરો લેવા લાયક ગણાયું છે. અહીંના ચાંચીઆઓ જોરાવરમાં જોરાવર શત્રુના ચોરને પણ નિર્ભય પણે રાખી શકતા હતા, અને વળી તેમ કરવામાં તેઓ પોતાની પવિત્ર ફરજ સમજતા હતા. મરવું કાં મારવું એવું એવું તેમનું વર્તન હતું. તેઓ ઘણા શુરવીર હતા. અને પોતાના જોરનું એટલુંતો અભિમાન રાખતા કે પાદશાહોને પણ તેમના વહાણો ઉપર જુલમ ગુજારી તુચ્છકારી કાઢતા તેઓ કેહેતા કે " પાદશાહ તે કેર આય, પાણ જપાસ્તા અયું, કં જો મગદૂર આય કે પાણ જે ગોહમેં અચે " એટલે કે પાદશાહ તે વળી કોણ આપણે પોતેજ પાદશાહ છીએ, આપણા ગામમાં કોનો મગદૂર છે કે પેશી શકે. આવા તેઓ ઉદ્ધત હતા. તે કારણોને લઇને આ ચાંચીઆઓને વશ કરવા ઓખામંડળ ઉપર મોટા મોટા પાદશાહોએ સ્વારી કરી છે, તેમાં તેમની તા. દેશની પાયમાલી થઇ, છતાં પણ તેમનો જુસ્સો કાંઇપણ નરમ પડ્યો હોય એમ જણાતું નથી ( જુઓ વધારો નંબર. ૧ લો ).

યાદવોના નાશ પછી ખભામાંથી ઉત્પન્ન થએલા કાબા નામના વાઘેરની પાંચ જાત થઇ. ૧ ગજણીયા, ૨ સેથાણીયા, ૩ ડાંગીઆ, ૪ વરણાકીયા

અને ૫ કોટડીયા. તેઓએ પ્રથમ ગોરીઝું વસાવ્યું જે કાબાગીજની કેહેવાતું. બીજી શાખા મોડા તેનું રાજ બેટમાં હતું. એ બેટને તે વખતે કલરકોટ કહેતા. ( કલરકોટ એટલે ખારાશવાળી ચીજનો કોટ ) તેઓનું રાજ્ય પુરૂષોત્તમપુરી જેને હાલ પીંડારૂં કેહે છે, ત્યાંસુધી હતું. ત્રીજી શાખા કાળા તેમણે પોતાની રાજધાની દ્વારકાંમાં કરી હતી.

આ કાબા મોડા અને કાળા જાતીના ચાંચીઆ ( વાઘેર ) પાસેથી મસર સામંત ( મીસર દેશનો સામંત ) શકર બેલીમે આવી રાજ્ય લીધું. શકર બેલીમે કેટલાક વર્ષ રાજ કર્યું; બાદ ઇસ્તાંબોલ ( કોન્સ્ટાંટીનોપલ ) નો સુબો ત્યાંના પાદશાહની ઝેહેરમોરાની વીંટી ચોરી ઓખામાં નાશી આવ્યો તેનું નામ મેમધડુકો હતું. વીંટીમાં એવો ગુણ હોવાનું કેહેવામાં આવ્યું છે કે જેની પાસે તે હોય તેને જખમ ન લાગે અને કોઇપણ જાતનું વિષ ન ચડે. મેમધડુકાએ શકર બેલીમને ત્યાં નોકરીમાં રેહેવા કબૂલ કર્યું અને પાછળથી શકર બેલીમને મારી પોતે રાજ્ય લઇ લીધું. શકર બેલીમના બે દીકરા સાયબ અને રાયધ સિંધમાં અલીસેન નામે સુમરાના રાજ્યમાં શરણે જઇ રહ્યા, અને નોકરીમાં દાખલ થયા. થોડા વખત પછી તેમના કુટુંબના ગીર લોકો તહાં જઇ ચડ્યા. તેમણે તેમના પીતાનાં વખાણ ગાઇ તેના મારનારનું વેર લેવા શૂર ચડાવ્યું. તે ઉપરથી તેઓ બેટમાં આવ્યા. ત્યાં કોઈ રોશનશાહ નામે ફકીર રેહેતો હતો, તેની સેવામાં રેહેવા લાગ્યા. તેમની ઘણા દિવસની બંદગીથી પ્રસન્ન થઇ તે બંને ભાઇઓને તે ફકીરે બે કરામતવાળી ઘોડીઓ આપી. ઘોડીપર સ્વાર થઇ બંને કાબા ગીજની ( ગોરીંઝું ) આવ્યા, અને પોતાનું રાજ્ય પાછું માગ્યું. મેમધડુકાએ નમી દીધું, અને ઝેરમોરાની વીંટી સાયબને આપી પોતાની દીકરી નામે પલ તેને પરણાવી. આ સુલેહ રાયબને પસંદ પડી નહીં, તેથી રીસાઈ તે સીંધમાં જતો રહ્યો. પાછળથી મેમધડુકાએ તે વીંટી દગાથી લઇ લીધી. અને સાયબને ઝેર દઇ મારી નાંખ્યો. તેની સ્ત્રીએ પોતાના પતિનું વેર લેવા નિશ્ચય કીધો. દાદર પર તરવાર લઇ ઉભી રહી. મેમધડુકાએ પોતાના પાંચે દીકરાઓને સાયબ મરી ગયો કે કેમ તે વિષેની ખબર તેમની બેહેન પાસેથી લાવવા મોકલ્યા. તે પાંચે ભાઈઓ જે પોતાના સગા ભાઇઓ થાય તે સર્વેને પલે મારી નાંખ્યા. તે વિશે એક દુહો છે કે—



દુહો

તોગો ભરત તમાયચી, હાલો ને હમીર.
હિકડ પીયા કારણે, માર્યા પાંચો વીર.

આ ઉપરથી દાખલો મળી આવે છે કે પોતાના પતિ વત્સલતાને લીધે એક સ્ત્રી કેટલું સાહસ કરે છે ! જુઓકે આમાં પલે પોતાના ધણીનું વેર લેવા માટે પોતાના સગાભાઇઓને મારી પોતાના બાપને આ લોકમાં તેમજ પર લોકમાં આધાર વગરનો કરી નાંખ્યો તેમ વળી મેમધડુકાને પણ પોતે કરેલાં અનર્થો માટે યોગ્ય નશીઅત મળી કહી શકાશે. કારણ પોતાને આશરો આપનાર શકર બેલીમનો દગાથી વધ કરી રાજ્યપાટ દબાવી બેઠો. પછીથી સાયબ સાથે સલાહ કરવાના જૂઠાં બહાનાથી તેને પોતાની દીકરી પરણાવી બાદ પોતાની દીકરીનું પણ સોભાગ્ય નહીં વિચારતાં તેનો પતિ જે પોતાનો જમાઇ થાય તેને દગાથી મારી નાંખ્યો. એ શું થોડી અનીતિ કહેવાય ? માણસો પોતાનો સ્વાર્થ સાધવા ગમે તેવાં ભયંકર કૃત્યો કરતાં પણ આચકો ખાતા નથી તેનું આ આબેહુબ દ્રષ્ટાંત છે. આવે વખતે સ્નેહની લાગણીઓ પણ કોણ જાણે ક્યાં અદ્રશ્ય થઇ જાય છે. આ ઉપરથી ખૂબ સમજવાનું છે પોતાનાં ઉદ્ધત કર્મને માટે ખસુસ ખમવું પડે છે. માટે હરકોઇ કાર્ય કરતાં હરોલ ખૂબ દીર્ઘ દ્રષ્ટિ વાપરવાની જરૂર છે.

એ પ્રમાણે પાંચે ભાઇઓને મારી પલે સાયબના મરણની ચીઠી લખી બેટમાંથી મળેલી રોશનશાહ વાળી પેલી કરામતી ઘોડીને ગળે બાંધી, એટલે ઘોડી એકદમ રવાને થઇ, અને પોતાની જોડીની ઘોડી જે રાયબ પાસે હતી ત્યાં આવી પોંહોચી. રાયબ ખબર વાંચી એકદમ કાબા ધજની તરફ આવ્યો. અને ગંડુકી વાવ જેને હાલ ગંડકી કેહે છે તે ઉપર આવેલા મુબારક નામના બાગમાં મેમધડુકો હતો, ત્યાં આવી હલ્લો કર્યો. મેમધડુકો નાશી કાબા ગજનીના ગઢમાં ભરાયો. રાયબ પાછળ પડ્યો, અને ગઢમાં જઇ તેને પકડી મારી નાંખ્યો. રાયબ પોતાની ભાભીને લઇ પાછો સિંધ તરફ ચાલી નીસર્યો. રા. સા. ભગવાનલાલભાઇ સંપતરામભાઇ તેમના સોરાષ્ટ દેશના ઇતિહાસમાં આ દેશમાં યવન લોકો આવી વસ્યા હતા એમ લખે છે તે કદાચ આ લોકો હશે એમ અનુમાન થાય છે કારણ ભાટ લોકો મીસર સ્યા[illegible] યાને ઇસ્તંબીલથી આ લોકો આવ્યા હતા એમ લખે છે. તેને આ વાત ટેકો આપે છે કેમકે તે તરફના લોકોને આ દેશમાં યવનજ કેહેતા.

મેમઘહુકાને રાયએ મારી નાંખ્યો તથા રાયબ પોતાની ભાભીને લઇ સિંધ તરફ નાશી ગયાની ખબર થતાંજ ફરી ઉપર લખી ત્રણ શાખા કાબા મોડા અને કાળાએ ઓખામંડળ સરકારી પોતપોતાની અસલ રાજ્યધાની લઇ રાજ્ય કરવા લાગ્યા. કાળાની શાખાનો મૂળ પુરૂષ કુશળસેન તેનો દીકરો ખેમકરણ અને તેની ઓલાદમાં મલણ કાળો થયો તેનું રાજ પાડલીમાં હતું.

ભાટ લોકોનાં વૃતાંત્ત ઉપરથીં જણાઇ આવે છે કે એ અરસામાં રજપૂત લોકો પણ થોડા વખતથી આ દેશમાં આવી વસવા લાગ્યા હતા ઉચ્ચ જાતીના લોકોમાં પ્રથમ પેહેલા વસનારા લોકો હીરોલ અને ચાવડા જાતના રજપૂત હતા. પ્રથમ વસઇ અને બેટમાં ચાવડા અને દ્વારકાંમાં હિરોલ લોકોનું રાજ હતું. ઓખામંડળમાં ચાવડાપાદર ચાવડાદેરી વિગરે નામ ઉપરથી ઓળખાતી જગો અને જૂના વખતની દંત કથા ઉપરથી જણાય છે કે પૂર્વે આ ભાગમાં ચાવડાઓનું જોર ઘણું હતું.

અણહિલવાડ વસાવનાર વનરાજ ચાવડાની છઠી પેઢીએ ક્ષેમરાજના દીકરા આકડજીના વખતમાં સોલંકી લોકોએ ગુજરાતપર ચડાઇ કરી તેથી આકડજી લડાઇના ભયથી નાશી ઓખા તરફ આવ્યો. બેટમાં તે વખતે ગજકરણ નામે મીડાશાખાના વાઘેરોનું રાજ્ય હતું તેને મારી સર્વ ઓખામંડળ સ્વાધીન લીધું અને ત્યારથી તેમનો અમલ આ પ્રાંતમાં શરૂ થયો.

એ ચાવડાઓ વિષે એમ પણ અનુમાન જાય છે કે કદી વનરાજના વંશના નહીં પણ તેના બાપ જયશીખરી જેનું મુખ્ય શેહેર પંચાસર કચ્છના રણ પાસે હતું તેના ઉપર કલ્યાણી નગરીના સોલંકી વંશના ભૂવડ રાજાએ ચડાઇ કરી ત્યારે ઇ. સ. ૬૯૬માં મોટી લડાઇ થઇ અને આખો સોરાષ્ટ્ર પ્રાંત એ લોકોએ કબજે કર્યો હતો તેથી તે લડાઇમાંથી બચેલા ચાવડા તેના વંશના હોય કે ગમે તો તે જાતિના હોય પણ તેઓથી સોલંકી રજપૂતો સામે લડાઇમાં ટકી ન શકાયાથી આ તરફ આવ્યા હોય અને અહીંનું રાજ કબજે કર્યું હોય એ વધારે સંભવિત છે.

એ આકડજીને બે દીકરા થયા. એક વાઘમ અને બીજો ભૂવડ. વાઘમ કચ્છ તરફ ગયો અને ત્યાં ભદ્રાવતી નગરી જેનું ખંડેર અદ્યાપિ ભદ્રેસર નામના ગામ પાસે મોજુદ છે તે વસાવી ત્યાં રાજ્ય કર્યું. અને ભૂવડરાય



અહીંનો માલેક થયો.

ભૂવડને બે દીકરા હતા. મોટો જયસેન તે ગાદીનો વારસ થયો તેણે જે જગાએ હાલ મુળવાસર ગામ છે તેની પડોસમાં ચાવડાપાદર નામે ગામ વસાવ્યું.

મુળવાસર પાસે એક જલાશયમાંથી મોટો શીલા લેખ મેહેરબાન વૉલ્ટરસ્કૉટ સાહેબના વખતમાં શોધી કાઢેલો તે સર્વ લોક જુએ તેવી રીતે ઓખાલાયબ્રેરી પાસે પશ્ચિમબાજુ સડક ઉપર અસલ લેખ દાટી ઉભો કરવામાં આવ્યો છે. શીલા લેખની લીંપી જોતાં હજાર બારશો વરસ ઉપર લખાતી દેવનાગરી નામે ગિર્વાણ ભાષા કેહેવાય છે. આ લેખનો ઉતારો કરી તેમાં શું લખ્યુ છે તે જાણવા તે અક્ષરો શીલા લેખ ઉપરથી ઉતારી જૂદી જૂદી જગોએ મોકલ્યા. જર્મનિથી ભાષાંતર થઇ આવ્યું તે જાણવાસારૂ તે અસલ લેખ આ સાથે જુદો શીલા પ્રેસમાં છપાવી ટાંકયો છે તે જોવાથી સમજાશે.

આ શીલા લેખ ઘણો પુરાતન હોવાથી તેના પરના કેટલાક અક્ષર ઘસાઇ ગયા છે. જોઇએ તેવું શુદ્ધ વાંચવામાં આવતું નથી. તેથી સંપૂર્ણ ભાવાર્થ સમજી શકાતો નથી તોપણ તે ઉપરથી અનુમાન થાય છે કે આ લેખ ચાવડાના અમલથી પણ જૂના વખતનો જણાય છે. તથા તેમાં જે રાજાનું નામ છે તે ક્ષતી રાજા છે તેથી હિરોલ અને ચાવડા લોકોનું રાજ એ ક્ષત્રી રાજાથી ઉતરતું આવ્યું હોય એમ શીલા લેખ ઉપરથી મજબુત ટેકો મળે છે.

ભાટ લોકો કેહેછે કે આકડજીના વંશમાં થયેલા જયસેને ચાવડાપાદર વસાવ્યા પછી ત્યાં ચાવડાઓની રાજ્યધાની થઇ હતી. અને તેના પછી તેના દીકરા જગદેવ ચાવડાએ ૨૧ વર્ષ અને ત્રણ મહીના રાજ કર્યું પછી તેનો દીકરો મંગળજી ગાદીએ બેઠો. મંગળજી પછી તેનો દીકરો દેપાળદેવ તેનો પુત્ર જગદેવનો અનંતદેવ અને તેનો કનકસેન થયો તેણે કનકાપુરી વસાવી. જેને હાલ વસઇ કેહેછે. એમાં જૈન લોકોનાં દેરાં છે તેને વસઇ કહેછે. (કચ્છ દેશમાં ભદ્રેસરનાં દેરાં વસઈનાં દેરાં કેહેવાય છે.)

કનંકસેનના બાપ અનંતદેવ ચાવડા રાજાએ ગીરનારના રાવ કવાટ નામના રાજાને પકડી આણી પાંજરામાં પૂર્યો હતો અને છેવટ તેને ઉગા નામના વાળારાજાએ છોડાવ્યો હતો.

દુહો.

ઉગો કહેછે—

સો ભાઇ માર્યા ચાવડા, પંદરસો પહાણ;
અનંત મેલની ઉગલા, તને એભલવાળી આણ.

અનંતદેવ કહેછે—

કર મજરો કવાટ, આંખે એમ અનંત દેવ;
પાછો મેલાં પાટ, પરણાવે ગર નાર પત.

કવાટ કહેછે—

આ કાયા એ મજરો નહીં, આ કાયા અવઘાટ;
જો કરાં મજરો તો, કીંકાવાં કવાટ.

ઉગાને કહેછે—

છોડાવ્યા છત્રીશ, કંકુને કરતાં કમળ;
અધપત દીએ આશિશ, તું અજરામર ઉગલા.

દ્વારકાંમાં હિરોલ જાતના રજપૂત રાજ્ય કરતા હતા. તેઓની ઉપજને મોટો ભાગ દ્વારકાંમાં આવતા યાત્રાળુ ઉપરના કરતો હતો ( આજ સુધ પણ મહારાજા ગાયકવાડ સરકારની હાલની ઓખામંડળની ઉપજમાં અ કર મોટો ભાગ પૂરો પાડે છે. ) તે વખતે આ દેશનાં ચાંચીઆ ( વાઘેર ઘણું કરી હિરોલ જાતના રજપૂતનો પક્ષ કરી રહ્યા હતા. એટલે એક તરફ વાઘેર લોકોનું પણ ઓખામાં તે વખતે રાજ્ય હતું. તેઓમાં સર્વોપરિ સત્તા ચાવડાની હતી. પણ વાઘેરો બે પક્ષમાંથી એકે પક્ષને તાબે થયા નહોતા.

અનંતદેવ ચાવડાને વળી હેરલસિંહ અને હરપાલજી નામે બીજા બે દીકરા હતા. નાના હરપાલજી તેમણે મીઆણી ગામ વસાવ્યું તેનો દીકરો સવીઆણસીંગ થયો તેનો પ્રભાતસીંગ તેને હરષદમાતા પ્રસન્ન હતાં પ્રભાતસીંગનો વેણું થયો તેણે મુંગીપુરપાટણ જેને હાલ પોરબંદર કહે છે તે વસાવ્યું. તે શાખા જૂદી થઇ. હેરલસીંગ બેટમાં રાજ્ય કરવા લાગ્યો.

ઇ. સ. ની તેરમી સદીમાં વેરાવળજી અને વેજલજી નામના બે રાઠોડ સરદાર જોધપુરથી રીસાઈ પાટણવાડા અને ઝાલાવાડમાં આવી રહ્યા હતા. તેઓને ત્યાં કોઇ સાથે ટંટો થયાથી તેઓ ભાગી યાત્રાને બહાને ઓખા તરફ આવ્યા આ લોકોને જોરાવર જાણી ઓખાનાં બંને રજપુત



ટોળાંએ પોતાના શત્રુ સામે મદદ કરવા વિનંતી કરી. તે તેઓએ સ્વીકારી. પછી રાઠોડોએ પ્રપંચથી બંનેનો કાટ કાઢી ઓખાનું રાજ્ય પોતાના તાબામાં લેવા ઇરાદો કર્યો. એ વિચારથી એક વખત તેઓએ હિરોલ લોકોને પોતાને ત્યાં જમવા નોતર્યા અને અંદર ખાતેથી ચાવડાઓને કહી રાખ્યું કે જે વખત એ લોકો જમવા ખાવામાં ગાફલ થાય તે વખત તમારે તેઓ ઉપર આવી પડવું. તે પ્રમાણે જમવા નોતરી દારૂ તથા અફીણ વીગેરે નીશામાં ચકચૂર કરી ચાવડા લોકો પાસે તેમને મરાવી નંખાવ્યા. ને પાછળથી ચાવડાઓની પણ વખત આવે તેવી દશા કરી દગાફટકાથી ઓખાનું રાજ્ય પોતાના તાબામાં લીધું.

હિરોલ અને ચાવડા લોકોના નાશ થયા પછી તેમાંના કેટલાએક બચ્યા તે વાઘેર લોકોમાં જઇ ભળ્યા. હેરલસીંગ ચાવડાનો દીકરો સોડસલજી નાશીને પાડલીમાં આવી વાઘેર લોકોને આશરે આવી રહ્યો. સોડસલજીએ પોતાની એક બેહેન નામે રાંણુંબા તે પેથલ નામના કાળા શાખાના વાઘેરને તથા બીજી બેહેન કશલીબા તે ખાખણ કાળાને દીધી હતી. વાઘેર લોકોમાં ચમડીઆ શાખાના લોકો છે તે આ લોકો કેહેવાતા હશે. તેઓ મૂળથી ચાવડા હતા. તે વાઘેરમાં ભળી જવાથી ચમડીયા વાઘેર થયા તે હાલ પણ કહેવાય છે. હિરોલ રજપૂતની એક દીકરી બચી તેને મલણ કાળા નામના વાઘેરે પોતાની દીકરી કરી રાખી હતી એ હિરોલની શાખાના વાઘેર ભઠડ કહેવાય છે. એ ચમડીઆ અને ભઠડ લોકોએ ખંડેરા, ખુરપડી, ઢેવાડ ત્રણ ગામ વસાવ્યાં.

વીરાવળજીએ ઓખામાં પોતાની સત્તા કાયમ કરી. રાજ્યની હદ પૂર્વમાં છેક વેદમતી નદી સુધી વધારી પ્રથમ તેઓ ચાવડાની રાજધાની વસાઇમાં રેહેતા. તે ફેરવી પાછળથી પોતાની ગાદીની જગો આરાભડામાં કરાવી. તે વખતે આ જગ્યોએ દરીઆઇ લૂંટ વગર બીજો વેપાર ધંધો કંઇ જ નહોતો. વીરાવળજીના ભાઇ વેજળજી પોતાનાં થોડાં માણસો લઈ કાઠીઆવાડની દક્ષિણમાં નાઘેરમાં જઇ વસ્યા અને તેના વંશના વાજા રજપૂત કેહેવાયા.

દુહો.

વેજળથી વાજા હુવા વીરાવળ વાઢેલ,

### ભડતે ભાડા ભંજીઆ ઇરાવ રાઠોડ.

વીરાવળજી પછી તેનો દીકરો વીકમશી થયો. તે કચ્છના રાજા અ બડાના દીકરા જીઆજીની કન્યાને પરણ્યો હતો. અબડા વિશે કેહે છે કે તે અલાઉદીનઘોરીએ માર્યો હતો.

BARODA COLLEGE LIBRARY.

અબડાનો દુહો.

બારો મૂંઠ મુછડી તેરો હથ ઘડો,
દોલીરાહ પુછાયો ખેડો પરમાણો.

કાંઇ મુદત પછી જીઆજીનો દીકરો હમીરજી પોતાના શત્રુના ભયથ કચ્છમાંથી ભાગી ઓખામાં પોતાના સગા રાઠોડ લોકોને આશરે રહ્યો વખત અહીં હમુસરનું તળાવ ખોદાતું હતું ત્યાં સર્વ લોકો મજુરી કરવ આવતા હતા તે વખતે પાડલીના મલણ કાળાએ રાખેલી તેની દીકરી પ આવતી એક દીવસ કોઇએ હમીરજીની ઠેકડી કરી કે મલણની દીકરી સા લગ્ન કરોતો ઓખામાં તમારૂં રાજ્ય થાય હમીરજીએ તેજ પ્રમાણે કર્યું અ લગ્ન નીચ લોકો સાથે હતું તોપણ તેના સગા રાઠોડ લોકોએ એ વાતને ટેક આપ્યો. હમીરજીને રાઠોડોએ વરવાળું અને બોડખત્રી નામનાં બે ગામ ગીરાશમાં આપ્યાં. કાંઇ દીવસ પછી હમીરજીએ પોતાના સાસરીયા વાઘેર લોકોની મદદથી હિરોલની ગાદીના હકદાર તરીકે પોતાના સસરાનું ગામ પાડલી છોડી વસાઇમાં પોતાની ગાદી સ્થાપી અને ચોતરફ પોતાનું રાજ્ય વધારવા માંડયું.

આરંભડાનાં રાઠોડોયે આ દેશના રજપૂતોને દગાથી વાઢી અગર કાપી નાખ્યા તેથી તેઓ તે વખતથી રાઠોડને બદલે વાઢેળ કેહેવાયા. વીક્રમશી વાઢેળ પછી એ વંશમાં સાંગણજી નામનો એક માહા પ્રાક્રમી પુરૂષ થયો જણાય છે. આ દેશના કેટલાએક લોકો પોતાને એ સરદારની ઓલાદમાંથી ગણી પોતાને સાંગાંણી કેહેવડાવે છે. સાંગણજીએ પોતાનું રાજ પુરવમાં છેક ખંભાલીઆ સુધી વધાર્યું હતું. તે ઘણુકરી સાગણ ધાડીઓ એ નામથી વીશેષે કરી ઓળખાતો હતો. કેમકે તે ધાડા લઇ આખા કાઠીયાવાડમાં રાડ બોલાવતો હતો. ભાટ લોકો કેહે છે કે એ સાંગણને ત્રણ સ્ત્રીયે હતી તેમાં એક ચુડાશમા જાતીની હતી, ને તે પોતાના ગળામાં હમેશાં માતાનાં પગલાં પહેરતી હતી. તે ઉપરથી તેની શોકે પોતાના ધણીને એવું સમજાવ્યું કે એ પગલા તારી ઉપર જાદુ કરવા સારૂ પહેરે છે. સાગણે ખરૂં માની તે પગલાં ફેંકી દીધાં તેથી તે ઉપર માતાનો કોપ થયો, અને તે થોડી વારમાં વેંદલ થઇ ઓછવીયા-લોકોમાં નાચવા લાગ્યો. એવી દશામાં તે એકવાર દીલ્લી જઇ પોચેલો ત્યાંહાં બાદશાહે તેને નાચવા ગાવા કહ્યુ, પણ તે રજપુતનો દીકરો હતો તેથી તેણે ઢોલક વગાડવા શીવાય બીજું કંઇપણ કબુલ કર્યું નહી. ઘર આગળ તેની સ્ત્રીને પોતાના ધણીની આ દશા જોઇ ઘણું દુઃખ થયું ને બારવર્ષ સુધી મીઠાની પથારીમાં સુઇ માતાની ભક્તી કરવા લાગી. ત્યારે માતાએ પ્રસન્ન થઇ તેના ધણીને કહ્યું કે આ માહારી ચુડી ચુંદડી પહેરી, ચોટલો વધારી સ્ત્રીનો વેશ રાખજે, એટલે જ્યાં જઇશ ત્યાં તાહારી હાકલથી કીલો પડી જશે. એ રીતે સાંગણ ચોતરફ ફરી કીલાઓ પાડી પોતાની ફતેહ કરતો હતો તેવામાં તેનો બાપ મુવો એટલે તેણે દેશ દેશનાં રાજાઓને કારજ ઉપર તેડાવ્યા. ને આ વખતે દરવાજે હજાંમ બેસાડી તેણે એવો હુકમ કર્યો કે જે કોઇ આવે તેની મુછ બોડીને ગામમાં દાખલ કરવો તે પ્રમાણે કરતાં જ્યારે વાડાસાડાનો સરવઇઓ રજપૂત મુંઝાળદેવ આવ્યો ત્યારે તેણે મુંછ બોડાવા ના પાડી, ને અ વીવેક ભરેલું કાંઇ બોલ્યો તેથી શાંગણને અતી ક્રોધ ચઢયો ને કહ્યું કે તું મારો પરોણો છો એટલે હાલતો તને મારી શકતો નથી પણ જા અહીંથી તું ભાગ. ત્રીજે દાહાડે તારી ઉપર હું ખચિત આવીશ, તું તૈયાર રહેજે. મુંઝાલ દેવાડાશાડે ગયો, કે શાંગણ ફોજ લઇ પાછળ ચઢયો. આ વખત વીક્રાજી સરવઇયો ફોજ લઈ સામો આવ્યો તેણે જાણ્યું કે સાંગણે માતાનો પોશાક પેર્યો છે માટે મારાથી તે ઉપર ઘા થઇ શકશે નહી માટે કંઈ તદબીર કરવી જોઇયે. પછી સાંગણે તેને કહ્યું કે તું મારા ઉપર પહેલો ઘા કર ત્યારે શરવઇઓ બોલ્યો તારો પોશાક સ્ત્રી જેવો છે માટે સ્ત્રી ઉપર ઘા કરવો એ રજપૂતનો ધર્મ નથી. તે સાંભળી સાંગણે માતાની ચુડી, ચુંદડી ફેંકી દઇ ચોટલો મુંડાવી નાંખ્યો. પછી લઢાઇ થઇ તેમાં બંનેજણ મર્ણ પામ્યાં. ભાટ લોકો કહે છે કે સાંગણને માતાએ કહ્યું કે તું સર્વ જગોએ જજે પણ વાડાશાડે જતો નહી કેમકે ત્યાં માહારી બેન બાળવી માતા છે તેથી તારી હાર થશે. તે પ્રમાણે આ લઢાઈમાં થયું.

એ સાંગણના વખતમાં અમદાવાદનો બાદશાહ શુલતાન મહમદ બેગડો ગીરનારના મંડળીકને ઝીતી જુનાઘઢમાં રહ્યો હતો. તેવામાં સાંગણે એક

મોલાના મહમદ નામનાં મક્કે હજ જનારા મુસલમાનનું વહાણ લૂટી તેનાં બઈરાં છોકરાં પકડી ગયો. એ ફરીયાદ બાદશાહ પાસે આવી ત્યારે તેને અતિ ક્રોધ ચઢયો. કેમકે ઓખાના ચાંચીયાઓનાં જુલમની ફરિયાદ બાદશાહ પાસે પ્રથમ પણ ઘણીવાર આવી હતી. પણ વીકટ દેશને લીધે ત્યાંહાં જતાં પોતાના મનમાં અંદેસો રહેતો હતો. પણ આ નવી ફરીયાદથી ઓખા તરફ એકદમ તેણે એક મોહોટી ફોજ રવાના કરી. ફોજે પ્રથમ તો દ્વારકાં જઇ ત્યાંહાંનાં દેવળો તોડી પાડી તે જગ્યાએ મશીદો બંધાવી ને પછી ત્યાંથી આરંભડા તરફ ચાલી. આ વખત ચાંચીઆ લોકો બેટમાં ભરાઇ બેઠા હતા, તે જોઈ બાદશાહી ફોજ બોટો તઇયાર કરી બેટમાં ઉતરી. તે સામે ચાંચીયાઓ ઘણી બાહાદુરીથી લઢયા. પણ અંતે મુસલમાનની ફતેહ થઇ. ઘણા વાઘેરો મરણ પામ્યા ને કેટલાએક બોટોમાં બેશી ભાગી ગયા. પછી સુલતાને તે જગે પોતા તરફથી મલેક તોગન ફરતુંલ મુલકને થાણે રાખ્યો. પણ થોડા વખત પછી શાંગણુનો દીકરો ભીમજી જે બોટમાં બેશી ભાગી ગયો હતો તેણે પાછો આવી બાદશાહી થાણાને કાપી નાખ્યું અને પાછી પોતાની સત્તા કાયમ કરી.

આ રીતે વાઢેલનાં કુટુંબમાં ધામધુમ ચાલી રહી હતી. તેમ બીજી તરફ હમીરજીના દીકરા માણેકની ઓલાદના લોકો જે પોતાને માણેક કહેવડાવતા હતા, તેઓ વાઘેરોની મદદથી દ્વારકાં પોતાના તાબામાં લઇ બેઠા. ભીમજીએ એ જગો તેઓ પાસે રહેવા દઇ તેઓ સાથ એવો કરાર કર્યો કે તમારે આરંભડાને કદી પણ છેડવું નહી, ને જરૂર પડે આપણે પરસ્પરને મદદ આપવી. આ કરાર થયા પછી વાઢેલ અને વાઘેર બંન્યો ટોળાં સંપથી રેહેવા લાગ્યાં, ને ઘણું કરી માણેકના કુટુંબનાં અને બીજા વાઘેરો આરંભડાના વાઢેલ રાણાને પોતાની જાતીના સરદાર તરીકે ગણી હાકર ચાકરના નાતાથી વર્તવા લાગ્યા.

કંઈ મુદત પછી વાઢેલ વંસમાં સવારાણા નામનો એક બીજો નામીચો પુરૂષ થયો. તેણે અમદાવાદના બાદશાહ મુજફરને આશ્રય આપ્યાથી અકબર બાદશાહની ફોજ ઓખા ઉપર બે ત્રણ વખત આવી હતી. તે વખત તેણે પોતાનું રાજ તથા જાનને જતાં કબુલ કર્યાં પણ શરણે આવેલાને તેના શત્રુના હાથમાં સોંપ્યો નહી. તે પોતાના છોકરા સાંગણને સીંધમાં મોકલી દઈ પોતે બાદશાહી ફોજમાં ગયો. ત્યાં તે લઢાઇ કરતો શત્રુને હાથે મરણ



પાંમ્યો ને ઓખા બાદશાહી ફોજે તાબે કર્યું. આખર કંઇ દીવસ પછી મુજફરને કચ્છના રાવે સોંપી દીધો તેથી ઓખાના લોકો રાવનો આજપણ તીરસ્કાર કરે છે. અને પોતાના વડીલો વીશે ઘણી બડાઇથી વાતો કરે છે. આ લઢાઇ વીશે ઓખામાં આ નીચેનું કવીત ઘણું સાધારણ છે.

નવનાડીયું નીયા, ઝગડા ટાણે ઝીતવું;
આણ્યું એકે ડોર, ઇ શાગણ કે રાણો સવો.

આ રીતે વાઢેલ લોકોનું રાજ ગયાથી દ્વારકાંના માણેક શામળા અને તેના ભાઇ માલીયાના મનમાં ઘણું માઠું લાગ્યું. શામળે પોતાના ભાઇ માલીયાને કહ્યું તું આ દેશમાં રહી બારવટું કર ને હું શાગણની શોધ માટે જાઉંછું. જ્યાં સુધી શાગણ આવી ઓખાનું રાજ લે ત્યાં સુધી મારે આ જમીનનું પાણી હરામ છે. એમ કરી તે નીકળ્યો તે સાત વર્ષે સીંધમાં શાગણને જઇ મળ્યો. પછવાડે માલીયે ઓખમાં ઘણા જોરથી વૈર ચલાવ્યું. કહેછે કે આ વખતે તે સસલાના ચામડામાં પાણી પી નીભાવ કરતો હતો. પણ મુસલમાનોને ઘડી ચેન કરીને બેસવા દેતો નહી. લોકો કહેછે કે થાણાના માણસોને મારી એમને એમ તે શેકી નાખતો હતો. તેથી એવી વાત ચાલતી કે તે માણસોને શેકીને ખાઇ જાય છે.

માલાળા ઉપર મલક, ધડા ઉપર કર્યા ધડ;
સામલે રાણા સવાતણો, તો વેર રાવશેકો વાળીયો.

પછી માલીયે શામલાને કહાવી મોકલ્યું કે માલાળા તળાવ ઉપર મલેક બારજણ શુકરવારે હમેશાં નીવાજ પડેછે, માટે તું આવે તો આપણે તેઓને કાપી નાખીએ, કેમકે એ વખતે ફોજ તેઓથી એક ગોળીવાને અંતરે દુર રહે છે. એ મુજબ બંને ભાઇઓએ મળી મલેકોને મારી નાખ્યા, એટલે બાદશાહી ફોજ ઓખામાંથી ભાગી ગઇ અને શાગણ શામલાની મદદથી પોતાના બાપના તખત ઉપર બેઠો.

શાગણ સીંધ સંધાવીઆ, મહીપત છડી માન;
સાતે વરસે શામળે, ઓખે ફેરવી આણ.

એ રીતે રાણા શાગણજી આરંભડાની ગાદી ઉપર બેઠા ત્યારે શામલે કહ્યું કે માલીયે તમારી ઘણી નોકરી કરી છે માટે તેને ઇનામ આપવું જોઇએ તે ઉપરથી રાણે પોતાના દરેક ગામમાં માલાને અમુક ગિરાસ બાંધી આપ્યો તે આજપણ માલાંણીનો બાંધો (એટલે બેતર) એ નામે પ્રસિદ્ધ

છે. શામલો પોતે સ્વામ ધર્મ પાળતો હતો તેથી તેણે પોતા માટે કંઇ પણ માગ્યું નહી તો પણ શાગણજીએ તેને તાણ કરી વશી ગામ આપ્યું. એ શામલાનો પાલીઓ પણ અદ્યાપી વશીમાંજ છે. પછી શાગણજીએ કચ્છમાં પોતાનું લગ્ન કરી પોતાનું રાજ સારી રીતે જમાવ્યું.

થોડા દીવસ પછી શામલાને સાંગણ વચ્ચે વૈર થયું તેનું કારણ એ હતું કે સાંગણે એક ભડેલી રાખી હતી અને શામલે એક પેગી નામની આહેરાણી રાખી હતી. ભડેળી વીશે સામલે સાંગણને કહ્યું તું એને મુકી દે તે ઉપરથી સાંગણે તજવીજ કરતાં તેને શામલા વીશે કાંઇ શક આવ્યો તેથી તેણે પોતાના રાજમાંથી જવા હુકમ કર્યો. શામલો ખોડખેતરીમાં રહેતો હતો ત્યાંથી ઉચાલા ભરી એકસો સાઠ માણસની વાડાસાડે ગયો. ત્યાં એક રાત રહી જુનાગઢ ગયો અને ત્યાં અવરંગજેબ પાદશાહના થાણામાં નોકર રહ્યો. થાણા વાળાએ તેને જીવાઇમાં બાર ગાંમ આપી દીલ્લી સરકારમાં તેની ભલામણ કરી; પણ શાગણે બાહાર એવી વાંત ફેલાવી હતી કે તે માણેકના કુટુંબનો નથી પણ મછીઆરા જાતીનો છે. આ ઉપરથી જ્યારે તે દીલ્લી ગયો ત્યારે બાદશાહે તેને મશ્કરીમાં કહ્યું કે તમે તો માછલા મારવામાં હોંશીયાર છો તે ખેલ હમનેતો દેખાડો. આથી શામલો ગુસે થયો અને કહ્યું કે ઠીક છે હું તઇઆર થઇ આવુ. બાદશાહે એ માટે એક દીવસ મુકરર કર્યો. તે દીવસ હથીયાર બાંધી શામલો કચેરીમાં હાજર થયો ને મનમાં એવું ધાર્યું કે માછલાં મારવાનો હુકમ કરે કે કચેરીમાં બેઠેલા તમામ લોકોની મુંડકીઓ કાપી નાખું, પછી બાદશાહને પુછ્યું કેમ મોટાં માછલાં મારૂ કે ન્હાનાં ? ત્યારે બાદશાહ તેની આંખો જોઇ ચેતી ગયો એટલે તેને દીલાસો દઇ તેની હીમતનાં વખાણ કર્યા, અને કંઇ ઇનામ માગવા કહ્યું. શામલે કહ્યું એક દહાડામાં હું જેટલા કેદી છોડાવી શકું તેટલા છોડો. બાદશાહે કબુલ કર્યું તેથી શામલે ઘણા આબરૂદાર લોકોને છુટા કર્યા. પછી રાત પડી ગઇ, ત્યારે યાદ આવ્યું કે પોરબંદરનો જેઠવો હજી રહી ગયો છે, પછી તેણે બાદશાહ પાસે જઇ કહ્યું કે રાતતો પડી માટે મને અવેજીમાં રાખો પણ જેઠવાને છોડો. બાદશાહે મેહેરબાની કરી જેઠવાને પણ રજા આપી. આ કામ કરી શામલો ઓખામાં આવ્યો અને ત્યારથી ધણી ચાકર બન્યો સંપથી રેહેવા લાગ્યા.

શાંગણજી પછી આરંભડાની ગાદી ઉપર રાણા શીગરામજી અને



તેમને પાછા ભોજરાજજી અને અખેરાજજી નામના બે દીકરા થયા. જેમાંના અખેરાજજી સંવત. ૧૭૨૦ ની સાલમાં મરણ પામ્યા એમ બેટમાં લક્ષ્મીજીની વખારમાં તેહનો પાળીયો છે, તે ઉપરના લેખથી જણાય છે.

જેમ આરંભડામાં શાંગણજીનો ઉપર મુજબ વિસ્તાર વધ્યો તેમ દ્વારકાના માણેક શામળાને પણ ત્રણ દીકરા થયા. તેમાં મોહોટો નાયો ખોડખેતરી, જસો મુલવાસર અને રાણો વશી, દ્વારકાંનો માલીક થયો. આ વખતમાં ઓખાના રાણાની કન્યા નવાનગરના જામને પરણાવી હતી તે એક દીવસ પોતાના ધણી સાથે સોગઠે રમતી હતી, તેવામાં તેણીએ પોતાના બાપના વખાણ કરયાં, તે ઉપરથી જામને ગુસ્સો ચડયો અને તેણે ફોજ મોકલી તેના બન્યો ભાઇ ભીમજી તથા અખેરાજજીને પકડી મંગાવ્યા. તેમાં ભીમજીને તો તુરત મારી નાખ્યો, અને અખેરાજજીને મારવા જામના તાબાનો લાડક માણસો ભેગાં કરતો હતો, તેવામાં વાઘેરોને ખબર પડયાથી તેને કેદમાંથી કાડી લાવ્યા; આ વખતથા તે આરંભડાની ગાદી ઉપર રાજ કરવા લાગ્યા. વાઘેરોયે એ વખત જામના તાબાના બાર ગામ મારી ઉજડ કરયાં હતાં, અખેરાજજીને લાવવામાં મુખ્ય મદદગાર રાણાજીનો દીકરો દ્વારકાનો જમીદાર પત્રામલ હતો. એ પત્રામલ જ્યારે દ્વારકાંનો માલીક થયો ત્યારે તેણે પોતાના ભાઇ દયાસને ગીરાસમાં ટોબર, મકનપર અને મોજબ એ ગામો કાઢી આપ્યા હતા. એ વંશના વાઘેરો હાલમાં કુંભાણી એ શાખથી ઓળખાય છે.

અખેરાજજી પછી આરંભડાની ગાદી ઉપર રાણા ભોજરાજજી થયા. તેણે આરંભડાનો કીલો બંધાવી બેટના કીલાને સમરાવી ફરીથી આરાશત કર્યો. એ ભોજરાજજીને રાંજેજી, ભીમજી, દાદોજી, રામાભાઇ, બાપજી અને બીજા બે કુવર મળી કુલ સાત દીકરા હતા તેમાંથી વજેરાજજી ઘણા આકરા સ્વભાવના હતા; તેથી લોકો ડરે છે એમ માની બાપે તેને પોશીતરૂ ગામ આપી જુદા કાઢયા; તેથી તેની મા પણ પોતાની શોક ભીમજીની માથી મુંઝાઇ પોતાના દીકરા સાથે પોશીતરે જઇ રહી. વજેરાજજીયે પાંચ નાના નાના ગામો ઉજડ કરી પોશીતરાની આબાદીમાં વધારો કર્યો.

એક વખત રાણો ધીણુગી ગામથી બેટ તરફ જતાં રસ્તે વજેરાજજી ભેળા થયા તેણે કહ્યું આપની મરજી હોય તો ભેલો આવુ; રાણાએ કહ્યું ત-

મારે દરીયામાં બેસવું ઠીક નહી. ત્યારે કહેજે તમારી હવે અવસ્થા છે, પછી મારા ભાઇઓ વાદે મારૂ ચાલનાર નથી. તોપણ તે વખતતો રાણે દીલાસો દઇ ચાલી નીકળ્યા.

એ ભોજરાજજીની કન્યા કચ્છનાં રાવ લાખાને દીધેલાં હતાં. તેને રાવ સાથે કંઇ તકરાર પડતાં રીસાઇ પીઅરમાં આવી રહ્યાં, આ રોસથી રાણે માંડવીનાં વાહાણો રોકવા માંડયા. ત્યારે રાવે મેહેતો મોકલી બાઇને કહાવ્યુ કે તુ આવે ત્યારે મારા વાહાણુ તથા માણસોને લેતી આવજે. બાઇ ધણીનુ તેડું આવ્યાથી ભાઇઓ સાથે લડી સાસરે ગઇ કે તેજ રાતે કચ્છી લોકોએ ઓખામાં આવી ધુળનાં મોરચાનો ઘઢ ચણાવ્યો અને તે ઘઢ પછવાડેથી કચ્છીઘઢ એ નામથી પ્રસીદ્ધ થયો. રાણાયે આ વખત વશીમાં ભીયો માણેક રહેતો હતો તેને કુમકે તેડાવ્યો; એકવાર એ ભીયો હાજીકરમાંણી તરફ જતો હતો તે વખત મલેકોયે તેહને દીઠો. ભીયાને કહ્યું આવ આપણે કસુંબો પીઇએ. ભીયે કહ્યું તમારે ને મારા ધણીને વેર છે માટે ભેળા બેશી કસુંબો પીવાય નહી. ભીયો આ રીતે દરરોજ એકેક બબે માણસ વધારે લઇ કચ્છી લોકોના મકાન આગળ થઇ હાજી કરમાણી જતો હતો, તેવામાં એક દીવસ કચ્છી લોકોને ગાફલ જોઇ પંદર માણસથી તેઓ ઉપર જઇ પડયો ને સર્વ લોકોને કાપી નાખી કીલો પોતાના તાબામાં લીધો. આ ખબર કચ્છમાં રાવ દેશળજીને પડયા. ઓખામાં પણ વરસ છમાસ પછે ભોજરાજજી દેવ થયાથી ભીમજી ગાદી ઉપર બેઠા. આ વાતની તેના મોહોટા ભાઇવજેરાજજીને ખબર પડતાં, તેણે કચ્છ જઇ ત્યાંહાંની ફોજ પોતાની મદદે લાવી આરંભડા પાસે મુકામ કર્યો. તેઓ ભોજશર તળાવે ડેરા નાખી છ વરસ સુધી લડયા; આખર ભીમજીના અંગમાં ધાતુ ફુટી નીકળવાથી મરણ પામ્યા, એટલે બાળક છોકરાઓ સાથે લડવું એ મને ઘટીત નથી કહી પોતાનો દાવો છોડી લડાઇ બંધ કરી વજેરાજજી ઘેર આવ્યા. આ વખત કચ્છી ફોજે મદદ ખરચ માટે રાણા ઉપર તગાદો કરવા માંડયો ત્યારે રાણીએ ભીયાને મદદે બોલાવ્યો. કચ્છી લોકોયે આરંભડું હાથ કરયું હતું ને સવારે અંદરનો ઘઢપણ લેવાયો હોત એટલામાં ભીયો રાણાની મદદે આવી પોહોતો. તેને બાપજીએ દરવાજો ઉઘાડી આપ્યો તેથી વાઘેરો અંદર દાખલ થયા. ભીયાએ તે વખત ઘણા ખરા કચ્છી લોકોને કાપી નાખ્યા એટલે બાકીના લોકો પોતાનીજ મેળે ભાગી ગયા, અને રાણીયે નીરાંતે રાજ કરવા માંડયું.



આ વખત પછી વાઢેલ કુટંબમાં કાંઇ પણ લખવા લાયક બનાવ બન્યો નથી. વાઢેલની આજ દીન સુધીની વંશાવળી માટે (વધારો નંબર બીજો જુવો)

ઉપર મુજબ વાઢેલોમાં જેમ આરંભડાને પોશીતરાની બે શાખા જુદી પડી તેમ વશી અને દ્વારકાનાં વાઘેરોમાં પણ તેઓનો ગીરાસ જુદા જુદા ભાઇઓ વચ્ચે વેહેચાઇ ગયો. પતરાંમલ્લ માણેકને સાત દીકરા થયા, તેમાં થાયરો ને વેરસી દ્વારકાં અને વશીમાં રહ્યા, જીવણનો વંશ ગયો, લાખા તથા કાનાને વેચ્છુ તથા મોરાણું મળ્યાં, સોમ ને ગોરીંજુ ને રાણાને તેતરીયું ગામ મળ્યું. આ ભાઇઓ ઉપરથી માણેકોમાં શોમાણી, રાણાણી, લાખાણી, કાનાની, અને વેરશીયાણી એટલી શાખાઓ દ્વારકાંની શાખાથી જુદી પડી. (વધારો નંબર ત્રીજો જુવો.)

સંવત ૧૭૭૪માં વાઘેર લોકોએ નગર, પોરબંદર અને ગોંડળનાં પરગણામાં લુટફાટ ચલાવ્યાથી એ ત્રણે રાજનું લશ્કર તેઓને સજા કરવા પોશીતરે આવ્યું હતું. ત્યાર પછી નગરના કારભારી મેરૂખવાશ અને પોરબંદરના કારભારી પ્રેમજીના ઉપરા ઉપરના મારથી વાઘેરો કમ જોર થઇ ઘણોખરો ગીરાસ ખોઇ બેઠા અને ઇ. સ. ૧૮૦૯ તેઓ ઉપર અંગ્રેજી ફોજ આવી ત્યારે તેઓ પાસ માત્ર પાંચ કીલ્લા અને સતાવીસ ગામડાં રહ્યાં હતાં.

ઇ. સ. ૧૮૦૧ તથા ૧૮૦૪ની વચ્ચેના વખતમાં બેટ અને દ્વારકાના રહેવાશીઓએ મુંબઇ તાબાના વેપારીનું વાહાણ લુંટી તેમાંથી એક અંગ્રેજ અને લેડી પેસેન્જરને દરીયામાં ફેંકી દીધાં. આ ખબર મુંબઇ પોહોચ્યાથી ઓખા ઉપર લશ્કરી વાહાણો રવાના થયાં પણ તે થોડો વખત રોકાઇ જેવાં આવ્યાં તેવાંજ પાછાં ગયાં. સરકારે હુકમ કર્યો કે ઓખાના તાલુકદારોએ નુકશાનનું વળતર આપવું પણ તે ઉપર તેઓએ કંઇજ ધ્યાન ન આપ્યું. તેઓ પોતાના કૌવત વીશે ઉંચા વિચાર આણી બ્રીટીશ સરકારને ઉડાવવા લાગ્યા. વળી તેઓને એકદમ ત્યાંથી સરકાર કાહાડી મુકે એવો પણ વખત ન હતો. ઇ. સ. ૧૮૦૭ વડોદરાના રેશીડન્ટ કરનલ વાકર ગાયકવાડના પ્રતિનિધિ વીઠલરાવ દીવાનજીને સાથે લઇ મોહોટી ફોજથી કાઠીયાવાડમાં આવ્યા. તે બન્નેયે ઓખાના તાલુકદારોને વળતર આપવા લખ્યું પણ કંઇ સારો જવાબ મળ્યો નહી ને એ વાત કરનલ વાકર પાછા વડોદરે ગયા ત્યાં

સુધી તેમજ રહી.

થોડી મુદત બાદ માળીયાના તાલુકદારે કાંઇ ફીશાદ ઉઠાવ્યાથી કરનલ વાકર બીજીવાર ફોજ લઇ કાઠીયાવાડમાં આવ્યા; ને એ જગો તાબે કરી તેણે આખુ ચોમાસું ત્યાંજ ગુજાર્યું. પછી પોતે તથા દીવાનજી ફોજ લઇ ઓખા તરફ આવ્યા. આ સ્વારીની મતલબ બેટ અને પોશીતરાવાળાને સજા કરી વળતરનો બંદોબસ્ત કરવો એટલીજ હતી. ફોજ ઓખામાં આવી કે વાઢેલ અને વાઘેર લોકો સાથે વળતર વીગેરેનો બંદોબસ્ત કરવા સંબંધી જે હરકત હતી તે સર્વે દુર થઇ. મુંબઇના વાહાણને થયેલા નુકસાનનાં વળતર બદલ તેઓએ એક લાખને પંદર હજાર રૂપીયા કબુલ કર્યા, ને હવેથી લુંટ ચોરીનો ધંધો બંધ કરવા બાબત તથા સદારામ ભંડારીને દુર કરવા બાબત કરાર કરી સારા માણસોને જામીન આપ્યા. આટલું કરી ફોજ પોરબંદર તરફ ગઇ. પછી થોડા દીવસ પછી કરનલ વાકર ઇંગ્લંડ ગયાથી તેની જગોએ કાપટન કારનીક મુકરર થયા. તે વખતમાં એટલે ઇ. સ. ૧૮૧૦માં ઓખાનાં લોકોએ કીધેલા કરાર ઉપર સુરત ન રાખી ફરીને ખુન ખરાબા તથા દરીયાઇ લુંટ જારી કરી; તે ઉપરથી કાપટન કારનાકે પાળીયાદમાં થોડી ફોજ રેહેતી હતી તે અને બીજા થોડા ગાયકવાડી સ્વારો મોકલી કાંઈ વખત બંદોબસ્ત રાખ્યો પણ ત્યાર પછી નવાનગર સંસ્થાનમાં કંઇ તોફાન ઉઠયાથી ઇ. સ. ૧૮૧૩ સુધી આ ભાગ ઉપર કંઈ પણ ધ્યાન આપી શકાયુ નહી હતું. ઉપર કહેલા વરસમાં કાપટન બાલનટાઇન કે જે અમરેલીમાં રહી ગાયકવાડી કામોના દેખરેખ રાખતો હતો તેણે ઓખાના લોકોને તેડાવી વળતર બાબત તાકીદ કરી. તે ઉપરથી વળતે વર્ષ તેઓએ એક તૃત્યાંસ રકમ ભરી; પણ લુંટ ચોરીનુ કામ તેઓએ તેવુંને તેવુંજ જારી રાખ્યું હતું. ઓખાના લોકોએ આ રીતે ઇમાનદારી તોડી તે કારણથી તથા તેઓનું લુટના ધંધા તરફ હદપાર વલણ હોવાથી સરકારને અંત્યે આખરના ઉપાય લેવા ફરજ પડી; અને એવો ઠરાવ થયો કે એ જગો ઝીતી લઇ ગાયકવાડને સ્વાધીન કરવી. કારણ કે એ હીંદુઓનું પવીત્ર સ્થળ હોવાથી ગાયકવાડ સરકાર તેમને ઘણું કીમતી ગણતી હતી. ઇ. સ. ૧૮૧૫માં કચ્છમાં મોકલેલી ફોજ પાછી ફરે ત્યારે ઓખામાં જઇ ધારી મતલબ પાર પાડવી એવો ઠરાવ થયો. એ મુજબ કરનલ ઇસ્ટાનહોપ પોતાનું લસ્કર લઇ ઓખામાં દાખલ થયો. અને દીવાનજીના હાથ તળેના



ગાયકવાડી લશ્કરે સરાયા બંદરમાં મુકામ કર્યું. સેહેજ લડાઇ થયા બાદ ઇ. સ. ૧૮૧૬ના માર્ચ મહીનામાં અંગ્રેજ સરકારે એ પ્રાંત તાબે કર્યો. અને ત્યાં પોતા તરફથી કાંઇ મુદત સુંદરજી શવજી નામના ગ્રહસ્થને વહીવટદારની જગો ઉપર મુકરર કર્યો. તેણે ચૌદ માસ અમલ કર્યો કે વળતે વર્ષ એ પ્રાંત સરકારે ગાયકવાડ સરકારને આપ્યો, આ વખતે ઓખાના તાલુકદારો પાસે સરકારની જે બાકી હતી તે તથા સરકારના હાથમાં જટલો વખત રહ્યું તે વખતની પેદાશ ખરચની બાકી ગાયકવાડ સરકાર પાસેથી ચુકાવી લઇ તાલુકદારોની જીવાઇ માટે અમુક રકમ મુકરર કરી, ફકત પોશીતરાના તાલુકદારોનો ગીરાસ તેના તાબામાં રેહેવા દીધો. તોપણ તેણે હવેથી દ્વારકાંના ગાયકવાડી વહીવટદારના તાબામાં રહેવું એવો ઠરાવ થયો.

ઇ. સ. ૧૮૧૮માં રાઘુ બલ્લાળ નામના વહીવટદારના વખતમાં દ્વારકાના તાલુકદારના ભાયાત પત્રામળ માણેકે કંઇ ફીતુર ઉઠાવ્યાથી ગાયકવાડી સ્વારોની એક ટુકડીયે જઇ ઘણી મહેનતે એ ફીતુર બંધ કર્યું. પછી ઇ. સ. ૧૮૧૯માં રાઘુ બલ્લાળની અવેજી રામરાવ દાજી મુકરર થયા. તે થોડો વખત રહ્યો નહી તેટલામાંતો ગાયકવાડ સરકારે કાપટન કારનાકની સલાહથી ઓખા ખાતે મીસ્તર હેંડલીને મુકરર કર્યા. તે એક વર્ષ કરતાં કાંઇ થોડો વખત વધારે રહ્યા તેટલામાં ઓખાના લોકોયે ફરીને બંડ ઉઠાવ્યું, ને ચોતરફ ખરાબી કરવા માંડી, ઘણા લોકોને મારી નાખ્યા, ઘણાને જખમી તથા કેદ કર્યા ને મીસ્તર હેંડલીને ત્યાંથી પોરબંદર નાશી જવું પડ્યું. આ વાતની વડોદરાના અધિકારીઓને ખબર પડયાથી સરધારમાં જે ફોજ પડી હતી તેને કરનલ વીલસનના હાથ તળે તે તરફ જવા હુકમ થયો. તે ફોજ ખંભાળીયા સુધી આવી નહી તેટલામાં વાઘેરોએ વશટી મોકલી. આ વખત લશ્કરમાં કોલેરા ચાલ્યાથી ત્યાંહાં માત્ર ત્રણ અઠવાડીયાં રહીને ત્યાંથી પછી કચ્છ તરફ રવાના થઇ. ઇ. સ. ૧૮૨૦ના ચોમાસામાં ઓખાના તાલુકદારોએ જુનાગઢમાં કપતાન બાલનટાઇન પાસ વકીલ મોકલ્યો. પણ પોતે મેળવેલી સત્તા પાછી સોંપવા તેઓની મરજી ન હોવાથી કાંઇ પણ કાર્ય સર્યું નહી. અને વૃસા રતુ થઇ કે નગરપારકરમાં કરનલ સ્ટાંનહોપના હાથ નીચે જે ફોજ હતી તેને હુકમ થયો કે તમારે જઇ ઓખામંડળ તાબે કરવું. ઇ. સ. ૧૮૨૦ના નવમ્બરમાં આ ફોજ હુકમ મુજબ માંડવી થઇ ઓખામાં ઉતરી અને દ્વારકાં ઉપર હલો કરી તે જગો અને પ્રગણું પોતાને

તાએ કર્યું. લડાઇ થઇ તેમાં મુલુ માણેક અને તેનો ભાઇ વેરશી માણેક મરણ પામ્યા. અંગ્રેજી ફોજમાં કાપટન મેરેટ માર્યો ગયો; અને બીજા અમલદારો જખમી થયા. એટના રાણા શીગરામજી, વીધોસુમણીઓ, નાગજી માણેક વીગેરે વાઘેરના મુખીઓને કેદ કર્યા તેમાં શીગરામજીને સુરતની જેલમાં અને બાકીનાઓને અમદાવાદમાં રાખ્યા. ઓખા ફરીને ગાયકવાડના સ્વાધીનમાં સોંપ્યું. તેથી એ સરકારે પરશુરામ બળવંત ઉરફે બાબા વશીકરને ત્યાંહાંના કુમાવીસદાર ઠરાવ્યા. બંદોબસ્ત સારૂ નેટીવ ઇનફનટ્રીની બટાલીઅનની એક વીગને ત્યાંહાં થાણે રાખીને ત્યાંહાંના કામકાજની દેખરેખ સારૂ પોરબંદર ખાતાના અધીકારી કપતાન એલવુડને ત્યાંહાં જઇ રેહેવાનો હુકમ થયો. આ સરદારે વહીવટદારની સલાથી તાલુકદારોના પોષણ માટે અમુક રકમ મુકરર કરી દોઢ માસમાં સમાધાન કરી બટાલીઅનને રજા આપી અને પોતે પાછો પોરબંદર આવ્યો. પછી રાણા શીગરામજી કે જે સુરતમાં કેદ હતા તેને કચ્છના રાવ અને નગરના જામ સાથે સગપણ હોવાથી તેઓએ વસ્ટી ચલાવી ને અંતે રાવ તેના જમાન પડયાથી રાણાને ઘેર આવવાની રજા મળી. અમદાવાદના કેદીઓને પણ રજા મલ્યાથી કાઠીયાવાડના પોલીટીકલ એજંટે તેઓને અમરેલીના કુમાવીશદારના હવાલામાં સોંપ્યા કે તેઓ જામીન લઈ તેઓને છુટા કરે. એ પ્રમાણે સર્વ છુટા થયા પછી ઓખામાં ઘણો વખત સમાધાન ચાલ્યું. કોઇ કોઇ વખત ફીતુર ઉઠતું પણ એવું નહી કે કોઇવાર સરકારને લશ્કર મોકલવાની જરૂર પડી. દરીઆઇ લુટનો ધંધો હજુ પણ ચાલતો હતો. ઓખાનો કુમાવીશદાર નારાયણરાવ વીંકટસે ઇ૦ સ૦ ૧૮૩૯ માં આ ધંધામાં ખોટા કામે લગાડયાથી પોલીટીકલ એજંટે તેની કોરટ કરી તેને કેદમાં મોકલો હતો. આ વખત તાલુકદારોના રોજીનામોથી પણ કંઈ કમી કરવામાં આવ્યું હતું. આ વખત પછી એકવાર ઇ૦ સ૦ ૧૮૪૫ માં કંઇ ફીતુર ઉઠયાથી સરકારી ફોજને મોકલવા જરૂર જણાઇ હતી, પણ તેમ કર્યા વગર તે પોતાની મેળેજ ઓલવાઇ ગયું હતું.

ઇ૦ સ૦ ૧૮૫૧ માં દ્વારકાના વહીવટદારની જગો ઉપર નાના ધ્રુવ નામના શખસની નેમણુંક થઇ. તેણે આસરે બે અઢી વર્ષ અમલ કર્યો તેટલામાં તો લોકોમાં ત્રાશ બોલાવ્યો હતો. લોકો તો કહે છે કે તે પોતેજ વાઘેરોને શીખવી લોકોના ઘરમાં ખાતર પડાવતો હતો. તે કારણથી ઓખાની



સર્વ રૈયત કાઠીયાવાડના પોલીટીકલએજંટ કરનલ લાંગ પાસે ફરીયાદ ગઇ હતી. આ બાબત પોલીટીકલએજંટે રેશીડેન્ટને લખ્યું ને રેશીડેન્ટે દરબારને જણાવ્યાથી ગાયકવાડ સરકારે એ બાબતનો તપાસ કરવા વિનાયક આપા નામના એક બુઝરગને મુકરર કર્યો. એ શખસે તપાસ કરી યોગ્ય રીપોર્ટ કર્યો પણ વડોદરામાં વહીવટદારના મુરબ્બીઓ એવાતો કાબુદાર હતા કે તે રીપોર્ટથી ધ્રુવના કારભારને કશી પણ અડચણ આવી નહી. માજન લોકો આવી વખતે પુરેપુરા લાચાર થયા. વહીવટદારે પણ દ્વેષથી જુલમ વધારે કરવા માંડયો તેથી આખર તેઓ દાદ માગવા સારૂ વડોદરે ગયા. પછવાડે તેઓનાં ઘર અને સગાઓ ઉપર જુલમ જારી રહ્યા તોપણ તેઓએ વડોદરા છોડયું નહી. આ રીતે વડોદરામાં એક વર્ષ પડયા રહ્યા ત્યારે ગાયકવાડે ફરીને તપાસ માટે વામનરાવ શાઠાને મુકરર કર્યો. તણે તપાસ કરી રીપોર્ટ કર્યાથી અંતે ધ્રુવની બદલી થઇ. આ જગે વાંચનારે ગાયકવાડ સરકારના અંધેર વિષે વિચાર કરવો કે રૈયતને ખરી દાદે પોહોચાડવામાં કાઠીયાવાડની એજન્સીના સાહેબોની પુરી મદદ હતી. તોપણ તેઓને આવો જુલમ ખમી એક વર્ષ સુધી વડોદરે રખડવું પડયું ત્યારે ઘણી મુશીબતે ગાયકવાડ સરકાર જાગૃત થઇ. તો એવા અંધેર તળે આ પ્રાંતના ફીતુરી વાઘેરોમાં ક્યારે પણ સમાધાન રહે એવી આશા રાખવી એ શું અસંભવિત ન હતું?

નાનો ધ્રુવ ખસ્યા પછી થોડો વખત મજમુદારવાલાઓએ કારભાર ચલાવ્યા બાદ અંતે વહીવટદારની જગો ઉપર દેવીદાસ હંસરાજ મુકરર થયા. તે પણ રૈયત ઉપર જુલમથીજ વર્તવા લાગ્યા. આ વખત વિધા નામનો એક બારવટીયો કાળે પાણીથી ભાગી આવ્યો હતો તે સાથ તેણે મેળાપ કર્યાથી એ બાબતનો તપાસ ચાલ્યો. તેમાં વહીવટદાર ગુન્હેગાર સાબીત ઠર્યાથી એજન્સીના અધીકારી શાર્ટ સાહેબે તેને ત્રણ વર્ષ નજર કેદની સજા કરી.

ઇ૦ સ૦ ૧૮૫૩ માં વહીવટદારની જગો ઉપર ગોવીંદરાવ દેવાજી નીમાયા. તે વખતમાં ગોંડળ તાબાના ગામ સાજડીયાલીનો આહેર સદીયો કોઇની ઓરત કહાડી લાવી વશીમાં રહ્યો હતો, એટલુજ નહી પણ વશીના વાઘેર રણમણ વીગેરે દશ જણાની મદદ લઇ તેણે સંવત ૧૯૧૨ ના ચૈત્ર સુદ ૧૨ દીને જઇ સાજડીઆલી ગામ માર્યું. તે કારણથી એ હરામખોરોને સોંપવા એજનસીમાંથી વહીવટદારને તાકીદ થઇ અને વહીવટદારે વશી વાલાને તાકીદ કરી; પણ તે લોકોએ કાંઇ ગણકાર્યું નહી ને ઉનમદપણાના જવાબ

દેવા લાગ્યા. વશીના વાઘેરોનો ઓખામાં ઘણો મોટો જથો છે ને તેઓ અસલથીજ સર્વમાં પેહેલા નંબરના ફીતુરી ગણાય છે. તેઓને દબાવવા વહીવટદારે વશીથી આથમણી બાજુ ઉપર ઉંટવાની જગાએ એક ટેકરા ઉપર કોઠામાં ૫૦ માણસનું થાણું રાખ્યું અને વશીના ભાયાતોમાંથી એક ખેરાજ નામના સખસને ખુટવી ઉતરાદું અર્ધા ગાઉ ઉપર ખેરસ્થળી નામનું એક ગામ વસાવ્યું. પણ આથી કરી વાઘેરોના મનમાં ઉલટા તરેહવાર વેહેમો ઉત્પન્ન થયા. કાઠીઆવાડનો પોલીટીકલ એજંટ કરનલ લાંગ, એ લોકોથી સારો માહીતગાર હતો તેણે ઇ૦ સ૦ ૧૮૫૬ ના ડીસેમ્બરમાં શેરો કરી ગોવીંદરાવને ચેતાવ્યા કે રખે એમાંથી ફીતુર ન ઉઠે, તમારે પુરા સાવધ રહેવું. પણ આ સુચના મળ્યા પહેલાં તો ગોવીંદરાવ ફોજ લઇ વશી ઉપર જઈ પોહોચ્યા હતા તેણે એક રાતને વલતે દીવસ બપોર સુધી લઢાઇ ચલાવી, પણ કાંઇ સારો પરીણામ આવ્યો નહી. અંતે આવદ જાબરીના નામ સખસને વાઘેરો પાસ વશટી મોકલ્યો. ને જે ઠરાવ થયો તે ગાયકવાડ સરકારની સત્તાને અપમાન પોહોચે તેવો હતો. એ વખત ગાયકવાડી અધીકારી પુરા લાચાર જણાયા. તેઓની ફોજના નવ દશ માણસ મરાયા તોપણ વશીવાલાએ ફક્ત કાંયા નામના વાઘેરને ઓળમાં આપ્યો તેટલાથી સંતોષ માની પાછા ઘેર આવ્યા. આથી કરી વાઘેરો ઉલટા વધારે ઉન્માદ થઇ પડયા. ગાયકવાડી અધીકારીમાં કેટલું કૌવત છે તે તેઓ આ વખત કળી ગયા ને ઉલટા કરનલ લાંગ પાસે રાજકોટ જઇ ગામ બાળ્યા બાબત વહીવટદારની ફરીયાદ કરી. તે વખત કુમાવીશદાર તરફથી પણ રજુવાતમાં માણસો ગયા હતાં પણ તેનો તે વખતે કાંઇ ફેસલો થયો નહી. કેમકે એજન્સીવાલાએ આ પ્રાંતને લગતી બીના લખી લઇ રેસીડેન્ટને જણાવવી એટલીજ તેઓને માત્ર સત્તા હતી. આટલું સંભળાયાથી પણ વાઘેરોના મનમાં કાંઇ દીલાસો થતો હતો.

ઇ૦ સ૦ ૧૮૫૭ ના નવેમ્બર માસમાં આ પ્રાંતનો બંદોબસ્ત કરવા રેસીડેન્ટ તરફથી બારટન સાહેબ આવ્યા. તેણે ઉપર મુજબ ઓખાની ૦વસ્થા દીનએદીન બગડતી જોઇ આવતાં વેત સર્વ કાટીયા લોકોને શાક[illegible] બંધજમામ આપવા તાકીદ કરી; પણ કેટલોક વખત તો કોઇ આવ્યુંજ નહી જોધો પણ અમરાપરથી મુળવાસર જતો રહ્યો. તેને બારટને કુરંગા મુકા[illegible] જમાન ઉપર તેડાવી ઇ૦ સ૦ ૧૮૫૮ ના જાનેવારી માસમાં તેના જમા[illegible]



લીધા. જોધાના જમાન કાંઇ સારા હતા. પણ બીજા લોકોના જામીન માતબર લોકો નહી હોવાથી બારટન સાહેબ ગયા કે તુરત વશીવાલાઓએ ફરીને તુફાન ઉઠાવ્યું ને માહ સુદ ૨ ને રોજ તો તેઓ ખુલી રીતે બાહેર પડયા.

આ વખત બટોપર, મેવાસું, ધડેચી, મકનપર, મોજબ, અને બોડખેતરી એ સાત ગામ વાળા વશીમાં ભેળા થયા અને વસતી તથા જાત્રાળુઓની આવ જાવ છેકજ બંધ પડી. સંવત ૧૯૧૦ના ફાગણ સુદ ૧૫ રોજે તેઓએ આરંભડું ગામ માર્યું. ને ફાગણ વદ ૩૦ રોજે રવામાણેકે ત્યાંથી જઇ બેટનો કીલ્લો હાથ કર્યો. આ વખતે વડોદરાના દરબારમાં ગોવીંદરાવ વિશે ખરાબ વિચાર ઉત્પન્ન થયાથી મજમુંદાર લોકો કે જેઓ એજનસી તથા રેસીડેન્સી બંનેના અધિકારીઓની મરજી સાચવીને ચાલતા હતા તેઓએ વહીવટદારની જગોનું કામ ચલાવવું એવો ત્યાં ઠરાવ થયો. તેથી તેઓના વકીલ હરીભાઇ કોંડાજી દ્વારકાંમાં દાખલ થયા ને હજી તેણે ગોવીંદરાવ પાસેથી ચાર્જ લીધો ન હતો તેટલામાં તો ઉપર મુજબ બેટનો બનાવ બની ચુકયો હતો. આ સાંભળી બારટન સાહેબ કાઠીયાવાડમાં હતા તે એકદમ જોડીએથી વહાણમાં બેશી માંડવી ગયા. તે વખત એક લશ્કરી આગબોટ કરાંચી જતાં માંડવીમાં આવી નાંગરી હતી તેના કપતાનને સમજાવ્યો કે તું ધાસ્તી દેખાડવા ખાતર બેટમાં આવી નાંગરે તો વાઘેરનું સમાધાન થાએ અને ઘણું કરી લડાઇ કરવી પડશેજ નહીં. કપતાને કબુલ કર્યાથી હનુમાનડાંડી આગળ આગબોટે આવી નાંગર નાખ્યું ને વાઘેરોને લખી મોકલ્યું કે તમો બેટનો કીલ્લો ખાલી કરી જે દાદ માગવી હોય તે મારી પાસે આવી ઝાહેર કરો. તેનો જવાબ વાઘેરોએ નમ્રતાપૂર્વક મોકલેલો પણ તે કાગળ લઇજનારા લોકો વાઘેરોને સજા કરાવવામાં ખુશી હતા તેથી તેઓએ એ કાગળ વખતસર બારટનને પોચાડયો નહી. સાંજ સુધી જવાબ આવ્યો નહી જાણી ફોજ કીનારા ઉપર ઉતરી લડાઇ થઇ તેમાં કપતાન ખુદ મરણ ગયાથી બારટનને ઘણોજ પશ્ચાતાપ થઇ પડયો. કેમકે તેઓ બોટને સરકારના હુકમ વગર લાવ્યા હતા. કપતાનની લોથ લઇ આ[illegible]ટ તુરત ઉપડી ગઇ ને બારટન પાછા માંડવી તરફ ગયા. દરમીયાન [illegible]રોએ જાંણ્યું કે બોટ ઉપડી ગઈ તે જરૂર બીજી મોટી ફોજ લઇ આવશે. [illegible] તેઓ બેટ ખાલી કરી રાજપરા ને આડે તડે ઉતરીને વસઇ આવ્યા. [illegible]ખર સાંભળી ગોવીદરાવ આ વખત રાજપરે હતા તે બેટમાં દાખલ

થયા. અને બારટન સાહેબ પણ માંડવીથી આવી પહોચ્યા. પછી બારટને તથા ગાયેકવાડી અધીકારીઓએ વશી ઉપર ચઢાઇ કરવાનો મનસુબો કર્યો પણ તેવામાં બારટનને ઉપર મુજબ વગર હુકમે કામ કર્યું તે માટે સરકારે ઠપકો દઇ એ જગો ઉપરથી દુર કર્યા. વળી આ વખત ગાયકવાડે પણ કહ્યું કે હમારે સરકારી કુમકની કશી જરૂર નથી. હમારા મકાનનો અમારી પોતાની મેળે બંદોબસ્ત કરવો હમો સમર્થ છઇએ. આ વખત સુધી હજી માપાણી અને પીંડારીઆ લોકો ગાયકવાડની તરફમાં હતા. પીંડારીઆનો મુખી દેવો છવાણી ત્રણસે માણસથી ગાયકવાડની નોકરીમાં હાજર થયો હતો, જો કે ખાનગીમાં તે વશીવાળા સાથે મહસલતો કરતો ખરો. બારટન આ વખત આ કામ ઉપરથી દુર થયા તોપણ તેણે જતી વખત રીપોર્ટ કરી તેમાં જે ભવિષ્ય દેખાડયું હતું તે ખરેખર પાછળથી ખરૂં નીવડયું હતું.

આ વખત સુધી માપાણી કુટુંબનો મુખી જોધો માણેક ગાયકવાડ સરકાર સાથે ઇમાનદારીથી વર્તતો હતો. ઓખામાં ચોતરફ ફીતુર મચી રહ્યું હતું. ને એ વખતમાં કોઇપણ જાત્રાળુ આ ભાગમાં પગ મુકી શકે એમ સંભવ ન હતો તોપણ કપીલા છઠ જેવા મ્હોટા તેહેવાર ઉપર ગાયકવાડ સરકારને કરની મોટી પેદાશ, આવતી તે બંધ પડશે જાણી હરીભાઇએ ચોકી પોરો રાખવા જોધા માણેકને ભલામણ કરી, તેથી એ પર્વ ઉપર માણસોની મ્હોટી ઠઠ મળી હતી ને કોઇપણ જાત્રાળુને કશી રીતે હરકત આવી નહી. લોકો કહેછે કે આ બંદોબસ્તથી ગાયકવાડ સરકારની પેદાશમાં એક લાખ રૂપૈયાનો વધારો થયો હતો. એ જોધો ઘણો પુખ્ત માણસ હતો. ને સર્વને સમઝાવી વ્યવસ્થા રાખવાની કોશેશ કરતો હતો તોપણ બલવા વખત હરામખોર લોકોના મુખી તરીકે આપણે જોધાનું નામ કેમ સાંભળીએ છીએ સવાલ દરેક વાંચનારને ઉઠશેજ, માટે હવે એ વીશે તથા થોડાજ વખતમાં ઓખા મંડળમાં એકદમ તોફાન કેમ ફેલાવ્યું તેનાં કારણો વીશે પ્રથમ કાંઇ કહેવું જોઇએ.

વશીવાલે ઉપર લખ્યા મુજબ ફીતુર ઉઠાવેલુ તે થોડો વખત ચાલ્યો બાદ તેઓ સાથે એક વાર ફરીને સમાધાન કરવાની ગોઠવણ ચાલી, ને [illegible] કરાર થયા કે ગાયકવાડ સરકારે તેઓના આજદીન સુધીના સર્વ ગુન્હ[illegible] કરવા, વાઘેરોએ બેટની લુટ પાછી આપવી અને કરેલા નુકશાનનું [illegible] ભરી આપવું. આ ઠરાવ મંજુર થવા વડોદરે ગયો પણ તે વાત ગ[illegible]



સરકારે ધ્યાનમાં લીધી નહી અને સંવત ૧૯૧૫ના કારતક સુદ ૨ શખારામ બાપુ નામનો અધીકારી તોપો વીગેરે ફોજ લઇ વડોદરેથી દ્વારકાં આવ્યો. તેણે આવતાં વારનેજ એકદમ વશી ઉપર જવાની તૈયારી કરી. તેણે ત્રણ ચાર વખત ત્યાં જઇ તોપો માંડી; પણ કાંઇ વળ્યું નહી ને સલાહ કરી તેમાં વાઘેરોએ ૨૫ કોરી રોકડી, બેચાર જંજાલ ને થોડાં ભાગાં તુટાં વાસણ, લુટના માલની અવજી હાજર કર્યાં. ને એવું ઠર્યું કે વશીની એક પડખાંની વાડ ગાયકવાડે કાપવી ને મેડીની એક બાજુની શફીલ પાડી નાખવી. આટલું કરીને તે ઘેરો ઉઠાવી ઘેર આવ્યા. આ વખત શખારામે પ્રથમના ગુન્હા સંબંધો, કાઠીયાવાડના ગુન્હેગારો માટે કીંવા બ્રીટીશ સરકારની ફોજ સામે વાઘેરો બેટમાં લડયા તે બાબત કાંઇ પણ માગણી કરી નહી. આ વીશે અંદર ખાનેથી તેને ગાયકવાડ સરકારનો હુકમ હશે કે નહી? તેતો ગમે તેમ હો તોપણ આ વખતથી ગાયકવાડની સત્તા વિશે વાઘેરોના મનમાં ઘણા હલકા વિચાર બંધાયા. તેઓ કળી ગયા કે તેઓમાં કાંઇ દમ નથી. આથી કરી તેઓની મગરૂરી વધી ને હવેથી ફીતુર કરશું તો પુરી સજા થશે એ વીશેની તેઓના મનમાંથી તમામ ધાસ્તી ટળી ગઈ.

આ રીતે બન્યું હતું તેવામાં વળી વડોદરેથી નારાયણરાવ રૂગનાથ નામના એક બીજા અધીકારી આવ્યા. તેને મુખ્ય ભલામણ એ હતી કે ખરચ કમ કરવો. તેણે આગળ પાછળ કાંઇ પણ વિચાર ન કરતાં એકદમ શીપાઈઓના પગારમાં ઘટાડો કરવા માંડયો ને દર માસે રૂ. ૧ વટાવ કાપી પોતાના લશ્કરી લોકોને આપવા ઠરાવ કર્યો. તેણે વીલાયતી શીપાઇઓને બરતરફ કર્યા. ફક્ત દેશી શીપાઇઓ રહ્યા તેનાં મન પણ વટાવથી બેદીલ થયાં હતાં. આ વખત કેટલાક જમાદારે બરતરફી માગી અને તેઓમાંના કેટલાક વાઘેરના જમાન હતા તેઓએ જામનીથી છુટા કરવા માગણી કરી. તેમાંથી કેટલાકના તો રાજીનામા લઈ હીસાબ ચુકતા કર્યા, ને થોડી મુદત ગઇ કે ફરીને તેમાંથીજ પાછા બાહાલ કર્યા. દેશી સંબંધી સર્વ અંદર ખાનેથી વાઘેરોને મળીને ચાલતી હતી. તેઓનાં દીલ ઉચક થયાથી તેઓ વાઘેરોને સમજાવવા લાગ્યા કે સરકાર અમારી જામની ખેંચી લે છે. ને બેશક તેઓની તમારા ઉપર દગો કરવાની મરજી છે. આથી કરી વાઘેરોના મનમાં ભય અને વેહેમ ઉત્પન્ન થયો.

આ વેહેમને ભયમાં દીનબેદીન વધારો થવા માંડયો. એક તરફથી

તેઓની રોજી છેક ગોવીંદરાવના વખતથી ચડેલી હતી તે તેઓને મળતી નહી હતી. ને બીજી તરફથી સખારામ ચોતરફ તોપો લઇ દોડાદોડી કર્યા કરતા હતા. આ વખતમાં થોડી થોડી મુદતને આંતરે વડોદરેથી પણ નવા નવા અધીકારી ને નવા નવા હુકમ આવવા લાગ્યા. તેથી તેઓ હવે અમારા ઉપર શું કરશે એ તેઓને ભય લાગવા માંડયું. ને ઓછામાં પુરૂં જ્યારથી જોધાને પકડી કેદ કરવા ધાર્યો ત્યારથીતો તેઓને પુરી ખાતરી થઇ કે બેશક સરકારના મનમાં દગોજ છે. એક વખત જોધાને કેદ કરવાના ઇરાદાથી દરબારમાં તેડાવ્યો તે આવી હાજર થયો. તેના મનમાં એ વખત કાંઇ વેહેમ ન હતો. ઢાલ તરવાર પણ તે બાજુ મુકી બેઠો હતો. પણ તેવામાં તેને જગનાથ કે કોણ જાણે કોઇ બીજાએ ચેતાવ્યાથી તે બાનુ કરી ભાગી ગયો તે ફરીને આવ્યોજ નહી. જોધાના પોતાના વિચાર પણ આ વખતથી ગાયકવાડ સરકાર તરફથી ફરવા માંડયા. ને તે પણ હવેથી પોતાના લોકો સાથે વિચાર કરવા લાગ્યો.

આ રીતે વાઘેરોનાં મન ગભરાઇ રહેલાં હતાં ને તેવામાં વળી હિંદુસ્થાનમાં પણ બળવો ચાલી રહ્યો હતો તેથી તે તરફથી જેજે જાત્રાળુ લોકો આવતા તેઓમાંના કેટલાએક વાઘેરો આગળ એવાં ગપાં મારતા કે હિંદુસ્થાનમાંથી ઇંગ્રેજ લોકોનેતો હાંકી કહાડયા છે. એ ગપાં અજ્ઞાન અને ટુંક વિચારના વાઘેરો ખરાં માનવા લાગ્યા. આથી કરી તેઓના મનમાં ઇંગ્રેજ સરકાર વિશે જે કાંઇ દેહશત હતી તે પણ દૂર થઇ.

આ વખત દ્વારકામાં ગોવીંદરાવ પછી આવેલા અધીકારીયોમાં ખુદ મજમુદાર વગર બાકીના સર્વ હાજર હતા. તોપણ તેઓમાં કાંઇ સંપ ન હતો. સર્વ જણ પોત પોતાના ખાસ સ્વાર્થથી એક બીજા તરફ દ્વેષ અને ઇર્ષા ભાવથી જોતા હતા. વળી વધારે નવાઇનું એ છે કે આટલા બધા કારભારી છતાં પણ રોજીનો હિસાબ નીરમળ થયો નહતો. ગોવીંદરાવના વખતમાંજ છ માસની રોજી ચડી ગઇ હતી ને તેને એકદમ ઓખા છોડવા ફરજ પડી. એ સર્વ અધિકારી જાણતા હતા કે વાઘેરોનાં મન દુઃખી છે. તેઓ આપણા ઉપરના અવિશ્વાસ ને વેહેમથી દુરના દુર રહે છે તોપણ તેમાંથી અંતે તોફાન જાગશે એ તેઓ સમજ્યા નહિ. આ વખતની વાઘેરની વર્તણુક તરફજ વિચાર કરો. જ્યારે દરેક નવો અધીકારી આવતો ત્યારે સર્વ જણ સલામ સારૂં આવતા પણ નારાયણરાવ આવ્યા ત્યારે કોઇ આ-



વ્યુંજ નહિ. સખારામે દરબારમાં આવવા ઘણાને આગ્રહ કરી લલચાવ્યા પણ કાંઇ વળ્યું નહિ. શીબંધીના લોકોમાંથી જોધાનો જમાન જે મકરાણીનો ચાઉશ હતો તેને દહ્યું જોધાને હાજર કર; પણ તેનાથી બન્યું નહિ. અધીકારીઓએ એ ચાઉશને કેદ કરવાનો ડારો દીધો. તેનો પરીણામ પણ અંતે એ થયો કે તેને બીજા મકરાણી મલ્યાથી તે ચાલી નીસર્યો ને તોફાન વખત એ સર્વ મકરાણીયો પાછળથી વાઘેર ભેળા માલમ પડયા હતા.

આવા વખતમાં વશીવાલા વાઘેર જે આ સર્વ ખટરાગ અને તોફાનનું કારણ હતા તેમણે માપાણી કુટુંબના મુખી જોધાના ભત્રીજા મુલુને દ્વારકા લેવા સલાહ આપી. મુલુ ઘણો ચડાઉ માણસ હતો તેથી તેણે એકદમ એ કામ માટે જોધાના તમામ વિશ્વાસુ અમરાપર, ભાવડા, મુલવાસર, આદી સર્વ વાઘેરો સાથે સલાહ કરી. આ વાતની જોધાને ખબર પડયાથી તેણે મુલુને અટકાવ્યો ને કહ્યું કે વશીવાલા ખુટેલ છે; આવી ચાલથી નાહક આપણે આપણું કુટુંબ કપાવી નાંખશું, ને સુખનો રોટલો મૂકી હેરાન થવુ પડશે માટે ધીરજ રાખો. સરકાર કોઇ દીવસ પણ સાંભળશે. પણ તેથી મૂલુ તથા વશીવાલા ઉપર કાંઇ અસર ન થતાં ઉલટા તે લોકોએ તેના વિચાર ફેરવવા તેને ગળે પડયા જેવુ કર્યું. હવે જોધો પણ ગાયકવાડની વર્તણુંક ઉપરથી કાયરતો થયો હતો. તેના મનમાં પણ અધીકારીઓની પૂરી બીક હતી. ને તે વખત સર્વ ટોળાનો આગ્રહ એટલે તેનું મન પણ ડગ્યા વગર કેમ રેહે? જોધે રોજી સારૂં વૈરાટદારને કહાવ્યું. તો કેહેજે તું હાજર થાય તો તે બાબત બંદોબસ્ત કરીયે. હાજર થાઉં તો કેદ કરે એ વિશેની તેના મનને ખાત્રીજ થઇ હતી. એટલે હાજર પણ થવાયું નહિ ને આ વખતે તે પોતાના મનમાં અતીજ ધભરાયો. પૈસાની તાણથી પણ લાચાર થયો હતો તોપણ મુળની પેઠે એકદમ સાહસીક ન થવું અને કોઇપણ સલાહનાં ઉપાય કામમાં લાવવા એ વિચાર તેના હજી બદલાયા નહોતા. તેણે એ વખતમાં એક મેહેતો રાજકોટ જતો હતો તેને વાટમાંથી બોલાવી પોતાને ઘેર એક દીવસ રાખી કહ્યું કે તું રાજકોટ જાય છે તો, ઇશ્વર વાસ્તે મારી દાદ મજમુદાર વાલાને પોહોચાડજે ને કહેજે કે કોઇપણ રીતે બંદોબસ્ત થશે તો સારૂં છે. હમે પંદર દહાડા સુધી રાહ જોઇશું. અમે પુરા લાચાર થયા છીએ. હવે બાજી મારા હાથમાં રહેશે નહિ. આ સંદેસો લઇ જનાર મેહેતાથી વરસાદને લીધે વખતસર રાજ-

કોટ પોહોંચી શકાયું નહિ; ને તે દરમીયાનમાંતો પછવાડે એકદમ તોફાન સળગો ઉડયું.

ઇ० સ० ૧૮૫૮ના જાનેવારી મહીનામાં ધ્રાશણવેલ ગામની પાસે વડતળે રાતની વખત દ્વારકા લેવાના વિચાર કરવા સારૂં સર્વ વાઘેરોની સભા થઇ, તે વખત નીચે લખેલા સખસો હાજર હતા.

| | | |
|---|---|---|
| અમરાપરવાલા. | જોધો, બાપુ, અને મુળુ. | માપાણી ટોળાના મુખી |
| વશીવાલા. | રવો, પાળો, રણમલ, અને દેવો. | થારાણીનો મુખી |
| ધડેચી તરફથી. | ખામો. | શુમણીવાનો મુખી. |
| મેવાશા. | ભીમો. | જોધાણી. |
| મકનપર. | હથુ, | કુભાણી. |
| મુળવાશર | કરશન અને પુનો. | જશાણી. |
| શામળાશર. | દેવો. | ચબાણી. |
| | રાઅદેહુંડો. | ભીમીમાણી. |
| ગોરીઆલી તથા રાજપુર | ધાંધો અને શાજો માણેક. | પોંડારીયા. |
| ધ્રાશણવેલ. | દાદાભાઇ અને રામાભાઈ | વાઢેળ. |

આ વખત સર્વ ભેલા થયા તે વખત એવી વાત નીકળી કે હિંદુસ્થાનમાંથી સરકારનું રાજ ગયું છે. હવે દ્વારકા લેવું કઠણ નથી, માટે બીકું ન જોઇએ. જોધે કહ્યું હું એ વાત માનતો નથી. એ વાત તપાસ કરી પ્રથમ નકી કરવી જોઇયે. આરીતે થયા પછી વશીવાલા વાઘેરો આરાંભડાના રાણા જાલમશીંગ વાઢેલને લલચાવા ગયા, ને કહ્યું કે તમને બેટનો કીલ્લો અપાવીયે, જામલશીંગે ના પાડી ત્યારે તેને ઘેર જઇ બેઠા અને પરાણે ગળે પડયાની પેઠે કર્યું, એકવાર તો જાલમશીંગે દારૂ પાઇ તેઓને છાટકા કર્યા અને પછી છાનોમાનો તે પોતાના કુટુંબ સહીત નગર ભાગી ગયો અને કંઇ દીવસ પછી તેને માણસો તેડવા ગયાં પણ આવ્યો નહિ.

વાઘેરો આ રીતે બળવો ઉઠાવવાની તમામ તૈયારી કરી રહ્યા હત ને તેઓ જે દીવસ બાહાર પડયા તેની ત્રણ દીવસ અગાઉ બાપુ માણે શેજીની ઉઘરાણી કરવા બાપુ સખારામ પાસે ગયો હતો પણ તે વખ તેનો તીરસ્કાર કરી તેણે ઉલટો જવાબ દીધો કે સાવચેત રહેજો, આજે



થી ત્રીજે દાહાડે આવી તમારૂં અમરાપર ગામ મારીશું. આ ખબર તેણે ઘેર આવી જોધા તથા મુલુ માણેકને કહી ત્યારે જોધે કહ્યું, આપણે માણસો એકઠાં કરવાં જોઇએ. એમ કહી પોતે આસપાસના ગામડાંઓમાં માણસ ભેળાં કરવા નીકળ્યો ને પછવાડે મુલુ અને બાપુ માણેકે દ્વારકા લેવાનો વિચાર કર્યો. જોધાની મતલબ દ્વારકાં લેવાની ન હતી. તે ફક્ત પોતાના રક્ષણ માટે માણસો ભેળાં કરવા નીસરેલો હતો પણ વચમાંથી મુલુ ઉતાવળો થયો. તેણે ખોરડાંઓના આડસરો કાહાડી નીસરણી બાંધી કે તેટલામાં રાત પડી. વાઘેરોના માણસો પણ ચોતરફથી ભેળાં થવા માંડયા. પછી એક વિચાર કરી શ્રાવણ સુદ. ૧ની રાત્રે બારાનો રાહુ જેઠીજી અને શામળાશર, મુલવાશર, ગોરીયાલી, ધીણુગી, ધ્રાશણવેલ, કુરંગા, વગેરે ગામોના દોડશો માણસો મળી નિસરણી ઉપાડી દ્વારકાં તરફ ચાલ્યાં. અમરાપરનો શીમાડો મૂકયો નહિ તેટલામાં ડાબી કોરે એક ગધેડો ભુંકયો. આ વખત જેઠીજી રાહુએ કહ્યું જલદી ચાલો. શુકન એવા થાય છે કે સવારે દ્વારકાં તમારૂં છે. પછી પાછલી રાત્રે દ્વારકાં આગળ આવી પ્રેહેવાસાને વખતે કીલ્લાની અણી કોણથી તેઓએ નીસરણી માંડી આ વખતે ચોકીનાં માણસો ઘુટેલા હતા તેથી નિર્ભય પણેથી નીસરણીયેથી ચડી તેઓ મંદીરના ધઢમાં ઉતર્યા. આ વેળા જોધો સામલશર પીંડારીયાઓને ભેળા કરવા ગયો હતો તે સવારે આવી પોહોચ્યો, ને તે આ બનાવ જોઇને ઘણોજ નાખુશ થયો. પણ સર્વ બની ચુકયું એટલે તેના હાથમાં ઇલાજ રહ્યો નહિ. દ્વારકાં લીધાની ખબર સાંભળી ઓખામાંથી વાઘેરોનાં ટોળે ટોળાં આવવા માંડયાં જ્યારે વાઘેરો કીલ્લો ઓળંગી બજારમાં આવ્યા ત્યારે બાપુ સખારામની મેડીમાંથી અને ઉગમણા કોઠામાંથી બંદુકો છુટવા માંડી. તેમાંથી એક ગોળી વાઘેરો ભેલો એક સોરઠનો બારવટીયો ચાહેર મેડીપર ચઢવા જતો હતો તેને છાતીમાં વાગી તેથી તે નીચે પડયો. તે વખત નારાયણરાવ મેડીમાં એકલો હતો તે એક વાઘેરની મદદથી પાયખાનાને રસ્તેથી ભાગી જામપરામાં જઇ પોહોચ્યો. વ વખત લડાઇમાં વાઘેરનાં સાત માણસ અને કેટલાએક ગાયકવાડી લોકો પણ માર્યા ગયા હતા.

આ રાતે દ્વારકાં લેશે એ વાતથી ગાયકવાડના અધીકારીયો સર્વ અજાણ રહ્યા એમ કાંઇ નહતું. આ વખતની તેઓની મુરખાઇ પણ જોવા લાયક છે. શ્રાવણ સુદ ૧ ને રોજે દ્વારકાં લેશે એ ખબર આગલે દહાડે વર-

વાલે મજમુદારના મેહેતા ભવાનીદાસ ગુલાબરાયને પડયા ત્યારે તેણે તરત સરકાર વાડામાં ચીઠી લખી મોકલી હતી. એ ચીઠી મેહેતા કલાંણદાસ ગોવીંદજી રામવાડીમાં બાપુ સખારામ પાસે લઇ ગયા પણ તે ઉપરથી તે કાંઇ પણ બંદોબસ્ત કરવાને બદલે ઉલટો તેને ડરાવા લાગ્યો અને કહ્યું કે અમે કાંઇ તમારા ડરાવ્યા ડરવાના નથી. જુવો સવારે શું થાય છે. તે આ તમારી ચીઠી હુ સવારે વડોદરે મોકલાવીશ. આ જવાબ સાંભળી મેહેતો પાછો આવ્યો અને ગાયકવાડી લોકો કાંઇ પણ બંદોબસ્ત ન કરી ગાફલ જેવા સુઇ રહ્યા. સવારે વાઘેરો કીલામાં પેઠાના ખબર સાંભળી શીબંધી બેદીલ હતી તોપણ તેને દબાવી સમઝાવી સર્વ જગો હાથ કરવા હરીભાઇ કોંડાયે કાંઈ કોશેશ કરી અને તે વખત બાપુ સખારામ પણ બાહાદુરીથી થાણાના માણસો લાવી મોંત ભાગો ન ડરતાં નારણરાવને છોડાવા આવ્યો હતો, પણ તેતો પ્રથમથીજ પોતીયાંભેર ભાગી જામપરામાં પેઠો હતો. આ વખત બાપુ સખારામને મારવા સુલુ તઇઆર થયો પણ જોધાયે આડા ફરી તેને મના કરી. પછી ધીમે ધીમે સર્વ ગાયકવાડી લોકો જામપરામાં ભેલા થયા કેમકે એ જગો બચાવને માટે સારી હતી. આ રીતે દ્વારકાં તાબે કરી વાઘેરોએ બીયા માણેકને વરવાલુ લેવા મોકલ્યો, અને પીંડારીયાઓને લઈ દેવો છબાણી બેટનો કીલો લેવા ચાલ્યો ગાયકવાડી લોકો જામપરામાં ભરાયા હતા તે ઉપર વાઘેર લોકો તોપ લાવવા અને નાનાકુવની ધરમશાળા પાસે મોરચા માંડી મારવાની તઇયારી કરવા માંડી; પણ આખર જોધાયે સહુને સમજાવી ત્રીજે દહાડે અધીકારીઓ તથા સર્વ ગાયકવાડી માણસોને પોતપોતાની ઇજત આબરૂ સહીત ઓખામાંથી જવા રજા આપી. એ સર્વ મળી આસરે ત્રણસે ચારસે માણુસ હતાં અને તેમાં અધીકારીઓ પણ સર્વ હાજર હતા તોપણ લાચાર થયેલાઓની માફક તેઓ સર્વ ઓખાનું રાજ વાઘેરોને સોંપી નવાનગરના માહાલ ખંભાલીયે આવ્યા. ત્યાં જામ સાહેબના અધીકારીઓએ તેઓની સારી રીતે બરદાસ કરી. પછી ત્યાંથી તેઓએ દરીયા રસ્તે બેટ. કીલેદારોની મદદે માણસો મોકલવાનો વીચાર કર્યો પણ એવી વખતે પણ તેઓએ મુરત પુછવા જોશીઓને તેડાવ્યા. તેઓમાં આ પ્રમાણે હજી પરીયા ચાલતાં હતાં તેટલામાં ખબર આવી કે શ્રાવણ સુદ ૬ ને રોજે બેટનો કી વાઘેરોયે તાબે કર્યો અને કીલેદારો ગાયકવાડી વહાણમાં બેશી સલાયા બંદ ઉતર્યા. બેટ ઉપર દેવો છબાણી પીંડારીયાઓને લઇ આવ્યો હતો તે સ



આહીના કીલેદારોએ સાત દીવસ સુધી ટકાવ રાખી દ્વારકાંના કીલેદારો કરતાં અછી તરેહ ઇમાનદારી દેખાડી અને અંતે શરણે થયા. તોપણ તેમાં તેઓનો કશો વાંક નહતો. એક તરફથી બીચારા ભુખ તરસથી કંટાળેલા ને તેમાં વળી ખરચી ખુટી, અને બીજી તરફથી જાણ્યું કે આખુ ઓખામંડલ વાઘેરોએ તાબે કર્યું છે અને સાત દીવસ સુધીમાં કોઇ પણ મદદે આવ્યા નહી, તેથી લાચાર થઇ તેઓ પણ જોધાની બાંહાધરીથી કીલો સાંપી વહાણમાં બેસી ચાલતા થયા. આ રીતે આખું ઓખામંડલ સેહેજમાં વાઘેરોને તાબે થયું. તેઓને દારૂ ગોળા વીગેરે સાહીત પણ પુષ્કળ મળ્યું. બેટમાં એ વખત જુદા જુદા કદની ઓગણીસ તોપો હતી તેમાં નવ તોપ તોશીલડ પીસજ હતી કે જે વસી તાબે કરવા સારૂ વડોદરેથી આણી હતી ને જેમાની એકજ માત્ર નુકશાન થયાથી બાતલ થઇ હતી. બલવાખોરોનાં માણસ બધાં મલી બે હજાર હથીઆરબંધ હતાં. તેમાં પંદરસો વાઘેર અને બાકીનામાં કાઠીયા—વાડના બારવટીયા વીગરે બીજા લોકો ભેળા થયા હતા. તેમાં સો જણ તો ફક્ત બરડાના સીંધીજ હતા. આ વખત જોધો માણેક મુખી થઇ રાજ કરવા લાગ્યો. ધીણકીનો બીયો વરવાલે અને પીંડારીયા બેટમાં અમલ કરવા લાગ્યા. બેટમાં ફતેમારીયો નાંગરી હતી તેમાંથી સુરોખાર અને ગંધક પણ તેઓને પુષ્કળ હાથ લાગ્યો. દ્વારકામાં જોધો દરમીયાન આવ્યાથી માજનનોને લુટાવાતો દીધાં નહી, તોપણ વાઘેરોએ ખરચી સારૂ અકેક જણને તેડાવી દંડ કરવા માડયો. બીજા હલકા વાઘેરો ઉન્મતાઇથી આ વખત લોકોને ઘણોજ રંજાડ કરવા લાગ્યા ત્યારે લોકો ભેળા થઇ જોધા ભાઇ પાસે ફરીયાદ આવ્યા ને કહ્યું કે આમ કરશો તો અમારાથી શી રીતે રેહેવાશે. ત્યારે જોધાએ પછી સર્વ વાઘેરોને સમજાવી કહ્યું કે કોઇએ રૈયતનાં ઘરબાર લુટવાં નહી અને વેપારીઓને કહાવ્યું કે તમારે અમને ખાધાનું આપ્યા વગર તો ચાલનાર નથી. પછી માહાજનના મુખી ઇંદર શેઠ અને હીરા કાંનજીની સલાહથી ચીઠી લખી ધારા પ્રમાણે ઘરદીઠ ખાવાનુ લેવાનો ઠરાવ થયો. આ વખતમાં દેશી સંબંધીનાં માણસો કે જે ત્યાંના રહીશ હતા તેને વાઘેરોએ નોકર રાખી રીતસર પગાર ચુકવવા માંડયો ને જાત્રાળુઓને ધારા પ્રમાણે કર ચુકાવી લઇ રણની હદ સુધી ભેગા વળાવા આપી વીદાય કરવા માંડયા. આ વખત કેટલાએક વાઘેરો તો વેપારીઓ ઉપર જુલમ કરી પોતા ઉપરના લેણાનાં ખતો પણ આવી નાખતા હતા ને જ્યારે રૈયત એ બાબત ફરીયાદ જતી ત્યારે જોધો

માણસોને દીલાસો દઇ સમજુતી કરતો હતો. આ વખત કાલે પાણીથી આવેલો વાઘો સુમણીઓ અને મેત્રાસાનો ભીયો બોડો એ વીગેરેનો તથા તેના કુટુંબના લોકોનો જુલમ ઘણો હતો. વાઘેરોએ દ્વારકાંથી રાહુ અને ડુંગરાણી લોકોને કંકોતરીઓ લખી કે અમારી ઉપર શ્રી દ્વારકાંનાથે કૃપા કરી છે. માટે ગોમતી સ્નાન કરવા અને શ્રીજીનીરખવા પધારજો. આ ઉપરથી રાહુ લોકો તો ઘણાખરા આવ્યા પણ હતા. ઉપર મુજબ જેમ દ્વારકાંમાં ચાલતું હતુ. તેમ બેટમાં પણ વસ્તી ઉપર પીંડારીયાઓનો જુલમ ઘણો હતો, રણમલ પીંડારે દંડ સારૂ મંદીર વાળા ભંડારી હરીમગલજીને પકડી અભડાવ્યા, તેને ગુગળીઓએ છોડાવ્યાથી તે જાંબુવતીજીના મંદરમાં જઇ છુપી રહ્યો. આ વાતની જોધાને ખબર પડયાથી તેણે હરીમંગલની માફી માગી ને જે વાઘેરો ડેરાની ચોકી બેઠા હતા તેને હાંકી કાડયા, અને એવો ઠરાવ કર્યો કે એકએક મહીને એકએક મંદીર વાલે ખરચ આપવો, આ બાબતનો ધણું કરી દર માસે બે હજાર રૂપૈયા ખરચ ઉપડતો હતો. એમ અટકલ કાહાડવામાં આવી છે.

હવે પેલા દ્વારકાંમાંથી હાંકી કાહાડેલા ગાયકવાડી લોકો જે જામનાં મહાલ ખંભાલીયામાં પડયા હતા તેઓને ત્યાંથી હાંકી મુકવા વાઘેરોએ જામ સાહેબના અધીકારીઓ ઉપર જાશાના કાગળ લખ્યા. તેથી તેઓને પણ ત્યાંથી નિકળવાની જરૂર પડી. પણ અહી તેઓને શીપાઇઓએ પગાર સારૂ રોકયા હતા તેથી તે લોકોએ ખંભાલીયાના શાહુકાર પાસેથી ઉધાર નાણાં લઈ તેઓના પગાર ચુકવ્યા, અને પછી ત્યાંથી નીસરી સર્વે રાજકોટ તરફ ગયા. વાઘેરો નગરને પણ ડારો દેવા લાગયા કે તમે અમારા વાઘેરોનાં પીડારૂ અને ગુરગઢ વિગરે ગામો દબાવી બેઠા છો, તે અમો હવે પાછા છોડાવી તેના ખરા માલીકને સાંપીશું. એથી કરી જામ સાહેબને પણ પોતાની સરહદ સંબંધી ધાસ્તી લાગવા માંડી.

એ રીતે તા. ૩૦ મી જુલાઇ સને ૧૮૫૮માં દ્વારકાનો કીલો લઇ વાઘેરોએ ગાયકવાડી લોકોને હાંકી કાડયા એ ખબર જ્યારે વડોદરે પોહોચ્યા ત્યારે ગાયકવાડ સરકારે બસેં ઇનિફનટ્રી તથા તેટલાજ પાળા અને સેસ્વાર કીલેદારની મદદે રવાને કર્યા, પણ પાછલથી વાઘેરોની વધારે ફતેહની ખબર સાંભળી ગાયકવાડના કારભારીએ રેશીડંટને કહ્યું કે એ મકાન તમે તમારે સ્વાધીન લો, તે ઉપરથી રેશીડેન્ટે તા. ૯મી આગષ્ટને રોજે કાપટ્ન



બારટનને ઓખા ખાતે મુકરર કરીને તે તરફ જવા હુકમ લખ્યો. અને ભલામણ કરી કે તમારે અમદાવાદ રહી કરનલ વુડબર્ન સાથ સલાહ કરી કાઠીયાવાડમાં ફોજ લઇ જવી અને બલવાખોર લોકો તથા કાઠીયાવાડના લોકો વચેનો સંબંધ એકદમ બંધ કરવો. આ હુકમ મુજબ તે અમદાવાદ થઇ એકદમ રાજકોટ આવ્યા. ત્યાં રહી તેણે નાકા બંધીના બંદોબસ્ત સારૂ પોલીટીકલએજન્ટ સાથે સલાહ કરવા માંડી. પછવાડેથી રેસીડંટે દરબાર પાસેથી નારણરાવ રૂઘનાથ ઉપરનો હુકમ લખાવી બીડયો તેમાં એવું લખ્યું હતું કે અમે ઓખા ખાતાનો તમામ અખતીઆર બારટનને સાંપ્યો છે. માટે તમારે તમારા તમામ માણસોથી તેના હુકમ પ્રમાણે વર્તવું. બારટનને આ હુકમ મળ્યાથી ગાયકવાડી ફોજના જે માણસો રાજકોટ આવ્યા હતા તેમાંથી કેટલાએક નાલાયકોને અમરેલી તરફ મોકલી દોઢશો માણસને પોતાની સાથે ઓખા તરફ લાવ્યો. બારટન ઓખાની સ્થીતી વીશે પ્રથમથીજ વાકેફ હતા અને વળી અહી આવી નવી વાકેફગારી મેળવીને તુરતજ તેણે બલવો થવાનાં કારણો વીશે તથા હાલ વાઘેરોનું જોર કહેવું છે તે વીશે રેસીડેન્ટને એક ખરેખરો અને યથાસ્થીત રીપોર્ટ કર્યો. પછી તે રાજકોટની ફોજ, નગરની મુદતનાં માણસો અને ગાયકવાડી લોકો મળી એકહજાર ઇરેન્યુલર ફોજથી ઓખામાં જવા ખંભાલીયે આવ્યો. એ સમય નગરનો વકીલ પણ તેની સાથે હતો. અમદાવાદ તથા ડીસા વગેરે જગોથી બીજી ફોજને પણ તે તરફ આવવા હુકમ થયો હતો, તેથી તે ફોજ પણ સાંજ સવાર આવે એમ વકી હતી. બીજી તરફથી રેસીડેન્ટે દરીઆઈ ફોજ મોકલવા મુંબઇ સરકારને પણ લખ્યું હતું. ભાદરવા વદ ૩ ને રોજે પોલીટીકલએજન્ટનાં આસીસ્ટન્ટ લીથ અને બારટનને ખંભાલીએ આવી મુકામ કર્યો અને અમદાવાદની ફોજ આવે ત્યાં સુધી ત્યાંજ રેહેવાનો ઠરાવ કર્યો. ભાદરવા વદ ૫ ને રોજે કેટલીએક ગાયકવાડી ફોજે પણ આવી તેની પડોશમાં મુકામ કર્યો. તા. ૮મી આગષ્ટને રોજે મુંબઇથી માંડવી તરફ આવવા હંકારેલી બે લસ્કરી બોટે પોરબંદર આવી બારટનને ખબર આપી. ત્યારે બારટને તેને દ્વારકાં અને સલાયા વચેના દરીઆમાં ચોકી કરવાનો હુકમ કર્યો. એ વખતે તેણે તાલુકદારોને જણાવ્યું કે એ બોટવાલાઓ વેપારીઓનાં જતાં આવતાં વહાણોનો ઝાડો લેશે ને જે કોઇ સામા થશે તેને પકડશે. માટે તમારે તમારા બંદરોમાં બંદોબસ્ત કરવો જોઇએ. ખંભાલીઆ મુકામે જમીનની ફોજની

રાહ જોતાં બારટનને ઘણો વખત રોકાઇ રહેવું પડ્યું, કેમકે પોતા પાસે પણ કાંઇ તોપો ન હતી. ને તોપ વગર જવું એ તેને દુરસ્ત લાગ્યું નહી. આ વખત જામ સાહેબે પોતાની તોપ આપવાને કહ્યું. ત્યારે બારટનને કહ્યું કે અમારી તોપો સાંજ સહવાર આવી પોહોચશે. તમારી તોપો ગોલંદાજ વગર અમને શું કામ લાગે. ભાદરવા વદ ૬ ને શનીની રાત્રે આગબોટ બે બરછા અને બે વહાણ આવી દ્વારકાં પાસે નાંગર્યાં ને આઠ બહાર કરી પાછાં બેટ તરફ ગયાં, તે જોઇને વાઘેરો ચમક્યા અને સામા થવાના બંદોબસ્ત કરવાના હેતુથી તેઓએ બેટથી જોધાને તેડાવ્યો. આ વખત દ્વારકાનાં ખાહુને કુરંગે મોકલી દીધાં અને વસ્તી પાસેથી જણ દીઠ અઢી કોરી લઇ તેઓને ગામમાંથી જવા રજા આપી. પછી પોતાનાં સર્વ કુટંબને દ્વારીકામાં ભેળુ કર્યું. પેલી તરફ ખંભાલીયાના લશ્કરમાં ખબર આવી કે રાજકોટથી બે તોપ અને દોડસો માણસ તેઓની મદદે નીકલી ચુક્યાં છે. ભાદરવા વદી ૯ ને રોજ વટેમારગુ અને જાત્રાળુઓને જતા આવતા બંધ કરવા બારટને હુકમ કર્યો. કેમકે એવા લોકોથી હરામખોરોને બાતમી પોહોચતી હતી.

તા. ૨૨ મી ઓગષ્ટે બારટને આવતાં વેતજ રાજકોટથી વાઘેરો તરફ પ્રોકલેમેશન મોકલ્યું હતું તેમાં એવું લખ્યું હતુ કે “ ઓખામંડલની તમામ હકુમત ગાયકવાડ સરકારે ઇંગલીશ ગવરમેંટને સોપી છે. માટે તમારે સર્વ લોકોએ તોફાનના વીચાર એક કોરે મુકી તમારા મુખીઓ અને ડાહ્યાં માણસોએ જાતે મારી પાસે હાજર થવું, તમને જવા આવવાના જમાન મળશે. તમારે દ્વારકાંના બેટોના કીલા જેવા તમારા હાથમાં આવ્યા તેવાજ લુટના માલ સહીત સરકારને સોંપી દેવા. ને પછી તમે જે કંઇ કહેશો તે સાંભળવામાં આવશે અને સરકાર તેને સારી રીતે તપાસ કરશે. છેવટ હું તમને જણાવું છુ કે હુ થોડા વખતમાં ઓખામંડલ તરફ આવુંછું. આ પ્રોકલેમેશન જ્યારે દ્વારકામાં વાઘેરોના હાથમાં આવ્યું ત્યારે વાઘેરોએ માજનના ચોવટીયા ઇંદર અને હીરા શેઠને વાંચવા સારૂ તેડાવ્યા, પણ આ શી બાબતનુ લખાણ છે એ તેઓ કોઈ સમજ્યા નહી. છેવટ લધુરામજીને બોલાવ્યે પણ તેની ચાલ વાઘેરોને ગમી નહી. છેવટ રામજી નામનો ગૃહસ્થ જે તે વખતે નગરનો વકીલ હતો તેને બોલાવ્યો. તેણે પ્રોકલેમેશન વાંચી સંભલા… તે વખત જોધો હાજર નહતો તેથી તેણે વીધો, વાધો, મુલુ, અને મુલવાર…



ના જેશાણી વીગરે રૂબરૂ વાંચી સંભલાવ્યું. ત્યારે વીધે કહ્યું એતો ઠાલા ડરાવે છે, આવે તો હાડકાં પણ ભાગી નાખીયે. મુલુયે કહ્યું હાલ એ કાગળ રાખો, જોધોભા આવશે ત્યારે વંચાવીને જવાબ લખશું. જોધો આવ્યો ત્યારે તેણે જવાબમાં અરજી મોકલવા કહ્યું પણ એ વાત કાંઈ પાછલથી અમલમાં આવી જણાતી નથી, ને એ વખત પણ એમજ વાતો કરતા હતા કે અંગ્રેજને તો હીંદુસ્થાનમાંથી હાંકી કહાડ્યા છે હવે તેનો શું ભાર છે. આ વખત જોધાનો વિચાર સારો હતો પણ જગન્નાથ તેની પાસે ને પાસે બેસી રહેતો હતો તેથી અને વીધાથી તે વારે વારે લાચાર થઇ જતો હતો.

ફોજ જ્યારે ખંભાલીયે હતી ત્યારે બાટવાના તાલુકદાર શેરબુલંદખાને વાઘેરો તરફથી વશટી સારૂ અરજ કરી પણ બારટને કહ્યું હવે તે વખત ગયો. હવે લડાઇ શરૂ થઇ ને વાઘેરોએ સામા બાહાર પણ કર્યા; માટે હવે વશટી થાયજ નહી. પછી બાબીએ પોતાની વહુવારૂઓને તેડવા જવાની પરવાનગી માગી. પણ તેને જવા ન દેતાં નગરનાં માણસને મોકલી બારટને તેઓને તેડાવી આપ્યાં. એટલે તેઓ ત્યાંથી તુરત બાટવે ગયા. પછી નાકા બંધીને વાસ્તે બંદોબસ્ત થવા માંડ્યો.

બેટ પાશ દશ બાર રોજ થયા એક આગબોટ પડી હતી તે સામે વાઘેરોએ હાજી કરમાણી પાશ તોપ માંડી, પણ તુરત તેઓ પોતાની તોપ મુકી ભાગી ગયા ને ચાર પાંચ દહાડા પછી દ્વારકાંથી બીજા માણસ આડતડે લાવી વાઘેરોએ બેટ સામે તોપ ચલાવી; પણ થોડી વારમાં સામી તોપો છુટવા માંડી કે વાઘેરો ભાગી ગયા ને આગબોટ હાજી કરમાણી આગળ આવી પોહોચી. આશો સુદ ૬ કીંવા ૭ ને દીને દરીઆઇ લશ્કર લઈ બીજા બરછા અને આગબોટ પણ આવી પહોચી. બોટવાલાઓએ સુદ ૯ને દીવસે તોપો શરૂ કરી. આ વખત વાઘેરોએ હાજી કરમાણી અને બેટનાં બારાં વચે તુંગીના બારા ઉપર મોરચા કરી તોપો ચલાવી, પણ થોડીવાર પછી ફીરોજ નામની મોટી આગબોટ દુરબીનથી તપાસ કરી નજદીકમાં આવી નાંગરી કે વાઘેરોએ એક તોપનો બહાર કર્યો; પણ તોપ ઉલટી ગયાથી તેઓ ખાડામાં છપી ગયા. ફીરોજની પાછળ બીજી ત્રણ આગબોટ સાડાત્રણ પુરૂષ પાણીમાં આવી નાંગરી અને તેમાંથી કીલા ઉપર એક તોપ અને એક બાણ એમ જોડી માર ચલવા માંડ્યો. એ રીતે તેઓએ સુદ ૯ નો આખો દીવસ જોરથી માર ચલાવ્યો. અને રાત્રીએ પણ કોઇ કોઇવાર બહાર થતા હતા. એ રીતે સુદ ૧૦

ને રોજ સાડાનવ વાગા સુધી તોપ ચાલતાં આખર વાઘેરો કાયર થયાથી દેવો છબાણી વગેરે વશટી લઇ ડંકે આવ્યા કે તે વખત ડોનવેલ સાહેબ વહાણમાંથી કીનારે આવ્યા તેને વાઘેરોએ કહ્યું જો તમારી મરજી હોય તો હથીયાર શીકે કીલો સોંપી હમારા માલીક પાસ જઇએ ડોનવેલે કહ્યું બચવું હોય તો હથીયાર મુકી તાબે થાઓ. ત્યારે દેવે કહ્યું ઠીક છે. ભાઇઓને પુછીને આવીએ. સાહેબે તે વખત અરધો કલાક વખત આપ્યો. પણ તેટલામાં તેઓ આવ્યા નહી એટલે ફરીને ફોજે તોપો શરૂ કરી અઢી વાગ્યા સુધી તોપ ચાલતાં છેવટ ફોજે કાંઠે આવી હલ્લાં કરી અને મુમાઇ માતા પાસ આવી પશ્ચિમની રાંગે શીડીઓ માંડવા માંડી. ત્યાં વાઘેરેએ એક તોપ હતી તેમાં છરા ભરી બહાર કર્યો. આ વખત તે જગે પાંચ વાઘેર હતા તેમાંથી ત્રણ જણ ભાગા અને કુંભો જગતીયો અને ગોરીઆલીનો ગીગલો એ બે જણ આંધળીયાં કરી ફોજમાં કુદી પડયા. આ વખતે તેઓએ ઘણા સોલજરોને મારી જખમી ફોતી કર્યા અને છેવટ પોતે પણ મરાયા તોપણ એ બે જણના મારથી અંગ્રેજી ફોજને ત્યાંથી ભાગી દક્ષિણની બાજુએ જવું પડયું, ત્યાં જઇ તેઓએ ફરીને શીડીઓ માંડી. તે વખત દેવો છબાણી જે ઉત્તરને દરવાજે હતો, તેને ખબર પડતાં પાંચ સાત માણસથી આવી પહોચ્યો ને જુવે છે તો સોલજરો સીડી ઉપર ચડયા હતા, પણ સીડી કીલ્લાથી ઉંચી આવી ગયાથી સીડીને વાઘેરોએ નીચી પટકી. તે વખત દેવો અને બે માણસ બીજા જખમી થયા અને સરકારી ફોજને પણ ઘણો માર વાગ્યો, એટલે તે પણ પાછી ફરી કીનારા ઉપર ગઇ. તે વખત એક કલાક પછી જખમી થએલો દેવો મરણ પામ્યો એટલે વાઘેરો નાહીમત થઇ ગભરાટમાં પડયા. રાતના દશ વાગે જ્યારે અંગ્રેજી લશ્કરમાંનું કોઇ પણ દીઠામાં ન આવ્યું ત્યારે તેઓ પોતાનાં છ મુડદાંને કીલામાં બાળી, દરવાજા ખુલા મુકીને ભાગી ગયા. તે જોઇ મંદીરવાળા લોકોએ વિચાર કર્યો કે ફોજમાં જઇ જાહેર કરવું જોઇએ, નીકર હલ્લાં કરશે તો માર્યા જઈશું. બાર વાગે જેરામ આણંદજી અને બે બીજા માણસ વહાણપર ગયાં અને થઇ હકીકત જાહેર કરી. ત્યારે ડોનવેલ તથા મેજર કેર, તેઓથી ખાત્રી કરી બે કંપની લઇ, તેઓની સાથે ઉતર્યા. આ વખત જેરામના કહ્યા મુજબ મુડદાંઓ પણ તેઓના જોવામાં આવ્યાં. પછી સાહેબ લોકો કીલામાં સોલજરોને મુકી તે વખત તો પાછા વહાણમાં ગયા અને વલતી સવારે એટલે સુદ ૧૧ ને રોજે પાછા આવી બે કલાક સુધી સોલજરોને લુ…



…ંવરેલો, ધ્રાંડી
કરવાનો હુકમ આપ્યો. તેમાં કરાચીના તવાઇનાં વહાણોનો સ… તેઓએ રૈ-
હાથ લાગાથી સોલજરો પીને છાટકા થયા, ને એસુધીમાં …ાં છેવટ
યતના આશરે શીતેર પોણોસો માણસ વીના ફોકટ મારી નાખ્યા… રકારી
તેઓએ આઠ સાડાઆઠ વાગતે લુંટ બંધ કરી, કીલ્લાને સ… રે
વાવટો ચડાવ્યો. વલતે દીવસ ફરીને તેઓ કીલ્લાને સુરંગ દેવા આવ્યા ત્યા… લોકોએ કહ્યું એમાં અમારી મૂર્તિઓ છે, માટે એ વાતતો મોકુફ રાખો. સાહેબ લોકોએ કહ્યું અમને મુંબઇ સરકારનો હુકમ છે માટે બે કલાકની અંદર તમારી મુર્તિઓ ઉઠાવી જાઓ. તે ઉપરથી સર્વ મુર્તિઓને ઉચકી રાધાજીની ગૌશાળામાં પધરાવી. પછી ફોજ વાળાએ ચાર પડખેથી સુરંગ તૈયાર કરી એકદમ કીલ્લો અને તમામ દેવળો ઉડાવી દીધાં. એ દેવળોમાંથી તેઓને જેમ જેમ દ્રવ્ય મળવા માંડયું તેમ તેમ લશ્કરી લોકો લુંટવાને વધારે વધારે લલચાવા માંડયા. દેવળના દાગીનાની સાથે રૈયત લોકોએ પણ લડાઇ વખત પોતાના સર્વ દાગીના દેવળમાં સાચવવા સારૂ મુક્યા હતા, તે પણ આ વખતે સર્વ લુંટાઇ ગયા. આ બાબતનો પોકાર લોંકો તરફથી બારટન પાસે જતાં તેણે લુંટ બંધ કરવા ચીઠી લખી, પણ લશ્કરી લોકોએ માની નહિ અને છેવટ કેટલેક દાહાડે મુંબઇ સરકારના હુકમથી લુંટાયલા માલની પેટી મંદીર વાળાને સોંપવા બારટન સાહેબ પાછી લાવ્યા અને બેટમાં સરકાર તરફથી થાણદાર નીમાયો ત્યાં સુધી સોલજરોએ એ લુંટ બંધ કરી નહોતી. બધુ મળી એમ કહેવાય છે કે આસરે અગીયાર દીવસ સુધી લુંટ જારી રહી હતી. તેમાં ઘણા કાળની સંચેલી કરોડો રૂપીઆની દોલત લશ્કરી લોકો ખોદી ખોદીને લઇ ગયા, અને તેમાંથી જે માલ પાછો આવ્યો તે કહે છે કે લુંટાયલા માલ સાથે સરખાવતાં કાંઈજ વીશાતનો નહોતો. આ બનાવથી માંડવી, ખંભાલીયા, જામનગર, અને મુંબઇના હિંદુ વૈષ્ણવોમાં ચોતરફ કળેરાટ થઈ રહ્યો હતો. માંડવીથી માહાજન અને માહારાજ તરફથી જામ, સાહેબ અને કચ્છના રાવસાહેબની દરબારમાં, ફરીયાદ ગઈ કે બેટના ધામમાં પ્રલેકાર જેવું થઇ ગયું છે. મુર્તિઓને દેરાંઓમાંથી ઉપાડી ગૌશાળામાં લઇ જઇ મંદીરો ખોદી નાંખ્યાં છે અને હીંદવાણું ડુબી ગયા જેવું થયું છે. માટે તમારે હિંદુ ધર્મના રક્ષક રાજાઓએ તરત વાહાર કરવી જોઇએ. આ ઉપરથી નગર અને ભુજના રાવે પોતાના પોલીટીકલ એજંટો મારફત સરકારને જાહેર કર્યાથી એ બાબતનો બંદોબસ્ત કરવા બાર-

ટન ઉપર ભલામણ પત્રો લખાયા, અને તેની સાથે તેને તાકીદ કરી કે હવેથી દ્વારકાં લેતી વખત ત્યાંના દેવળોની તમારે પુરી સંભાળ રાખવી.

આ રીતે બનાવ બન્યા પછી દરીઆઇ ફોજે બેટનો કીલ્લો પોતાના સ્વાધીનમાં લીધો. અને આ તરફની જમીનની ફોજ પણ ખંભાલીયેથી બીજી ફોજની રાહ જોતી ધીમે ધીમે ખંભાલીયું મુકી આસો સુદ ૭ ને દીવસે બામણાસે આવી પોહોચી. અહીં આવી તેઓએ મઢી, કુરંગા વગેરે જગોએ ગાયકવાડી સ્વારોની ચોકી મુકી રસ્તાઓનો બંદોબસ્ત કર્યો, તેવામાં ખબર આવી કે પાંચસેં છસેં વાઘેર આપણી ફોજ ઉપર પડવાના છે. તેથી કરી લસ્કરમાં બંદોબસ્ત થવા માંડયો. સુદ. ૧૧ને રોજે તોપખાનું પણ આવી પહોંચ્યું. તેવામાં કુરંગાના ગાયકવાડી સ્વારો ઉપર વાઘેરો આવ્યાનું સાંભળી ગ્રેમ સાહેબ સ્વાર, પ્યાદા અને એક તોપથી તેણી તરફ ગયા, પણ લસ્કરના કમાડીંગ આફીસરે તેને તુરતજ પાછા બોલાવી લીધા. આ વખત પછી લસ્કરે એકદમ ઓખા તરફ કુચ કરી. બેટથી દરીઆઇ લસ્કર પણ દ્વારકાં તરફ આવી પહોંચ્યું અને ડીસાની ફોજ પણ હવે જલદી આવશે એમ ખબર થયા. આ વખત આરંભડાના રાણાના રક્ષણ અર્થે બારટને બેટની ફોજને તે રસ્તો છોડી બીજે રસ્તેથી આવવા લખ્યું. પછી થોડો વખત ડીસાની ફોજ વાસ્તે રાહ જોઇ લસ્કરે આસો વદ ૯ ને રોજે દ્વારકાં નજદીક આવી મુકામ કર્યું. આ વખત વાઘેરોમાંથી માપ માણેક વગેરે ત્રણ જણ વશટી સારૂં આવ્યા અને નવ વાગે ફરીને પાછા આવશું એમ વાયદો કરીને પાછા ગયા પણ ફરીને કોઇ આવ્યા નહિ. પછી જોધા માણેકે કહાવી મોકલ્યું કે હું તો આવવા તૈયાર છું, પણ મારા માણસો માનતાં નથી. અંગ્રેજી ફોજે આસો વદ ૧૪ ને રોજે મોરચા તૈયાર કર્યા. દરીઆઇ લસ્કરે પણ કીનારા ઉપર ઉતરી કેટલાએક તે તરફ મોરચા ચણવા માંડયા. કોઇપણ તરેહથી ભાગી ન શકે એ મતલબથી ઇંગ્રેજી ફોજે ગામને ફરતા મોરચાઓથી વીંટી તોપો ચાલતી કરી, ત્યારે વાઘેરોએ પણ ગોમતી કાંઠે આવી સામી તોપો માંડી પણ તેઓની તોપો કાંઇપણ માર કરતી ન હતી. ને ઇંગ્રેજી ફોજ ધીમે ધીમે મારતી મારતી કીલ્લા અને ગામની લગભગ સુધી વધે આવતી હતી છ દહાડા સુધી દેવળને બચાવીને ઇંગ્રેજી ફોજે તોપો જારી રાખી તેથી આખર વાઘેરોએ લાચાર થઇ એકસંપ થઇ ભાગી જવાનો નિશ્ચય કર્યો ને રાત્રીને વખત બધા તૈયાર થઇ રૂપણ તરફ ચાલ્યા. તહીં રસ્તે ગોરા લોકોના



દરીઆઇ ફોજનો મોરચો હતો તે સાથ તેઓએ લડાઈ કરી તે વખત બંને પક્ષના થોડા થોડા માણસો મુવા બાદ વાઘેરોને રસ્તો મલ્યાથી રૂપણ ઉપર થઇ તેઓ ખડામાં પેઠા ને ત્યાં પીંડારીઓની ફોજપણ તેઓને આવી મળી.

સવારે વાઘેર લોકો ભાગી ગયાના ખબર સાંભળી ઇંગ્રેજી ફોજે કીલ્લો પોતાના સ્વાધીનમાં લીધો. આ વખત સોલજર લોકોએ બેટના દાખલાથી લલચાઇ ગોમતી કીનારાના દેવળોમાં ભાંજફોડ કરવા માંડી અને દક્ષણા મુરતીના જમણા હાથના આંગળા તથા નાશીકા ખંડન કર્યા અને બીજી પણ કેટલીએક મુરતીઓને એજ રીતે નુકશાન કર્યું. તે ખબર ઉપરી સાહેબને પહોંચતાં તેણે તુરતજ સોલજરોને મને કરી દેવળોની સંભાળ વાસ્તે સીપાઇઓના પોરા મુક્યા. તોપ મારતી વખત જગતના દેરાની ઘણી સંભાળ લેવામાં આવી હતી તોપણ તેના ઘુમટને ગોળો વાગ્યાથી જોયું તો એક થંભ પડી ગયો હતો. આ રીતે દ્વારકાં લીધા પછી અંગ્રેજી ફોજ વાઘેરો પાછળ વશી તરફ ગઇ પણ તેઓનો કાંઈ પત્તો લાગ્યો નહી. એ ગામને સળગાવી દઇ ધરમશાળાને સુરંગ મારી ઉરાડી દીધી અને બારટન સાહેબ ચારસેં માણસથી વાઘેરોની શોધમાં નીકળ્યો. આ વખત વાઘેરો પોશીતરા, સામળાસર અને રાજપરાના ખડામાં ખટલા સહીત રહ્યા હતા. અને ઇંગ્રેજી ફોજની ટુકડીઓ તેઓની પાછળ લાગેલીજ હતી. કાર્તક સુદ ૯ને રોજ તેઓની સાથે ધીંગાણું થયું તેમાં પચીસ વાઘેર મરી ગયા અને પચીસ જણ પકડાયા હતા. સતરમી પલટનના ચાર માણસ મરાયા અને બે રસાલાના સવાર જખમી થયા. સરકારી ફોજની ત્રણ ચાર ટુકડીઓ નોખી નોખી ચરકલા પાસ મુકામ કરી ચોકી કરતી હતી તેણે સવારના દસથી તે રાતના દસ વાગ્યા સુધી તોપ ચલાવી છેવટે બંધ કરી. ત્યારે વાઘેરનાં થોડાંએક માણસોએ આવી ધીંગાણુ કરવા માંડયુ. અને બાકીના તમામ માણસો બીજી તરફથી રણનાં કાંઠો ઉતરી ભાગી ગયાં. સુદ. ૧૧ ને રોજ ખબર પડી કે વાઘેર લોકો બાઇડી છોકરાં સહીત પીંડારાના કુંડ તરફ થઇને લુસારાની પડોશમાંથી ડુંગરાઓમાં ભાગ્યા. એ વખત પીંડારામાં ગાયકવાડી પચાસ સ્વારની ચોકી હતી તેમાંથી તેઓ ચાલ્યા ગયા. દાતરાણે, તથા હાબરડીથી પણ ખબર આવ્યા કે વાઘેરો બરડા તરફ ભાગ્યા. આ ખબર સાંભળી નગરે પોતાના પ્રગણામાં બંદોબસ્ત કરવાની તજવીજ ચલાવી. વાઘેરો ભાગતા હતા તેમાંથી ભીયા

માણેકની બૈરી રણુમાંથી ગાયકવાડી સવારના હાથમાં આવી, તેથી પણ ખબર મલી કે વાઘેરો સર્વે નાશી ગયા છે. આ વખત ગોરીયાળીના કાયાં માણેક વીગેરે દશ પંદર જણે બારટન પાસે આવી હથીયાર મુક્યાં, ને નાગેસરનો ભીચો સુમણીયો પણ એજ વખતે પકડાયો. આ રીતે બનાવ બન્યા પછી બારટને ઓખામાં રહી બંદોબસ્ત કરવા માંડયો અને ઓખાના બંદોબસ્ત જેટલી થોડી ફોજ વગર બાકી ફોજે ઉપડી જવાનો ઠરાવ કર્યો. કેમકે વાઘેરો કાઠીયાવાડ એજન્સીની હદમાં પેઠા તો, હવે ત્યાં બંદોબસ્ત રાખવાનું કામ, ત્યાંના તાલુકદારો અને એજન્સીના અધીકારીઓના અખત્યારમાં રહ્યું.

વાઘેરો ઓખામાંથી નીસરી બરડાના ડુંગરમાં આભપરા નામની એક ઘણીજ વીકટ જગાએ જઇ પોતાનાં બાયડી છોકરાં સહીત નીરાંતે બેઠા અને ઝુપડાં વીગેરે બાંધી ખોરાક માટે અને ફરતા રસ્તાની ચોકી કરવાની ફીકરમાં પડયા. ઝાઝની ફોજ હવે પાછી ગઇ ને પગ રસ્તાની ફોજ હાલતો ઓખામાંજ રહી. આ વખત આસીસ્ટન્ટ પોલીટીકલએજંટ લીથ સાહેબ ચરકલા અને ગુરગઢ થઇને દાતરાણે આવ્યા, ત્યાંના પટેલે ખબર આપી કે વાઘેરો કુટુંબ સહીત અમારા ગામનાં પાદરમાંથી નીસર્યા હતા, અને હરોલમાં બે વાઘેરો બંદોબસ્ત માટે ચાલતા હતા, તેઓએ પ્રથમ પેહેલુ ભવનેસ્વરના ડુંગરમાં જઇ મુકામ કર્યો ત્યારે અમારા ગામનો પાડાવાલા વાઘેરો પાસેથી પોતાનો પાડો છોડાવા સારૂ જોધામાણેક પાસે ગયો હતો. તેણે ખબર આપી કે બધાં મળી બારસે માણુસ છે, તેઓએ ખાવા સારૂ બાજરીની ઘુઘરી રાંધી હતી તે ખાઇ બીજે રોજ તેઓ ઢેબર ઉપર થઇ ધુમલીના ડુંગરમાં પેઠા છે, ને હાલમાં તેઓ પોતાનાં બાયડી છોકરાંઓને આભપરા ઉપર ચઢાવી મરદો ધારની ઓથે મોરચા કરી બેઠા છે, જોધો કહેતો હતો કે જામ સાહેબના મુલકમાંથી પૈસાવડે ખાધાનું મલશે તો ઠીકજ છે, નીકર મહોટાં ગામો મારીશું.

આ વખત જુનાગઢ તરફથી અનંતજી અમરચંદે કુતીયાણા તરફ; ગોંડલ તરફથી મણીશંકર નરભેરામે ઢાંક અને ઉપલેટા તરફ અને ભાંણવડ તરફ નગરનાં માણુસોએ નાકા બંધી માટે બંદોબસ્ત કરવા માંડયો હતો. ઓખામાંથી પણ કારતક વદ ૪ને રોજ બસે લણુસેં પલટનનાં માણુસ અને બે તોપને આ ડુંગરાઓ તરફ આવવા હુકમ થયો. આ વખત વાઘેરો પ[illegible] ગણુામાં ખોરાક માટે મારપીટ કરી રહ્યા હતા તેવામાં ત્રણસે ચારસે પલ[illegible]



નનાં માણુસ અને ચાર તોપો લઇ હીલ્સાહેબ અને પ્રેમસાહેબ ભાણવડ મુકામે આવી પોહોચ્યા.

અહી ફોજ એકઠી થયા પછી પ્રથમ તો વશટી મોકલવાના વિચાર ચાલ્યા અને એવું ઠર્યું કે વીધા તથા જગનનાથને સાંપી હથીઆર મુકી શરણે થાય તો બાકીનાઓનો બચાવ કરવો. પણ વાઘેરોએ હથીઆર મુકવાની સાફ ના પાડી, વીધો શીખવતો હતો કે મારી પેઠે હથીઆર મુકશો તો, તમો પણ કાળે પાણીએ જશો, તેઓ કહેતા હતા કે જો જામ સાહેબ અમારા રોજ આપવા માટે ગળે લઇ ભાટ ચારણને જમાન આપે તો તેની હજુરમાં જઇ હથીઆર મુકીએ, એક વખત અનંતજી તરફથી દેવડાનો પટેલ ગાંગજી, બાવા જાણેજાનો દીકરો અને બે શઇએદ વશટીએ ગયા હતા. પછી કારતક વદ ૧૦ દીને બાલીયા રેવાદાશ ગયા, અને જોધા તથા દાદાભાઇને ઠબકો દઇ કહ્યું કે તમો ગાયકવાડના બારવટીયા છો, બેટ દ્વારકા લીધું ત્યારે વશટી ન મોકલી તો હવે તમારો શો વીચાર છે. તમે અમારા મુલકમાં શું કરવા ભરાયા છો. ત્યારે કેહે જે થનાર તે થયું, એક વાર હથીઆર મુક્યાં હતાં ત્યારે સરકારે કેદ કર્યા, માટે હવે તો અમને ભરોંસો નથી, માટે જાંમ સાહેબ વશટી કરે ને તે જેમ કહે તેમ કરીએ, અનંતજીનો અમને ભરોંસોજ નથી, આ માણુસે આવી ખબર આપી તે ઉપરથી એમ જણાયું કે વાઘેરો કાયર તો થયા છે, તેઓ જુના કોટને પથર ચઢાવી સમો કરેછે અને ઉપર જવાના ગાલ્રા બંધ કરી ત્યાં તેઓએ ચોકીઓ રાખીછે તોપણ જવાના રસ્તા ઘણા છે. પણ એ માટે માણુસ ઘણા જોઇએ, કેમકે દ્વારકાં તરફથી ભાગ્યા તો અહીંથી ભાગવું તેઓને મુસ્કેલ નથી. આ વખત પછી વદ ૧૩ને રોજે પબજી કરંગીયા તથા મેરામણને ફરીને વશટી લઇ જોધા તથા દાદાભાઇ પાસે મોકલ્યા. મેરામણે કહ્યું અમરેલી જાઓ અમારે તમારે શું છે, તો કહેજે અમો આ જગો છોડવાના નથી; કેમકે આવી જગો બીજે ક્યાં નથી; માટે અહીં રહી મારશું કે મરશું, જામ સાહેબ પાસે હથીયાર મુકવા તૈયાર છીએ. પણ અંગ્રેજ પાસ મુકવાના નથી. સરકારી ફોજ સાથે પાંચ પંદર રોજ લડી છોકરાંઓને મોડપર અગર ભાંણુવડમાં પુરી મુલક પાયમાલ કરશું. આ માણુસે પાછા આવી બનેલી કરીકત કહી દેખાડી અને ખબર આપી કે જે બધા મળી પંદરસે હથીજર બંધ માણુસ છે, તેમાં અરધ બંદુકદાર અને અરધ આ[illegible] થીઆરા છે.

પંદરશોમાં બસે અડીસેં ઢેડા, બસે પુરેબીયા, અને થોડા સીધી અને જટ લોકો છે. બાયડી છોકરાંઓ ભેલાં છે અને જાનવરોમાં ઓગણીસ ઘોડાં છે, આ વશટી થઇ રહ્યા પછી ફોજમાં હલ્લાં કરવાના વીચાર ચાલ્યા. સાહેબ લોકોએ આ વખત ભેળા થઇ દુરબીનો માંડી તપાસ કરવા માંડયો. અંગ્રેજી ફોજનાં કુલ છસેં માણસ હતાં, તેનો મુખી કરનલઆનર બરડાના ડુંગરથી માહીતગાર હતો. અંગ્રેજી ફોજ શીવાય, જૂનાગડ, નગરપોરબંદર, અને ગોંડલ વીગેરે તાલુકાઓની દેશી ફોજ ઘણી ભેળી થઇ હતી. માગસર સુદ ૧૦ ને રોજથી હલાંના વીચાર શરૂ થયા. એક વખત લાકડા કાપવા સારૂ નગરનાં માણસો સાથે કેટલાએક કબાડીઓને મોકલ્યા. અને થોડા માણસોને કાતરધાર પાસે છપાડયાં. એવી મતલબથી કે વાઘેરો બહાર નીકળે ને તેઓ સાથ લડાઇ કરવાનો ઇતેફાક મલે, આ વખત વાઘેરોએ થોડા બંદુકના બાર કર્યા પણ કાંઇ સાર નીકલ્યો નહી. છેવટ પેથા સાથે વશટી મોકલી ત્યારે જોધાએ તેને વિવેકથી જવાબ દીધો પણ હથીઆર મુકવા સાફ ના પાડી. આ રીતે એક તરફથી વશટી અને બીજી તરફથી હલાંની તૈયારી માટે વીચાર ચાલતાં માગસર વદ ૯ની પાછલી રાત્રે ચો તરફથી એકજ વખતે હલ્લાં કરવાનો ઠરાવ થયો.

| | |
|---|---|
| ધુંમલી તરફથી કંશારીની કેડીયેથી | માણસ છસેં નગરનું |
| દાડમાની કેડીયેથી | માણસ બસેં સરકારી |
| ચાવડીની કેડીયેથી | માણસ બસેં સરકારી |
| નલઝરની કેડીયેથી | માણસ ચારસે સરકારી |
| કીલેશરથી ઢેડખુણે હલાં કરવા | માણસ ત્રણસે સરકારી<br>માણસ પોણોસો પોરબંદરનાં |
| દંતાલો હાથ કરવા | ચારસેં જુનાઘડનું<br>સો ગોંડલનું<br>પચાસ સરકારી |

એ રીતે જુદે જુદે રસ્તેથી હલ્લાં કરવા ઠરાવ થયો, અને એવી સતલસ કરી કે મોંડપરના ઘઢ ઉપરથી તોપના ત્રણ બાર થાય તે સાંભળી પાછલી રાતના ચાર બજે એકદમ સર્વે જણાએ કુચ કરવી. એ પ્રમાણે કુચ કરતાં નગરનું છસેં માણસ કંસારીની કેડીએથી ચડયું અને થોડું માણસ ધુંમલીમાં રહ્યું. ઉપર ચઢેલા લોકોએ કંસારીની દેરી પાસ જઇ વાઘે[illegible] ઉપર હલ્લો [illegible], મોરચો મુકાવ્યો, અને પછી બીજી ચોકી આશાપરાના[illegible]



UNIVERSITY LIBRARY UNIVERSITY OF B[illegible]

ડા આગળ જે ઘણી મજબુત હતી તેઓ પાસ જઇ ધીંગાણું [illegible] અહીંથી વાઘેરો ભાગ્યા એટલે હલ્લાંનાં માણસોયે વીણુનો ઘડો હાથ કર્યો [illegible]બર તળાવ આગળ થોડાએક માણસ પડયાં, તેટલામાં કીલેશરની કેડીયેથી સરકારી અને પોરબંદરનાં માણસો તેઓને આવી મળ્યાં; તેટલામાં દાડમી અને ચાવડીની કેડીયેથી ચારસેં માણસ લેઇ મેજર સાહેબ [illegible] પહોંચ્યા. ચઢતી વખત કરાંચીનાં એજ્યુટન્ટને છાતીમાં ગોળી વાગી તોપણ હઠયા નહિ. આ વખતે વાઘેરો ભાગી દંતાલાનાં ડુંગરમાં ગયા. આ જોઇ આભપરા ઉપર જે ખચરો ઉપરની તોપો આવી પુગી હતી તે વાઘેરો ઉપર ચલાવવા માંડી. વાઘેરોએ ઓથ પકડી લડવા માંડયું તે વખત સરકારી તેર માણસ જખમી અને પંદર ફોતો થયાં અને વાઘેર તરફ પણ બે ત્રણ મુવાં. પછી હલ્લાંના લોકોએ દંતાળો હાથ કરવા વીચાર કર્યો પણ વચ્ચે ઉંડી ઝર હતી તેમાં ઉતરેતો ઉપરથી માર વાગે તેથી તે વાત મોકુફ રાખી આભપરેજ રોકાયા. કેટલીએક ફોજ વીંણું અને બાબર તળાવ ઉપરજ રહી આ વખત ફોજે વાઘેરોનાં ઝુંપડાં લુંટી લીધાં. તેમાંથી રણમલ પીંડારીઆની ઓરત તેઓના હાથમાં આવી. આ વખતે જૂનાઘડ વાળાઓએ દંતાલો ડુંગર હાથ કરવા કબુલ કરેલું પણ લાંબા ને વીકટ રસ્તાથી બરાબર વખતે તેઓ પોચી શકયા નહિ, તેથી દંતાલો વાઘેરોયે હાથ કર્યો. અહીં તેઓ આખો દીવસ રહી રાત્રીની વખત પોરબંદરનાં ગામો તરફ ભાગી ગયા. મોડ પરથી નલઝર તરફ ચારસેં સરકારી માણસ આવ્યું હતું અને રાણપર, પાશતર તરફ પણ સરકારી અને પોરબંદરનાં માણસો હતાં તેથી વાઘેરો બીજી કોઇપણ દિશાએ ભાગી શકે તેમ નહોતું. વાઘેરો ભાગ્યાના ખબર સાંભળી નલઝરની કેડીવાલી ફોજે જઇ મુકાબલો કર્યો પણ રાત પડી હતી તેથી વાઘેરો બઇરાં છોકરાં સાથે નીરાંતે નાશી ગયા.

આ રીતે બરડાના ડુંગરમાં ધામધુમ ચાલી રહી હતી. તે દરમીઆન બલવાના ખબર વીલાયત પહોંચતાં ત્યાંથી તા. ૧૭ મી નવેંબરે હિંદુસ્થાનની સરકાર ઉપર હુકમ આવ્યો કે ગાયકવાડી સંસ્થાન મુંબઇ ઇલાકામાં દાખલ કરી ઓખા ઉપરની દેખરેખનું કામ કાઠીયાવાડના પોલીટીકલ એજંટને સોંપવું. [illegible] આજ તારીખે મુંબઇ સરકારને પણ નાકાબંધી વીગેરેનો બંદોબસ્ત કર[illegible] [illegible]ને દ્વારકાં જલદી તાબામાં લેવા હુકમ આવ્યો. આ વખત કચ્છના પોલીટીકલ એજંટે તા. ૯૦ સદે રીપોર્ટ કર્યો હતો તેમાં પણ તમામ દોશ ગાયકવા-

ડી વહીવટદાર ઉપર મુક્યો હતો. વાઘેરો બરડામાં પેઠા પછી કાઠીયાવાડ ફીલ્ડ ફોર્શનાં મુખી એ. એચ ઓનર હતા તેણે તથા કાઠીયાવાડના પોલીટીકલ એજંટ આલેકઝાંડર ફારબસે રેશીડેન્ટને લખ્યું હતું કે વાઘેરોને કાંઇ રહેમ ભરેલા ટર્મ આપવા જોઇએ, પણ એ વીચાર રેશીડેન્ટે તે વખત પસંદ કર્યો જણાતો નથી. બેશક આ વખત રેશીડન્ટ અને તેઓના મત મળ્યા હતે તો આ બળવા થકી પછવાડેથી જેટલું નુકશાન અને ખરાબી થઇ તેટલી થાત નહિ. સાંભળ્યા પ્રમાણે ખરૂ હોય તો એમ પણ કહેવાય છે કે એ રેશીડેન્ટ પાછળથી વીલાયત જતી વખતે પોતે કરેલી ચુક બરાબર સમજ્યા હતા, ને તે ઉપરથીજ કંઇ બંદોબસ્ત કરવા કાઠીયાવાડમાં આવેલા પણ એ વખત તેને અતી થોડી ફુરસત હોવાથી અને બળવાના રૂપમાં તે વખત કંઇ ઓર તરેહના ફેરફાર થવાથી કંઇ બની શક્યું નહિ હતું. તા. ૧૫મી ડીસંબરે વાઘેર લોકો બરડામાંથી ભાગ્યા તેજ દીવસે આ બળવા સંબંધી તમામ પોલીટીકલ અખત્યાર ફારબસ સાહેબને અને લશ્કરી અખત્યાર સ્ટાલને સોંપવામાં આવ્યો હતો. અને તા૦ ૨૧ મી ડીસેંબરે બારટન ઉપર હુકમ આવ્યો કે તમારે પોલીટીકલ એજંટના હુકમ પ્રમાણે વર્તવું. આ વખતથી વાઘેરો ચોતરફ પ્રગણામાં બારવટીયાઓની માફક લુંટફાટ અને માર પછાડ કરવા લાગા. પેલી તરફ ઓખામાં તા૦ ૧લી જાનેવારી સને ૮૬૦ને રોજથી બારટન સાહેબે કોર્ટ, જેલ, ટ્રેઝરી, આદી કારખાનાં સ્થાપી એ પ્રાંતની વ્યવસ્થા કરી. અને તા૦ ૬ જાનેવારીને રોજ ઓખા પોલીટીકલ એજંટની સત્તા નીચે નાખવાના ઠરાવની વીરૂદ્ધ રેસીડેન્ટે લખાણ કર્યાથી એ વાત મુલતવી રહી, ને એવું ઠર્યું કે ઓખામાં રેશીડેન્ટનાં આસીસ્ટન્ટ તરીકે એક અધીકારી નીમવો અને એ અધીકારીએ પોતાનાં કામકાજમાં પોલીટીકલ એજંટની સલાહ લેવી.

વાઘેરો જેમ ઓખામાંથી ભાગ્યા હતા તેમ અહીંથી પણ તેઓ ભાગી નીસર્યા તોપણ તેઓમાંથી ઘણાખરાએ લાચાર થઈ શરણે આવવા માંડ્યું હતું તા. ૨૮મી ડીસેંબર સુધીમાં ઘણા માણસ તાબે થયા. એજ દીવસે એકદમ સાતસે માણસેં ઓનર સાહેબ પાસે આવી હથીયાર મુક્યાં ઘણાખરા બાકીના પણ તા૦ ૨૯મી સુધીમાં આવી ચુક્યાં હતાં, ફક્ત જોધો માણેક તેનાં ખાસ માણસોની ટોળી તાબે થઇ નહોતી. [illegible] ૨૯મી માર્ચ ૧૮૬૦ને રોજે અંતે જોધો માણેક પણ બારટન [illegible] ચોકી [illegible] આવી ના[illegible]



થયો, પણ તેનું દીલ કાયમ ન રહ્યાથી મુળુ અને ભાવડાના વાઘેરોની સલાહથી ભાગી ગયો તે ફરીથી આવ્યોજ નહિ. કાંઇ મુદત પછી જુનાગઢના બારવટીયા જેસલા મઇયાને મળી, માંગરોળમાં તેનો ભાઇ ગીગલો મઇયો મરાયો હતો તે બાબતનું વેર લેવા માંગરોલ ઉપર ચાલ્યા. પણ રસ્તે અપશુકન થવાથી તેઓને પાછા ફરવું પડયું, અને તા૦ ૭મી અકટોબરને રોજ ગાયકવાડ તાબાના માહાલણી મૂખ્ય જગો કોડીનાર તાબે કરી અછી તરેહથી લુટયું. કહે છે કે કોડીનારના અધીકારીઓને પોલીટીકલ એજંટ તથા અમરેલી તરફથી સુચના થઇ હતી તોપણ તેઓ બંદોબસ્ત કરી શક્યા નહિ અને વાઘેરોએ એકદમ ગામમાં પેશીને મેહેતાઓને કેદ કરી વેપારીયોના નીરાંતે બેશીને દંડ ચુકાવ્યા. અહીયાં બે રોજ રહી ત્રીજે દહાડે તેઓ ગીરના ડુંગરમાં ગયા અને ત્યાં જઇ લુંટની વેહેચણ કરવા માંડી ચોથો હીસો મોટાઇનો જોધા તથા જેસાને કાડીઆપી બાકીની લુંટ એકસોબે માણસમાં સરખે હીસે વહેંચાઇ. એ લુંટ વીશે પાછળથી એવુ માલમ પડયું કે દરેક સીપાઇને ભાગે આસરે ત્રણસેં ત્રણસેં કોરી આવી હતી. આડુંગરાઓમાં થોડા દીવસ રહ્યા બાદ જોધા માણકને તાવ આવ્યાથી તે મરણ પામ્યો અને હરીયા નદીને કાંઠે વાઘેરો તેને દેહન દઇ ચાલી નીકળ્યો. આ વખત બરડાના ડુંગરમાં ધ્રાંસણવેલવાળા રામાભાઈ મરણ પામ્યા અને મુલવાસરના મેપાજસાણીને ગોળી વાગી. આસોમાણેક મરણ પામ્યો અને બાપુ માણેક અને મકનપરનો હબુ કુભાંણી તાબે થયા. આ વખતે જગનનાથનો ભાઇ જે જમાલ તે પણ નગરવાળાની ગીસ્તના હાથમાં પકડાયો હતો. હવે બાકીમાં એક ફક્ત મુળુ રહ્યો હતો તેને દ્વારકાંથી આઠ માઇલ દુર એક વાવ ઉપર દુદા નામનો રબારી બારટન સાહેબ પાસે તેડી આવ્યો. થોડીવાર વાતચીત થઇ અને હથીઆર મુકી બારટનને પગે પડયો; ત્યારે બારટને કહ્યું કે તું મારી સાથે ચાલ. ત્યારે તેનાં માણસોએ કહ્યું કે ખાવાનું થાય છે તે સબુર કરો. એક કલાક પછી તેઓના વીચાર ફરી ગયા ને બહાનાં કાઢવા માંડયા, તોપણ તે આવી અમરેલીમાં કાર્ટ થઇ તે વખત હાજર થયો હતો.

આ રીતે જુદે જુદે ઠેકાણેથી જુદા જુદા જણ તાબે થયા તેમ દશ પવું! જુનાગઢના દીવાન અનંતજી અને માધવજી લીલાધર મારફત તાબે થયાં [illegible] આ રીતે સર્વ જણ શરણ થયા પછી તેઓની કોર્ટ કરી ઇનસાફી ઠરાવ થયો. ઇ૦ સ૦ ૧૮૫૧ ના આક્ટ અગીયારમા તથા સોલમા પ્ર-

માણે તા૦ ૧૨ મી જુન સને ૧૮૬૦ ના હુકમથી વાલેશ સાહેબ, કરનલ એંડરશન, કપતાન હીહ અને વાર્ડનને કોર્ટના મેમ્બર ઠરાવ્યા, તેમાં એંડરશન પ્રેસીડેન્ટ મુકરર થયા. અમરેલી મુકામે કોર્ટે બેશી સુડતાલીશ કેદીનો તપાસ કરી નીચે પ્રમાણે સજા કરી.

| | |
|---|---|
| મુલુને ૧૪ વરસ કેદ. | બાપુને ૭ વરસ કેદ |
| શાંગાને ૫ ” ” | ધાંધો ૫ ” ” |

અને બાકીનાઓને બેથી તે પાંચ વરસ સુધીની અંદર સજા કરી. આ કેદીઓમાંથી સતરજણ ઉપર કોર્ટે દયા કરી ઓખામાં મોકલવા રીપોર્ટ કર્યો, અને બાકીનાઓને વડોદરે મોકલ્યા. આ તપાસ વખત ભાંકનાં ઠાકોર ભગવાનજી અને જુનાધડના વહીવટદાર ડોસો પારેખ કોડીનારની લુટમાં સામેલ હતા એમ જણાયું, તેમાં ડોસો પારેખ તો ઇનસાફ થતા પહેલાંજ ઝેર ખાઇ મરણ પામ્યો હતો. આ વખતના કેદીઓની જુબાનીઓ ઉપરથી સાફ માલમ પડયું કે ગાયકવાડી અધીકારીઓએ તેઓનાં રોજ બંધ કર્યાં અને વારે વારે તેઓ ઉપર ચઢાઇ કરવાના તથા કેદ કરવાના ડારા દીધા, તેથી તેઓને આ તોફાન કરવા જરૂર પડી. પોલીટીકલ ખાતામાં જોધો એકવાર ફરીયાદ ગયેલો ને ત્યાંથી કંઇ દીલાસો પણ મળેલો, પણ પાછલથી કાંઇ થયુ નહી. પોતાનાં રોજ પેટે લગ્ન ખરચ સારૂ બે હજાર કોરી મુલુ લેવા ગયો હતો પણ તેને ઉપર મુજબ મળી નહી હતી. જેમ અમરેલીની કોરટે સુડતાલીસ જણનો ઉપર મુજબ તપાસ કર્યો તેમ સને ૧૮૬૧ માં ઓખામાં બારટન સાહેબે પણ તપાસ કરી બાસેઠ જણને ટીપ આવી હતી. આ રીતે એકવાર વ્યવસ્થા થયા પછી ઇ૦ સ૦ ૧૮૬૧ ના માર્ચ માસમાં બારટનની જગાએ જોનસ્ટન સાહેબની નીમણુક થઇ, તેણે વાઘેરોને જમીનો કાઢી આપી સાંતી દીઠ એક રૂપીયો કર ઠરાવીને અને નવાણો સુધરાવી તેઓને ધંધે લગાડવાની તદબીર કરી. તેણે કેટલાએક માણસોની એક લશ્કરી ટુકડી પણ બનાવી હતી. એ અધીકારી હમેશાં વાઘેરોને હુલાવી ફુલાવી માન આપીને તે વખતે સજા કરીને સમાધાન રાખતા હતા. અને તે કારણથી તે ઓખામાંથી ગયા ત્યારે તેને અને વાઘેરોને એક બીજાના વીયોગથી અતીજ અફસોસ થયો હતો. ઓખામાં વહીવટદારની જગો ઉપર એ વખતમાં નારણરાવજ અધીકારી હતા. જોનસ્ટનના ગયા પછી સને ૧૮૬૨ ના જાનેવારી માસમાં તેની જગો ઉપર રાઇસ સાહેબ મુકરર થયા, તેણે પોતાનો બધો વીશ્વાસ



લોચ પલટણ અને તેના સુબેદા ઉપર મુકયાથી જાનસ્ટને કરેલી તદબીર સર્વ ધુળ મળી ને ઓખાની રઇયતે અત્યંત દુઃખ ભોગવવા માંડયું. બલોચ લોકો ઝાહેર રસ્તે લોકોની વહુ દીકરીઓ ને પકડી લાજ લેતા હતા તોપણ તેઓની ફરીયાદ કોઇ સાંભળતું નહતું. એ અધીકારી સને ૧૮૬૫ ના જુનની તા. ૧૭ મીયે ઓખામાંથી ગયા ત્યાં સુધી ઓખાની રૈયત ઘડી પણ નીચો શ્વાસ મુકી બેઠી નહતી અને બલોચ લોકોની ફરીયાદ જતા ત્યારે બલોચના મુખી હાથીખાન ઉપર તેનો એટલો બધો ભરોંસો હતો કે ઉલટા રઇઅત લોકોને ધમકાવી હાંકી કહાડતા હતા. આ જુલમ બાબત ગાયકવાડ સરકાર અને રેસીડેન્ટને ત્યાં રૈયત લોકો ઘણી અરજીઓ નાખી પોકાર કર્યા, પણ તે વાત ઉપર ઘણી વખત કોઇએ ધ્યાન આપ્યુ નહી.

આ રીતે બલોચના જુલમથી રૈયત દુઃખી થતી હતી તેવામાં વળી ખબર આવ્યા કે તા૦ ૨૬ સપટેમ્બર સને ૧૮૬૨ ને રોજે મુલુ વીગરે (૨૨) વાઘેર એક સીપાઇને બેનટથી મારી રેવાકાંઠાની જેલમાંથી પાવા તરફ ભાગા. તે સાંભલી લોકોનાં મન ઘણાંજ ગભરાયાં ને ધાસ્તી લાગી કે ફરી તેઓ ઓખામાં આવી તોફાન મચાવી આપણી ખરાબી કરશે. આ વખત અગાઉથી બંદોબસ્ત કરવા માહાજને ગાયકવાડ સરકારમાં અને રેસીડેન્ટની કોર્ટમાં ઘણા કાગળ લખ્યા. પણ અફસોસ છે કે તેઓને કાંઇ દીલાસો પણ મળ્યો નહી, ને એક વખતતો રેસીડેન્ટ તરફથી પણ એવો જવાબ મળ્યો કે તમારે અરજીજ કરવી નહી, બંદોબસ્ત કરવાનું કામ સરકારનુ છે તેમાં રૈયતને બોલવાની જરૂર નથી. આ જવાબથી લોકો બીચારા વધારે ગભરાયા, પણ ઇલાજ શો! થોડી વખતમાંજ વાઘેરો કાઠીયાવાડમાં આવ્યા સાંભળ્યા કે ફરીને ખાટસવાદુ લોકો તેઓને મળવા માંડયાં. તેથી તેઓ જુદા જુદા ટોળા કરી બારવટીયાની માફક ગીર, બરડો, ઓખો, અને બારાડીમાં રખડી સન ૧૮૬૮ માં તેઓનો મુખી મુલુ પોરબંદરની ગીસ્તને હાથે મરાયો ત્યાં સુધી તેઓ મારપીટ અને ખુનખરાબા કરી ચોતરફ ત્રાસ બોલાવતા હતા, તેઓની પાછલ તાલુકદારોની અને સરકારી ગીસ્ત લાગુજ રહેતી હતી પણ તેઓને તે વખત ચોતરફથી ખાટસવાદુ લોકો સીધી અને તાલુકદારની નોકરીના મકરાણીઓ તથા બીજા ગોરાશીયાઓ તરફથી આશ્રય મલતો હતો ને વખતે તો કેટલાક તાલુકદારો પણ ચસ્મપોશી કરી જતા હતા તેથી તેઓના જોરમાં કાંઇ પણ ઘટાડો થયો નહી.

ઇ૦ સ૦ ૧૮૬૫ ના મે માસમાં ફરીને વડોદરાની જેલમાંથી ખેતા છબાણી વીગરે ૨૯ જણ ભાગા તેમાંથી કેટલાક મરાતાં બાકીના ૧૧ જણ પાછા ઓખામાં આવી પોહોતા. એક બે વાર તો વાઘેર કેદીઓ કાલેપાણીથી પણ ભાગી નીસરેલા હતા પણ તેઓ પાછા ક્યાં ગયા તે જણાયું નહી. પણ ઉપર લખેલા વડોદરાના કેદીઓના આવવાથી ફરીને વાઘેરોની સંખ્યામાં કાંઇ વધારો થયો. ને તેઓનુ જોર કમ થવાને બદલે ઉલટુ વધવા માંડયું.

એ પાંચ છ વર્ષના બારવટામાં તેઓએ જે જે ધીગાણાં, લડાઇ, કજીયા, ખુન ખરાબા અને લુટફાટ કરી તેને લગતો દરેક દીવસનો સવીસ્તર હેવાલ આપવો એ આ ન્હાના પુસ્તક માટે ઉપયોગનું નથી, ઘણા એક સરખા દાખલાના સંગ્રહથી વાંચનારાઓને ઉલટો કંટાળો ઉપજે. રા. સા. ભગવાનલાલભાઇ લખે છે કે "તે ધાસ્તીથી એ સર્વે એક તરફ મુકી કેટલાક અગત્યનાં ધીગાણાંને લગતુ તથા એવુંજ બીજુ વૃત્તાંત જે મારી મુસાફરીમાં ગીસ્તના લોકો, વાઘેર અને બીજા પકડાયેલા તથા શરણે આવેલા લોકો સાથે વાત ચીત કર્યાથી મળ્યું છે તેટલુંજ માત્ર આ જગે દાખલ કરૂં છું, લખાણનો આધાર ફકત લોકોની જુબાની ઉપર છે, તેઓએ ખરૂં લખાવ્યું છે કે ખોટું અને ફરી પુછવા ગયે તેઓ એવીજ એક સરખી જુબાની આપશે કે નહી? એ સર્વ ઉપર મારો કાંઇ પણ વીશ્વાસ નથી માટે, એવા લખાણના ખરા ખોટા વીશેની જવાબદારી હું મારે શીર ન લેતાં સાફ કહું છું કે લોકોને જાણવા સારૂ આવું વૃત્તાંત બાહેર પાડવું ને તેમ કરતાં મારા દેશી ભાઇઓનાં ગુસ્સાનો બોજ મારે માથે ખેંચી લેવો એ મને ડાહાપણવાલું લાગતું નથી ને તેમ એમ કરવું મને પસંદ પણ નથી. આ નીચે આપેવા કેટલાક ચુંટી કાહાડેલા દાખલાઓથી વાંચનારને એટલું તો જણાશે કે વાઘેરો થોડા છતાં પણ કેવા બહાદુરીથી લડતા હતા અરે કેટલીક વખત તો તેઓએ સરકાર અને તાલુકદારની મોટી ફોજને પણ તુચ્છ ગણી હાંકી કહાડી હતી, ને મરણની તો તેઓને ક્યારે પણ ધાસ્તીજ ન હતી. વળી તેઓ કેવી હાલતમાં ને ક્યાં ક્યાં રખડતા ને બાટસવાદુ લોકોનાં ટોળાં પણ તેઓને કેવાં વખતે વખત શેજમાં આવી મળતા હતા. આ સર્વની સાથે એ પણ સમજાશે કે તેઓની સંખ્યામાં પાછળથી કેવો ઘટારો થયો ને તેઓ આખર પણ કેવી અણચીંતી રીતે અને સેજમાં આવી ગઇ અને આ તેઓનો સરદાર મુલુ, ફસાયો છતાં પણ, કેવી બહાદુરીથી એક ખરા ર



પાડ્યની માફક પોતાની કજાને આધીન થયો હતો.

## બારવટાના વખતમાં વાઘેરોએ કરેલી લુંટફાટ તથા લડાઇઓ સંબધી કેટલાક ચુંટી કાહાડેલા દાખલા.

નવું ગાંમ મારીને ઘેલનશરના ડુંગર ઉપરની પાવમાં દેવો માણેક, રણમલ કુબાણી અને રાણોજી વાઢેલ મળી સાઠ સીતેર જણ બેઠા લુટ વેહેંચતા હતા તેવામાં ગીસ્ત આવી પોતી. વાઘેરોએ તેઓને નજદીક આવવા દીધી. અને પછી તેઓમાંથી કેટલાએક જણ માલ લઇ ડુંગર ઉપર ચડવા માંડયા ને ફકત સાત જણ પછવાડે બેઠા રહ્યા. ગીસ્તે વાઘેરોને ઉપર ચડતા જોઇ બંદુકોના ધા કરવા માંડયા તેવામાં પેલા સાત જણ ઉઠી તેઓની સામે થયા, કે ગીસ્ત ત્યાંથી પાછી નાઠી. વાઘેરો તેઓને અર્ધ ગાઉ સુધી તગડતાં જ્યારે તેઓ જલગડી પાસ પોહોચ્યા ત્યારે સામાસામી તરવારો નીકળી. ગીસ્તમાં પોરબંદરનો જમાદાર મુબારક હતો તે કહેતો હતો કે અમે તમારી ખાતર રાખતા આવ્યા છીએ, ને તમને ખાતર આવતી નથી. સાબાશ છે? તે સાંભળી વાઘેર હથીઆર લઇ ચાલતા થયા.

---

ધ્રુઆડાથી આથમણો ધારડીના પડખામાં થઇ રસલ શાહેબ ત્રણ સવારથી ચાલ્યા જતા હતા તેને વાઘેર લોકો કે જે તે વખત નાગવદાર મારીને આવ્યા હતા તે સામા મળ્યા. વાઘેરો કુલ સાઠ જણ હતા તેઓને ગીસ્તના માણસ સમજી રસલ પાસ ગયા, તેવામાં એક વાઘેરે આવી તેના ઘોડાની વાઘ પકડી, આ વખત રસલ પાસે એક સ્વાર હતો ને બે સ્વાર પાછલ ચાલ્યા આવતા હતા. લગામ પકડનારને રસલે પુછ્યું તમે કોણ છો? ત્યારે એતે છબાણીએ જવાબ દીધો કે મુલુ માણેકનાં માણસ. રસલે તે વખત પીસ્તોલ કાહાડી પણ તે હમીર કુરાણીએ ઝોટી લીધી. તે વખત રસલે ઘોડાને એમલેટ મારી કે ઘોડો તુરત બે પગે ઉભો થયો, તેવામાં વાઘેરોના હાથમાંથી વાઘ છુટી ગઇ અને રસલ ઘોડો દોડાવી ભાગી નીસર્યા. આ

વખત વાઘેરોએ પાછલથી બંદુકોના બાર કર્યા તેમાંથી બે ગોળી રસલની ટોપીને છરકી ચાલી ગઈ તોપણ રસલ સલામતીથી ભાગી છુટો. તેની સાથે જે સ્વાર તેને વાઘેરોએ મારી નાંખ્યો ને પાછલના સ્વારોએ તો અગાઉથીજ પોબાર ગણ્યા હતા.

માહે આગસ્ટ સને ૧૮૬૫

---

ઓખાના આસીસ્ટન્ટ રેશીડેંટ રાઈ સાહેબ બશે બલોચના લસ્કરથી ભાણવડ હતા. તેવામાં હેબર્ટ સાહેબ તેને નગરની ગીસ્ત લઇ નગરથી આવી મળ્યા. નગરની ગીસ્તમાં જયશંકર બક્ષીને ઝીણો હવાલદાર મુખી હતા. તે સર્વ બરડાના ડુંગરમાં વાઘેરોની આઠ દીવસ સુધી શોધ કરી સતાપોર તરફ આવ્યા. ત્યાંથી પાટણવાવ ઉપર થઇ ઢાંક આવ્યા. ત્યારે અર્ધ ઘડી દીવસ હતો, તેવામાં સાલે હીંદી અને મંગલજી બુચને ખબર મળ્યા કે વાઘેર પાટણવાવના ડુંગરામાં છે ને જુનાગડ ગોંડળની ગીસ્ત તેઓની પાછલ જઇ પોહોચી છે. આ ખબર સાહેબને પોહોચાડવા ગયા ત્યારે સાહેબે તેઓને ઠપકો દીધો કે તમે મોડા ખબર કેમ લાવ્યા ! પછી બધા મળી વાઘેરો તરફ ચાલ્યા. સવારો, ગારદી લોકો અને બલોચની ફોજથી સાહેબ લોકો તે રાત્રીએ તો ગણોદની નદીમાંજ સુતા અને પાછલી રાત્રે ખબર આવ્યા કે વાઘેરો ડુંગરામાંથી બહાર નીકળી ગયા છે, ગીસ્તવાળા તેઓની પાછળ પગેરૂ ચલાવતાં બીવડીના પાદરમાં વોકલા ઉપર વાઘેરોએ ખાધું હતું તેના સગડ ઉપર આવી પોતા, ત્યાંથી પગ લેતાં લેતાં દીવસ ઉગ્યો ત્યારે રોઘડાના તૈયબ ગામેતીએ ખબર કહ્યા કે વાઘેરો મારા ગામમાં ભરાઇ બેઠા છે. આ વખત વાઘેરોએ ગાંમના દરવાજા આડાં ગાડાં મુકી બંધ કર્યા ફોજે જઈ ગાંમને ઘેરો ઘાલ્યો. ચાર ઘડી દીવશ ચડે લડાઇ ચાલી તે વખત વાઘેરો ગાંમમાંથી પડકારા કરતા હતા. રાઇસ તથા હેબર્ટ સાહેબ પછી ઘાશનો પુલો લઇ ગાંમ સળગાવવા ચાલ્યા. ગાંમ શલગાવ્યા બાદ કુતીઆણેથી જગજીવન મેહેતો અને ઉદેશંકર ખોરાક લઇ આવી પોત્યા. ફોજે ગાંમ શળગાવી પેલી હલાં કરી તેમાં ત્રણ બલોચ મુઆ તેથી ફોજને પાછું હટવું પડયું. ચાર વાગતે તોપ આવી તેણે એક બે બહાર કર્યા પણ કાંઇ વળ્યું નહી ને ઉલટી તે બગડી ગઇ, સાંજ પડી ત્યારે વાઘેરો ભાગી ન જાય તેવો ઘેરાવાલાઓએ બંદોબસ્ત કર્યો. પછી રાત્રીએ સાહેબ લોકો



તંબુમાં આવી બેઠા. આ વખત ચણાના પાકની મોશમ હતી, ચાંદની ખીલી રહી હતી ને સર્વ નીરાંત કરી રહ્યા હતા તેવામાં ચંદ્ર આથમતી વખતે કુતરાં ભસવા મંડયાં, તેથી સુચના થઇ જે વાઘેરો ગામમાંથી નીકળ્યા તોપણ ફોજમાંથી કોઈ ઉઠયું નહી ને વાઘેરો સાહેબના તંબુને બલોચની ચોકી વચ્ચેથી નીસરી અમરાપર, ખાગસરી અને શલતાંન ઉપર થઇ બરડામા ગયા. આ વાત બલોચ લોકોના જાણ્યા બહાર નહી હોય તોપણ સવાર થયું કે તેઓએ બ્યુગલ કરી ગાંમ ઉપર હલ્લો કરવાની ધામધુમ કરવા માંડી. ગામમાં જઇ ગામ લુંટી લોકો પર અત્યંત જુલમ કર્યો. અને આ વખતે બલોચ લોકોએ કેટલાંએક બૈરાંઓની લાજ લીધી. એ રીતે પોહોર દીવસ સુધી જુલમ ચાલ્યો તેમાં એક સીંધી મરણ ગયો. પછી સાહેબ લોકો તંબુમાં આવી રીપોર્ટ કરવા બેઠા. તા. ૨૭ મી ડીસેંબર સને ૧૮૬૫

——:o:——

## મુકાંમ ઘેલણસરનો ડુંગર.

આ જગાએ ધીંગાણું થયું તેમાં વાઘેર પચાસ જણ હતા અને નગર જુનાગડ અને પોરબંદરની ગીસ્તનાં બધાં મળી ત્રણસેં માણસો હતા. તેઓ વચ્ચે બપોર સુધી લડાઇ ચાલી તેમાં બંન્ને બાજુઓને નુકશાન થયું પછી બે વાઘેર ઘેલણસર ઉપર ચહડી પડકારા કરવા લાગ્યા કે અલ્યા અચો ! હલ્યા અચો ! અને તેવામાં વાઘેરો નીચે હતા તે ચરમાના ડુંગરમાં જુનાગડની ભતવાડીઆ ડુંગરમાં રાણાની અને ઘેલનસર પાસે નગરની ગીસ્ત હતી તે વચ્ચે થઈ અવાજ કરતા ચાલ્યા ગયા. પછી તેઓએ ઉત્રાડે માથે ઉતરી જઇ અંધારી ઝરમાંથી નીસરી જામની ગીસ્તનું નાકું બાંધ્યું ને પડકારા કરવા માંડયા. તેઓને ગીસ્તનાં માણસોએ પોતાની મદતનાં માણસો જાણી કપડી કરી બોલાવ્યા એટલે વાઘેરો સામા ગયા. નજદીક જઈ મોરચા બાંધવા માંડયા ત્યારે ગીસ્તે જાણ્યું કે એતો હરામખોર લોકો છે. પછી તાશીરો થયો તેમાં નગરનાં ૯ જણ પડયા ને બાકીના ભાગી ઝરમાં પેઠા. તેઓને વાઘેર સમજી બીજાં ગીસ્તવાલા લોકો તેઓ ઉપર આવી પડયા. તેવામાં એ લોકોએ નીશાન કહાડી ઉંચું કર્યું એટલે તેને ગીસ્તના માણસ જાણી સર્વ ભેળા થયા. ડુંગર ઉપર ચડતાં ગીસ્તમાંથી

દસ માણસની એક ટુંકડી જુદી પડી. તેઓએ વાઘેરોને દીઠા એટલે તેઓ તે તરફ ચાલ્યા. તેથી વાઘેરો ભાગી તોરનીચે ગયા અને ત્યાં થોડો વખત ધીંગાણુ કરી ત્યાંથી ગીરમાં ગયા.

ધીંગાણામાં વાઘેરાના ૭ ફોતીને બે જખમી થયા. ગીસ્તમાં રાણાના બે ને જામના ત્રણ ફોતી થયા.

---

કાઠીયાવાડના પ્રગણામાં ઇણાજીયાને ટીંએ રાવલ નજદીક મુલુ વીગેરે ૩૦ થી ૩૫ જણ હતા તેવામાં નગર પોરબંદરની ગીસ્ત જઇ પોતી. તહીં આખો દીવસ ધીંગાણું ચાલ્યા બાદ એક મેર ફોતી થયો. ધીંગાણુ સાંઝ સુધી જામ્યું. તોપના બારથી કોઠો પડયો એટલે વાઘેર નીચે ઉતર્યા ને ભાગતાં ભાગતાં ધીંગાણું કરતા ગયા. પછી રાવલ તાબાની સણોસરાની ધાર ઉપર રહી તેઓએ કાંઇ વખત ધીંગાણુ કર્યું. તેમાં ગીસ્તનાં પાંચસાત માણુસ જખમી કરી, ગીસ્તનાં માણુસ ઘણાં હતાં. તોપણુ વાઘેર ચાલ્યા ગયા.

બરડામાં બગવદર પાસ સતીનુ દેરૂં છે ત્યાં વાઘેર જણુ ૨૦-૨૫ આસરે હતા. ગીસ્ત સીધે રસ્તે ચાલી જતી હતી તેમાંથી એકજણુ દેરૂં જોવા જતાં વાઘેરાએ એકદમ તાશીરો કરી એલી એલી એમ પોકાર કર્યો. આ વખત એક જણે કંટાળા આડા ઉભી સામાના એક જણને પાડયાને થોડીવાર પછી બીજાને તેવામાં ગીસ્તનાં માણુસો આવી પહોંચ્યો. પાછલથી પોરબંદરની ગીસ્તનાં પણુ આશરે ૨૦૦ માણુસ આવી મળ્યાં. તેથી કુલ ૨૫૦ માણુસ થયા. વાઘેર સાથે ધીંગાણુ થતાં વાઘેર કહેતા હતા કે અમે મરવાના નથી. ત્રણે રાજાઓની ફોજ ભેળી થાય તોપણુ તેઓથી શું થવાનું છે ? અમને રણછોડજી સાહાય છે, નાહક શું કરવા દારૂ ગોળી ઉડાડો છો. એ ગીસ્તના માણુસને તેઓએ કહ્યું તું હથીયાર મુક તો કહે કે મુકુ નહિ. પછી એ જણે તેને જખમી કર્યો તેથી તે એક જણને ઘાયલ કરી બંદુક મુકી ભાગી આવ્યો અને વાઘેર દેરામાં ભુલવણી હતી તેમાં છુપી ગયા ગીસ્ત અંદર ફરી આવી પણુ કોઇ દેખાયો નહી અને સર્વેએ જૂઠી વાત માની ત્યારે એક રજપુત ગીસ્તનાં માણુસોને ખાતરી કરવા અંદર તેડી ગયો. તેઓને વાઘેરાએ ધા કરી તળે રાખ્યા. પછી ગીસ્તે દેરૂં ઘેર્યું તેથી વાઘેર તે વખત સપડાઇ ગયા. તોપણુ તેઓ હિંમતથી પડકારા કરતા હતા. તેઓમાંથી ત્રણુ



જણે ઉતરી રફલના ધા કર્યા પણુ ખાલી ગયા પછી દેરામાંથી એક બંદુક કહાડીને બાહાર કરી ગીસ્તનાં ૫-૬ જણુને માર્યા, તેથી ગીસ્ત બાહેર નીસરી. ગીસ્તમાંથી અવાજ થયો તેણે કરી એક વાઘેર ઉતરતો હતો તે જખમી થયો ને વાઘેર સર્વ નીચે ઉતર્યા ને ધીંગાણું શરૂ થયું. આ વખતમાં પોરની ગીસ્તે તોપ લાવી દેરૂં પાડયું તેથી વાઘેર ભેટ ભેટાં થઇ ગયા. લડાઇમાં ૧૦-૧૨ વાઘેર અને ફોજના ૬ જણુ જખમી થયા કે પછી વાઘેર નાશી ગયા નાસતી વખત દેરા પાસે વોકળામાં રાણાની ગીસ્ત હતી તેણે વાઘેરો ઉપર તાશીરો કર્યો. તેથી વાઘેરોએ ઉભા રહી ગીસ્તના ત્રણને પાડયા ને પછી દેરાને ફરી એક માણુસની લોથ લઈ તેઓ બાજરામાં જતા રહ્યા.

---

( સને ૧૮૬૪ જાનેવારી )

## મુ૦ મોંગડા નજદીક

વાઘેર જણુ બસેં ત્રણસેં બેઠા હતા. તેવામાં પરધાન ઠક્કર, મોક જમાદાર અને ભીમો કીંકર વીગેરે ૫૦૦ માણુસની ગીસ્ત આવી પહોંચી. ગીસ્તે વાઘેરનું પાણી ભરનાર ભીસ્તીને પકડવા માંડયો પણ છેવટ કાલાવાલા કર્યા તેથી તેને છોડી દીધો. ભીસ્તીએ વાઘેરોને ખબર કર્યાથી તેઓ તૈયાર થયા. કેટલાક ડુંગરપર ચઢી ગયા ને દસ પંદર જણુ ત્યાંજ બેઠા રહ્યા. રાણાજી તેમાં હતા તેને મુલુએ કહ્યું ચાલો, તો કહેજે અમેતો આવતા નથી, તમારે ઝાઝા દીવસ જીવવું હશે. પછી રાણોજી, વાઘો સુમેણીયો તથા કેટલાક બીજા માણુસ તેઓને આવી મળ્યાથી વીસ જણા ગીસ્ત સાથ ભટેમભેટ થયા. આ વખત પરધાનને છાંણા ને પથરાથી મારી હાંકી કાડી વાઘેરોએ જાણી જોઇને જીવતો મુકયો. આ વખતથી વાઘેરો અને ગીસ્ત એક બીજાની પડોશમાં કેટલાક દીવસ એક સલાહથી રહ્યા જણાય છે.

આ વખતમાં કહે છે કે ૫૦-૬૦ જણુ પલટણનાં હતાં તેમાંથી ૯ જણની બંદુકો વાઘેરોએ ઝોંટી લીધી હતી પણુ પાછળથી એકજણુ આવી મુલુને પગે પડયો તેથી મુલુએ દયા લાવી તેઓને પાછી આપી આ વખત પછી વાઘેરો ઓખામાંથી વહાણુમાં બેશી નાઘેરમાં ગોળની સરા કરવા તે કીનારે ઉતર્યા.

ડી વહીવટદાર ઉપર મુક્યો હતો. વાઘેરો બરડામાં પેઠા પછી કાઠીયાવાડ ફીલ્ડ ફોર્શનાં મુખી એ. એચ ઓનર હતા તેણે તથા કાઠીયાવાડના પોલીટીકલ એજંટ આલેકઝાંડર ફારબસે રેશીડેન્ટને લખ્યું હતું કે વાઘેરોને કાંઇ રહેમ ભરેલા ટર્મ આપવા જોઇએ, પણ એ વીચાર રેશીડેન્ટે તે વખત પસંદ કર્યો જણાતો નથી. બેશક આ વખત રેશીડન્ટ અને તેઓના મત મળ્યા હતે તો આ બંડ લવા થકી પછવાડેથી જેટલું નુકશાન અને ખરાબી થઇ તેટલી થાત નહિ. સાંભળ્યા પ્રમાણે ખરૂ હોય તો એમ પણ કહેવાય છે કે એ રેશીડેન્ટ પાછળથી વીલાયત જતી વખતે પોતે કરેલી ચુક બરાબર સમજ્યા હતા, ને તે ઉપરથીજ કંઇ બંદોબસ્ત કરવા કાઠીયાવાડમાં આવેલા પણ એ વખત તેને અતી થોડી ફુરસત હોવાથી અને બળવાના રૂપમાં તે વખત કંઇ ઓર તરેહના ફેરફાર થવાથી કંઇ બની શક્યું નહિ હતું. તા. ૧૫મી ડીસંબરે વાઘેર લોકો બરડામાંથી ભાગ્યા તેજ દીવસે આ બળવા સંબંધી તમામ પોલીટીકલ અખત્યાર ફારબસ સાહેબને અને લશ્કરી અખત્યાર સ્ટાલને સોંપવામાં આવ્યો હતો. અને તા૦ ૨૧ મી ડીસેંબરે બારટન ઉપર હુકમ આવ્યો કે તમારે પોલીટીકલ એજંટના હુકમ પ્રમાણે વર્તવું. આ વખતથી વાઘેરો ચોતરફ પ્રગણામાં બારવટીયાઓની માફક લુંટફાટ અને માર પછાડ કરવા લાગા. પેલી તરફ ઓખામાં તા૦ ૧ લી જાનેવારી સને ૮૬૦ને રોજથી બારટન સાહેબે કોર્ટ, જેલ, ટ્રેઝરી, આદી કારખાનાં સ્થાપી એ પ્રાંતની વ્યવસ્થા કરી. અને તા૦ ૬ જાનેવારીને રોજ ઓખા પોલીટીકલ એજંટની સત્તા નીચે નાખવાના ઠરાવની વીરૂદ્ધ રેસીડેન્ટે લખાણ કર્યાથી એ વાત મુલતવી રહી, ને એવું ઠર્યું કે ઓખામાં રેશીડેન્ટનાં આસીસ્ટન્ટ તરીકે એક અધીકારી નીમવો અને એ અધીકારીએ પોતાનાં કામકાજમાં પોલીટીકલ એજંટની સલાહ લેવી.

વાઘેરો જેમ ઓખામાંથી ભાગ્યા હતા તેમ અહીંથી પણ તેઓ ભાગી નીસર્યા તોપણ તેઓમાંથી ઘણાખરાએ લાચાર થઈ શરણે આવવા માંડયું હતું તા. ૨૮મી ડીસેંબર સુધીમાં ઘણા માણસ તાબે થયા. એજ દીવસે એકદમ સાતસે માણસેં ઓનર સાહેબ પાસે આવી હથીયાર મુકયાં ઘણુખરા બાકીના પણ તા૦ ૨૯મી સુધીમાં આવી ચુકયાં હતાં, ફક્ત જોધા માણેક અને તેનાં ખાસ માણસોની ટોળી તાબે થઇ નહોતી. ...રી પા૨૯મી માન્વારે ૧૮૬૦ને રોજે અંતે જોધો માણેક પણ બારટનની ચોકીમાં આવી ના...



થયો, પણ તેનું દીલ કાયમ ન રહ્યાથી મુલુ અને ભાવડાના વાઘેરોની સલાહથી ભાગી ગયો તે ફરીથી આવ્યોજ નહિ. કાંઇ મુદત પછી જુનાગઢના બારવટીયા જેસલા મઇયાને મળી, માંગરોળમાં તેનો ભાઇ ગીગલો મઇયો મરાયો હતો તે બાબતનું વેર લેવા માંગરોલ ઉપર ચાલ્યા. પણ રસ્તે અપશુકન થવાથી તેઓને પાછા ફરવું પડયું, અને તા૦ ૭મી અકટોબરને રોજ ગાયકવાડ તાબાના માહાલણી મૂખ્ય જગો કોડીનાર તાબે કરી અછી તરેહથી લુટયું. કહે છે કે કોડીનારના અધીકારીઓને પોલીટીકલ એજંટ તથા અમરેલી તરફથી સુચના થઇ હતી તોપણ તેઓ બંદોબસ્ત કરી શકયા નહિ અને વાઘેરોએ એકદમ ગામમાં પેશીને મેહેતાઓને કેદ કરી વેપારીયોના નીરાંતે બેશીને દંડ ચુકાવ્યા. અહીયાં બે રોજ રહી ત્રીજે દહાડે તેઓ ગીરના ડુંગરમાં ગયા અને ત્યાં જઇ લુંટની વેહેચણ કરવા માંડી ચોથો હીસો મોટાઇનો જોધા તથા જેસાને કાડીઆપી બાકીની લુંટ એકસોબે માણસમાં સરખે હીસે વહેંચાઇ. એ લુંટ વીશે પાછળથી એવુ માલમ પડયું કે દરેક સીપાઇને ભાગે આસરે ત્રણસેં ત્રણસેં કોરી આવી હતી. આ ડુંગરાઓમાં થોડા દીવસ રહ્યા બાદ જોધા માણકને તાવ આવ્યાથી તે મરણ પામ્યો અને હરીયા નદીને કાંઠે વાઘેરો તેને દેહન દઇ ચાલી નીકળ્યો. આ વખત બરડાના ડુંગરમાં ધ્રાંસણવેલવાળા રામાભાઈ મરણ પામ્યા અને મુલવાસરના મેપાજસાણીને ગોળી વાગી. આસોમાણેક મરણ પામ્યો અને બાપુ માણેક અને મકનપરનો હમુ કુભાંણી તાબે થયા. આ વખતે જગનનાથનો ભાઇ જે જમાલ તે પણ નગરવાળાની ગીસ્તના હાથમાં પકડાયો હતો. હવે બાકીમાં એક ફકત મુળુ રહ્યો હતો તેને દ્વારકાંથી આઠ માઇલ દુર એક વાવ ઉપર દુદા નામનો રબારી બારટન સાહેબ પાસે તેડી આવ્યો. થોડીવાર વાતચીત થઇ અને હથીઆર મુકી બારટનને પગે પડયો; ત્યારે બારટને કહ્યું કે તું મારી સાથે ચાલ. ત્યારે તેનાં માણસોએ કહ્યું કે ખાવાનું થાય છે તે સબુર કરો. એક કલાક પછી તેઓના વીચાર ફરી ગયા ને બહાનાં કાઢવા માંડયા, તોપણ તે આવી અમરેલીમાં કાર્ટ થઇ તે વખત હાજર થયો હતો.

આ રીતે જુદે જુદે ઠેકાણેથી જુદા જુદા જણ તાબે થયા તેમ દશ જુનાધડના દીવાન અનંતજી અને માધવજી લીલાધર મારફત તાબે થયાં આ રીતે સર્વ જણ શરણ થયા પછી તેઓની કોર્ટ કરી ઇનસાફ ઠરાવ થયો. ઇ૦ સ૦ ૧૮૫૧ ના આકટ અગીયારમા તથા સોલમા પ્ર-

માણે તા૦ ૧૨ મી જુન સને ૧૮૬૦ ના હુકમથી વાલેશ સાહેબ, કરનલ એંડરશન, કપતાન હીહ અને વાર્ડનને કોર્ટના મેમ્બર ઠરાવ્યા, તેમાં એંડરશન પ્રેસીડેન્ટ મુકરર થયા. અમરેલી મુકામે કોર્ટ બેશી સુડતાલીશ કેદીનો તપાસ કરી નીચે પ્રમાણે સજા કરી.

| | |
|---|---|
| મુલુને ૧૪ વરસ કેદ. | બાપુને ૭ વરસ કેદ |
| શાંગાને ૫ " " | ધાંધો ૫ " " |

અને બાકીનાઓને બેથી તે પાંચ વરસ સુધીની અંદર સજા કરી. આ કેદીઓમાંથી સતરજણ ઉપર કોર્ટે દયા કરી ઓખામાં મોકલવા રીપોર્ટ કર્યો, અને બાકીનાઓને વડોદરે મોકલ્યા. આ તપાસ વખત ભાંકનાં ઠાકોર ભગવાનજી અને જુનાધડના વહીવટદાર ડોસો પારેખ કોડીનારની લુટમાં સામેલ હતા એમ જણાયું, તેમાં ડોસો પારેખ તો ઇનસાફ થતા પહેલાંજ ઝેર ખાઇ મરણ પામ્યો હતો. આ વખતના કેદીઓની જુબાનીઓ ઉપરથી સાફ માલમ પડયું કે ગાયકવાડી અધીકારીઓએ તેઓનાં રોજ બંધ કર્યાં અને વારે વારે તેઓ ઉપર ચઢાઇ કરવાના તથા કેદ કરવાના ડારા દીધા, તેથી તેઓને આ તોફાન કરવા જરૂર પડી. પોલીટીકલ ખાતામાં જોધો એકવાર ફરીયાદ ગયેલો ને ત્યાંથી કંઇ દીલાસો પણ મળેલો, પણ પાછલથી કાંઇ થયુ નહી. પોતાનાં રોજ પેટે લગ્ન ખરચ સારૂ બે હજાર કોરી મુલુ લેવા ગયો હતો પણ તેને ઉપર મુજબ મળી નહી હતી. જેમ અમરેલીની કોરટે સુડતાલીસ જણનો ઉપર મુજબ તપાસ કર્યો તેમ સને ૧૮૬૧ માં ઓખામાં બારટન સાહેબે પણ તપાસ કરી બાસેઠ જણને ટીપ આવી હતી. આ રીતે એકવાર વ્યવસ્થા થયા પછી ઇ૦ સ૦ ૧૮૬૧ ના માર્ચ માસમાં બારટનની જગાએ જોનસ્ટન સાહેબની નીમણુક થઇ, તેણે વાઘેરોને જમીનો કાઢી આપી સાંતી દીઠ એક રૂપીયો કર ઠરાવીને અને નવાણો સુધરાવી તેઓને ધંધે લગાડવાની તદબીર કરી. તેણે કેટલાએક માણસોની એક લશ્કરી ટુકડી પણ બનાવી હતી. એ અધીકારી હમેશાં વાઘેરોને હુલાવી ફુલાવી માન આપીને તે વખતે સજા કરીને સમાધાન રાખતા હતા. અને તે કારણથી તે ઓખામાંથી ગયા ત્યારે તેને અને વાઘેરોને એક બીજાના વીયોગથી અતીજ અફસોસ થયો હતો. ઓખામાં વહીવટદારની જગો ઉપર એ વખતમાં નારણરાવ [illegible] અધીકારી હતા. જોનસ્ટનના ગયા પછી સને ૧૮૬૨ ના જાનેવારી માસ[illegible] તેની જગો ઉપર રાઇસ સાહેબ મુકરર થયા, તેણે પોતાનો બધો વીશ્વાસ [illegible]



લોચ પલટણ અને તેના સુબેદા ઉપર મુકયાથી જાનસ્ટને કરેલી તદબીર સર્વ ધુળ મળી ને ઓખાની રઇયતે અત્યંત દુઃખ ભોગવવા માંડયું. બલોચ લોકો ઝાહેર રસ્તે લોકોની વહુ દીકરીઓ ને પકડી લાજ લેતા હતા તોપણ તેઓની ફરીયાદ કોઇ સાંભળતું નહતું. એ અધીકારી સને ૧૮૬૫ ના જુનની તા. ૧૭ મીયે ઓખામાંથી ગયા ત્યાં સુધી ઓખાની રૈયત ઘડી પણ નીચો શ્વાસ મુકી બેઠી નહતી અને બલોચ લોકોની ફરીયાદ જતા ત્યારે બલોચના મુખી હાથીખાન ઉપર તેનો એટલો બધો ભરોંસો હતો કે ઉલટા રઇઅત લોકોને ધમકાવી હાંકી કહાડતા હતા. આ જુલમ બાબત ગાયકવાડ સરકાર અને રેસીડેન્ટને ત્યાં રૈયત લોકો ઘણી અરજીઓ નાખી પોકાર કર્યા, પણ તે વાત ઉપર ઘણી વખત કોઇએ ધ્યાન આપ્યુ નહી.

આ રીતે બલોચના જુલમથી રૈયત દુઃખી થતી હતી તેવામાં વળી ખબર આવ્યા કે તા૦ ૨૬ સપટેમ્બર સને ૧૮૬૨ ને રોજે મુલુ વીગરે (૨૨) વાઘેર એક સીપાઇને બેનટથી મારી રેવાકાંઠાની જેલમાંથી પાવા તરફ ભાગા. તે સાંભલી લોકોનાં મન ઘણાંજ ગભરાયાં ને ધાસ્તી લાગી કે ફરી તેઓ ઓખામાં આવી તોફાન મચાવી આપણી ખરાબી કરશે. આ વખત અગાઉથી બંદોબસ્ત કરવા માહાજને ગાયકવાડ સરકારમાં અને રેસીડેન્ટની કોર્ટમાં ઘણા કાગળ લખ્યા. પણ અફસોસ છે કે તેઓને કાંઇ દીલાસો પણ મળ્યો નહી, ને એક વખતતો રેસીડેન્ટ તરફથી પણ એવો જવાબ મળ્યો કે તમારે અરજીજ કરવી નહી, બંદોબસ્ત કરવાનું કામ સરકારનુ છે તેમાં રૈયતને બોલવાની જરૂર નથી. આ જવાબથી લોકો બીચારા વધારે ગભરાયા, પણ ઇલાજ શો! થોડી વખતમાંજ વાઘેરો કાઠીયાવાડમાં આવ્યા સાંભળ્યા કે ફરીને ખાટસવાદુ લોકો તેઓને મળવા માંડયાં. તેથી તેઓ જુદા જુદા ટોળા કરી બારવટીયાની માફક ગીર, બરડો, ઓખો, અને બારાડીમાં રખડી સન ૧૮૬૮ માં તેઓનો મુખી મુલુ પોરબંદરની ગીસ્તને હાથે મરાયો ત્યાં સુધી તેઓ મારપીટ અને ખુનખરાબા કરી ચોતરફ ત્રાસ બોલાવતા હતા, તેઓની પાછલ તાલુકદારોની અને સરકારી ગીસ્ત લાગુજ રહેતી હતી પણ તેઓને તે વખત ચોતરફથી ખાટસવાદુ લોકો સીધી અને તાલુકદારની [illegible]કરીના મકરાણીઓ તથા બીજા ગોરાશીયાઓ તરફથી આશ્રય મલતો [illegible] ને વખતે તો કેટલાક તાલુકદારો પણ ચશ્મપોશી કરી જતા હતા તેથી [illegible]ના જોરમાં કાંઇ પણ ઘટાડો થયો નહી.

ઇ૦ સ૦ ૧૮૬૫ ના મે માસમાં ફરીને વડોદરાની જેલમાંથી ખેતા છબાણી વીગરે ૨૯ જણ ભાગા તેમાંથી કેટલાક મરાતાં બાકીના ૧૧ જણ પાછા ઓખામાં આવી પોહોતા. એક બે વાર તો વાઘેર કેદીઓ કાલેપાણીથી પણ ભાગી નીસરેલા હતા પણ તેઓ પાછા ક્યાં ગયા તે જણાયું નહી. પણ ઉપર લખેલા વડોદરાના કેદીઓના આવવાથી ફરીને વાઘેરોની સંખ્યામાં કાંઇ વધારો થયો. ને તેઓનુ જોર કમ થવાને બદલે ઉલટુ વધવા માંડયું.

એ પાંચ છ વર્ષના બારવટામાં તેઓએ જે જે ધીગાણાં, લડાઇ, કજીયા, ખુન ખરાબા અને લુટફાટ કરી તેને લગતો દરેક દીવસનો સવીસ્તર હેવાલ આપવો એ આ ન્હાના પુસ્તક માટે ઉપયોગનું નથી, ઘણા એક સરખા દાખલાના સંગ્રહથી વાંચનારાઓને ઉલટો કંટાળો ઉપજે. રા. સા. ભગવાનલાલભાઇ લખે છે કે "તે ધાસ્તીથી એ સર્વે એક તરફ મુકી કેટલાક અગત્યનાં ધીગાણાંને લગતુ તથા એવુંજ બીજુ વૃત્તાંત જે મારી મુસાફરીમાં ગીસ્તના લોકો, વાઘેર અને બીજા પકડાયેલા તથા શરણે આવેલા લોકો સાથે વાત ચીત કર્યાથી મળ્યું છે તેટલુંજ માત્ર આ જગે દાખલ કરૂં છું, લખાણનો આધાર ફકત લોકોની જુબાની ઉપર છે, તેઓએ ખરૂં લખાવ્યું છે કે ખોટું અને ફરી પુછવા ગયે તેઓ એવીજ એક સરખી જુબાની આપશે કે નહી ? એ સર્વ ઉપર મારો કાંઇ પણ વીશ્વાસ નથી માટે, એવા લખાણના ખરા ખોટા વીશેની જવાબદારી હું મારે શીર ન લેતાં સાફ કહું છું કે લોકોને જાણવા સારૂ આવું વૃત્તાંત બાહેર પાડવું ને તેમ કરતાં મારા દેશી ભાઇઓનાં ગુસ્સાનો બોજ મારે માથે ખેંચી લેવો એ મને ડાહાપણવાલું લાગતું નથી ને તેમ એમ કરવું મને પસંદ પણ નથી. આ નીચે આપેવા કેટલાક ચુંટી કાહાડેલા દાખલાઓથી વાંચનારને એટલું તો જણાશે કે વાઘેરો થોડા છતાં પણ કેવા બહાદુરીથી લડતા હતા અરે કેટલીક વખત તો તેઓએ સરકાર અને તાલુકદારની મોટી ફોજને પણ તુચ્છ ગણી હાંકી કહાડી હતી, ને મરણની તો તેઓને ક્યારે પણ ધાસ્તીજ ન હતી. વળી તેઓ કેવી હાલતમાં ને ક્યાં ક્યાં રખડતા ને ખાટસવાદુ લોકોનાં ટોળાં પણ તેઓને કેવાં વખતે વખત શેજમાં આવી મળતા હતા. આ સર્વની સાથે એ પણ સમજાશે કે તેઓની સંખ્યામાં પાછળથી કેવો ઘટારો થયો ને તેઓ[illegible] આખર પણ કેવી અણચીંતી રીતે અને સેજમાં આવી ગઇ અને આ[illegible] તેઓનો સરદાર મુલુ, ફસાયો છતાં પણ, કેવી બહાદુરીથી એક ખરા [illegible]



પાઇની માફક પોતાની કજાને આધીન થયો હતો.

## બારવટાના વખતમાં વાઘેરોએ કરેલી લુંટફાટ તથા લડાઇઓ સંબધી કેટલાક ચુંટી કાહાડેલા દાખલા.

નવું ગાંમ મારીને ઘેલનશરના ડુંગર ઉપરની પાવમાં દેવો માણેક, રણમલ કુભાણી અને રાણોજી વાઢેલ મળી સાઠ સીતેર જણ બેઠા લુટ વેહેંચતા હતા તેવામાં ગીસ્ત આવી પોતી. વાઘેરોએ તેઓને નજદીક આવવા દીધી. અને પછી તેઓમાંથી કેટલાએક જણ માલ લઇ ડુંગર ઉપર ચડવા માંડયા ને ફકત સાત જણ પછવાડે બેઠા રહ્યા. ગીસ્તે વાઘેરોને ઉપર ચડતા જોઇ બંદુકોના ધા કરવા માંડયા તેવામાં પેલા સાત જણ ઉઠી તેઓની સામે થયા, કે ગીસ્ત ત્યાંથી પાછી નાઠી. વાઘેરો તેઓને અર્ધ ગાઉ સુધી તગડતાં જ્યારે તેઓ જલગડી પાસ પોહોચ્યા ત્યારે સામાસામી તરવારો નીકળી. ગીસ્તમાં પોરબંદરનો જમાદાર મુબારક હતો તે કહેતો હતો કે અમે તમારી ખાતર રાખતા આવ્યા છીએ, ને તમને ખાતર આવતી નથી. સાબાશ છે? તે સાંભળી વાઘેર હથીઆર લઇ ચાલતા થયા.

---

ફુઆડાથી આથમણો ધારડીના પડખામાં થઇ રસલ શાહેબ ત્રણ સવારથી ચાલ્યા જતા હતા તેને વાઘેર લોકો કે જે તે વખત નાગવદાર મારીને આવ્યા હતા તે સામા મળ્યા. વાઘેરો કુલ સાઠ જણ હતા તેઓને ગીસ્તના માણસ સમજી રસલ પાસ ગયા, તેવામાં એક વાઘેરે આવી તેના ઘોડાની વાઘ પકડી, આ વખત રસલ પાસે એક સ્વાર હતો ને બે સ્વાર પાછલ ચાલ્યા આવતા હતા. લગામ પકડનારને રસલે પુછ્યું તમે કોણ છો? ત્યારે ખેતે છબાણીએ જવાબ દીધો કે મુલુ માણેકનાં માણસ. રસલે તે વખત પીસ્તોલ કાહાડી પણ તે હમીર કુરાણીએ ઝોટી લીધી. તે વખત રસલે ઘોડાને મેમલેટ મારી કે ઘોડો તુરત બે પગે ઉભો થયો, તેવામાં વાઘેરોના હાથમાંથી વાઘ છુટી ગઇ અને રસલ ઘોડો દોડાવી ભાગી નીસર્યા. આ

વખત વાઘેરોએ પાછલથી બંદુકોના બાર કર્યા તેમાંથી એ ગોળી રસલની ટોપીને છરકી ચાલી ગઈ તોપણ રસલ સલામતીથી ભાગી છુટો. તેની સાથે જે સ્વાર તેને વાઘેરોએ મારી નાંખ્યો ને પાછલના સ્વારોએ તો આગાઉથીજ પોબાર ગણ્યા હતા.

માહે આગસ્ટ સને ૧૮૬૫

---

ઓખાના આસીસ્ટન્ટ રેશીડેંટ રાઈ સાહેબ બશે બલોચના લસ્કરથી ભાણવડ હતા. તેવામાં હેબર્ટ સાહેબ તેને નગરની ગીસ્ત લઇ નગરથી આવી મળ્યા. નગરની ગીસ્તમાં જયશંકર બક્ષીને ઝીણો હવાલદાર મુખી હતા. તે સર્વ બરડાના ડુંગરમાં વાઘેરોની આઠ દીવસ સુધી શોધ કરી સતાપોર તરફ આવ્યા. ત્યાંથી પાટણવાવ ઉપર થઇ ઢાંક આવ્યા. ત્યારે અર્ધ ઘડી દીવસ હતો, તેવામાં સાલે હીંદી અને મંગલજી બુચને ખબર મળ્યા કે વાઘેરો પાટણવાવના ડુંગરામાં છે ને જુનાગડ ગોંડળની ગીસ્ત તેઓની પાછલ જઇ પોહોચી છે. આ ખબર સાહેબને પોહોચાડવા ગયા ત્યારે સાહેબે તેઓને ઠપકો દીધો કે તમે મોડા ખબર કેમ લાવ્યા ! પછી બધા મળી વાઘેરો તરફ ચાલ્યા. સવારો, ગારદી લોકો અને બલોચની ફોજથી સાહેબ લોકો તે રાત્રીએ તો ગણોદની નદીમાંજ સુતા અને પાછલી રાત્રે ખબર આવ્યા કે વાઘેરો ડુંગરામાંથી બહાર નીકળી ગયા છે, ગીસ્તવાળા તેઓની પાછળ પગેરૂ ચલાવતાં બીવડીના પાદરમાં વોકલા ઉપર વાઘેરોએ ખાધું હતું તેના સગડ ઉપર આવી પોતા, ત્યાંથી પગ લેતાં લેતાં દીવસ ઉગ્યો ત્યારે રોધડાના તૈઇબ ગામેતીએ ખબર કહ્યા કે વાઘેરો મારા ગામમાં ભરાઇ બેઠા છે. આ વખત વાઘેરોએ ગાંમના દરવાજા આડાં ગાડાં મુકી બંધ કર્યા ફોજે જઈ ગાંમને ઘેરો ઘાલ્યો. ચાર ઘડી દીવશ ચડે લડાઇ ચાલી તે વખત વાઘેરો ગાંમમાંથી પડકારા કરતા હતા. રાઇસ તથા હેબર્ટ સાહેબ પછી ઘાશનો પુલો લઇ ગાંમ સળગાવવા ચાલ્યા. ગાંમ શલગાવ્યા બાદ કુતીઆણેથી જગજીવન મેહેતો અને ઉદેશંકર ખોરાક લઇ આવી પોત્યા. ફોજે ગાંમ શળગાવી પેલી હલાં કરી તેમાં ત્રણ બલોચ મુઆ તેથી ફોજને પાછું હઠવું પડયું. ચાર વાગતે તોપ આવી તેણે એક બે બહાર કર્યા પણ કાંઇ વળ્યું નહી ને ઉલટી તે બગડી ગઇ, સાંજ પડી ત્યારે વાઘેરો ભાગી ન જાય તેવો ઘેરાવાલાઓએ બંદોબસ્ત કર્યો. પછી રાત્રીએ સાહેબ લોકો



તંબુમાં આવી બેઠા. આ વખત ચણાના પાકની મોશમ હતી, ચાંદની ખીલી રહી હતી ને સર્વ નીરાંત કરી રહ્યા હતા તેવામાં ચંદ્ર આથમતી વખતે કુતરાં ભસ્વા મંડયાં, તેથી સુચના થઇ જે વાઘેરો ગામમાંથી નીકળ્યા તોપણ ફોજમાંથી કોઈ ઉઠયું નહી ને વાઘેરો સાહેબના તંબુને બલોચની ચોકી વચ્ચેથી નીસરી અમરાપર, ખાગસરી અને શલતાંન ઉપર થઇ બરડામા ગયા. આ વાત બલોચ લોકોના જાણ્યા બહાર નહી હોય તોપણ સવાર થયું કે તેઓએ બ્યુગલ કરી ગાંમ ઉપર હલ્લો કરવાની ધામધુમ કરવા માંડી. ગામમાં જઇ ગામ લુંટી લોકો પર અત્યંત જુલમ કર્યો. અને આ વખતે બલોચ લોકોએ કેટલાંએક બૈરાંઓની લાજ લીધી. એ રીતે પોહોર દીવસ સુધી જુલમ ચાલ્યો તેમાં એક સીંધી મરણ ગયો. પછી સાહેબ લોકો તંબુમાં આવી રીપોર્ટ કરવા બેઠા. તા. ૨૭ મી ડીસેંબર સને ૧૮૬૫

—:o:—

## મુકાંમ ઘેલણસરનો ડુંગર.

આ જગાએ ધીંગાણું થયું તેમાં વાઘેર પચાસ જણ હતા અને નગર જુનાગડ અને પોરબંદરની ગીસ્તનાં બધાં મળી ત્રણસેં માણસો હતા. તેઓ વચ્ચે બપોર સુધી લડાઇ ચાલી તેમાં બંન્ને બાજુઓને નુકશાન થયું પછી બે વાઘેર ઘેલણસર ઉપર ચહડી પડકારા કરવા લાગ્યા કે અલ્યા અચો ! હલ્યા અચો ! અને તેવામાં વાઘેરો નીચે હતા તે ચરમાના ડુંગરમાં જુનાગડની ભતવાડીઆ ડુંગરમાં રાણાની અને ઘેલનસર પાસે નગરની ગીસ્ત હતી તે વચ્ચે થઈ અવાજ કરતા ચાલ્યા ગયા. પછી તેઓએ ઉઘાડે માથે ઉતરી જઇ અંધારી ઝરમાંથી નીસરી જામની ગીસ્તનું નાકું બાંધ્યું ને પડકારા કરવા માંડયા. તેઓને ગીસ્તનાં માણસોએ પોતાની મદતનાં માણસો જાણી કપડી કરી બોલાવ્યા એટલે વાઘેરો સામા ગયા. નજદીક જઈ મોરચા બાંધવા માંડયા ત્યારે ગીસ્તે જાણ્યું કે એતો હરામખોર લોકો છે. પછી તાશીરો થયો તેમાં નગરનાં ૯ જણ પડયા ને બાકીના ભાગી ઝરમાં પેઠા. તેઓને વાઘેર સમજી બીજાં ગીસ્તવાલા લોકો તેઓ ઉપર આવી પડયા. તેવામાં એ લોકોએ નીશાન કહાડી ઉંચું કર્યું એટલે તેને ગીસ્તના માણુસ જાણી સર્વ ભેળા થયા. ડુંગર ઉપર ચડતાં ગીસ્તમાંથી

દસ માણસની એક ટુંકડી જુદી પડી. તેઓએ વાઘેરોને દીઠા એટલે તેઓ તે તરફ ચાલ્યા. તેથી વાઘેરો ભાગી તોરનીયે ગયા અને ત્યાં થોડો વખત ધીંગાણુ કરી ત્યાંથી ગીરમાં ગયા.

ધીંગાણામાં વાઘેરોના ૭ ફોતીને બે જખમી થયા. ગીસ્તમાં રાણાના બે ને જામના ત્રણ ફોતી થયા.

---

કાઠીયાવાડના પ્રગણામાં ઇણાજીયાને ટીંબે રાવલ નજદીક મુલુ વીગરે ૩૦ થી ૩૫ જણ હતા તેવામાં નગર પોરબંદરની ગીસ્ત જઇ પોતી. તહીં આખો દીવસ ધીંગાણું ચાલ્યા બાદ એક મેર ફોતી થયો. ધીંગાણુ સાંઝ સુધી જામ્યું. તોપના બારથી કોઠો પડયો એટલે વાઘેર નીચે ઉતર્યા ને ભાગતાં ભાગતાં ધીંગાણું કરતા ગયા. પછી રાવલ તાબાની સણોસરાની ધાર ઉપર રહી તેઓએ કાંઇ વખત ધીંગાણુ કર્યું. તેમાં ગીસ્તનાં પાંચસાત માણુસ જખમી કરી, ગીસ્તનાં માણુસ ઘણાં હતાં. તોપણ વાઘેર ચાલ્યા ગયા.

બરડામાં બગવદર પાસ સતીનુ દેરૂં છે ત્યાં વાઘેર જણ ૨૦–૨૫ આસરે હતા. ગીસ્ત સીધે રસ્તે ચાલી જતી હતી તેમાંથી એકજણ દેરૂં જોવા જતાં વાઘેરોએ એકદમ તાશીરો કરી એલી એલી એમ પોકાર કર્યો. આ વખત એક જણે કંટાળા આડા ઉભી સામાના એક જણને પાડયાને થોડીવાર પછી બીજાને તેવામાં ગીસ્તનાં માણુસો આવી પહોંચ્યો. પાછલથી પોરબંદરની ગીસ્તનાં પણ આશરે ૨૦૦ માણસ આવી મળ્યાં. તેથી કુલ ૨૫૦ માણસ થયા. વાઘેર સાથે ધીંગાણુ થતાં વાઘેર કહેતા હતા કે અમે મરવાના નથી. ત્રણે રાજાઓની ફોજ ભેળી થાય તોપણ તેઓથી શું થવાનું છે ? અમને રણછોડજી સાહાય છે, નાહક શું કરવા દારૂ ગોળી ઉડાડો છો. એ ગીસ્તના માણસને તેઓએ કહ્યું તું હથીયાર મુક તો કહે કે મુકુ નહિ. પછી બે જણે તેને જખમી કર્યો તેથી તે એક જણને ઘાયલ કરી બંદુક મુકી ભાગી આવ્યો અને વાઘેર દેરામાં ભુલવણી હતી તેમાં છુપી ગયા ગીસ્ત અંદર ફરી આવી પણ કોઇ દેખાયો નહી અને સર્વેએ જૂઠી વાત માની ત્યારે એક રજપુત ગીસ્તનાં માણસોને ખાતરી કરવા અંદર તેડી ગયો. તેઓને વાઘેરોએ ઘા કરી તળે રાખ્યા. પછી ગીસ્તે દેરૂં ઘેર્યું તેથી વાઘેર તે વખત સપડાઇ ગયા. તોપણ તેઓ હિંમતથી પડકારા કરતા હતા. તેઓમાંથી ત્રણ



જણે ઉતરી રફલના ઘા કર્યા પણ ખાલી ગયા પછી દેરામાંથી એક બંદુક કહાડીને બાહાર કરી ગીસ્તનાં ૫–૬ જણને માર્યા, તેથી ગીસ્ત બાહેર નીસરી. ગીસ્તમાંથી અવાજ થયો તેણે કરી એક વાઘેર ઉતરતો હતો તે જખમી થયો ને વાઘેર સર્વ નીચે ઉતર્યા ને ધીંગાણું શરૂ થયું. આ વખતમાં પોરની ગીસ્તે તોપ લાવી દેરૂં પાડયું તેથી વાઘેર ભેટ ભેટાં થઇ ગયા. લડાઇમાં ૧૦–૧૨ વાઘેર અને ફોજના ૬ જણ જખમી થયા કે પછી વાઘેર નાશી ગયા નાસતી વખત દેરા પાસે વોકળામાં રાણાની ગીસ્ત હતી તેણે વાઘેરો ઉપર તાશીરો કર્યો. તેથી વાઘેરોએ ઉભા રહી ગીસ્તના ત્રણને પાડયા ને પછી દેરાને ફરી એક માણસની લોથ લઈ તેઓ બાજરામાં જતા રહ્યા.

---

(સને ૧૮૬૪ જાનેવારી)

**મુ૦ મોંગડા નજદીક**

વાઘેર જણ બસેં ત્રણસેં બેઠા હતા. તેવામાં પરધાન ઠક્કર, મોડ જમાદાર અને ભીમો કીંકર વીગેરે ૫૦૦ માણસની ગીસ્ત આવી પહોંચી. ગીસ્તે વાઘેરનું પાણી ભરનાર ભીસ્તીને પકડવા માંડયો પણ છેવટ કાલાવાલા કર્યા તેથી તેને છોડી દીધો. ભીસ્તીએ વાઘેરોને ખબર કર્યાથી તેઓ તૈયાર થયા. કેટલાક ડુંગરપર ચઢી ગયા ને દસ પંદર જણ ત્યાંજ બેઠા રહ્યા. રાણાજી તેમાં હતા તેને મુલુએ કહ્યું ચાલો, તો કહેજે અમેતો આવતા નથી, તમારે ઝાઝા દીવસ જીવવું હશે. પછી રાણોજી, વાઘો સુમેણીયો તથા કેટલાક બીજા માણસ તેઓને આવી મળ્યાથી વીસ જણા ગીસ્ત સાથ ભટેમભેટ થયા. આ વખત પરધાનને છાંણા ને પથરાથી મારી હાંકી કાડી વાઘેરોએ જાણી જોઇને જીવતો મુકયો. આ વખતથી વાઘેરો અને ગીસ્ત એક બીજાની પડોશમાં કેટલાક દીવસ એક સલાહથી રહ્યા જણાય છે.

આ વખતમાં કહે છે કે ૫૦–૬૦ જણ પલટણનાં હતાં તેમાંથી ૯ જણની બંદુકો વાઘેરોએ ઝોંટી લીધી હતી પણ પાછળથી એકજણ આવી મુલુને પગે પડયો તેથી મુલુએ દયા લાવી તેઓને પાછી આપી આ વખત પછી વાઘેરો ઓખામાંથી વહાણમાં બેશી નાઘેરમાં ગોળની સરા કરવા તે કીનારે ઉતર્યા.

## શાલની ખબર નથી.

વડવાલેથી રોટલા લઇ વાઘેર ભાગ્યા તેના ખબર સતાપરના થાણા વાળાને મળ્યાથી તરીસ જણ પાછા ફર્યા. તેઓ વડવાલે કહેતા ગયા હતા કે અમો આલેચમાં જઇએ છીએ. તેથી જમાદાર નુરમામદ વીગરે સીપાઇઓ આલેચ તરફ ગયા. વાઘેરમાં ત્રણ ઘોડેસવાર ને એક પ્યાદો હતો. તેમાંથી બે જણ ઝરમાં ગયા. એક ગોળીવા દુર હતા ત્યારે તેના ઘોડાનો ડાબો જણાયો તેપર તેઓ બીજી ગીસ્તને બોલાવી તેઓની પાછલ ને પાછલ સગડ લીધે ગયા. વાઘેરો આલેચમાં ધાટી ઝાડીમાં ઘોડા બાંધી દેવતા કરતા હતા તે દેવતાની વાસપર નજદીક જતાં ચાડીકે દીઠા. તેથી તેઓ ઘોડા લઈ નાશી ગયા. જે જગોએ ઉતર્યા હતા ત્યાં સગડ જણાયાથી ગીસ્તવાલા પાછલ ચાલ્યા. પછી ખાગસરીના વડાણમાં ઉતર્યા હતા ત્યાં વીરડા ઉપર ઝીણો તથા બક્ષી ૩૦ જણથી મળ્યા ને પછી સર્વે જણ ખાગસરીના વડાણમાંથી સામળા રબારીને લઇ સગડ ઉપર ચાલા. આગસરીની દીનમામદની ગીસ્ત પણ ભેળી થઇ. દીવસ આથમે જામની ગીસ્તમાં ૬ જણ રહ્યા ને બાકી સતાપોર ગયા. એ છ જણ ઉઠી સવારે સતાપર આવતાં તેણે અરધા ગાઉ ઉપર વાઘેર જતાં દીઠા. તે સાથે બકરાં હતાં તેથી નક્કી ખાતરી થઇ કે વાઘેરજ છે એ લોકો મુલુ, દેવો મલી કુલ ૫૦ જણ હતા. તે છ જણને જોઇ બંદુક તાકતા તેઓ ઉપર આવ્યા. મકરાણીઓએ કહ્યું કે અમારી લાજ મત લો. ગીગે મકરાણીયે પછી વાઘેરને રોકી છ જણને કહ્યું ભાગોમાં. પછી એક જણ તેઓ પાસે ગયો. થોડીવાર પછી એક બીજો ગયો ને ૪ જણ દુર રહ્યા. પછી છયે જણ ભેળા થયા અને બેશી કસુબા પીધાં. વાઘેરોયે તેઓને ભલામણ કરી કે વાત ક્યાંહાંય કરતા નહી. એમ કહી રજા આપી. આ ખબર તેઓ સતાપર કરતાં ઝીણો હવાલદાર ગીસ્ત લઇ ચહડ્યો. એક સીંધયાણી ધાસ વાઢી આવતી હતી તેથી વાવડ મળ્યા. રસ્તે સગડ પણ જણાતો હતો છેવટ ભેળા થયા ત્યારે વાઘેરે સુબો કર્યો પણ ગણકાર્યો નહી ને એક રબારીને ઝાલી બેઠા હતા ત્યાં ૫૦ માણસથી ગીસ્ત જઇ પહોચી. વાઘેર પરવડા તરફ ભાગતાં ધારડી આગળ જુદા પડયા ને વળી ભાગવા માંડ્યા ને બીજી ધારે ઉતરી રસ્તે એક સ્વારને ગોળીથી પાડયો ને એક જણે ઘોડાં તગડયાં. પછી પરવાડમાં પેશી ઢોલ ઠોક અને પડકારા કરવા લાગા. ફરતાં ૫૦૦ ઘોડાં હતાં તે સાંજે આગળ વખત



નજદીકમાં આવી ગયા, તે વખત મુલુ બોલ્યો મમારો, નીકર લોટ માગવો પડશે. એક મકરાણીએ છાની ગોલી મારી તો કહે જે હે ખુટલા તું હવે જોજે. પછી એકે મુંડ કહાડી કે તેને જખમી કર્યો ને કુળ ત્રણ ચાર ને માર્યા વાઘેર પણ દશ બાર મરાયા. પછી રાતના વાલુ સુધો ધીગાણું કરી ચાલ્યા ગયા.

---

## વડતરૂ અને સોનારડી વચ્ચે સંવત. ૧૯૨૩ આસો વદ ૧૨ અગર ૧૩

ખાતરામાં વીરા વીગરે ૧૩ જણાયે ખંભાલીયાના બાન પકડયાં હતાં તેમાંથી એક જણને દંડ લેવા મોકલી બાકીને બેસાડી રાખ્યા. એ બાને ખબર આપ્યાથી ઉમરમીયા ૫૦ માણસથી ચહડયા. અંધારી રાત હતી. જાંમગરીથી વાઘેર ચેતી જઇ બાનને જખમી ફોતી કરી ચાલ્યા ગયા. ને કેરમોરાની વાડીમાં જઇ રાત રહ્યા. કાલીદાસ ખંભાલીયા તાબાના ગામ મોજે માડીમાં રાત હતા તેને પોપટે કાગળ લખી કેરમોરે તેડાવ્યા ને લખ્યું કે હું પણ કેરમોરે છઉ. કાલીદાસ કેરમોરે આવી રાત રહ્યા. દીવસ ઉગે શગડ ચલાવતાં ખાજરૂને બંધુક હાથ આવી ને વળી શગડ ગીયો. પછી વીરમદડ રોટલા ખાવા રહ્યા. જમતી વખત ઢેડે કાલીદાસને ખબર દીધા જે પોપટ વાવે ઉતર્યા છે ને તમને બોલાવે છે તેથી તે તરત ચડયા. સવાર વાંસે આવતા હતા તેવામાં કાલીદાસને ઘોડી લઇ ભાગી. તેણે દ્વારકાંના રસ્તા ઉપર દશ બાર જણ દીઠા તેને ગીસ્ત જાણી ઘોડી દોડાવી પાસે ગયો પણ તેતો વાઘેર જણાયા. તેઓએ તાશીરો કર્યા પણ તેમાંથી ઘોડી દોડાવી કાલીદાસ નીસરી ગયા, ને પાગડી પડી રહી. પછી સવારો પણ આવી પોતા. વાઘેરો સાથે ખજુરીઆને સીમાડેથી ધીગાણું ચાલ્યું. વાઘેર ભાગતા ભાગતા બે બે જણ બેસીબેસીને બાહાર કરતા હતા. પછી વરતડાની શીમમાં તેઓને બે બારબ આડા પડયા. આ વખત વાઘેર ખેતરમાં પાણી પી ભાગવા મંડયા. આને લુશારીનો ડુંગર બે ગાઉ રહ્યો હતો તેમાં તેઓ રખે ભાગી જાય તેરથી શાલે તથા મુબારકને ધીગાણું કરવા કહેતાં કાલીદાસ વાઘેરોને આડા વા માણસો ભેલાં કરવા ગયા. સોનારડી, દાતરાણા, ભાતેલ વીગરે જગેના માણસો કાહાઢી બારવાગે આવ્યા ત્યારે વાઘેર ખાતરામાં ને જમાદાર

કાલરનો મોરચો કરી લડતા હતા. ગીસ્તના ૧૨ જણને વાઘેર ૧૩ તેથી ગીસ્ત કાયર થઇ હતી. રોંઢે ૩૦૦ માણુસ ભેળાં થયાં ત્યારે હલ્લાં કરી. તેમાં ગીસ્તના બે જણ જખમી થયા તેથી હલાં ભાગી. હરામખોરમાં બે જખમી થયા. આંશોજી આવતાં બીજી હલ્લાં કરી તેમાં વીરો મરાણો. તેની લોથ કુવામાં નાખી માથુ લઇ વાઘેર ભાગી ગયા. વરતડે કાલીદાસ ગીસ્ત શીપે રાત રહેતાં પોપટ પણ આવી પોતા સવારે શગડ લેતાં કુવામાંથી વીરાની લોથ હાથ આવી કે તેને દ્વારકાં મોકલી દીધી.

પછી પોપટ ભોગાત અને કાલીદાસ ખજુરીએ રાત રહ્યા. આસો વદ ૧૪ રોજે ખબર આવ્યા જે વાઘેર વીરમદડમાં રહે છે. કાલીદાસ ચડયા તે પોચતા વાઘેર વાગમાંથી દુધ લઇ ભાગ્યા. તે ઉપર રસ્તે શગડ લેતાં યારમહમદ જખમથી લરી જાળામાં પડેલો હતો તેને ન દેખતા પીપળીએ ગયા ને યારમહમદ પાછલથી ખંભાલીએ આવી શરણ થયો.

પછી ખબર પડયા કે જાલમસીંગ પરદેશી તથીયામાં નાથા પટેલના ઘરમાં છે ને વીરાના માણુસ સોનારડીના રાહુ રીણાજીના ઘરમાં છે. તે ખબર પર માણુસ મોકલ્યાં. સોનારડીમાં તો પતો લાગ્યો નહી પણ તથીયામાં જાલમસંગ તથા નાથાની દીકરી બેઠાં હતાં ત્યાં જઇ પડકારો કર્યો આ વખત જાલમસંગનો ઘા વલીમહમદ ઉપર ચુકતાં વલીમહમદનો જાલમસીંગને વાગ્યાથી તે મરણ ગયો.

---

સંવત ૧૯૨૪ ના કારતક સુદ ૧૧ ને દાહાડે અપવાસ હતો. તેવામાં રાત્રીએ કાલીદાસને ખબર આવી જે દેવો વીગરે ૧૨ જણ કોલવાના પાદરામાં ગાડું બાલે છે. વલી બીજા ખબર આવ્યા જે તેઓ તથીયું મારે છે. તેથી કાલીદાસ તથા ઝીણો હવાલદાર કોલવે ગયા આ વખત કોલવાના પટેલે દેવાનો લખેલો જામ સાહેબ ઉપરનો કાગળ આપ્યો. તે ફોડવા ૪ હતા લખી હતી. તેમાં લખ્યું હતું જે અમો જામના કુતરા છઇએ અમને નહી મારો તો અમો કાંઇ પણ નુકશાન નહી કરીએ. ફક્ત રોટલા લઇશું. તે કાગળ ખંભાળીએ મોકલી પછી ઝીણો તથા કાલીદાસ શગડ ઊપર ચાલ્યા. ભીડે પોપટ પણ ભેળા થયા. શગડ આગળ ચાલતાં રાજપરાની સીમમાં હાડકાંનો ઉજડ ટીંબો છે તે પાસ પીર



જુગી છે તેના ખાતરાપાસ વડ ઉપર ચગો રાખી વાઘેર વોકળામાં ખાજરું કરી બેઠેલા હતા ત્યાં શગડ ગયો. ચગાને ગીસ્તના ખબર પડતાં દ્વારકાંનાથની જે બોલાવી બાકીના વાઘેર ખાતરમાં ગયા, ત્યાં મોરચાતો કર્યાજ હતા, બે ચાર જણ કાંઠા ઉપર બાવલને ખડમાં ઉભી બાકીના ખાતરામાં ગયા ગીસ્ત નજદીક આવતાં કાલીદાસે કહ્યું ૧૦૦ સ્વાર છીએ ને બેચાર તુટે તો ફીકર નહી પણ હલાં કરવી. બીજાનો એવો મત નીકળ્યો કે તેઓ રાજપરાના કીલામાં ભરાશે તો હાથ નહી આવે માટે દશ સ્વાર તે તરફ આડા મોકલવા જોઇએ. દશ સ્વાર તે તરફ જતાં બીજા સ્વાર તથા માણુસ ચાલી નીસર્યા, ફક્ત ત્રણ જણ ઉભા રહ્યા. કાલીદાસને અતી ગુસ્સો ચડયો, ત્યારે દેવે કહ્યું હલ્લાં અચ મોજાભા તે ઉપર કાલીદાસ એકલો દોડયો, પંદર કદમ દુર જતાં દેવા વીગેરે ૫ જણે અવાજ કર્યા તેમાંના ત્રણ કાલીદાસને પડખેથી ને એક પોપટની ઘોડીના કાનને પડખે, ને એક ઝીણાભાઇને પડખે થઈ ચાલ્યા ગયા. કાલીદાસને આ રીતે હવે પછી એકલા જવા માટે પોપટે મને કરી. પછી વાઘેર ખાતરામાં પેઠા. બે પાલા કાલીદાસની મદદે આવતાં તેણે ઉતરી ઘોડી આડી દીધી ને થોડીવાર પછી ઘોડીને મુકી રાફડો ઝાલી બેશી રહ્યા. બીજા માણસોએ પછી જુંગીમાં ઘોડા માંડી ખાતરાપર હલાં કરી, પછી પોપટ, ઝીણો ને કાલીદાસનો મોરચો તુટો, કાલીદાસ હલ્લાંમાં ભેલો ગયો. આ વખત લડાઈ થઈ તેમાં એક વાઘેર મુઓ ને ગીસ્તમાં ૫ જણ જખમી થયા. તેથી હલાં ભાગી પોર દીવસ રહ્યો પણ વાઘેર નીસર્યા નહી. દીવસ આથમે પોપટ, ઝીણો વીગેરે એ હલાં કરી વાઘેરનું એક માણુસ પડાવ્યું તેથી રૂણ જણની લોથ લઇ વાઘેર નાશી ગયા ને શણખલાની ખલ્લાવાડ શલગાવી બરડામાં ગયા.

ધીગાણું થતી વખત દ્વારકાંનાથની જે બોલાવતા હતા. ગીસ્તવાળા ગાળ દેતા તોપણ વાઘેર શાબાશી દેતા ને ભાઇ બાપા કરી બોલાવતા, તેઓ કહેતા કે દેવો ભુરો મદર છે; હલીઅચો જમાદારોને કહેતા કે અમને ઝટપટ મારી લો! કે ખડ વેચતા થાઓ, વાઘેરની ગોલી ૮ પૈસાભાર આસરેની હતી અને તે અતીજ ગાજતી હતી. આ ધીંગાણમાં દેવાશી કે વાઘેર કુલ ૧૪ હતા, ગીસ્તમાં ૧૨૦ ઘોડા તથા પાળા મળી ૧૫૦ જણ આસરે હતા.

---

## માછરડાની લડાઈ અને મુલુના મરણ પેહેલાંની થોડા વખતની હકીકત.

એક વાર સલાએ ગીસ્ત હતી ને વાઘેર વાહાણમાં ચડી આખો દીવસ રહી વાહાણ હંકારી ૧૭ જણ કચ્છમાં ગયા ને તે ત્યાં બારી ગામ મારી શોનીની જાન લુંટી ચાલ્યા આવ્યા. સં૦ ૧૮૬૫ના મહા અગર પોસમાં.

પાંચ દેવડા ગામ મારીને વાઘેર ઘેલણશરના ડુંગરમાં આવ્યાં ત્યારે તેઓનાં ( ૧૦૦ ) માણસ હતા તેમાં મુખ્ય મુલુ, દેવો, શાંગો અને રણમલ કુભાણી તથા રાણોજી વીગેરે સાથે હતા, આ વખત પોરબંદરની ગીસ્તનાં કુલ ૨૦૦ માણસ હતાં.

ડુંગરમાં વાઘેરોએ બેશી રબારીને ટપાટપી કરવા મોકલ્યા ને કહ્યું કે શખે રોટલા ખાવા દો, ગીસ્ત આવી મળતાં રોંઢાથી સાંજ સુધી ધીંગાણું થયું, તે વખત લડતાં લડતાં વાઘેર બોલતા હતા કે શાબાશ ! મારા બાપ શાબાશ ! આ વખત વાઘેરનો એક માણસ ઘવાયો ને સામાવાળાના ચા પાંચ જણ જખમી થયા હતા. પછી વાઘેર આદતીયાણાથી ઉગમણા ઘો વીરડે જઇ બે દહાડા રહ્યા, પછી કાનમેરાની હોળી પાસ દશ પંદર દહા રહ્યા. ભુખે મરતા હતા ને જુદાં જુદાં ટોળાં રખડતાં હતાં.

કુલ ત્રણ ટોળી હતી દેવાની, મુલુની અને રણમલની. ત્રણે ભીડે ભે લા થઇ ખરચી મેળવી ફરવા નીસરેલા હતા. ને પંદર દહાડે કાનમેરા ભેળા થવા શઢે રાખી હતી.

રણમલની ટોળી ઓખામાં ગઈ. દેવો તથા મુલુ બારાડીમાં, વીરાન ભીડે રહી ત્યાંથી લક્ષીએ ગઇ, અહીં ઠકરાઇ મુઓ, બાઇને છોકરૂં થયું. બાબત તેને ઠપકો દીધો, આ વખતથી વીરો ફરીને તે જગે ગયોજ ન હતો.

કેટલોક વખત ભાતેલથી આથમણા એક ગામમાં જઇ રહેતા ને માલ મુકતા. ત્યાં એક રંજપુતાણીને બેન કરેલી હતી. શીમમાં ગીસ્ત ડતાં ૧૨ માણસમાં વીરો પોતે મરાયો ને વીરાની મુંડકી ડાટી ગીસ્ત ભાગી વાઘેર ડુંગરે ચડયા, તે કહે છે કે મીયાણીના વાઘેર અહીં ભેગા થ હતા ને રણમલીએ ૨૦ દહાડા ખાવાનું આપ્યું હતું. પછી આલેચમાં ગ



અહીં અમરાપરને પડખે રહેતા ને ત્યાંથી રોટલા મેળવતા.

આ વખત પછી એ ટોળીના વાઘેર મુળુની ભેગા થયા શાંગો બોરાડીમાં છપેલો હતો તે ભાઇ મરતાં બાહેર નીસર્યો. તે કાંઇ વખત ઢાંકમા રહ્યો. થોડા વખત પછી તે ઉપર ગીસ્ત પડતાં માલ મતા મુકી ભાગી ગયો, તે વખત હમીર કુરાણી અને શંકરશંગ બે જણ જખમી થયા હતા. અને રાણાજીનું માથું ગીસ્તવાળા કાપી લાવ્યા.

### તા. ૯ નવેંબર સન ૧૮૬૫.

એકવાર ડાભાલા ખડામાં ઓખામાં મુલુ તથા રાણોજી મળી ૧૨૦ જણ બેઠા હતા આ વખત ચોતરફથી માર પડતો હતો. તેથી તેઓમાં ગીરમાં જવા વીચાર ચાલ્યો. રાણાજીએ નાપાડયાથી બધા રોકાઇ રહ્યા વાઘેરોમાં એવો પણ વિચાર ચાલ્યો કે ગોપાલ વાહાણ હાંકે તો મકરાણમાં ચાલ્યા જઇએ. પણ તેઓ ગયા નહી. ગુરગઢ લુંટવાનો વીચાર કર્યો તે પણ કર્યા વગર ત્યાંજ પડયા રહ્યા પછી તેમાંથી શાઠ જણે બારાડીના બાન પકડવા ચાલ્યા તે હજી ગાઉ તો ગયા નહી હોય. તેટલામાં પાછલ ધીંગાણું થયું. વાઘેરોએ એ વખત ગીસ્તને કહાવી મોકલેલું કે અમો શીવજીવાળી આંબલીએ બેઠા છીએ. તે સાંભળી કેશવભાઇ પોશીતરેથી ગીસ્ત લઇ આવ્યો. ગીસ્ત આવી કે પડકારો કરી ઉઠયા ને કહ્યું કે ઘણા દહાડા બંદુક ઝાલી પણ આજ પડાવીએ છીએ. પછી ગીસ્ત ભાગી. ફકત બે શીપાઇ વાંસે રહ્યા, તેમાંના એકને રાણાજીએ માર્યો. ને બીજાને મુલુએ ગોળીથી પાડયો, પણ એજ શીપાઇએ પાછા બંદુકથી રાણાજીને પાડયા, તે ત્યાંજ મરણ પામ્યા પછી રખડતા રખડતા પાછા બારાડીમાં આવી એક ઠકરાઇના પંદર રોજ રહ્યા ને ત્યાંથી ખંભાલીયા પાસ થઇ ચાલ્યા ગયા.

બીજી જગેથી સાંભળ્યું છે કે ડાભાળામાં રાણાજીની સાથે મુલુ, વાઘો અને પચુડો ભડીયો પણ મુવા હતા. ગીસ્તના કુલ ૫૦ માણસ હતાં, વાઘેર તે વખત ખડામાંજ રહ્યા હતા. સાંજ પડી ત્યારે ફરી ધીગાણું થયું. રાત ત્યાંજ કાહાડી, મુલુ લાખો વીરો વીગેરે ધ્રાવાડ ગયા ને બાકી ચેરમાં ભરાયા. તે ઉપર ગીસ્ત પડતાં મુવેલી લોથ મુકી ભાગી ગયા. ફરી છ સાત દાહાડે મુલુ સાથે ડાભાળામાં ભેગા થયા પછી ત્યાંથી બધા ગીરમાં ગયા. તે ઉપર મેજર ક્રોટીંજ તથા મી० અલવી વીગેરે પલટણના લોકો

પડતાં .ાખા નોખા ભાગી પાછા દોઢ માસે ઓખામાં આવ્યા.

અલ્લીશેર વીગેરે બલોચની બે ત્રણ ગીસ્ત લાગુ પડયાથી પાછા બર-
ામાં આવ્યા ને વીરાને બારાડીમાં જવા રજા આપી. બારાડીમાં લલીયા
તથીયા ગામમાં આહેરના ઘરમાં વીરો તથા શાંગો માણક બે માસ રહ્યા.
ત્યાં પંજાબનું ઠકરાણું હતું તે ઉપર જતાં યારમહમદ ખુટાથી ઠકરાઇ મરા-
યો મુલુ વીગેરે પરડવાની શીમમાં હતા તેને ઉપલા ખબર પડતાં શાંગાને
બોલાવ્યો. શાંગાની ખરચી ખુટી તેથી તેણે મુલુને પુછ્યું કોઇ ગામ મારી-
એ. મુલુએ કહ્યું ચોતરફ ગીસ્ત છે માટે એ વાત જવા દો. રોકડ મારી પા-
સે નથી ને આ મરાં ઘરેણાં લે. પછી ગીગણી ગામ માર્યું ને ત્યાં ગીસ્ત
સાથે ધીંગાણું કરી અમરાપર પરડવા, વડાખણા વચ્ચે પીરની જગોયે જઇ
બેઠા. ગીસ્ત આવી પહોચી એટલે પડખે ધણ ચરતું હતું તેને આડું દઇ
ભાગ્યા. ગીસ્ત વાંસે ધા કરતા બેલણ ગાય મુઇ. વાઘેર ભુદરડીમાં ભાગ્યા
ત્યાં ધીંગાણુ થતાં લખો માણેક મરાયો. તેને રાત્રે ડુંગરમાં ડાટયો. પછી
બરડવે જવા ધાર્યું પણ પહોંચી ન શકતાં પરડવામાંજ રહ્યા. તે વખત
બારવાગે ગીસ્તે આવી ગામ શળગાવ્યું એટલે ગામમાંથી વાઘેર નીસરતા
રાજો માણક મરાયો.

પછી ડુંગર ઉપર દેરી છે ત્યાં ગયા ત્યાંથી બરડામાં આવ્યા. ત્યાં વળી
દસ બાર દાહાડે ગીસ્ત પડી. બોરડી ગામમાં ભાતા સારૂ આવ્યા હતા ત્યાં
સીધીએ પેસવા દીધા નહી. ગીસ્તે ત્યાંથી પગ ચલાવ્યો. ગીસ્ત જઇ પે-
ચી કે તેઓ ત્યાંથી ઘેલણુસરમાં ગયા.

આ વખત સાહેબ લોકો સર્વ ગીસ્ત લઇ આવ્યા અને શીપાઇઓ
ઉપર ચડી ગયા તરવારો નીસરી પણ ચાલી નહી. ગીસ્તનાં ચારપાંચ માણ-
સ મરાયાં ને વાઘેર હેમ ખેમ નાશી ગયા. પછી જામના ડુંગરમાં જઇ
ત્યાં ત્રણ દાહાડા રહ્યા. તે વખત દેવો ને મુલુ ભાગ સારૂ વડતાં દે-
રીસાઇ જુદો પડયો.

પછી મુલુની ટોળી શીંગડાના વાડમાં હતી ત્યાં રાવળની ગીસ્ત આ-
વી પડી તેમાં મુલુ તથા પુંજો જખમી થયા. આ વખત ભૂખથી હેરાન
તાં દાણા ને શેરડી ખાઇ નીભાવ કરતા. બે દહાડાતો કીંદરવાની પડોશ
બાજરામાં કહાડયા હતા. પછી મુલુ માટે ઘોડું સોધવા નીસર્યા, કેમકે
ને જખમ થયો હતો. ઘોડાની આશાએ કીંદરખેડાને માર્ગે ચાલ્યા



ઘોડું ન મળ્યું; પછી બગવદરના ા. આગળ ચાલતાં નાળામાં જખમી
થયું તે વખત વાઘેર મુલુને ઉપાડી યો કે હું શકર આંહી પડયો છઉં.
ઘોડું ઝાલી તે ઉપર મુલુને બેસાડી ડુંગ ્યા. તેને એક ભીસ્તી કુવાડાથી મારતો
ડયો. મુલુ સાજો થયો ત્યારે આલેચમ ના ચે ાફાળની ઝોળીમાં ઘાલી મકાન-
માંડી. છેવટ ફ્રાફ્રાથી ઉગમણાને માડાર ળ ગયા. લટુચે રસ્તે એક વાઘેર
મમાં દેવો શોધ કરનારને ભેગો થયો. ા જતાં વાઘેર પાશ બંદુક ભરી હતી
પાડી. પછી પડોસમાં મી૦ અલવી હતા ..યા તેર
દરથી નીસર્યા તે માછરડાથી દખણાતા બે ત્રણ ગ. પામ્યા. મીયાં અલવી
વાડમાં પેઠા તે ઉપર નગરની ગીસ્ત આવી પડી વાઘેરે ં પાણી આણી પાયું
લ ૨૮ જણ હતા. ગીસ્તમાં જાલીમશીંગ તથા એક ખ મીયાં અલવી મ-
મુખી અને બીજાં સાઠ માણસ સીબંધીનાં હતાં. વાઘેરો હતું. રાત્રીએ
માછરડા તરફ ભાગવા માંડયા કે ગીસ્ત તેઓની પાછળજ ચા ારણ જીવતો
રફથી ગીસ્તે આ ખબર ફોજમાં કહાવી મોકલ્યા તેથી તે પણ ાઇઓએ
કુચ કરી નગરની ગીસ્તને માછરડાની નજદીકમાં આવી મળ્યા. ફોજમાં ો તે
ઠીયાવાડના પોલીટીકલ એજંટ આંડરસન સાહેબ પોતે, હેબર્ટ અને લટુ ન-
નામના બે તેના આસીસ્ટન્ટ, એક લશ્કરી સાહેબ, મીયાં અલવી અને જુના-
ગઢના જમાદાર સાલે હીંદી એટલા મુખી, અને સીબંધીમાં ૧૦૦ માણસ
પલટનનું, ૫૦ લોકલફોજનું, ૫૦ જુનાગઢનું તથા તુરપ અને ગાયકવાડી ફોજમાં
ળી આશરે ૯૦ સવાર હતા. ફોજમાં પલટણના માણસોએ સાથેજ કુચ કરી
પણ તે જરા પાછળ રહી ગયાં હતાં તેથી હજી આવી પહોંચ્યા નહોતા પ-
ણ બાકીની ફોજ અને નગરની ગીસ્ત વાઘેરોથી આશરે એક ગોળીગાને
અંતરે આવી ઉભી. વાઘેરોએ ઘણી ફોજ જોઇ ફગાશીયાના ડુંગર ઉપર
ચડવા ઇરાદો કર્યો ને ચડયા હોતતો બેશક તેઓ બચીજ ગયા હત; પ-
ણ તે ડુંગર ઉપર અગાઉથી કેટલાંક નગરનાં માણસો ચડી ગયાં હતાં તે-
થી તે ઉપર જતાં વાઘેરોને ડર લાગ્યો ને લાચાર થકી માછરડા નામના એક
ન્હાના ડુંગરા ઉપર ચડી ગયા. એવી ઉમેદથી કે થોડો દીવસ છે તેટલી વા-
ર આંહી રહી ટપાટપી કરી રાત્રી પડે હમેશની માફક આપણે ભાગી જઇશુ
ફોજમાંથી મીઆં અલવીએ બે ચાર ગોળીના બાહાર કર્યા ને શાલે હીંદાની
બંદુક લઈ થોડા બાહાર લટુચ સાહેબે પણ કર્યા કણ કાંઇ અસર થઇ નહિ.
આ વખત સુધી હજી પલટણના માણસોની રાહ જોવાતી હતી તે પણ આ-

પડતાં ...ખા નોખા ભાગી પાછા દો...ાંની તૈયારી કરી. તે એવા સંકેતથી
... અલીશેર વીગેરે બલોચની બે ... અલવી, સાલેહીંદી તથા જૂનાગઢ
...માં આવ્યા ને વીરાને બારાડીમાં ...થી હેબર્ટ સાહેબ અને ગાર્દી લોકોએ
તથીયા ગામમાં આહેરના ઘરમાં ... જાલીમશીંગ અને નગરની ગીસ્તને
ત્યાં પંજાબનું ઠકરાણું હતું તે ઉપર પડએ ન રહેતાં ડુંગરને ફરી હેબર્ટ
યો મુલુ વીગેરે પરડવાની શીમમાં ...તું કારણ એમ જણાય છે કે કાંઈ અં-
બોલાવ્યો. શાંગાની ખરરાં નગરેનો માણસોનો ભરાંસો નહોતો. આ વખત
એ. મુલુએ કહ્યું ચોતરફ આંડરશન સાહેબ ફરતી રોન ફરતા હતા. આ
સે નથી ને આ મ...પછી દક્ષિણ ને પુર્વની ટુકડીઓએ વાઘેરો ઉપર ચડાઈ
સાથે ધીંગાણું ક...ગરા ઉપર બે મોરચા કર્યા હતા તે અને પુર્વ તરફ નાતી
બેઠા. ગીસ્ત એક ખ...ડો હતો તેનો આશ્રય પકડી રહ્યા હતા. હલ્લાં મોરચા
ભાગ્યા. ...પહોંચી કે વાઘેરોએ સુંભો કર્યો તેથી એક ગોળી હેબર્ટ સા-
ત્યાં ...વાગી ને એક બીજી લસ્કરી સાહેબના માથાને છરકીને ચાલી ગઈ આ-
બાત વાઘેરોની બંદૂકો ખાલી કરી નાખેલી હતી ને હલ્લાં વાળાની હજી ભ-
... હતી. તેઓએ હરામખોર જેવા મોરચામાંથી નીકળતા તેવાજ અવાજ
...રી શકર અને એક વાઘેર બે જણને જખમી કર્યા આથી કરી વાઘેરો મોર-
...ા મુકી ભાગ્યા. પછી હલ્લાં વાળા પુર્વ તરફના ખાડા ઉપર ગયા. તેમાં વા-
...ા હતા તે એવાતો ગભરાટથી બેફામ થયલા કે બંદુક છોડવા પણ શો
સી... નહોતી. હલ્લાંવાળાએ મારવા માંડતાં ખાડામાં ૮ જણ મરણ પામી
...તેનું ત્યાં ગજરૈદું થયું. પછી હલ્લાંવાળા વાઘેરો ભાગતા હતા તેની પા-
છળ ચાલ્યા અહીં ખાડાથી દસબાર કદમ ઉપર દેવો ઉતરતો મરાયો.
પછી થોડા હેઠવાસ ઉપર એક શૈદ અને તેથી નીચે અને જમીનથી
થોડા ઉંચો ભોજીયો મેર પડયો. તેર વાઘેર ભાગી મેદાનમાં પડયા. ભાગ...
તે તરફ નગરના સવારો હતા. પણ તેઓ તો ઉલટો રસ્તો દઇ ગયા. તેર
જણ જતા હતા તેમાંથા એક જણ ઉભો રહ્યો ને તેને બે જણ વાત કરવા-
ના મીશથી પાછા આવી મળ્યા, ને પછી ત્રણે જણ સાથે ચાલ્યા. વાઘેરોને
જતા જોઇ જમાદાર શાલેહીંદીએ કહ્યું ઉભાછો કેમ? સર્વ નામરદછો કે શું ?
તે ઉપરથી લટુચ સાહેબ નગર વાળાનું ઘોડું લઇ તેપર ચહડી પાછળ દો-
ડયા. મીયાં અલવી તથા શાલેહીંદી તેની પાછળ પ્યાદા ચાલ્યા. થોડે દુર
હરામખોરમાંના એક બાવાને પડેલો જોઇ સીપાઇઓએ તેનું માથું કાપી તેના



અંગ ઉપર દાગીના હતા તે લઇ લીધા. આગળ ચાલતાં નાળામાં જખમી થયેલો શકર પડયો હતો તે બોલી ઉઠયો કે હું શકર આંહી પડયો છઉં. શરકનું નામ જાણી શાલેહીંદી પાસે આવ્યા. તેને એક ભીસ્તી કુવાડાથી મારતો હતો તેને મનેહ કરી ઇશ્વરીયાના સીંચીના ચોફાળની ઝોળીમાં ઘાલી મકાન-પર લાવ્યાં. મીયાં અલવી લટુચની પાછળ ગયા. લટુચે રસ્તે એક વાઘેર પડેલો જોયો. તેને તરવારની હુલ મારવા જતાં વાઘેર પાશ બંદુક ભરી હતી તે તેણે લટુચ ઉપર દાગી. તેથો બંને જણ મરણ પામ્યા. મીયાં અલવી કહે છે કે હું પહોચ્યો ત્યારે લટુચ જીવતો હતો ને તેને મેં પાણી આણી પાયું હતું થોડી વારમાં તે મરણ પામ્યો એટલે તેનું મદદુ લઈ મીયાં અલવી મ-કાન ઉપર આવ્યા. વાઘેર ભાગા ત્યારે અંધારૂં થઇ ગયું હતું. રાત્રીએ લોથો સંભાળવા ડુંગર ઉપર ગયા તે વખત ખાડામાં એક ચારણ જીવતો હતો તેણે આ લોકોને જોઇ આંખો આડા હાથ દીધા. પણ સીપાઇઓએ તેને મારી પુરો કર્યો. તે વખત ભોજીઓ એક પડખે જીવતો પડયો હતો તે બોલી ઉઠયો હું ભોજીઓ આંહી પડો છઊ. તેને પણ ઝોળીમાં ઘાલી મકાન-પર લાવ્યા. સર્વને પછી એક માઇલ દુર માછરડા ગામમાં લાવ્યા. ત્યાં ભો-જીયા તથા શકરને પાસે રાખી સર્વની લોથ ઓળખી. દેવાની લોથ પણ સવારે ઓલખાઇ હતી. હેબર્ટ સાહેબ તેજ રાત્રીએ બાર વાગતે મરણ પામ્યા. પછી ત્રીજે દહાડે સર્વ કેદીની કોર્ટ કરી શકર વીગરેને ફાંસીએ દેવામાં આવ્યા હતા.

શાંગો બારાડીમાં રખડતો હતો, ત્યાં પ્રથમથીજ ઝલાયો હતો. દેવા-ની આ દશા થઇ હવે મુલુ એકલો રહ્યો તે આ વખતથી નીરાશ થઇ ગયો. ઘણી ભુખ તરસ, થાક, ઉજાગરા માણસો મુવાનો અફસોસ, ભાઇ જેવા ભાઇનું મોત, તેપણ વિયોગમાં થયું. એથી શું તેના મનને થોડું લાગતું હશે? કહે છે કે મુલુ કેટલીક તો લાંઘણો ખેંચતો હતો ને કેટલીકવાર તેને શાત શાત દહાડા સુધી રાંધેલુ અનાજ મળ્યું નહતું. બીચારો તે પણ ઘણા દહાડા આ રીતે રખડી છેવટ સેહેજમાં અણચીંતો પોરબંદરની ગીસ્તને હાથે મરાયો તે નીચે પ્રમાણે:—

એક વખત રાણપોર અને પોરબંદર વચેના એક ગામની સીમમાં મુલુ, વેરશી, જગતીયો, હાદો કુરાણી તથા નાગસી ચારણ અને મુંગર સીધી એક ઝાડતળે ઉજાગરાને લીધે સુઇ ગયા હતા. ચાડીકો રાખ્યો હતો તો

ઝાટના ખુડાપર બંધુક ભરી ઉભો હતો તેને પણ ઉભા ઉભા ઉજાગરાનેલીધે ઉંઘ લઇ ગઇ હતી. તેવામાં એક સીપાઇ પડખે ફરવા નીશરતાં તેની નજરે પડયા તેથી તેણે છાનાસુના આવી ગીસ્તને ખબર કર્યા. ગીસ્તમાં એક ટુકડીએ ડુંગરનું નાકું દબાવ્યું કે તે તરફ ભાગી ન જાએ ને બીજી ગીસ્ત તેઓ ઉપર ગઇ. વાઘેરને સણુશા થયાથી તેઓ ભાગ્યા ને ત્યાંથી જઇ એક વાવમાં ભરાયા. ત્યાં જરાવાર લડી ત્યાંથી ભાગ્યા. તે પોરબંદરના ગામ વાછરડાના ઢેડના ઘરમાં ભરાયા તે વખત જમાદાર મુબારક તથા લખુ તથા જમાદાર નંદા વીગરે પોરબંદરના તથા પોરબંદરની સરકારી દેખરેખ તળે-ની ફોજનાં માણસો હતાં. તેઓએ મોરચો બાંધી પ્રથમ ધીંગાણું કર્યું ને છેવટ ઘર સળગાવ્યું. તેથી હરામખોરો બહાર નીસરી તે મોર્ચા ઉપર પડતાં ગીસ્તના એક પાળાએ મુલુને જખમી કર્યો, તેને જમાદાર મુબારકે વધારે જખમી કરી માથું કાપી લીધું ને થોડીવારમાં બાકીના હરામખોરો પણ મરાયા. તા૦ ૭ મે ૧૮૬૯

આ કામમાં જમાદાર નંદાને પોરબંદરવાલા મદદે હતા કહી પોતાની ગીસ્તની બહાદુરી જણાવે છે પણ પોલીટીકલ એજંટનો વીચાર જુદોજ છે.

વાઘેરના સુખી મુલુ માણેક મુઆથી તેઓના શીતુરની સમાપ્તિ થઈ— વાઘેરો જ્યારથી રેવાકાંઠાની જેલમાંથી ભાગ્યા. ત્યારથી તે મુલુના મરણ સુધી એ તોફાન બધું મળી આશરે પાંચ છ વરસ ચાલ્યું. એ લોકો થોડા છતાં આટલી લાંબી મુદત સુધી ટકી રહ્યા, અને મોટી મોટી ફોજોના પ્રયત્ન વ્યર્થ કર્યા તે કાંઇ તેઓની અસ્વભાવીક સીપાઇગીરીથીજ એમ કાંઇ નથી. તેઓ બહાદુર હતા ખરા પણ તેઓની બહાદુરી કાંઇ અસાધારણ જેવી નહતી. બેશક તેઓ થોડા છતાં મોટી ફોજ સામા આવી ભીડતા ને શાબાશી પડકારાથી સારા સારા લડવૈયાઓના હાંજા નરમ કરી નાખતા હતા. તેનું કારણ એજ હતું કે તેઓ મરણીયા થયા હતા. મરવું મારવું એજ તેઓએ નીશ્ચય કર્યો હતો. આમાંથી જીવતા રહી નીરાંતે ઘેર બેસીશું એ આશા તેઓ-ને રહી નહતી. તેઓ ઉપર ગાયકવાડે જુલમ કર્યો હતો અને એજ કારણ તેઓને પોતાના ઘરબાર બાપુકાં વતન મુકી ભાગવું પડયું હતું. તેઓના સારા સારા લોકો કપાઇ ગયા હતા. ભુખ તરસ ને ટાઢ તડકા વેઠી તેઓનાં મગ ફરી ગયાં હતાં. અને તાલુકદારોની તથા સરકારી ફોજ તેઓને એક નીરાંતે બેસવા દેતી નહતી. તેથી વૈર લેવું ને મરવું એ વિચારે તેઓના



નમાં મજબુત ઘર કર્યું હતું. તેઓની સામે લડનારા તાલુકદારોના સીપાઇઓને જીવ માટે મજબુત આશા હતી. તેઓને ફીકર હતી કે મરીશું તો આપણાં બૈરાં છોકરાં રડવડશે ને તાલુકદારો તો ભાગ્યેજ તેઓને નીભાવશે. વચલા વખતમાં આ દેશમાં સલાહ ચાલી રહી હતી તેથી તેઓને પોતાનાં હથીઆરનો ક્યારે પણ ખપ પડશે એમ લાગતું નહતું. ઘણાનાં હથીઆર તો કાટ ખાઇ ગયાં હતાં ને ઘણા કેમ વાપરવાં એજ ભુલી ગયા હતા, ને ઘણાતો નામ સીપાઇ પણ ભારાવેચી નીભાવ કરતા હતા. જ્યારથી વાઘેરોનો બલવો થયો ત્યારથી તેઓના ભાવ પુછાવા લાગ્યા. તેઓના પગારમાં કાંઇ વધારો થયો ને દરરોજ ઘી ખીચડી ખોરાક મળવા માંડયા. તેઓ સરવ જાણતા હતા કે એ સરવ વાઘેરો છે ત્યાં સુધી છે. એ તોફાન બંધ પડયું કે ફરી ભારા વેચવા પડશે. આ સીપાઇઓ સામે વાઘેરોની ફતેહ થાય તેમાં નવાઇ શું! કેટલીકવાર વાઘેરો ખરેખરી ફતેહ મેળવતા, ને ઘણીવારતો લોકોજ ટકા ચડાવી વાતો કરતા હતા. એ કારણુથીજ વાઘેરોની કીર્તી આટલી બધી ગવાઇ રહી છે.

ગીસ્તના મકરાણી અને સીધી લોકો તરફથી તો તેઓને ઘણીજ મદદ મળતી હતી. તેઓ તેમને દારૂ ગોલા ખોરાક કપડાં અને હથીઆરો હમેશાં પુરા પાડતા હતા. ને ઘણીવાર તો રાજકોટ જઇ તેઓ સારૂ રફલો વીગરે ખરીદ કરી આવતા હતા. મતલબ, ગીસ્તના લોકોના દારૂગોળાજ વાઘેરોને કામ આવતા હતા. જ્યારે મુકાબલા થવાની તક આવતી ત્યારે તેઓ અને ગીસ્તના મેતાઓ આંખઆડા કરી ખશી નીશરતા હતા ને મકાન ઉપર આવી મોટા મોટા રીપોટ કરતા હતા. કદી કોઇવાર ધીંગાણા થતાં ત્યારે તો તેઓ લડાઇના મેદાનથી ઘણા દુર ઝાડ અગર રાફડાઓનો આશરો પકડી ને વખતે ઊંટ અને ઘોડાં આડાં દઇ ઉભતા હતા, ને ઉલટા કેટલાએક માણસો પોતાની ચોકી સારૂંજ રાખતા હતા. તોપણ એવા રીપોટ કરતા કે ઘણા દીવસ થયા અમો બદમાસી હરામખોરોના શોધમાં ફરતાં આજે અગીઆર બજેથી ફલાણી જગોએ મુકાબલો થઇ ધીંગાણું ચાલી રહ્યું છે ગોળીઓ અમારા માથા ઉપરથી અને પડખામાંથી ચાલી જાય છે. આજે ઘેરતો ઇશ્વર મોકલશે તોજ અવાશે. ધણીની નોકરી આગળ અમો જીવની દરકાર કરતા નથી. બીજી ફોજ મદદે આવે તેમ તાકીદથી બંદોબસ્ત કરશો. રા. સા. ભગવાનલાલભાઇ

કહેછે કે મને ગીસ્તના મેતાઓ વીશે એક મીત્રે રમુજી ઉખાણો કહ્યો છે તે તેઓને બરાબર લાગુ પડે છેઃ—

અગર બળંતે ગુણ કરે, સુખડ ઘાસંતે;
સુરા હોય તે રણ ચડે, ને મેતા નાસંતે.

કેટલીકવાર નજદીકમાં કાંઇપણ આસરો પકડી બેઠા બેઠા પડકારા કરી તેઓ શીપાઇઓને હીમત દેતા ને કહેતા કે શાબાશ! મારા ભાઇ શાબાશ! માર્યા વગર મુકો તો તમારા બાપ થઇ લાગે. ધણીની રોજી હક કરવાનો આ વખત છે. એવા શબ્દો બોલી શીપાઇઓને ચડાવી લડાવતા પણ રીપોટ કરતી વખત તો સર્વ અમેજ કર્યું છે. એમ દેખાડતા હતા.

રા. સા. ભગવાનલાલભાઇ કહેછે કે ગીસ્તના માણસોને મેતા આવાજ હતા એમ હું કહેતો નથી. નગર તરફથી ઝીણો હવાલદાર અને કાલીદાસ સુલજી ઘણી વખત ખરા શીપાઇની માફક શામા શામા આવી જતા હતા, તેમાં કાલીદાસ વીશે તો કેવા જરૂર છે કે તે બ્રાહ્મણ છતાં તેની શીપાઇગીરી અને હીમત આગળ ઘણા બડેખાંઓને પણ લાજી મરવું પડતું, શીપાઇ વર્ગમાં જાલમસીંહના વર્તણુંક વખાણવા લાયક છતાં માચરડાની લડાઇમાં તેનાથી ઠબકા યોગ્ય કામ થયું કહેવાયું પણ તપાસ કરતાં એમ જણાય છે કે કુંવર બાબતની ખટપટને લીધે તેઓ અને નગરની ફોજ વચ્ચે કુસંપ હોવાથી હલો કરતાં રખે મારા ઉપર દગો થાએ એ ભયથી તે નગરના સ્વારોને મુકી હેબર્ટની બાજુ તરફ જઇ ઉભા હતા આ રીતે ઠપકાથી છુટવા તેને સબબ છે તોપણ આ કામ માટે હાજર થયા પેહેલાં તેની શું ફરજ ન હતી કે અગાઉથી વીચાર કરવો? લડાઇમાં આવ્યા પછી મોત વીશે વીચાર ફરવો એમાં શીપાઇનું ભુષણ નથી. જુનાગઢ તરફથી શાલેહીંદી અને જમાલખાં અને સરકારી ફોજમાં મીઆં અલવીનાં કામ ખરા લડવૈઆને લાયકનાં હતાં. ને તે કારણસર તેઓને જે શાબાશી આપીએ તે થોડી છે. તથાપી બાકીની ગીસ્ત વીશે હું દીલગીર છું કે મને સારા વીચાર જણાવવા એક પણ કારણ મળતું નથી.

વાઘેરો વીશે દેશના લોકોને પણ ઘણું તપતું હતું. તેઓ જાણતાં હતા કે બીચારા ઉપર ગાયકવાડે જુલમ કર્યો છે. એ વીચારની સાથે એક પણ ખાત્રી થઈ હતી કે વાઘેરો ખીટયા તો મારી નાખશે ને એવી વખતે



તાલુકદારોથી આપણું કોઇ પણ બેલીપણું થવું નથી. માટે ડાહાપણ કરીશું તો જાનમાલની ખરાબી થશે એમ જાણી કેટલીક વખત તેઓ આશ્રય આપતા ને કેટલીક વખતતો ખબર છતાં પણ આંખ આડા કરી જતા હતા. વાઘેરો પણ એવા લોકો સાથે ઉદારતા અને ભલમનશાઈથી વર્તતા તેથી કેટલાક તો પૈસા ખાતરજ તેઓના થઇ રહ્યા હતા, ઓખા, બારાડી, બરડો અને ગીરની આસપાસમાં એવા ઘણા લોકો વસતા હતા કે જેઓએ કાંઇ પણ અમુક ધંધો ન કરતાં આલસુ પડયા રહેવું ને વખત આવે લુંટ ચોરીના ફેરા કરી તેમાંથી નીભાવ કરવો. જટ સીંધી, મીઆણા, મેર અને કોલી વીગેરે કાંટીઆ વર્ગમાં આવા લોકો ઘણાજ મળી આવશે. તેઓને કોઇ પણ એક સરદાર મળ્યો કે તેની પાછલ ભેળા થતાં વાર લગાડતા નથી. આવી વખતે કોકને નામે પોતાનો ધંધો ચલાવવાનું તેઓને ઠીક બની આવે છે. ઘણાક તો વાઘેરને નામેજ લુંટી ખાતા હતા. વાઘેરોના મુખ્યા મુલુ, દેવો, વીરો વીગેરેના નામ સાંભળતાં વારનેજ આવા ખાટ સવાદુ લોકોના ટોળેટોળાં આવી મળતાં હતાં.

આ બારવટામાં વાઘેરોએ કરેલા કામો વીશે આ દેશના લોકોએ જે કેટલીએક કાફી અને દુહા જોડેલા છે તે સાંભળ્યાથીજ વાંચનારને જણાશે કે તેઓને માટે લોકોને કેટલું લાગતું હતું. એ તમામ ગીત અને દુહા આવા નાના પુસ્તકમાં ભરવા નકામાં જાણી આ જગે થોડાએક તેના નમુના આપવા બશ થશે.

## દુહા.

ઘાટી સિંહને ઘેરીઓ, બરડા નકરીશ બાન;
જોધાંમાણકને જાળવે, છે ઓખાની એ માન. ૧
ઓખો બરડા પ્રીછવે, મું ખુંટલ ન જાણ;
જોધો અરીઆં ભાંજણો, મું મરદાંની ખાણ. ૨
ધારાલી ધકુંદીએ, બમણા છુટે બાણ;
રેટાળો ટંલા લીએ, શાંગાણી જોધ સજાણ. ૩
સોજરને સોંઝા કરા, વાઢે તે નર વંકા;
જોધો ધીંગાણે ભણીએ, એના દલી લગ ડંકા. ૪
કરમરનો ઉકરશ, ભાજછ ગઢ ભોપાળ.
આરાંભોં આશડ, સેરે જોધા ગાઢીત્ર. ૫

એકાં ઘરને ઉજડ કીઆ, રણદા લાગો રેસ;
એકલ વેણો ઘર અબો, નકલંક જોધ નરેશ. ૬
ચડે ને બલ કરે ચોગણો, અરીઆં ભાજણ એજ;
ચતરંગી ફોજે ચડે, નકલંક જોધ નરેશ. ૭
માણક બાંધી મુલુએ, કરમર ભુપકડે;
ફરંગી તણાં ધમશાણ ફરે, એને તગડાં કારાંતડે. ૭
કાલા જીડ મર કરે, એનો ગરહર લાગો ઘેર;
માણક સમીઆણી મુળવો, છે વલભરો વાઘેર. ૯
બજેડા બાપ શતન, ગાળછ બધા ગામ;
ખેધીલો ખશે નહી, એર મુળુ આડાણ. ૧૦
અંગરેજ મુળુએ મારીઆ, એના કાગળ પુગા ફ્રાંચી;
અંતરમાં મઢમ ઉદરકે, સૈઅર વાત સાચી. ૧૧
વેરાળા ઘેરે વરસવા, જી ધ્રઠો ખગાધાર;
માણક કીધો મુલુવે, જી આરાંભે મેં આકાશ. ૧૨
ધમશ નાળારાં ચળે, જી શરણાઆં શીંધુ રાગ;
લાડો ફોજાં શું લડો, મુળુ ન દીએ માગ. ૧૩
દળ આવીઆં દખણી તણાં, એના ભાલાળા ભોપાળ;
તે શામા પાગ શીંગાળ, માણક ભરે મુળુવો. ૧૪
જાડા જાલમશંધરા, જી સાંફળીઆ કેકાણ;
એણે દેવો ઉઠીઓ, સીંગાડા જોરાણ. ૧૫
જમીઓ જાલમશંધરો, ભાજે તે ભોપાળ;
દેવે જંજાળ છોડીયું, ગો ઉડે એધાણ. ૧૬
ઓખાગઢ કોઇ આવે નહી, લડવા બાંધે લાર;
તેં આડી ખાંગે આણ; દીની માણક દેવલા. ૧૭
જંજાળ છુટી જાલમશંધરી, ડાકણાં ભરખ દેવા;
માંશલડે શકતું મલીઉં, પરનાળી રગત પીવા. ૧૮
જો રાણો જાવા ન દીએ, ડશાવંન દેવા;
જાડો ચડયો જાલમો, શોધે શર લેવા. ૧૯
માશલડે માંડવ રોપીઆ, તોરણ બાંધ્યાં તરવાર;
અપશરા થઇ ઉતાવળી, વર દેવો વરવા. ૨૦



જોધ અરીઆં જાંઝેરણો, જમ દઢ ધાડ જંજીર;
મળી કુંભાથર ભંજણો, કલીભડ કંડીર. ૨૧
ઘોડારૂ કોઇ ગમીઓ નહી, ગમી લાજાળી લાછ;
માણક દીની મુળુવે, ડાબાળી હુવાલ. ૨૨
સાત નર વશી મલ ચડે, કડે બાંધી કરમાલ;
લોઢો ભડ લાંકાળ, માણક સમીઆણી મુળવો. ૨૩
બરડો કહે ગરવા, તેં કર્યું કાળું કામ;
માણક જોધો મારીઓ, જેનુ નવ ખંડ છતું નામ. ૨૪
ગરવો ભણે બરડા, ગરમાં ઝાઝી ભુલ;
અછઓ જોધો જોખમો, માણક મોટે મુલ. ૨૫

## ( કાફી )

કીણે એ કીધાં તારાં જાણ, જોધા માણક કીણે કીધાં તારાં જાણ. ટેક.
પેલુંએ ધીગાંણુ આભપરે કીધું, લેતોજા ટોપીવાળા લાણ. જોધા માણક. ૧
કેડીએ કટકડા ચડાવા રબારીએ, હયામાં રહી ગઇ હામ. જોધા માણક. ૨
ભાઇરે પીંડારીઆ એમ કરી છુટા, વશીએ દીધાંરે મેલાણ. જોધા માણક. ૩
હરદમ હાશમશા એમ કરી બોલા, નવખંડમાં રાખું નામ. જોધા માણક. ૪

## ( કાફી ૨ )

દેવેભાશે ઝગડો કરો જાલમસીંગ વાઘેરશે ઝગડો કીઓ. ટેક૦
પેલુએ ધીગાણું રણમાં કીધું, બોલો આરબડો તળમાં રીઓ. જાલમસીંગ. ૧
બીજુએ ધીગાણું ખોડીઆરે કીધું, હમીરડો સુરોપુરો થયો. જાલમ. ૨
પેલો તાશીરો દેવેભાએ કીધો, જાલમસીંગનો જમીયો પડો. જાલમ. ૩
શેઝી એ ઘોડીથી જાલમસીંગ ઉતરા, દેવેભાએ પડકારો કીઓ. જાલમ. ૪
કાફી તુજી બોલાએ નથુનાથ. દેવેભાસે પાણી રીઓ. જાલમસીંગ. ૫

## ( કાફી ૩ )

દશમન કરે આજી દુવાઉ, મુલુભાકી જગજી જીવાઉ ટેક૦
અનપાણી આંકે કાથ મલે, બેલમ દેશે આજા ભાઉ. મુલુભા૦ ૧
લીલુડે ઘોડે નેજો ફરકે, વાઘેરો કરે આજીવારો. મુલુભા૦ ૨
સરવેએ હથીઆર ભેઠું બાંધીયું, મુલુભાકી વકડી વજાઉ. મુલુભા૦ ૩
ઓખે મંડલમે નામોચ તુજી, સુરત પુગી તુજી વાઉ. મુલુભા૦ ૪
કાફી બોલા તુજી નથુનાથ મડદેજી, કાફીઉ ગવાઉ મુલુભા૦ ૫

( કાફી ૪ )

કોડીનાર મારી જાએ જોધામાણુક કોડીનાર મારી જાએ. ટેક૦
ઓખાનો રાજા કોડીનાર મારી જાએ.
આથમણે નાકેથી ધણને વાળીને, ઉગમણે નાકે લઇ જાએ. જોધા૦ ૧
નીસરણી માડીને ગામમાં ઉતરો, બંધીવાનની બેડીઉ ભંગાએ. જોધા. ૨
દાએરો કરીને કસુંબો કાઢો, શાકરના હુંગા વેચાય. જોધા૦ ૩
ખરે બપોરે બજાર લુટી, માયાના સાંઢીયા ભરાએ. જોધા૦ ૪
શેખ ઇશાક કહે કાગળ લખાય છે, વાંતું વડોદરે વંચાય. જોધામાણુક૦ ૫

કેટલીક વખત તો એમ પણ સાંભળવામાં આવ્યું છે કે તાલુકદારો પણ તેઓને જાણીબુઝીને જવા દેતા હતા, ને વખતે પોતાના પ્રગણામાંથી આશ્રય મળતો તો આંખાડા કરી જતા હતા. એક જણ પાસેથી તો મેં એમ પણ સાંભળ્યું છે કે એકવાર જ્યારે વાઘેરો બરડામાં હતા ત્યારે તેઓની મુલાકાત માટે એક કોઇ કારભારી આવ્યો હતો, તે થોડીએકવાર વાતચીત કરી ગય પછી વાઘેરોને તેણે દારૂગોલી પોચાડી હતી. બીજી જગેથી એમ પણ સાંભળ્યું છે કે વાઘેર આભપરે હતા ત્યારે તેઓને દાણાનાં ઉંટ પોચતા ને બાબત ચરચા ચાલી ત્યારે એમ કહેવાયું કે એતો ગાયકવાડના બારવટીઅ છે. આપણે આપણી રૈયત શું કરવા લુટવા દઇએ. આવી વાતો પોલીટીક ખાતાના અધીકારીઓથી અજાણી નથી પણ પુરતા પુરાવા વગર એવા ગુન્હ ઓના તપાસ ચાલવા મુશકેલ જાણી એ વાત એમજ રહેવા દીધી છે. એ રા. સા. ભગવાનલાલભાઇ પ્રથમના ઇતિહાસમાં લખે છે.

ઇસવી સન ૧૮૬૫ સુધી ત્રણ વરસ તોફાન ચાલ્યું તેનું તો એ કારણ કે વાઘેરોને ઉપર મુજબ સર્વ તરફથી આશ્રય મળતો અને ગીર ના લોકો તરફથી તેઓને ઘણું ડરવાનું નહોતું. તેઓ મરજીમાં આવે તે ફરતા ને લુટતા તેથી એકલા ઓખાનાજ લોકો દુખી થયા એમ નથી ઠીઆવાડના લોકો ઉપર પણ ગુજારવામાં મણા રહી નથી. નગર, પોર બર અને જુનાગઢ તાબે ગીરમાં તો તેઓ પોતાનું ઘરજ કરી બેઠા હ ત્યાંથી રૈયત એક ઘડી પણ નીચો શ્વાસ મુકી બેઠી નથી. એક તરફથી વા રની ધાસ્તી ને બીજી તરફથી ગીસ્તના લોકોના વેઠવગારાદીનો ઉપરા ઉ માર. તે આડે શું કરવું એ તેઓને સુજતું નહોતું. વાઘેરનાં ટોળાં બીન



સ્તીથી ફરી ગામ મારવાં લુંટ કરવી, ખેડુતોએ તૈયાર કરેલા પાક ઉઠાવી જવા વીગરે જુલમ કરી ત્રાશ બોલાવી રહ્યાં હતાં, ને કેટલાએકની તો ઘણા સંકટનો સંચેલી પુજી ખેંચી જઇ બીચારાઓને કંગાલ કરી મુકયા હતા. આ વખતે તેઓને અટકાવ કરવા દેશમાં પુરતાં થાણા નહી, ને હતાં તે પ- ણ ઉપર કહેલા પ્રકારનાં, ત્યારે નાના ગામડામાં રેહેનારા બીચારા વગર ર- ક્ષણના લોકોએ આવા જોશવર ટોળાં સામે પોતાનાં બચાવ શીરીતે કરવો ? ગામમાં વાઘેરનું ટોળું આવે ત્યારે કદાચ બેપશાઅતા હોય તેપણ કાંતો ખે- તરે અથવા સીમમાં ઘાસ વાઢવા ગયા હોય. ને હથીયાર હોય તેતો કાટથી મીઆનને મુકતાંજ ન હોય. ને વખતે સારાં હોય તો વાપરવાના હોંસ ક્યાં- થી લાવે. બેશક આવી વખતે સામા થવું એતો ક્યાંથીજ બને. આવા કા- રણોથી ઘણાખરાઓ છાના રહી પોતાના બચાવ ખાતર વાઘેરોને આશ્રય આપવો એમાં ડહાપણ સમજતા; પણ કોઇ કોઇ વખતે આ વાતો સરકારી અધીકારીઓના જાણવામાં આવતી ત્યારે બીચારાઓ ઉપર ઉલટી વધારે ગુ જરતી હતી. ખબર આપવા જાએ તો વાઘેર જાણે ત્યારે મારી નાખે ને તે- ની સાથે તાલુકદારો પણ કેમ વખતસર ખબર આપ્યા નહી ? તેઓ ક્યાં છે? તેઓની જગો બતાવો, વીગેરે કારણોથી બીચારાઓને માર મારી તેઓના કામ પડતાં મુકાવી હેરાન કરતા હતા. આવા આશ્રય આપ્યા બાબત ઘણા ઓને ભારે સીક્ષાઓ થઇ છે. ઘણાઓને ગુન્હા બતાવવા માર મારી અધ- મુવા કરવામાં આવ્યા હતા. તેથી ચોતરફ જુલમ જુલમ અને કલેલાટ થઇ રહ્યો હતો. કેટલાએકતો આવી સજા લાયક હશે ખરા પણ કેટલાએક તો ભય અને અજાણપણાથી ફશી જતા હતા, ને કેટલાકપર તો તેઓના શત્રુ આવાં જુઠાં તોહમત મુકી વેર લેવા ખાતરજ બીચારાઓને ફસાવતા હતા. ગરીબ ગામડીઆ ! જેને બોલવાનાં ભાન નહી તેને એકદમ જ્યારે તાલુકદારો કે થાણાવાળા તરફથી ગમે તે પ્રકારે ગુન્હા કબુલ કરાવી રજુ કરવા હોય ત્યારે લશ્કરી કોર્ટના તપાસ આગળ બીચારા ધારાની રીતે તે પોતાનો બ- ચાવ શીરીતે કરે ? બેશક આ વેળા ઘણાઓ વીના ફોકટ અઘટીત સજાને તાબે થયા હશે એમ કહેવાને કારણ છે, પણ એમ થવામાં સરકારી અધીકા- રીઓને આપણે કશો દોશ દેવો ન જોઇએ. રાજદુવારી જરૂરીઆત ઉપરથી આવી વખતે તેઓને તેમ કરવાની ફરજ હતી. તોપણ માણસાઇની રી- તે વીચાર કરીએ છીએ ત્યારે આ વખત અતી જુલમ થયો છે એમ ક

ણ્યા વગર પણ ચાલતું નથી.

ઈસવી સન ૧૮૬૫ ની સાલમાં વડોદરાની જેલમાંથી ફરીને એક વાઘેરોની બીજી ટોળી ખેતા છબાણીના મુખીપણા તળે ભાગી તેમાંના કેટલાક ઓખામાં આવ્યા. ત્યારથી ઓખાના લોકોમાં ભારે ગભરાટ ઉઠયો. આ વખત ઓખામાં આસીસ્ટંટ રેસીડેંટની જગ્યો ઉપર રાઇ સાહેબ હતા તેથી લોકો ઘણા નાખુશ હતા માટે તેની જગો ઉપર કપતાન સ્કોટની અને વૈવટદારની જગોએ દાજી નારાયણ નામના ગ્રહસ્થની નેમણુંક થઇ. કપતાન સ્કોટે ઓખામાં આવતાં વારનેજ બલોચ લોકોનો જુલમ કમ કરી હરામખોરોનું પારીપત્ય કરવા કોશીસ ચલાવી. આ કોશીસથી તેણે થોડી મુદતમાં લોકોને હરામખોરોના ભયથી છુટા કર્યા એટલુંજ નહી, પણ કાઠીયાવાડના પોલીટીકલ એજંટને પણ તેણે ઉપરા ઉપર કેટલીએક અગત્યની સુચના કરી એવું દેખાડી આપ્યું કે આજદીન સુધી કાઠીયાવાડમાં જે હરામખોરો ટકી રહ્યા છે તે તાલુકદારોનીજ કસુરથી. તાલુકદારોજ એ વાત મનપર લેતો હું નથી ધારતો કે વાઘેરો આટલી મુદતવેર ટકી રહે. કાઠીયાવાડમાંથી જે જે કેદીઓને પકડી ઓખામંડળમાં મોકલવામાં આવતા હતા તેઓની જુબાની ઉપરથી ઉપર મુજબ લખવા એ સાહેબને આધાર મળ્યો હતો. પોલીટીકલ એજંટને આવી સુચના મળ્યા ઉપરથી તેણે એકદમ તાલુકદારોને બતંગ પકડવા માંડયા ને જેઓના આવા ગુન્હા પકડાયા તેઓને સખત સજાએ પોહોચાડી કેટલાકના ગીરાસ ખાલસા કર્યા. કેટલાકને ભારે ભારે દંડ કર્યા ને કેટલાકને કેદમાં ગાંધ્યા તે અદ્યાપી સુધી પડયા છે. આ ઉપાય લેવાયા કે ચોતરફ ભય અને ત્રાશ ઉત્પન્ન થઇ સર્વ કોઇ મદત આપતા બંધ પડયા. ને સર્વેનુ વલણ સરકાર હુકમને અનુસરી એકદમ વાઘેરોના પારીપત્ય કરવા તરફ થયું આથી કરી વાઘેરો ઘણીજ ખરાબ અને દુખદાયક હાલતમાં રખડવા માંડયા. આ વખતથી ગીસ્તો પણ તેઓની પાછળ થઇ ને એક માસની અંદર ઓછામાં ઓછાં પાંચ પાંચ છ છ ધીંગાણા થવા માંડયાં. દીનબદીન તેઓની સંખ્યામાં ઘટાડો થવા માંડયો. તેઓના સારા સારા લડવૈઆ મરવા માંડયા. ને છેલ્લા વખતમાંતો અંનના પણ શાંશા પડવા લાગ્યા. કેટલાક તો લંપટપણામાંજ ફસાયા. બરડાની ખુબસુરત મેહેરાણીઓ તેઓની લાલચનું મુલ કારણ હતું. તેથી કેટલાકતો બરડાનું પડખુંજ મુકતા નહોતા. આવા દુર્ગુણથી દેવો અને મુલુ માણેક બે જણ દુર હતા. તોપણ તેઓ કમન-



સીબથીજ શેજ કારણસર માંહી માંહીજલડી મરતા હતા. આગળ આપણે કહ્યુ છે કે મરણ પહેલાં આ બે ભાઇઓ એક બીજાથી રીસાઇ એક બીજાથી જુદા પડયા હતા. તેને ભેળા કરવા તેનાજ લોકોએ વસ્ટીઓ ચલાવેલી પણ તેમ થવાનો ઇતફાક ન આવ્યો તેટલામાંતો એકજણ બીચારો ઉમેદમાંને ઉમેદમાં હમેશની જૂદાઇ લઇ ચાલતો થયો. તેથી બીજાના મનને ઘણું લાગ્યું માચરડાના માર પછીતો મુલુ અતીજ દુખી થયો, તેના સારાં સારાં માણસો મરી ગયાં હતાં ને છેવટ ભાઈ જેવો ભાઇ પણ આરીતે છેવટની મુલાકાત આપ્યા વગર ચાલતો થયો. આહાહા ! આ વખત તેના મનને શું થતું નહી હોય. તેને આ વખત શું જોધા ભાઇની શીખામણો યાદ આવતી નહી હશે. આવે તોપણ હવે શું કામની. વીના કારણ સાહસીક થઇ સુખનો રોટલો ખોઇ આ દશાને પામ્યો. તે સર્વ તેના મનને અતીજ શાલતું હશે. પણ બનનાર આગળ માણસનો ઇલાજ નથી. જ્યારે તેની આ દશા થઇ ત્યારે લોકો પણ તેને છોડી ચાલતા થયા ને દ્વારકાંની લડાઈ વખત જે ડોઢહજાર માણસનું ઉપરીપણું ભોગવતો હતો તે હવે ફકત અંગી પાંચ સાત માણસથી રહ્યો. એટલું સારૂં કે તેની આ દુખ દાયક જીંદગીનો થોડાજ વખતમાં છેડો આવ્યો. બેશક એક હરામખોરનો ધંધો લઈ ફરતો એટલે સામાન્ય રીતે જોતાં આવા મૃત્યુથી આપણે ખુશી માનવી જોઇએ, તોપણ તેને એમ કરવા ગાયકવાડ સરકારે જુલમથી ફરજ પાડેલી. જમાનાની રીત સમજવા તેનામાં પોચ નહી. એટલે તે કેટલાએક બદશલાહને તાબે થએલો તોપણ તેના માહાન વીચાર તેનું શુરવીરપણું, ઉદારતા, અને તેના આવા પ્રકારના મરણથી તેના કુટુંબ ઉપર ગુજરેલી આપદશા જોઇ કઠણ દીલના માણસને પણ દયા આવ્યા વીના રહેજ નહી. ખરે દેવાના કામ તો ક્રુર અને તીરસ્કાર પાત્ર હતાં, પણ મુલુનાં કામો એવાં ન હુતાં કે તેને આપણે એક હલકી પંકિતના બારવટીઆની જોડે સરખાવીએ.

આ રીતે વાઘેરોના તોફાનની આખર આવી તેના વૃત્તાંતમાં રા. સા. ભગવાનલાલભાઇ કહેછે કે માહરે માહરા દેશીઓ વીરૂધ કેટલીક શખ્ત ટોકા [illegible] પડે છે. તે માટે જો કે હું ઘણો દીલગીરછું તોપણ તેમ નથી કરતો [illegible] ખરૂં વૃત્તાંત આપવાની જે આવા લખનારાઓની ફરજ તે મારાથી થઇ શકે નહી. મને ધાસ્તી છે કે મારા આ લખાણથી ઘણાઓ

નાખુશ થશે પણ તેઓએ મેહેરબાની કરી તેમ ન કરવું, મારે એમ કરવાની ખરેખરી ફરજ હતી એ જ્યારે તેઓ જાણશે ત્યારે તેઓના ગુસ્સાથી પછી મારે કાંઈ પણ ડરવું નહી રહે, મારે એમ તો કહ્યા વગર ચાલતું નથી કે ગમે તેમ હો પણ નગર, જુનાગઢ, ગોંડળ અને પોરબંદરના તાલુકદારોએ વાઘેરોનો પરાજય કરવામાં જે નાણાં અને માણસના ધાશ ખમી મેહેનત કરી છે તે આગળ બીજો કશો પણ વીચાર કરવો જોઇતો નથી. તેમાં પણ પેહેલે નંબરે નગર ને બીજે નંબરે જુનાગઢની મદત લક્ષમાં લેવા લાયક છે. કેટલીક વખત એમ પણ જોવામાં આવ્યું છે કે લડાઇ વખત સરકારી માણસ જેટલાં તાલુકદારોનાં માણસો અંગમેલી મેહેનત કરતાં ન હતાં ને માંચરડાની લડાઇમાં પણ બે અંગરેજે અંગ ભેળ્યું તોજ આ લાંબા દહાડાના ફીતુરનો અંત આવ્યો, નીકર આવવો કઠણ હતો. એ બે સાહેબની બાહાદુરી માટે મારે વારંવાર વખાણ કરવાં પડે છે. તેઓએ પોતાની રોટી હક કરવા અને આ દેશના લોકોને ઘણા દહાડાની પીડામાંથી છુટા કરવા પોતાના પ્યારા જાનની દરકાર ન કરી આંધલીઆ કર્યા તોજ તેઓના કીર્તિ સ્તંભોથી આ અજાણી પડેલી ટેકરી દુનીયાના મોટા ભાગ ઉપર પ્રશીદ્ધ થઇ લોકો કહેછે કે આભપરો છોડયા પછી આવું ધીંગાણું આ પેહેલુંજ થયું છે. બીજાં ટપાટપીના ધીંગાણાથી વાઘેરોને શજડ માર પડયો નહી હતો અલબત તેએ ઘસાતા ગયા હતા તોપણ એ ફીતુરનો જલદી અંત આવશે એમ કોઈપણ આશા બંધાઇ ન હતી. એ માંચરડાની લડાઇમાં શાલેહીંદી અને અલવી જમાદારની નોકરી શરખી રીતે લક્ષમાં લેવા લાયક હતી તે લેવાઇ તોપણ એ બે ગ્રહસ્થોને માન મલવામાં જે તફાવત રહ્યો. તેનું શું કારણ હશે ? તે હજી મારા સમજવામાં આવ્યું નથી. મને તો એટલોજ અફસોસ છે કે મારા દેશી રાજાઓ આટલો બધો ખરચ અને નુકશાન ભોગવતા છતાં આવું માન પોતાની એકલી તરવારથી મેળવી શકયા નહી, પણ અંગ્રેજ લોકોએ એ વાત મનપર લીધી ત્યારે આ ફીતુરનો છેડો આવ્યો એમ બોલવા લોકોને કારણ આપ્યું. ખરેખર આ ફીતુરથી તાલુકદારો અને તેની રૈયત ખેતીવાડી, લુટ ચોરી, અને ગામો મરાયાથી ઘણું નુકશાન ભોગવ્યું. સીબંધીનો ખરચ અને માણસની હાની પણ ઘણી થઇ.

"પણ એ સર્વ શાથી થયુ? કેવળ ગાયકવાડ સરકારની ચુક અને એ



બંદોબસ્તથી હું તો કહુંછું કે જો સરકારે પ્રથમથીજ ઓખાનો માહાલ વાઘેર પાસેથી લઇ ગાયકવાડને ન સોંપતા પોતા પાસે રાખ્યો હતે તો હું નથી ધારતો કે ઓખા અને કાઠીઆવાડના લોકો ઉપર આ રીતે કદીપણ ગુજરતે. અરે શેજ કારણમાં ઓખાના માહા પવિત્ર ધામની ઘણા કાળની દોલત લુટાઇ ગઇ ! અફશોસ એટલોજ કે આવો બનાવ પોતાના ધર્મના રાજ્ય તળે બન્યો ને જે મતલબશર એ મહાલ ગાયકવાડે પોતાના કબજામાં લીધેલો તે મતલબ પોતાથી કાંઇ પણ પાર પડી નહી. તેનું કારણ એજ કે ગાયકવાડની રાજધાની વડોદરાથી આ માહાલ ઘણો દુર અને અલાયદો રહ્યો. ત્યાંના લોકો પણ બીજા પ્રાંત કરતાં વધારે ફીતુરી તેનો બંદોબસ્ત રાખવ. સારા અને અનુભવી માણસો નેમવાનાં જરૂર તેવી નેમણુક એ સરકાર કરી શકી નહી. પણ તેને બદલે આગળ કહ્યા મુજબ ટુંક મુદતમાં નવા નવા ને અજાણ્યા અજાણ્યા તાતીયા સાહેબો આવી લોકો ઉપર ગમે તેમ વરતવા માંડયા તેનો અંતે શું પરિણામ થશે ? તે તેઓ છેલી ઘડી સુધી સમજ્યા નહી. આવા અધીકારીઓ તળે ઓખામાં વારે વારે તોફાન ઉઠે એમાં નવાઇ શું ? તોપણ અમારા રાવસાહેબો એ બધો દોષ વાઘેરોની ચાલ ઉપર મુકી ગાયકવાડના દરબારમાં આવા દોષથી છુટા થવાનું કરે ને તે ન સમજતાં ગાયકવાડના વીચારને રેસીડેંટસીમાંથી ટેકો મળે એ બેશક આપણે રેસીડેંટસીની ચુક કેમ ન ગણીએ ? આવી ચુકો એજનસીમાંથી વખતે વખત સુચના થયા છતાં પણ સુધરી ન હતી. હવે એવી ચુકો થયા છતાં પણ કાઠીઆવાડના તાલુકદારો અને રૈયતને ગાયકવાડની સરકાર તરફથી નુકશાનનું વલતર ન મલે ને તે વખત સરકાર નકરી રહેવાનું કરે તો તાલુકદારોના મનમાં શું ઓછું ન આવે ? કોકની ચુક, કોકનો અપરાધ, ને આપણે વીના ફોકટ મેહેનત કરી. તોપણ ધાર્યા પ્રમાણે બદલો નથી મળતો ત્યારે તો સરકાર આપણ અને ગાયકવાડને જુદાજ ભાવથી જોય છે એમ તેઓ શું કરવા ન બોલે. અલબત તાલુકદારોએ પણ આવી માગણી કરતાં સામો વાંધો આણવા જેવું તો કર્યું છે. શું કરવા તેઓએ પોતાની હદમાં આવવા દીધા. હદના માલેક થયા તો બંદોબસ્ત રાખવો એ તેનું કામ હતું કે નહી ? સર્વ તાલુકદારો એક મતથી અંગભેળી તેઓને મારવા માંડયા હતે તો આવા જોરાવર રાજાઓની ફોજ આગળ આ નાના ટોળાંના શા ભાર હતા. કાંતો શરણે આવવા ફરજ પત ને કાંતો ટુંક મુદતમાં મરાઇ જાત. પણ તેઓમાં

તે પોચ નહી. સીબંધીનો પણ સારો બંદેબસ્ત નહી. તેતો એમ સમજવા લાગી કે બલવો છે તો આપણો ભાવ પુછાય છે. અરે આવી ફોજ તે શું અજવાલાં કરે! જે કરારથી સરકાર હુકમ પ્રમાણે આપણે ચાલવા બંધાએલા, સરકાર સાથે ઇમાનદારીથી ચાલી તેમનો હુકમ માન્ય કરવો એ આપણું પેહેલું કામ હતું. તેમાં જ્યાં સુધી કશુર ત્યાં સુધી આપણા ખરા હક માગવા હીમતભર કેમ બાહાર પડાય? કદાચ વાઘેરો ઉપર જુલમ થયો છે ને તેઓ વીના ફોકટ માર્યા જાય છે એમ તેઓનો વીચાર હતો તો તેઓની એ શું ફરજ ન હતી? કે સર્વ એકમત થઇ એક કમીટી કરી વાઘેરના બલવાનાં કારણોને લગતો તપાસ ચલાવી પોતાની ખાત્રી કરવી ને પછી તે બાબત જે ખરૂં હોય તે સરકારને જાહેર કરી વાજબી દાદ અપાવવી. જો એજનસીમાં ન સંભળાય તો કમીટી મોકલી પ્રથમ મુબઇ સરકારમાં અને છેવટ વડી સરકારને અરજ કરી તેઓના હકમાં વાજબી કરાવવું અને બીજી તરફથી સરકાર હુકમને તાબે રહેવુ. આ લબત તેમ કરવું મુસ્કલ નહતું. સર્વ સમર્થ હતા, ને તેમ કરતાં તેઓએ ખરૂં દેશાભિમાનપણુ દેખાડી પોતાના દેશના એક જુના અને પ્રસિદ્ધ કુટુંબ તરફ પોતાની ફરજ અને સરકાર તરફ વફાદારી એક સરખી રીતે દેખાડી હત. પણ શું કરે. જે લોકો જાતે પરાધીન, કારભારી પણ બીકણુ ને સ્વાર્થી, જેના મનમાં સરકારી એજંટનાં ખુશામત કરી તેમને ખુશ રાખવા શીવાય બીજા વીચારનાં સ્વપ્નમાં પણ નહી તેની રૈયત વીના કારણ લુંટાય, તેમના ઉપર ગમેતેમ ગુજરે, દરબારી ખજાના ખાલી થાય; તેમાં પછી નવાઇ શું? અરે તેઓના હીચકારા અને બેદરકારપણામાં આવું સુરવીર ટોળું કપાઈ ગયું તે તેઓને નીરાંતે બેશી જોયા કર્યું. આથી શું તેઓના હૃદયમાં લાગ્યુંજ નહી હશે.

"વાઘેર ઉપર ગાયકવાડે જુલમ કર્યો એમાં શક નથી. એ જૂલમ માટે તેઓને દાદ માગવાના સારા ઇલાજ હતા તે આવડ્યા નહી ને જૂની રીત પ્રમાણે આ ઇલાજ સોધ્યો. બેર સોધ્યો તો તેઓને પ્રોકલેમેશન મોકલ્યું ત્યારે તાબે થવુ હતું. વળી તેઓએ બરડાની વસ્ટી પણ ન માની. માટે તેઓને સજા થઇ તે વાજબી હતી. સજા કરતી વખત કોર્ટે પણ રેહેમ કરી છે તોપણ માથાના ફરેલા, લુટી ખાવાનો ચરસ ને દુનીયાંમાં શું થાય છે તેનું જેને ભાન નહી તેથી નીરાંતે તે કેમ બેસાય? તેઓએ કેદમાંથી ભાગી ફરીથી તોફાન



મચાવ્યું તો પછી તેનો પરીણામ એવોજ થવો જોઇયે.

"ભલે તેમ થયો. મને કોઇ બીજા ઢેડ અને પીડાકારક વાઘેર મુવા તેનું કાંઇ તપતું નથી પણ એક ઉંચ ખાંનદાનની આખી ટોળી માટેજ તપે છે. અરે તે સર્વનો ઘાણ નીસરી ગયો. તેઓ સાવ અણુસમજૂતો નહોતા. પણ તેઓને સોબતે ભુલવ્યા. હલકા વાઘેરોએ તેઓનાં માથાં ફેરવી નાખ્યાં. અને વળી તેમાં ગાયકવાડી જૂલમે વધારે અસર કરી. સીપાઇતો ખરાજ. મરવાં મારવાં તેતો હીસાબમાંજ નહી. વાણીયા નહતા કે ભાઇ બાપા કરી કીધેલાં અપમાન માફ કરે. વૈર લેવાના જોસમાં દુર અંદેશે ભુંડું થશે તે સુજ્યુંજ નહી. જોધાના વીચારતો આખરની ઘડી સુધી સારા હતા, પણ બીજાઓયે તેને પરાણે ફસાવ્યો. તેને જગનનાથ ને વિઘાના છાંટા ઉડયા. મુલુ પણ ચડાઉતો ખરો. ઘણી ખરાબીતો તેનીજ હઠથી થઇ છે. તેને ઉશકેરનારા પેલા હલકા હમેશના લુટના ચરસુડા વશીવાલા લોકો હતા. તેઓને જે સજા થઇછે તે માટે હું જરા દીલગીર નથી. ખરો દીલગીર આ મોટા કુટુંબ માટે છું. સરકારે સાહસ કર્યો પણ કહેવાતો નથી. તેમણેતો ઘણીએ વસ્ટીઓ મોકલી, પણ વચેની વસ્ટીવાલા લોકો લાયક નહી એટલે સર્વ બગડી ગયું. વીઘા ને જગનનાથે પણ સુધરવા દીધુંજ નહી. કજા આવી રહી. ઇશ્વરને એમજ ગમતું હશે.

"પણ અરે હજી ભુલવું ઓખામાં હવે પછી ફરીને આવો બનાવ બની દેશની ખરાબી ન થાય તેમાટે શું બંદોબસ્ત કર્યો? મારા અનુભવ પ્રમાણે આ બાબતમાં રેસીડેંસી ખાતેથી તો કાંઇપણુ કોશીસો થઇ છે, પણ ગાયકવાડની સરકારે હજી એ બાબતમાં કાંઇજ કર્યું નથી. બારટનનો બધો વખત ઓખામાં લડાઇથી થયેલી અસર મટાડી બ્યવસ્થા કરવામાં ગયો છે. જાન્સ્ટનની વર્તણુક પણ વખાણવા લાયક હતી ત્યારપછી યલા રાઇસે બલોચ ઉપર એકદમ વિશ્વાસ મુકયાથી ઓખાના લોકોની પ્રીતી મેળવવાને બદલે ઉલટા તેણે અસંતોસ કર્યો. તે બુંમ છેક વડોદરા સુધી ગઇ ને ઘણો વખત એ બાબત કાંઇપણુ તજવીજ ન થતાં છેવટ સ્કોટને નેમવા રેસીડેન્સી ખાતામાંથી જરૂર જણાઇ. આ નવા અધિકારીએ આવતાં વારનેજ બલોચનો બંદોસ્ત કરી લોકોને દીલાસો દઇ ઘણા વખતના દુખ અને ભયમાંથી છુટા કર્યા ઓખામાંથી તેણે હરામખોરોને હાંકી કહાડી, એ ભાગમાં આ દુખદાયક ફીતુરની આખર આણી, એટલુંજ નહી પણ આજ દીન સુધીમાં ઓખાના

લોકોનું મન ને પ્યાર મેળવવામાં એ પેહેલાજ હતા.

"સ્કોટ પછી આવેલા અધીકારી કપતાન જાકશનને જોકે આ ભાગમાં પોતાની લશ્કરી સહિત અજમાવવા બીજાઓની પેઠે ઇતફાક મળ્યોજ નથી, તોપણ એ પ્રાંતનું સમાધાન રાખી આયંદેથી આવો બનાવ ન બને તેમ કરવામાં પોતાની સત્તાના પ્રમાણમાં તેણે ઘણુંજ કર્યું છે. મારૂં એ ભાગમાં થોડા રોજ ફરવું થયું તેટલાથીજ મને ખાતરી થઇ છે કે રૈયત અને વાઘેર બંને જેટલાં એ સરદારને ચાહે છે તેથી સોમેહીસે પણ તેઓ ગાયકવાડી અધીકારીને ચાહાતા નથી. વાઘેરોનો સ્વભાવ ને રીતભાત સર્વ લોકોને જાણીતી છે. તોપણ તેઓ ખુલ્લા બોલે છે કે સરકારી કચેરીમાં વાંક કરીએ તો ફાંશી ને કેદની સજા કરે છે, પણ તે ન્યાય કરીને ને ગાયકવાડી અધીકારીઓ તો મરજીમાં આવે તેમ વર્તે છે એ અમારાથી સહન થઇ શકતું નથી. ઓખામાં જેટલો આસીસ્ટંટ રેસીડેંટનો ધાક છે તેટલી તે ઉપર લોકોની પ્રીતી છે. અજમાયશ તરીકે થોડી મુદત સરકાર તેને બેશવી તમામ સત્તા ગાયકવાડી વૈવટદારને સોંપે તો હું નથી ધારતોકે ફરી તુફાન ઉઠતાં લાંબી મુદત જોઇયે. આવી રીતની ઓખાની સ્થીતી જોતાં છતાં પણ ઉપરી અધીકારીઓ એ પ્રાંતનો કારભાર ચલાવવામાં હજી પણ ભૂલ કરે છે વાઘેરોને લગતી તમામ સત્તા રેસીડેંટના હાથમાં રહેવી જોઇંતી હતી તેને બદલે ફોજદારી વગર, બાકીની દીવાની અને રેવીન્યુને લગતી કુલ સત્તા વૈવટદારને સાંપવામાં આવી છે ને હજીપણ બાકીની મેળવવા વૈવટદારની પ્રેરણા જારી સંભળાય છે. તે પ્રમાણે કદાચ ગાયકવાડની દરબાર તરફથી દરખાસ્ત થઇ ને દરબારને ખુલા કરવા કદાચ રેસીડેંટ તરફથી ફરીને ભુલ થઇ, તો ઓખાની સલાહ પછી લાંબો વખત રહે એ શક ભરેલું છે.

"વૈવટદારને જે સત્તા મળી છે તેથી વાઘેરોના મનમાં અસંતોસ પેદા કરવા સીવાય કોઇપણ સારી અસરતો થઇજ નથી. વાઘેરોના મનનો અસંતોસ દીનબદીન વધતો જાય છે મુલુના કુટુંબ તરફ પણ વૈવટદારની વર્તણુક એવી છે કે એજ કારણ વાઘેરોનાં મન ફરી ઉશ્કેરવાને બશ છે. હાલ જે સમાધાન રહ્યું છે તે ફકત તાજા માર અને રેસીડેન્સીના દાબથી. પણ એ દાબમાં કાંઈપણ ઘટાડો થયો ને જે વખત જાય છે તેથી થયેલી સજા વીશે વિસ્મૃતિ થઇ કે પછી તેમાંથી કોઇપણ તુફાન ઉઠવા વારજ ન સમજવી.

"ઓખાની તાજા મારથી પાયમાલ થઇ ગયેલી વાઘેર રૈયતને તેમ-



પોષણ થવા યોગ્ય સારે ધંધે લગાડી તેઓને તંગીથી દૂર કરવા જોઇયે તંગી ને ભુખ માણસનાં મન ઘેલાં કરી મુકે છે. તેઓ સારે ધંધે લાગે તેની સાથે તેઓના મનમાં સરકારનો ભય ને તેમના અદલ ન્યાયને લગતા વિચાર જારી રહેવા જોઇએ. તેમ તેઓની જાતીના મુખી મુલુ અને જોધાના કુટુંબના માણસોની હાલત ઉપર પણ હમેશાં ધ્યાન આપવું જોઈએ. કારણ તેઓ માટે વાઘેરોને એટલુંતો તપે છે કે તેઓ સારૂં પોતાના જીવની પણ તેઓ દરકાર કરતા નથી. તેઓનું મન એ કુટુંબ તરફ હમેશાં ગયાજ કરે છે. તેવામાં કોઇ પણ ન સહન થાય તેવું કામ અધીકારીઓ તરફથી કદાચ બની આવ્યું તો પછી કાંઇપણ દુર અંદેસે વિચાર ન કરતાં શેજમાં તેઓ દીવાના બની જવાના. માટે આયંદે આવું ફીતુર ઉઠી ઓખા અને કાઠીયાવાડની રૈયત ખરાબ ન થાય તે ખાતર ઉપરની વાત ધ્યાનમાં લેવી જરૂર છે."

વાઘેર લોકોના છેવટના બળવાના સમાધાન વખતે તે લોકોની સ્થિતી ઘણી દયામણી થઇ ગઇ. કોઇના ઘરમાં એકટંક ખાવાનું મળે નહિ. ઘણા જોરાવર લોકો હતા, તે મરી ગયા, ને બાકીના તેઓને આશરે રહેનારા વાઘેરોમાં લડાઇ કરવાની હિંમત નહિ રહ્યાથી શાંત બેશી રહેવા સ્થિતિમાં આવી પડયા. લાંબા વખતનો ચાલતો આવેલો ઝગડો શાંત પડી જતાં, પોતાનો તથા પોતાના કુટુંબનો નિર્વાહ શી રીતે કરવો તે વિશે તેમને મોટી ફીકર થવા લાગી. જો કે તેઓમાં એટલી બધી હિંમત રહી નહોતી કે ફરી સામા ઉઠી બંદ ઉઠાવે. તોપણ સામાન્ય લુટ ચોરી વિગેરે તેઓ કરવા માંડયા. આવો સમય જોઇ તુરત નામદાર ઇંગ્રેજ સરકાર તથા મહારાજા ગાયકવાડ સરકારે ઓખામંડળના રાજ્યકારભારને વધારે મજબુત પાયાપર લાવી મુકવા તથા લોકોમાં શાંતી ફેલાવવા પોતાનું ધ્યાન લગાડયું. વડોદરાના નામદાર રેસિડેન્ટ સાહેબના આસિસ્ટંટ સાહેબને વાઘેર લોકોનું સર્વ પ્રકારનું ઉપરીપણું સોંપી દ્વારકાંમાં રાખવા ઠરાવ થયો. અને રેવિન્યુ તથા બીજી બધી બાબતો કે જે વાઘેર લોકોને લગતી ન હોય, તે ગાયકવાડી કારભારીને સોંપવી. એટલે કે વાઘેરોને લગતી બાબતનો ફડચો આસિસ્ટંટ એજંટ ગવરનર જનરલ સાહેબે કરવો.

વાઘેર લોકોની નબળી સ્થિતિ શી રીતે સુધારવી, ને તેને માટે શાઇલાજે કામે લગાડવા કે જેથી તેઓ લૂટફાટ નહિ કરતાં પોતાનું ગુજરાન અચ્છી રીતે કરી શકે. તેટલા માટે જમીનનો નવો બંદોબસ્ત કરવામાં આવ્યો;

કારણ તેમાંના કેટલાક લોકો બળવામાં સામેલ હોવાથી તેમની વંશપરંપરાની જમીન જતી રહી હતી. તેથી હવે નવીન જમીન તેઓને સલામી તરીકે આપવામાં આવી. તેનો દર પ્રત્યેક સાંતી ( વીઘા ૪૮ ) દીઠ વાર્ષિક રૂપિઓ ૧ તેઓએ મહારાજા ગાયકવાડ સરકારને આપવો તે ઉપરાંત જો તેઓને જમીન રાખવી હોય તો ઇતર રૈયતને જે દરથી આપવામાં આવે છે તે દરથી મળી શકે. આના બદલામાં તેઓને એવી શરતો કબુલ કરવી પડી કે સુલેહ રાખવી, બારવટીઆઓને આશ્રય આપવો નહિ, અને પોતપોતાનાં ગામ પાસેનાં જંગલો કાપી નાંખવાં વિગરે. આવી રીતના જમીનના બંદોબસ્ત વખતેજ આ પ્રાંતમાંથી જંગલ સાફ કરી નાંખવાની, તેમજ ખેતીવાડીના વધારા અને દેશના સુધારા માટે કુવા અને તળાવો ખોદાવી સુધારો કરવાની તજવીજ કરવામાં આવી.

વળી આ લોકોને હમેશના જાથુ ધંધામાં લગાડવા તેઓનું એક લશ્કર ઉભું કરવા હિલચાલ ચાલી; કારણ આ વાઘેર લોકો હિંમતવાન હોઇને લશ્કરી સેવા બજાવવામાં સારા ઉપયોગી થઇ પડે, એવા ઇરાદાથી ઘણા જણને પલટણમાં દાખલ કર્યા. પરંતુ રીતસર કવાયદ કરી, સિપાઇગીરીની નોકરી કરવા અયોગ્ય રીતે પોતાના લોકોની તેઓ દાઝ ધરતા. અને તેથી ઉલટું સરકારને એમ જણાયું કે આ લોકોને પલટણમાં રાખવાથી બકરૂં કાહાડતાં ઉંટ પેસ્યા જેવું થશે જાણી; તેઓને કમી કર્યા. અને અંતે તેઓને નોકરીમાં રાખવા સંબંધી સરકારનો હેતુ બર આવ્યો નહીં. તેથી આ કોમપર પૂરતો દાબ રાખવા મહારાજા ગાયકવાડ સરકારના ખર્ચથી એક મોટું લશ્કર ઉભું કર્યું. તેમાં આશરે પાંચસો માણસો દાખલ કરેલા છે. આ લશ્કરમાં પઠાણ, હિંદુસ્થાની, પંજાબી, મરાઠા, વીગેરે લડાયક વર્ગને દાખલ કર્યા. અને પલટણની તમામ દેખરેખ સંબંધી ઉપરીપણું આસિસ્ટંટ એજંટ સાહેબના સ્વાધીનમાં આપ્યું તેથી તેઓ ઓખા બટાલિઅનના કમાન્ડિંગ સાહેબ પણ કહેવાય છે.

બળવાના વખતે ઉજડ થએલાં ગામડાં ફરીથી વસાવ્યા. તથા દરેક ગામે પલટણનાં થાણાં રાખ્યાં. થાણાંના અમલદારને વાઘેર લોકોની રાત્રમાં ત્રણ વખત હાજરી લેવા હુકમ અપાયા, તથા રાત્રની વખત રોન ફરી ગામનો બંદોબસ્ત રાખવા ફરમાન થયું. વાઘેરો સામેની યાતો વાઘેરોની ફરીઆદ સાંભળી સાહેબબહાદુરને બંગલે આવી વરધી આપવા સંબંધી કામકાજ પણ



તેઓને સુપ્રત કરવામાં આવ્યું. વળી આ થાણાંવાળાને પોતાના કામમાં મદદ માટે વાઘેર પટેલની નીમનોક કરી, તેમનો માસિક પગાર રૂ. ૧૦ નો ઠરાવ્યો. ને તેમનાપર ગામની તમામ જવાબદારી રાખી. આ પટેલાઇ સારા સારા સક્ષો જણાય તેઓને અપાય છે. અને સરકાર વિરૂદ્ધ, અગર લોકોની સમાધાની વિરૂદ્ધ કાંઇ કૃત્ય કર્યાનું, અથવા તે બાબતમાં સામેલગીરી, યાતો અખાડા કર્યાનું તોહોમત તેમનાપર આવે, વ તેવું શક લાવવા કારણ બની આવે, તો તે પોતાના હુદ્દા માટે નાલાયક ગણાઇ બીજા કોઇ લાયકીવાળા સખસને પટેલાઇ અપાતી જોઇ આ વાઘેરો કેટલેક દરજ્જે સારી રીતે વર્તન કરતાં શીખ્યા.

વળી તેઓને એક ગામથી બીજે ગામ જવાનું હોય ત્યારે પોતાના જવાની ખબર તે થાણાંવાળાને આપી ત્યાંથી ચીઠી લઇ જે ગામમાં રાત્ર રહે ત્યાંના થાણાવાળાને બતાવી હાજરી આપે. આવી રીતનો ઓખાની અંદરને અંદરના ગામમાં જવા આવવા સંબંધે બંદોબસ્ત થયો. ઓખામંડળની હદ છોડી પરહદમાં જવું હોય તો અગાઉથી મેહેરબાન આસિસ્ટંટ એજંટ સાહેબનો પાસ મેળવી જે મુદત તેમાં ભરી આપી હોય તે પુરી થતાં અવલ તેઓએ હાજર થવું જોઇએ. મુદત ઉપરાંત કોઇ જગોએ રહેવું નહીં; એવી તેમનાપર ફરજ રાખી.

ઉપર જણાવ્યા પ્રમાણે નિભાવનું સાધન અને બંદોબસ્ત થવાથી ઓખામાં ધીમે ધીમે શાંતી ફેલાતી ગઇ. નવીન બંદોબસ્ત કાયદા તથા કાનુનોને અનુસર્યા સિવાય છુટકો નથી, એમ તેઓના સમજવામાં આવતું ગયું. તેમની દાદ ફરીઆદનો ફડચો તરત થતો જોઇ તેઓને ધીરજ આવી. સરકાર વિષે રાજપ્રકરણી બાબતમાં રફતે રફતે તેઓને વિશ્વાસ બેશી જવાથી તથા લૂંટ, ચોરી, ખુન વિગેરે ગુન્હાહીત કૃત્યો કરનારને થતી ભારે સજા જોઇ ઘણાખરા સમજતા ગયા કે લૂટફાટ કરવાની રીતને વળગી રહેવામાં કશો લાભ નથી ને તેથી ભારે ગુન્હાનાં કૃત્યો ઓછાં બનવા લાગ્યાં.

આગળના વખતમાં ઓખામાં વળાવા વગર કોઇ માણસ ક્યારે પણ બહાર ફરી શકતા નહીં, અને ચોતરફ થોરના ખડા તથા પથ્થર વગર બીજુ નજરેજ ન આવતું, તે જગ્યોએ હાલમાં ગમે તે ઠેકાણે બીન ધાસ્તીથી વળાવા વગર ફર્યા કરો, એવો બંદોબસ્ત છે છતાં પણ કોઇ કોઇ ઝનુની માણસો પોતાનો હેતુ પાર પાડવા ગમે તેવું ભયંકર કૃત્ય કરવા એક-

દમ ઝંપલાવી બહાર પડે છે, સંવત ૧૯૨૮ની સાલમાં વસઇ ગામના રેહેનાર નથુ જેતાએ એક બે સોબતીને સાથે રાખી બેટથી દ્વારકાં આવતાં મકનપોર બોરખત્રી અને કચ્છી ગઢ પાસે એક યાત્રાળુનું ગાડું લૂટયું, ને ગાડાવાળાને ખુબ માર મારી સદરહુ યાત્રાળુનો સોના રૂપાનો માલ લઇ ગયા. આ લૂટનો પત્તો લગાવવા મેં આશીસ્ટંટ એજંન્ટ સાહેબ તરફથી સખ્ત હુકમો નીકળ્યા. તે વખતે ઉત્તર વિભાગના નાયબ ફોજદાર જટાશંકર કુંવરજી હતા કે જેમણે સરકાર તરફે બળવાની સમાધાની કરવાના કામમાં સારી મેહેનત લીધાનું કેહેવાય છે, તેમના ઇતલાની આ લૂટ હતી. તેઓ તપાસ કરવા મંડયા. અને બાતમી પરથી જણાયું કે આ લૂટ કરનાર વસઇવાળો નથુ જેતા છે ને તે ખરેખરો શકદાર માલમ પડ્યો. તે ઉપરથી ફોજદારસાહેબે નથુને કંઈ સબબ બતાવી હાજર થવા લખ્યું. નથુને શણસા પડી ગઇ ને હાજર નહી થતાં ઓખાની હદ મૂકી ભાગી બારવટે નીકળી પડ્યો. આ વાતની ખબર થતાં તેના સોબતી પણ તેને જઇ મળ્યા. આ વાત જાહેરમાં આવતાં ઓખામંડળની તમામ પ્રજાનાં મન ભયથી ઉચક થયાં અને સૌ કોઈ પોતપોતાની માલ મીલકતને માટે ધાસ્તીમાં પડ્યા. બળવાનો પ્રસંગ સર્વેને યાદ આવવા લાગ્યો તેથી કરી સરકારને ચાંપતા ઉપાયો લેવા જરૂર જણાઇ. આ હકીકત ચાલતી હતી તેવામાં વળી મૂળ વાસરનો રેહેનાર ગંગાધર સુમણીઆ તથા વીરા હરીયાને કોઇ મેમણ સાથે બોલા ચાલી થએલી તે ઉપરથી આ લોકો પણ સદર મેમણ ઉપર બારવટે નીકળ્યા, અને નથુ જેતાની ટોળીને જઈ મળ્યા. તેઓ કોઇ વખત બારાડીમાં તો કોઇ વખત બરડા તરફ ને કોઇ વખત ઓખામાં પણ આવતા. એક વખત ગુપ્ત રીતે ઓખાનાં ગામ મુળ વાસરમાં આવી, બારવટીઆ આવ્યા હતા એવી જાણ કરવા એક મેમણને માર મારી પાછા જતા રહ્યા. બારાડી, બરડા વીગેરે તરફથી બીજા લોકો આ વાઘેરો સાથે મળ્યા, ને જાસ્તી બારવટીઆનો જમાવ થયો. તેથી સરકાર અને બીજા તાલુકદારોની ગીસ્તો ફરવા મંડી. કાઠિયાવાડના ઘણા ભાગમાં તેઓના બારવટે નીકળ્યાના ખબર ફેલાયા, ને લોકો ચિંતામાં પડયા. તેથી તેમને જલદીથી હાથ કરવા સરકારને જરૂર જણાઇ. કારણ તેમ ન કરે ને કાઠિયાવાડની બીજી લૂટારૂ પ્રજા તેઓને મળે તો પછી સમાધાની થતાં ઘણું મુસ્કેલ થઇ પડે. આ લોકોને હસ્તગત કરવા અહીંના મેહેરબાન આસિસ્ટંટ એજંટ ગવરનર



જનરલ સાહેબ બહાદુરની કોશીસ ચાલતી હતી તેને લઇ ગંગાધર તથા નથુ શરણ થયા; અને બાકીના રહ્યા, તેના માટે ગીસ્તો ચાલુ હતી. એક ગીસ્ત મેહેરબાન વિલ્યમસ્કોટ સાહેબ લઇ બરડા તરફ ફરતા હતા. આ સાહેબ ઓખા મંડળના આવા લોકના પુરા અનુભવી છે એમ એ ટોળીનાં માણસો સારી રીતે જાણતા હતા; કારણ તેઓ ઓખામંડળમાં આસિસ્ટંટ એજંટ સાહેબના હુદ્દાપર આવી ગયા હતા. તેથી ગીસ્તમાં ફરનારા પૈકી આ સાહેબનું નામ જ્યારે એ ટોળીવાળાના જાણવામાં આવ્યું ત્યારે તેઓ હરોળી ગયા; અને અંતે તેજ સાહેબને હાથે જશ આવ્યો. સઘળી ટોળીને હાથ કરી યોગ્ય સજાએ પહોંચાડી; અને આવી રીતે સઘળાં બારવટાંનો અંત આવ્યો.

આ પ્રજા કોઇ પણ પ્રકારે લુટ ચોરી કરવાનો ધંધો છોડી દે, અને સારો આબરૂદાર ધંધો પકડી, પોતાનો નિર્વાહ કરે એવો સરકારનો ઇરાદો છે. પરંતુ વચમાં વચમાં આવાં તોફાન ઉઠાવી બારવટે નીકળે છે, નાશી જાય છે, તેથી જણાઇ આવે છે કે સરકારના ઇરાદાને બરોબર સમજી જઇ તે પ્રમાણે વર્તન કરે, તેટલા સમજુ આ લોકો હજુ થયા નથી. અને પથર ઉપર પાણી રેડયા કરો પણ પલળે નહી, તે માફક સઘળું છે. એક તરફ જોતાં ઓખામાં સલાહ શાંતિ છે, બંદોબસ્ત પણ જોઇએ તેટલો છે એ વાત ખરી, તોપણ જે લત તેઓને લાગી છે; તે ગમે તે ઉપાય કામે લગાડયા છતાં જતી નથી. તેઓ કહેછે કે "ભુખ મરદાસી તો ધરાર ચોરી કરદાસી, સરકારે જેલ અસાંજે સારૂંજ બંધીઆય" એટલે ભુખે મરશું તો ધરાળ ચોરી કરશું, અને જેલમાં પડશું જેલ અમારે માટેજ બાંધેલ છે એમ પણ અજ્ઞાનથી કહેછે. ઓખા મંડળની જમીન પાડોશના બીજા પ્રાંતો સાથે સરખાવતાં ઘણી નબળી છે, વરસાદની તંગીને લીધે પાક સારો થતો નથી. ને તેથી બીજા ધંધા વગર બાર માસનું ગુજરાન ચાલી શકે તેવી પેદાશ થતી નથી; તેથી ભૂખના માર્યા ગુજરાનને માટે આ ધંધો આદરી બેસતા હશે, એમ કદાચ કોઇના ધાર્યામાં આવે તો તેવું નથી; કારણ તંગી અને દુષ્કાળના વખતમાં કેવળ આ લોકોના નિર્વાહ ખાતર મહારાજા ગાયકવાડ સરકાર તરફથી "રીલીફવર્કસ" ખુલ્લાં મુકવામાં આવે છે. માં ઘણા લોકો મજુરીએ જાય છે. વળી ઉનાળાના દીવસોમાં વાડીઓ બનાવી બાગાયત કરવા માટે કુવા ખોદવા સરકાર તેમને તગાવી આપે છે.

એવા અનેક પ્રકારે સરકાર ખંત રાખી તેઓને સુધારવાનો પ્રયાસ જારી છે.

જોકે હાલના વખતમાં આ વાઘેર લોકો અગાઉની માફક ફિતુરી પ્રજા બની દેશને હેરાન ગતી પોહોંચાડે એવો પ્રસંગ બની આવવો કઠણ છે તોપણ એકંદર હકીકત જોતાં હજી એમતો નથીજ કહી શકાતું કે આ લોકો પોતાનો અસલનો ધંધો બીલકુલ છોડી બેઠા છે. કારણ તક આવે તેવાં કૃત્ય કરવા કદી ચુકતા નથી. તે લોકોના હાલના આવા ધંધા તેમના અગાઉના આવા ધંધા સાથે સરખાવતાં જુજ છે એ વાત ખરી છે. સારા આબરૂદાર વાઘેરો ગણાય છે અને જેઓ પોતાની ઇજત જાળવવા ઇન્તેજાર હોય છે તેઓતો આ ધંધાની પડખે પણ ચડતા નથી. અને ઉલટા તેવાં કૃત્ય નહી બનવા દેવાપર પુરતું લક્ષ આપે છે. પરંતુ પાંચે આંગળીઓ કંઇ સરખી હોતી નથી એ કહેવત પ્રમાણે તેમનામાં પણ હજુ પ્રસંગોપાત તેવા લોકો બહાર પડી લૂટ કરે છે. અને જ્યારે તેમનાં તેવાં કૃત્ય પકડાય છે ને તેના માટે તેમને સજા થાય છે ત્યારે વળી થોડો વખત શાંતિ જણાય છે. ઓખામંડળમાં બંદોબસ્ત સારો છે છતાં આવાં કૃત્ય કેમ બનતાં હશે એમ કોઇને લાગે તો તે લોકો કંઇ બંદોબસ્તની ખામીનો લાભ લઇ આવું વર્તન રાખે છે એમ નથી પરંતુ એ તેઓનો જાતી સ્વભાવ પડી ગયો છે.

આ જાતી સ્વભાવમાં કેટલેક દરજ્જે સુધારો થાય અને તેઓ સારી રીતે વર્તતાં શીખે એ હેતુથી તેમને કેળવણી આપવા મહારાજ ગાયકવાડ સરકારે કૃપાવંત થઇ ગામડાંઓમાં નિશાળો સ્થાપન કરેલી છે. ફીના દર ઘણો ટુંકો રાખી વાઘેરના છોકરાઓને ભણાવવાનું ખર્ચ આપવા નિમણુંકો આંધી છે. પણ આ ઉદારતાનો લાભ તેઓ બીલકુલ લેતા નથી.

આ લોકો ઘણા હિંમતવાન અને બહાદુર છે. અને ગમે તેવી આફત પડે તોપણ ડરે તેવા નથી. આ લોકો ટાઢ તડકો ભૂખ સહન કરી શકે છે. તેમનો ખોરાક મુખ્યત્વે કરી જુવાર અને બાજરીનો છે. માંસનું ભક્ષણ પણ કરે છે. આ લોકો મુસલમાનમાં કન્યા આપે છે પરંતુ ખાધા પીધાનો વેહેવાર મુસલમાન સાથે રાખતા નથી. પરચુરણ ચીજની લેવડ દેવડ તેઓ દાણા આપી કરે છે. આ લોકોનો પેહેરવેશ ખેડુ લોકોના જેવો છે. બોલવા ચાલવામાં તેઓ સભ્યતા વાળા નથી, એ કંઇ નવાઇ જેવી વાત નથી કારણ તે લોકોએ કોઇપણ જાતની કેળવણી લીધી નથી. ગમે તેવા દરજ્જાના માણસને "તું" કહી બોલાવે છે. અને પોતાને "અમે" કહી બોલાવે છે. આવી રીતે બોલવું એ તેઓની સામાન્ય રૂઢી છે. છતાં પણ રાત દહાડો સમાગમમાં આવવાથી આવી ટેવ કેટલેક દરજ્જે કમી થતી જાય છે.



આ લોકોના હાલ મુખ્ય ધંધા ખેતી, મજુરી ગાડાં ભાડે કરવાના અને ઓખાની સીમમાંથી લાકડાં વાઢી લાવી વેચવા વિગેરેના છે. અને જેઓ આ ધંધા પૈકી કોઇપિણ ધંધો પ્રમાણિક પણે તથા નેકનિષ્ટાથી કરે તો તેઓ પોતાનું ગુજરાન અચ્છી રીતે ચલાવી શકે. અને જ્યારે ગુજરાનનું સાધન સારી રીતે હોય ત્યારે શા સારૂં નિંદવા યોગ્ય ગુન્હા કરી પોતાની ઇજતને હાની પોહોંચાડવી. આ લોકો વળાવા તરીકે ઠીક ઉપયોગમાં આવે છે. કોઇ હરામખોર ગાડું લૂટવા આવે તો જ્યાંસુધી પોતામાં જીવ હોય ત્યાંસુધી સામા થઇ બચાવ કરે છે. તેમ નહી કરે તો પોતાની નાત જાતમાં હીણુ દેખાય એવી તેમની સમજ છે. વળી આ લોકોનાં ગાડાં ભાડે કરવાથી પણ કોઇને ડર ખાવા જેવું નથી. કારણ આ લોકોનાં ગાડાં તેમના માનની ખાતર બીજા કોઇ લુટતા નથી. અને કદાચ લુટે છે તો પોતાના જીવને જોખમે પણ બચાવ કરવા તૈયાર રહે છે.

અત્રે જે જે અમલદારો આસિસ્ટંટ એજંટ સાહેબના હુદા ઉપર આવેલા છે તેઓએ આ વાઘેરોને સુધારવા ઘણું ઘણું કર્યું છે. મેહેરબાન જાકશન સાહેબ જ્યાં સુધી આ હોદા ઉપર રહ્યા ત્યાં સુધી તેઓએ ઓખામાં સમાધાની સારી જાળવી, પ્રાંતને સુધારવા ઘણું મથ્યા. જે વખતે જે જરૂર જણાયા તેવા બંદોબસ્ત રાખી બળવાના વખત પછીની સ્થિતિમાં દિન પ્રતિદિન સુધારો કર્યો. તેઓ સાહેબના આ પ્રાંતમાંથી સીધાવ્યા બાદ તેમની જગો પર મે. વૉલ્ટર સ્કૉટસાહેબ સન ૧૮૭૫ના અકટોબર માસમાં આવ્યા. આ સાહેબે પોતાના લશ્કરી રોઆબથી વાઘેરોમાં ત્રાસ વર્તાવી દીધો. અને ઓખાની સ્થિતિ વખત જતે સારા પાયાપર લાવી દીધી. વાઘેરો કોઇ કોઇ વખત લુટ કરતા પરંતુ જાતે શ્રમ લઇ ગુન્હેગારને પકડી કાડી ભારે સજા કરી બીજાઓમાં સારો દાખલો બેસારી દીધો. આ સાહેબે ઓખા મંડળની સ્થિતિ સુધારવા તરફ જેટલું મન લગાડયું તેટલુંજ મન લોકોપયોગી કામ કાજમાં આગેવાની ધરાવી લગાડયું. લાયબ્રેરી, દવાશાળા, સ્કુલ વીગેરે મકાનો ઉપર જાતે દેખરેખ રાખી બંધાવ્યાં ઓખા મંડળની લાયબ્રેરી જે આજે સારી વખણાય છે તે બદલનું માન આ સાહેબને ઘટે છે. રસ્તાઓ સુધાર્યા તથા આરંભડાની અને ચરકલા ગામના રણ સુધીની

સડકો બંધાવી તેની બંને બાજુપર ઝાડો રોપાવી ઘણી શોભા કરી આપી છે. આ સાહેબને ઝાડનો ઘણો શોખ હતો. બાગબગીચા ઉપર જાતે દેખરેખ રાખી મેહેનત લઇ સુધાર્યા. દરેક ગામનાં તળાવો ઉપર ઝાડો રોપાવી ઉછેરી મોટાં કરાવ્યાં છે. તે બધાં અદ્યાપ પર્યંત હયાત છે એ ખરેખર તેઓ સાહેબના નામની મોટી યાદગીરી છે. એમના પછી મે. સામન સાહેબની માયા તે ટુંક મુદ્દત રહ્યા બાદ મે. હરિસન સાહેબ સન ૧૮૮૮માં આવ્યા તે આજ સુધી આકિટંગપણે તેજ હુદ્દો ભોગવે છે. આ સાહેબ ઓખા મંડળના જુના વખતના અનુભવી છે. તેઓ સ્વભાવે ઘણા શાંત છે. લોકોની દાદ ફરીઆદ શાંત વૃત્તિથી સાંભળી તુરત તેનો નીકાલ કરી નાંખે છે. કંઇ ગુન્હો બને તો જાતે શ્રમ લઇ તેનો પીછો જલદીથી મેળવે છે. તેમના અમલથી ઓખા મંડળની પ્રજા ખુશી રેહે છે અને અંતઃકરણપૂર્વક તેઓ સાહેબને ધન્યવાદ આપે છે.

આ પ્રાંતમાં જેજે સાહેબો આસિસ્ટંટ એજન્ટના હુદ્દા ઉપર આવેલા છે તેઓનું સાલવાર લીષ્ટ નીચે જાણ માટે ઇલાયદા આપવામાં આવે છે.

| | |
|---|---|
| મે. એલ. સી. બારટન સાહેબ | સન ૧૮૫૯ |
| મે. આર. એન. જૉન્સ્ટનસાહેબ | ” ૧૮૬૧ |
| ” આર. રાઇસિસાહેબ | ” ૧૮૬૩ |
| ” વિલિઅમ સ્કૉટસાહેબ | ” ૧૮૬૫ |
| ” એફ. એચ. જૅકસનસાહેબ | ” ૧૮૭૩ |
| ” વૉલ્ટર સ્કૉટસાહેબ | ” ૧૮૭૫ |
| ” ડબલ્યુ. એ. સામનસાહેબ | ” ૧૮૮૮ |
| ” એચ. હરિસનસાહેબ | ” ૧૮૮૮ |

(હાલ સુધી છે)



## વધારો નંબર ૧ લો.

### ઓખાના વાઘેરોમાં જે શાખાઓ છે તેની ટીપ.

| | | |
|---|---|---|
| સુમણીયા. | સુમરામાંથી. | સીંધથી આવ્યા. |
| ચમડીઆ. | ચાવડામાંથી. | |
| કેર. | ઓઢા કેરના વંશના. | |
| વાઘા. | સરધારના વાઘેલામાંથી. | |
| ગાદ.<br>ભાયા.<br>ભગાડા. | બલોચ. | |
| બડીયા. | બાબરીયા. | |
| જગતીયા. | ઝાલા. | |
| જડીયા. | રાઠોડ. | |
| મકવાણા. | ઝાલા. | |
| મચ્છુઆ. | આહેર. | |
| કુચ્છડીયા. | મેર. | |
| કાજરા. | કાઠી. | |

## વધારો નંબર ૨ જો.

### વાઢેળની વંશાવળી.


વેરાવળજી.
|
મેહજી.
|
વીકમશી.
|
ગજસીંહજી.
|


કાંધાજી.
|
બલારજી.
|
ભગધરીઆગરજી.
|
શાગજી.
|
નાથજી.
|
જશધમલજી
|
કુઆરજી
|
દુદોજી
|
શાગણજી
|
ભીમજી
|
જરાધમલજી
|
શગરામજી
|
મોણમજી
|
રાએમલજી
|
સગરામજી
|
અખેરાજજી
|
ભીમજી
|
શગરામજી
|
ભોજરાજજી
|



- ભોજરાજજી
  - વજેરાજજી† પોસીતરાવાળા
  - ભીમજી* આરંભડાવાળા
  - દેવાજી
    - નોઘણજી
      - સામતજી
        - ઉનડજી
          - નારણજી
            - અમરસીંગ.
            - ભૂપતસીંગ.
            - ભગવાનસીંગ.
          - કારોભાઇ
            - કાનેરજી.
            - નથુજી
          - મુરૂજી
            - માઘવસીંગ
          - ભીમજી
      - અમરજી
        - પથાજી
          - જગતસીંગ
            - અજાભાઇ
          - હરદોરજી
            - જેઠીજી,
              - હમીરસીંગ
            - અલીયાજી.
            - કેસરજી.
              - ભારોજી
            - હદાભાઇ.
          - જીજીભાઇ
            - કલ્યાણસીંહ
              - જેમલજી
        - નાનાભાઇ
          - હાલોજી
            - મદારસીંહ.
              - મેઘરાજજી
            - કનુભાઇ.
          - જીઓજી
            - નોંઘણજી
      - નાથોજી
  - બાપુભાઈ
    - ખેગારજી
  - બાપજી
    - ગોદડજી

BARODA COLLEGE LIBRARY.


*ભીમજી (આરંભડાવાળા)
ભાભોજી
હાલોજી
કાકોભાઈ
રામાભાઇ
મોકોજી. અદોભાઇ. દેવાજી. માનાભાઇ
ડોશોજી. રાજશોજી. બાવોજી
શગરામજી
મોડજી
અમરાજી
મેરોજી
શામજી. શુજોજી
ભારોજી
નોઘણજી
કાકોભાઇ
રતનસીંહ
જેઠીજી શતોજી
વીકમજી
વાઘજી
જોરાવરસંગ
અભેસંગ
દાદાભાઇ
દોલતસીહ. દાનસીંહ. વેરાજી. અમરસંગ, પરતાપસીંહ.
ગોઠજી
જેઠીજી
જાલમસંગ
લધુભા
બાલુભાઇ
ખેંગારજી
બાપુજી
પુંજોજી
પ્રાગજી. લખુભા. દાનુભા. હરીસંગ. માનસંગ. ભગવાનસંગ. ભોજરાજજી. હમીરસંગજી.
નારૂસંગજી.
સગરામજી
સુરમંગજી


†વજેરાજજી. (પોસીતરાવાળા)
તેજમાલજી
(*) નીચે જુવો
બાવોજી
અલીયાજી
હાલોજી
થાનસંગ
ભાણજી
હદોભાઇ
જેમલજી
મોટોજી
નાનોજી
ગજુભાઇ. કેશવજી. હઠીભાઇ.
મુલુજી
વાગજી
કલોજી. દાજીભાઈ.
લાખોજી
પ્રતાપસંગ
વીગોજી
દેવોજી
કરણજી
ભારોજી
ભાઇજી.
ભાવસંગ
મેરૂજી
લધુભા
વીકમાતજી
ખેંગારજી
ગગાજી
રૂપસંગ
ખોડોજી
નારણજી
કારૂભાઇ. સુજાજી.
લાખોજી
રવોજી
મહારસીંહ
અમરસંગ.
ખીમોજી

(*) તેજમાલજી

- વજેરાજજી
  - ગોડજી
  - જીવાભાઇ
    - દાદાભાઇ
      - રામોભાઇ
      - રાણોજી
      - રણમલજી
        - લાખોજી
        - પુંજાજી
        - જીઓજી
  - ભારોજી
  - મેઘરાજી
    - પ્રાગજી
      - સામતશંગ
        - ગોવિંદશંગ
          - ભોજરાજજી
  - હાથીભાઇ
    - જાલમશંગ
      - ડોસોજી
    - નાંધણજી
      - મગજી
- નથુજી
  - દેશલજી
    - કેશોભાઇ
    - રતનશંગ
  - પથુભા
    - બાપજી
- શુજોજી
  - નાનજી
    - જીણોજી
      - કલોજી
    - જેઠીજી
      - અમરશંગ
      - ભાભોજી
      - ઉનડજી
      - ગગજી
    - હમુભાઇ
  - દેવોજી
- જશાજી
  - રાધુભ
    - મુલજી
      - રણમલજી
      - પુંજોજી
  - બાપુભાઇ
    - પુંજોજી
    - જીજીભાઇ
      - દેવજી



## વધારો નંબર ૩ જો.
## વાઘેરોની વંશાવળી.

હમીરજી.


- માણક.
  - ગડીઓ
    - રીણો
      - સામલો.
        - સુરો
          - ભીયો
            - વેરસી.
  - રાજપાળ
    - સણેસર તેમાંથી ૫૦૦ પીંડારા થયા
  - સરીઓ
    - સરીયા વાઘેર
  - આખો
    - આંમલીયા આહેર
  - રાઓ.

He feels the whole world and

- હાદો. }
- મુળવો. } રાવ દેઆસ સાથ ધીંગાણું કર્યું.
- પત્રાંમલ.
- ગાંગો.
- ગડાયો.
- સમૈયો.
- સામળો. દેશ પુઠો- ૭ વર્ષ બાદશાહથી છે
  - નાંધો. ઓડખેતરી.
  - જેશો. મુળવાશર.
  - રાણો. દ્વારકાં તથા વશી.
    - પત્રામળ.
      - થારયો. વશી દ્વારકાં.
      - જીવણ.
      - શોમ. ગોરીજુ સોમાણી.
      - રાણો. રાણાણી તેતરીયું
      - લખો. લખાણી. વેચ્છુ અને મોરાણું.
      - કાનો. કાનાણી વશી દ્વારકાં
      - વેરસી.
    - દેઆસ કુંભાણી. } ટોબર મકનપર અને મોજબ.



- થારયો.
  - સુરો.
    - ખીરો.
    - સાદુલ. વશીવાલા.
    - માપ. દ્વારકાં માપાણી.
      - ભીયો. ભીયાણી. વરવાલું. કુરચુ. ધીણુગી. }
      - દુદો. દ્વારકાં.
        - સાદુલ.
          - સમૈયો.
            - મુલુ.
            - શાગો.
            - વેરશી.
            - પાંચો.
            - શાદુલ.
        - લાલો. ભાવડું.
        - દેવાણંદ. બરડીયું.
        - માપ. ટોબર.
        - રીણો.
      - પેથો. દ્રેવાડ.
  - જોધા. જોધાણી. } દીવટ, તોબર, અને મેવાશું.



ભાગ ૨ જો.

# ઓખામંડળ યાત્રા પ્રવાસ.

## દ્વારકાં.

હિંદુસ્થાનની ચાર દિશાઓનાં ચાર ધામ જેવાંકે. ઉત્તરે બદ્રિનાથ; દક્ષિણે શ્વેતબધુ રામેશ્વર; પૂર્વે જગન્નાથજી, તથા પશ્ચિમે શ્રીકૃષ્ણનું વસાવેલું પરમધામ દ્વારકાં છે. આ દ્વારકાં એક વખત શ્રીકૃષ્ણની રાજ્યધાની હતું. અને શ્રીકૃષ્ણભગવાન યાદવો સહીત આ સ્થળે બીરાજમાન હતા. તે વખતે આ દ્વારકાં સોનાની હતી. ઓખા નામની ચોપડીમાં કવિ પ્રેમાનંદભટ દ્વારકાંનું વર્ણન કરે છે કે તેમાં બારી, જાળી, અટારી, ગોખ હેમ અને રત્નજડિત્ર હતાં. યાદવાસ્થળી થયા પછી આ દ્વારકાં સમુદ્રમાં લય પામી, અને તે જગ્યોપર પછીથી શહેર વસ્યું તે પણ દ્વારકાંનામથીજ ઓળખાય છે દ્વારકાંનો વિસ્તાર પુરાણમાં બાર યોજન કહ્યો છે તે પ્રમાણે બાર યોજન વાળી સોનાની દ્વારકાં હજુ પણ આભાસ તરીકે સમુદ્રમાં જોવામાં આવે છે. પશ્ચિમ તરફ સમુદ્રમાં ક્ષિતીજ ઉપર સાયંકાળ સમયે વિવિધ પ્રકારનાં ઝાડો, મોટી મોટી હવેલીઓ, કોટ કીલ્લા, શીખરબંદી દેવળો અને રંગબેરંગી ધ્વજા પતાકા, દીવાની રોશની વીગેરેની આકૃતિ દેખાય છે. તે દેખાવ ચમત્કારી, સુશોભિત, અને અપૂર્વ લાગે છે. તેને સર્વે લોકો સોનાની દ્વારકાં એજ છે, એમ સમજી હર્ષીત અંતઃકરણ પૂર્વક દર્શન કરે છે. તે ઘણું કરી શિઆળાની રૂતુમાં દેખાય છે. ત્યાર બાદ જોવામાં આવતી નથી.

આ સ્થળમાં ગોમતી કરીને પવિત્ર નદી છે. તેનું મુળ દ્વારકાંથી સાત આઠ માઇલ ઉપર મૂળ ગોમતા નામે જગ્યા છે ત્યાંથી ઉત્પન્ન થએલાનું કહેવાય છે. તે વસીષ્ટ ઋષિનાં પુત્રી પણ કહેવાય છે. આ નદી બીજી નદીની માફક નથી, પરંતુ સમુદ્રમાં થતી ભરતી ઓટને લઇને ભરાય છે તથા ખાલી થાય છે. સમુદ્રમાંથી જે જગ્યોએ પાણીની આવજાવ થાય છે, તેને સંગમ કહે છે. તેમાં નહાવાનું મહાત્મ ઘણું છે.

ગોમતી નદી પુરાણોમાં પવિત્ર ગણેલી છે. તેનું મહાત્મ અપાર છે તેમાં

સ્નાન કરવાથી શુદ્ધિ થાય છે. તેથી ગોમતી સ્નાનનું મહાત્મ અહીં મુખ્યછે.

આસ્થળ યાત્રાનું ધામ હોવાથી દરવર્ષે હજારો યાત્રાળુઓ ગોમતી સ્નાન તથા શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન કરવા આવે છે તેમને અત્રે આવવા શું શું સાધન છે, તથા અહીં આવ્યા બાદ તેઓને જે કાંઇ કરવાનું તથા કઇ જગો પર જવું; તે સઘળું ધ્યાન આપવું અવશ્યનું છે.

પ્રથમ આ સ્થળમાં આવવા બે રસ્તા છે, એક ખુશકી તથા બીજો તરી. ખુશકીને રસ્તે અહીંથી પોરબંદર જે સાઠ માઇલ ઉપર છે ત્યાંથી અ-ગર જામનગર ખંભાલીઆ તરફ થઇને પણ આવી શકાય છે. ખુશકી રસ્તે આવતાં બ્રાહ્મણો સિવાયનાં યાત્રાળુને એક લાગત આપવી પડે છે જેને ચીલાવેરા કહે છે. આ લાગત જુદાં જુદાં વાહનોના પ્રમાણમાં વત્તી ઓછી લેવાય છે.

૧ ગાડી એક ઉપર કોરી ૨૬ા માણસ પ્યાદળ હોય તો કોરી ૧ાા૧ ઘોડાં ઉપર કોરી ૫ા– ૧ ઉંટ ઉપર ૭ા કોરી હાથી ઉપર ૧૨૫ કોરી. સીગરામ ઉપર કોરી ૨૬ા રથ ઉપર કોરી ૨૬ા ૧ મીયાના ઊપર કોરી ૭૫

ઉપરની લાગતો જામનગરના રાજા મહારાજા જામ સાહેબ તરફથી લેવામાં આવે છે. અને તેનો ઉપયોગ ધર્મના કાર્યમાં થતો હશે. રસ્તે ચાલતાં ગામેગામ મોટા મોટા શેઠ સાહુકારોએ શોભીતી ધર્મશાળાઓ બંધાવી ઉ–તારા માટે સવડ કરાવેલી છે. ને કોઇ કોઇમાં તો જુદી જુદી જાતનાં સદા-વ્રતો પણ અપાય છે.

ખંભાળીઆના રસ્તે ધર્મશાળાઓ ઘણું કરી દરેક ગામે આવે છે. પોરબંદરથીજ જુજ આવે છે, તથાપિ અડચણ પહોંચતી નથી.

દ્વારકાં આશરે આઠેક માઇલ રહે છે, ત્યાં મુંબાઇના શેઠ. કાળીદાસ જૂઠાની બંધાવેલી આંબલીઆર નામની ધર્મશાળા છે. ત્યાં યાત્રાળુઓ રસ્તા-ના શ્રમથી થોડો વખત આરામ લે છે. આ જગોએ દાળીઆનું સદાવ્રત પણ અપાય છે.

યાત્રાળુઓના તીર્થ ગોર જે ગુગળી બ્રાહ્મણો કહેવાય છે, તેઓ કોઇ વખત આ ધર્મશાળા સુધી આવી યાત્રાળુને મળી તેમને ગામમાં લાવે છે. ને કોઇ વખત તેથી આગળ પણ લેવા જાય છે.



તરી, યાને જળમાર્ગને રસ્તે મુંબાઇ, પોરબંદર, કરાચી, માંડવી, વી-ગરે બંદરથી આગબોટ અગર વહાણમાં બેશી અવાય છે. આ આગબોટ અને વહાણો દરવર્ષે અકટોબરથી મે માસ આખર સુધી ચાલે છે. તે જ્યારે આ બંદરમાં લંગર કરે છે. ત્યારે ઉતારૂઓને કાંઠાપર લાવવા સરકાર તરફથી અત્રે મછવાઓ રાખવામાં આવ્યા છે. તેમાં બેશી યાત્રાળુ કાંઠે ઊતરે છે. તેની લાગત દર આશામી દીઠ ચાર આના લેવાય છે. અને બોજો હોય તો તેના પ્રમાણમાં લે છે. કાપડની ગાંસડી એકે બે આના તથા અનાજની ગુ-ણીએ પાઇ છ પ્રમાણે લેવાય છે.

યાત્રાળુને અહીં વહાણમાંથી અગર આગબોટમાંથી ઉતરવાનાં બે બં-દરો છે. એકતો ગામની નજીકમાં ભૂરીઆ બાવાના મંદીર પાસે, તથા બીજું રૂપણ કરીને બંદર શહેરથી આશરે એક માઇલ દૂર છે; ત્યાં છે. ઉતરવાનું પહેલું સ્થળ બીજા કરતાં નજદીકનું અને યાત્રાળુઓને સુગમ પડતું છે. પ-રંતુ તે જગ્યોએ શિયાળામાં ઉતારે છે. ઉનાળામાં ત્યાં ઉતરવું જોખમ ભરેલુ છે. તેથી બીજું રૂપણ નામે બંદરે ઉતારે છે. તે બંદર અંદરના ભાગમાં આ-વવાથી પહેલાં બંદર જેવું ધાસ્તીવાળુ નથી. આ બંને બંદરના કાઠા ઉપર ગુગળી ગોર હમેશાં આવે છે. તેઓ પોતાના યજમાનોને સંભાળથી ગામ–માં લાવે છે. આવવા માટે મજુરો તથા ગાડીઓ મળી શકે છે.

ગામમાં આવતાં યાત્રાળુઓને ધર્મશાળામાં મુકામ કરવાનો હોય છે. આ ધર્મશાળાઓ ધનાઢ્ય સાહુકારો તરફથી બંધાવેલી છે. કેટલીક ધર્મશાળા ગામના અંદરના ભાગમાં છે, ને કેટલીક બાહેરના ભાગમાં પણ છે. તેમાંની મુખ્યનાં નામ, રૂપશીમોદીની ૧ મહાવજી પ્રેમજીની ૨ પદશાહ વાળી ૩ (જે હવેલી નામથી ઓલખાય છે.) તથા વસુ પીતાંબરની ૪ અને જામ-પરૂં. ૫

આ જામપરૂં મહારાજા જામ સાહેબે મોટી રકમ ખરચી બંધાવેલું છે. તેમાં પ્રદ્યુમ્નજી વિષ્ણુ ભગવાનની સ્થાપના છે. તેનો વહીવટ જામન-ગરની વહુજી મહારાજની હવેલી તરફથી કરવામાં આવે છે. આ મકાન બીજાં મકાનો કરતાં ઘણુ વિશાળ છે. આમાંની ઘણીખરી ધર્મશાળાઓમાં જુદી જુદી જાતનાં સદાવ્રતો પણ અપાય છે આ સઘળાં મકાનો ગામ બહારનાં છે.

ગામની અંદરની ધર્મશાળાઓમાં માંડવી બંદરના શેઠ રેવાગર કુંવરગરની, જેઠીબાઈની તથા મહાજન વાડી જેમાં દાળીઆનું સદાવ્રત અપાય છે તે વીગેરે છે.

જેવી રીતે નાશિક, પ્રયાગ, કાશી, વીગેરે યાત્રાનાં સ્થળોમાં ગોર લોકો યજમાનોને સવડ કરી આપે છે, તેવી રીતે અહીંના ગુગળી ગોર યાત્રાળુને કોઇપણ ધર્મશાળામાં ઉતારો અપાવી તમામ સવડ કરી આપે છે. આ લોકો પોતાના યજમાનનાં મન શીરીતે સંપાદન કરવાં, તે સારી રીતે જાણે છે. તથા તેમની સાથે રહી અડચણ આવવા દેતા નથી. જોઇતી ચીજો પુરી પાડે છે. વળી તેઓ પોતે યજમાનોના ગોર છે એવી યજમાનને ખાત્રી થવા માટે યાત્રાળુની સાત પહેડી અગર સગાં વહાલાં પૈકી કોઇ યાત્રાએ આવેલુ હોય, તેનાં નામ ચોપડામાં નોંધેલાં બતાવે છે, અને અમે અમુક જણ આવેલા તેના ગોર હતા, માટે તમારા પણ અમે ગોર છીએ, એવી ખાત્રી ચોપડાના અક્ષર ઉપરથી કરી આપે છે. એ પ્રમાણે ચોપડામાં દાખલો ન મળે તો અંદર અંદર જાત વેહેંચેલી છે તે પ્રમાણે જે તે જાતનો જે તે ગોર થાય છે.

ઉતારાની સવડ થયા બાદ યાત્રાળુઓ શ્રી ગોમતીજીમાં સ્નાંન કરવાની તૈયારી કરે છે. તે દીવસે કેટલાક ભાવિક લોકો તીર્થ અપવાસ પણ કરે છે.

ગોમતીજીમાં સ્નાન કરતાં પેહેલાં તે બદલ યાત્રાળુને માથા દીઠ રૂપીઆ બે કલદાર કર ભરવો પડે છે. આ કર મહારાજા ગાયકવાડ સરકાર તરફથી લેવાય છે. પાંચ વરસની અંદરનાં છોકરાંઓને માફી છે. તથા પાંચથી ઉપર અને બાર વર્ષથી અંદરનાં છોકરાંનો રૂપીઓ ૧ એક એટલે અરધો કર આપવો પડે છે. લગ્ન અગર મૃત્યુના કારણથી કોઇ અત્રેની રૈયતને ઘેર તેમનું સગું આવે, તે નીમે કર રૂપીઓ ૧ આપે છે આ સિવાય સાધુ સંત સંન્યાસિ તથા ભટકતા લોકો જેમને કર ભરવાની શક્તિ નથી, અને જેઓ સદાવ્રત ખાઇ પોતાનું ગુજરાન કરે છે તેઓને સોગંદ ખવરાવી નહાવાની રજા અપાય છે.

નહાવાની છુટ મળ્યા પછી યાત્રાળુઓ શ્રી ગોમતીજીના તટ ઉપર આવે છે. આ તટ દાક્ષણ બાજૂ પૂર્વ પશ્ચિમ સરળ બાંધેલો છે. તેમાંના પગથીઆંના ભાગ જુદા જુદા ઓટલા બાંધી પાડેલા છે. તે દરેક ઓટલા વ-



ચેનાં પગથીઆંને ઘાટ કહે છે. તેમનાં નામ સંગમઘાટ, વસુદેવઘાટ ગૈઘાટ (આ જગ્યોએ ગાયનું દાન કરવું.) ગંગાપાર્વતીનોઘાટ, સરકારીઘાટ વિગેરે. વળી તેમાં એક કુંડ બાંધેલો છે તેને હરિકુંડ કહે છે. આ ઘાટના તટ ઉપર આવતાં સ્નાંન વિધી કરવા ગોર યાત્રાળુને લઇ જાય છે, અને સ્નાન વિધીનો સંકલ્પ કરાવી સ્નાન કરાવે છે. ગૈદાન, વસ્ત્રદાન, જમીન, ગુણા વીગેરે જે કાંઇ ધર્મમાં ખર્ચવાનું હોય તેનો મનમાં નિશ્ચય કરવો એવો બોધ યાત્રાળુને સ્નાન કરતી વખતે તેનો ગોર કરે છે. શ્રાદ્ધ કરવા ખુશી હોય તો શ્રાદ્ધ કરી બીજા ગોત્રના બ્રાહ્મણને ભૂરશી દક્ષણા આપે છે.

સ્નાન થયા બાદ શ્રી ગોમતીજીનાં તટ ઉપર આવેલાં મંદીરો જેવાં કે શ્રીકૃષ્ણભગવાન, શ્રીગોમતીજી, શ્રીમહાલક્ષ્મીજી, શ્રીદામોદરજી, શાંમળશાશેઠ, નરસિંહમેતો, મીરાંબાઇ, ગોવરધનનાથજી અને મહાપ્રભુજીની બેઠકનાં દર્શન કરી હરિકુંડની પાળ ઉપર થઇ શ્રીકૃષ્ણ અને ગોમતીજીની પછવાડે થઇ જતાં શારદા મઠ આવે છે. હિંદુસ્થાનમાં શંકરાચાર્યજી મહારાજના ચારમઠ* છે; તે પૈકીનો શારદા મઠ અહીં છે. તેમાં શારદા અંબાનું સ્થાપન છે, તથા એકબાજૂ સુરેશ્વરાચાર્યની પાદુકા અને શંકરનું મંદીર છે. આ શારદામઠની વિશાળ જગ્યા હોલ્કર સરકારનાં મહારાણી અહલ્યાબાઇએ બંધાવેલી છે. તેમાં કેદારેશ્વર મહાદેવનું દેવાલય પણ છે. શારદા અંબાનાં દર્શન કરી હનુમાનજીની દેરી આવે છે. બાદ છપ્પન પગથીઆં ચડવાં પડે છે. જે પરથી તે છપ્પન પગથીઆં કહેવાય છે. કેટલાક યાત્રાળુ પગથીએ પગથીએ શ્રીફળ યા કોઇપણ પ્રકારનું નાણું મુકી ચડે છે. પાંચ સાત પગથીઆં ચડતાં ઉપર જમણે હાથ કેદારેશ્વર મહાદેવનું મંદીર આવે છે, તેની સામે તીર્થગોર ગુગળી બ્રાહ્મણોની બ્રહ્મપુરી છે જે જગોએ જ્ઞાતિ ભોજન થાય છે. અરધાં પગથીઆં ચડતાં ડાબી બાજુ શ્રી સાક્ષી ગોપાળજીનું મંદીર આવે છે. તેમનાં દરશન જરૂરનાં છે કારણ તેઓ યાત્રાના સાક્ષી ભગવાન કહેવાય છે. ઉપર ચાલતાં જમણી બાજુ નૃસિંહજીનું મંદીર છે. અને છેવટે તમામ પગથીઆં ચડી રહેતાં સામ સામા બે ઓટલા જોવામાં આવે છે તેને રામ ઓટલા કહે છે. ભગવાને તહાં બેશી ગોમતીજી તરફ પાંચ બાણ ફેંક્યાં; તે જમીનમાં પાંચે બાણ પડવાથી ત્યાં પાંચ કુવા થયા, તેનું પાણી મીઠું નીકળ્યું. આ કુવા પંચકુઈ નામે ઓળખાય છે. (પંચકુઇનું વર્ણન પૃષ્ટ) આ ઓટલા ઉપર વિ-

* જોશી, શ્રૃંગેરી, ગોવરધ અને શારદા એ ચાર મઠ.

સામો લઇ મંદીરના ગઢમાં દાખલ થવા એક દરવાજો છે તેને સ્વર્ગદ્વારિ કહે છે. ત્યાં ઓખાબટાલિઅનની એક ગાર્ડ રહે છે, તે મંદીરમાં લોકોને જોડા લાકડી હથીઆર, વીગેરે લઇ જવા આપતા નથી. આ બાબત એક જાહેરખબર પાટીઆંમાં ઇંગ્રેજી, મરાઠી, ગુજરાતી, ઉર્દુ વીગેરે ભાષામાં લખેલી છે, જે પાટીઉં ત્યાં આગળ લગાવેલું છે. સ્વર્ગદ્વારિ પસાર કરી શ્રી દ્વારકાંનાથજીના મંદીરમાં જવું. ત્યાં ભગવાન રણછોડજી પશ્ચિમ દ્વારનાં એક મોટા દેવાલયમાં બીરાજમાન છે ત્યાં આગળ આવી નમન કરવું.

આ શ્રીદ્વારકાંધીશનાં દેવળને જગતદેરૂં કહે છે. વળી એ ત્રૈલોક્ય સુંદરતું દેવાલય પણ કહેવાય છે. તેની કૃતિ દૈવિ છે. તે અનિરૂદ્ધના પુત્ર વજ્રનાભનું બંધાવેલું કહેવાય છે. તે ઘણું રળિયામણું અને ભવ્ય છે. તેમાં ઉપરા ઉપરી સાત માળ બાંધેલા છે. તેથી હજારો માણસોનો સમાવેશ થઇ શકે તેવું વિસ્તીર્ણ છે. તેમાંનું નકશી અને કોતર કામ જોતાંજ જણાઈ આવે છે કે હાલના વખતનું બંધાવેલ નહિં છતાં દૈવિમાયાથી બંધાએલાંનો આકાર નજરમાં આવે છે દેરાંના ચોથા માળમાં એક મોટી શક્તિ ( દેવી ) ની સ્થાપના છે, તેની લોકો માનતા માની શ્રીફળ સીંદુર વિગેરે ધરાવે છે. શક્તિનાં દરશન કરી ઉપર ચડતાં ઘુંમટનું દેરૂં આવે છે, તેને લાડવા દેરૂં કહે છે. તેમાં એક ગોળ ગુફા જેવી બાંધણીનો આકાર પણ જોવામાં આવે છે. તે લાડવાદેરાં ઉપર એક દીવાદાંડી જેવો પથ્થર સ્થંભ છે. જ્યારે નવીન ધ્વજા ચડે છે. ત્યારે રાત્રીના વખતે તેમાં દીવો થાય છે તેનો પ્રકાશ દૂરથી આનંદમય લાગે છે.

ધ્વજા સુધો જવા માટે સાત માળ સુધી આ દેરૂં પોલું બાંધ્યું: અંદરથી ઉપર જવાનો રસ્તો કરેલો છે. છેક ટોચ આગળ આવતાં એક નાંની બારી છે. તેમાંથી બહાર નીકળતાં એક મોટું ઇંડું ધાતુનુ બેસારેલું છે. અને એક સ્તંભ ઉભો કરેલો જોવામાં આવે છે; તેની જાડાઇ સાધારણ છે. એ સ્તંભ ઉપર એક માણસ સારી રીતે ઉભો રહી શકે એવી પાટલી છે, તે પાટલી ઉપર ધ્વજા ડંડ રાખેલો છે, તેમાં બાવન ગજની રંગબેરંગી સુત્રુ યા રેશમી ધ્વજા ફર ફરે છે. તે ધ્વજા ચડાવનાર અહીંના રહેવાશી અબોટી બ્રાહ્મણો છે. તે ચડાવવા બદલ નવીન ધ્વજા ચડાવી ઉતરેલી ધ્વજા તેઓ લઇ જાય છે તે સિવાય સીધા બે કોરી બે સીંદરી શેર ૫ કપાશીયા શેર ૨॥ તેલ શેર ૨॥ લોટ ઘઉંનો શેર ૨॥ કુંડાનો પૈસો ૧ તથા નાળિએર



નંગ ૪ તેમને આપવામાં આવે છે તેઓ આ ધ્વજા ઘણા જોસબાંધ પવન અને અંધારી રાત્રે પણ દ્વારકાંનાથ, દ્વારકાંનાથ, બોલતા ચડાવે છે. આ દેખાવ જોવા જેવો તથા અજાણ્યાને તાજુબી પમાડે તેવો છે.

આ ધ્વજા જેની ખુશીમાં આવે તેનાથી એકલી ચડાવી શકાતી નથી પરંતુ અત્રેના તીર્થ ગોર ગુગળી બ્રાહ્મણની જ્ઞાતિને જેઓ જમાડે છે તેઓજ આ ધ્વજા ચડાવી શકે છે. તે બદલ નાત જમાડનારે ભંડારના મંદીરમાં સીધાં ૧૦ ટોપ્રા સ્વામીના મંદીરમાં સીધાં બે તથા નામું આપ્યું હોયતો એક નામું, ચૈત્રસુદ અકેક સીધો શ્રીવાસુદેવજી શ્રીલક્ષ્મીનારાયણ તથા નૃસિંહજીના મંદીરમાં આપવો પડે છે. ચોરાશી કરી હોય તો ભંડારના મંદીરમાં સીધાં ૨૦ ...ા બીજા મંદીરનો લાગો ઉપર બતાવ્યો તેજ છે. આ દેવળ જોવાને તમામ યાત્રાળુઓ તેનાપર ચડે છે. તે બદલ દરેક જણ પાસેથી અકેક પૈસો લેવામાં આવે છે. આ લાગત શંકરાચાર્યજી સ્વામિ મહારાજના ભંડારના મંદીરમાં જમા થાય છે. પગ રસ્તેથી આવતાં આશરે આઠ દશ માઇલથી આ દેવળ નજરે પડે છે ત્યારે ભાવિક યાત્રાળુ દેરાંનાં દરશન કરી કોઇપણ જાતનાં વાહન ઉપર ન બેસતાં ચાલ્યા આવે છે.

શ્રીદ્વારકાંનાથજી ( રણછોડરાયજી )ના મંદીરના પુંજારી ગુગળી બ્રાહ્મણો છે, તેઓ ઉત્સાહ અને શ્રદ્ધાપૂર્વક દેવનું પુજન કરે છે. દેવનાં નીજ મંદીરમાં જેમને ચર્ણ સ્પર્શ કરવાની ઇચ્છા હોય તેમની પાસેથી સાડાઆઠ આના લાગત લઇ પુજારી ચર્ણ સ્પર્શ કરાવે છે. બાહેરથી દર્શન કરવા બદલ કાંઇ આપવામાં આવતું નથી. ધોતી પુજા મહાપુજા વીગરેનાં વસ્ત્રો પણ શ્રદ્ધાપૂર્વક ઘણા લોકો ધરાવે છે.

શ્રીદ્વારકાંધીશનાં દર્શન કરી ઉત્તર તરફ બાહેર નીકળતાં પાસેજ ડાબી બાજુ એક દ્વાર છે. જ્યાંથી ઉપર કહેલાં વિશાળ દેરાં ઉપર ચડાય છે. તેની પાસે ગુરૂ દત્તદાત્રીનું મંદીર આવે છે. તેની પુરૂષોત્તમરાયજી અને અંબીકાજીનાં દેવળો છે. ત્યારબાદ કૂશેશ્વર મહાદેવ આવે છે. આ મહાદેવની સ્થાપના ભોંયરા જેવા ઉંડા ભાગમાં કરેલી છે. તે વિશે દ્વારકાં મહાત્મમાં કહ્યું છે કે પૂર્વે આ જગ્યોએ કૂશ નામનો દૈત્ય રાજ્ય કરતો હતો, એક વખત દુર્વાસા મુની ગોમતી સ્નાનં કરવા આવ્યા, ત્યારે દૈત્યોએ તેમને મારમારી રાજ્યની બહાર મુકી આવી ફરીથી ત્યાં નહીં આવવા કહ્યું. દુર્વાસા રૂષિ શ્રીકૃષ્ણ ભગવાનને શરણે ગયા, અને પોતાને થયેલી ઇજાનું દૈત્યો પાસેથી

વેર લેવા વિનંતી કરી. ભગવાને તે ઉપરથી દૈત્યો સાથે મોટું યુદ્ધ કર્યું. તેમાં કુશ દૈત્યનો ઘણીવાર વધ કરતાં પણ વારંવાર સજીવન થતો તેથી ભગવાને વિચાર કર્યો કે શંકરનું વરદાન પામેલ દૈત્ય શંકરની આણથીજ મરશે તેથી તેનું ધડ જુદું પડયું કે ભગવાને તે ઉપર શીવલીંગની સ્થાપના કરી તેથી દૈત્ય શંકરના પ્રભાવથી ફરીથી સજીવન થઇ શકયો નહિં. સ્થાપેલા લીંગનું નામ કુશેશ્વર મહાદેવથી ભગવાને પ્રશિદ્ધ કર્યું. અને તે દૈત્યને ભગવાને વરદાન આપ્યું કે મારી યાત્રાએ જે અહીં આવશે તે ઘીનો દીવો, એક લાડુ તથા એક પૈસો તને આપશે ત્યારેજ તેની વળી સંપૂર્ણ થઇ ગણાશે.

તે કૂશેશ્વર મહાદેવનાં ઉપર પ્રમાણે દર્શન થયા બાદ એક દેરીમાં નવ ગૃહનું સ્થાપન છે. તે પછી કેશવરાયજીની મૂર્તિનાં દર્શન થાય છે. તેમની પાસે કોલવો કરીને જે મોટો ભક્ત થઇ ગએલો તેની પ્રતિમા પણ જોવામાં આવે છે. નવ ગૃહની દેરી, અને કેશવરાયજીના મંદીર વચ્ચે જે દરવાજો છે તેને મોક્ષદ્વારિ કહે છે. ત્યાં મહારાજા ગાયકવાડ સરકારની કચેરી છે. જેમાં કંશના પિતા ઉગ્રસેનની રાજ્યગાદી સ્થાપેલી છે. તે હજું સુધીછે. તેનાં લોકો દરશન કરે છે. આ મોક્ષદ્વારિ ઉપર પણ સ્વર્ગદ્વારિ માફક બટેલિઅન ગાર્ડ રહે છે. અને મંદીરમાં જોડા લાકડી વીગેરે તે તરફથી આવનાર જનારને લઇ જવા આપતા નથી, તેની મનાઇ બાબત સ્વર્ગદ્વારિ માફક અહીં પણ એક પાટીયું રાખેલું છે. મોક્ષ દ્વારિની બહાર ગામનો ભાગ છે. કેશવરાયજી પછી શ્રી કાશી વિશ્વેશ્વર મહાદેવનું પુરાતન મંદીર છે. તેનાં દરશન કરી શ્રીકલ્યાણરાયજીના મંદીરમાં જવાય છે. આ મંદીરના પુજારી પણ ગુગળી બ્રાહ્મણ છે. તે કલ્યાણરાયજીનાં ચર્ણ સ્પર્શ કરવા બદલ ચાર આના લાગત લે છે. ત્યાંથી દર્શન કરી શ્રી દ્વારકાંનાથજીના દેવળ પાછળ થઇને જતાં એક દેરી આવે છે તેમાં દુર્વાસા મુનિ બિરાજમાન છે, દ્વારકાં મહાત્મમાં પેહેલું દુર્વાસાનું પુજન કરી પછીથી ભગવાનનું પુજન કરવા કહેછે. પછીથી શ્રી પટ્ટરાણીજીના મંદીરમાં જવાય છે આ મંદીરોને ભંડારનાં મંદીરો કહે છે. તે ભગવાનની પટ્ટરાણીજીના આવાસની શોભાને આપનારાં છે. આ મંદીરો શીખર બંધી નથી. તેમાં પહેલાં શ્રીજાંબુવંતીજી, તેની પાસે રાધિકાજી, અને તેની પાસે શ્રી લક્ષ્મીનારાયણજી તથા શ્રી સામી બાજુ શ્રીલક્ષ્મીજી અને શ્રીસત્યભામાજી વીગેરે છે. શ્રીલક્ષ્મીજી એ પાસે



સિંહાસનપરથી ગોપાળજીની મૂર્તિ રહે છે કે જે મૂર્તિ ચળિત હોઇને શ્રીદ્વારકાંનાથજીના અભાવે બહાર સ્વારીમાં ફરે છે, જન્મે થવો, લગ્ન થવું, હિંડોળામાં ઝુલવું, એ વિગેરે લીલા શ્રીગોપાળજી મહારાજ કરે છે. જેઠસુદ ૧૫ને દીવસ આ મંદીરમાં જળયાત્રાનો ઓચ્છવ સારો થાય છે. તેવીજ રીતે રથયાત્રાના ઓચ્છવે એક મોટા રથમાં શ્રીગોપાળજીને પધરાવી શ્રીદેવકીજી માતાજી આગળ સ્થાપન કરી શ્રીદ્વારકાંનાથજીનાં દેરાંની પરિક્રમા કરાવવામાં આવે છે. તે દીવસે બપોરે ફકત બે કલાક મેળો રહે છે. કાર્તિક સુદ ૧૧ તથા ચૈત્રસુદ એકાદશીને દીવસે શ્રીજીનું લગ્ન પણ અહીંજ થાય છે. આ મંદીરમાં શારદા મહાધીશ શ્રીમંત પરમહંશ પરીવ્રાજકાચાર્ય, શ્રી શંકરાચાર્ય મહારાજની ગાદી છે આ મંદીરમાંથી બીજાં સર્વે મંદીરોને ભોગ ધરાવવા માટે લઇ જાય છે, તેથી તે ભંડારનું મંદીર કહેવાય છે.

બહાર નીકળી ધ્વજાનાં દર્શન કરી શ્રીત્રિવિક્રમજીના દેરાં પાછળ થઈ શ્રીત્રિવિક્રમજી જેને વામનજી કહેછે, તેનાં દરશન કરી તેમની સામાં માધવરાયજી, ત્યાર પછી રાધાકૃષ્ણ, અને દેવકીજીમાતાજી, જે શ્રીરણછોડરાયજીની સન્મુખ બીરાજમાન છે, તેમનાં દર્શન કરી શ્રીદ્વારકાંધીસના મોટા દેવળમાં એક નાનું દેવળ શ્રીબળદેવજીનું આવે છે, તેમનાં દર્શન કરી રહ્યા બાદ સ્વર્ગદ્વારિ અગર મોક્ષદ્વારિ એ એમાંના કોઇપણ રસ્તે થઇ ઉતારા પર જવાય છે.

આ પ્રમાણે આપણે અહીંનાં મુખ્ય મંદીરો બાબત વાત કહી. તે સિવાય બીજાં ઘણાં દેવાલયો આ સ્થળમાં છે; તે તથા તેની સાથે પંચતીર્થી નામે એક પ્રદક્ષણા મોટાં તીર્થો વાળી કહેવાય છે તે પણ અનુક્રમે કહી બતાવવામાં આવશે.

પંચતીર્થીમાં પ્રથમ ગોમતીકાંઠે આવી દરેક ઘાટમાં સ્નાન કરવું, અથવા ચરણામૃત લઇ પંચકુઇ ગોમતીજીની સામે કિનારે દક્ષિણ બાજુપર એક બેટ છે( દ્વીપ) ના જેવી જગ્યા છે ત્યાં જવું ત્યાં ભગવાનનાં પાંચ જૂદાં જૂદાં બાણથી જમીનમાં ગંગાજી પ્રકટ થયાં તે પંચકુઇ નાંમથી ઓળખાયાં; તે હકીકત ઉપર રાંમ ઓટલાના સંબંધના વર્ણનમાં આવી છે. આસપાસની જમીનનું તમામ પાણી ખારૂં તથા જમીન પણ ખારાશવાળી છતાં પંચકુઇની જમીનનું પાણી મીઠું વખાણવા લાયક છે. અહીં એક જગ્યા ... છે તેમાં નૃસિંહજીની મૂર્તિ છે. તેનાં લોકો દર્શન કરી કુઇના જળથી

સ્નાન કરે છે, અગર ચર્ણામૃત લે છે.

ત્યારબાદ જે જગ્યોએ શ્રીગોમતીજી સાગરને મળે છે, તે ઠેકાણાને સંગમ કહેછે, ત્યાં જવુ. કારણ ત્યાં નહાવાનું મહાત્મ છે. થોડે દૂર આવતાં સંગમનારાયણજીનું પુરાતન મંદીર આવે છે, જેને ભૂરીઆ બાવાનું દેવળ કહે છે. તેમાં સંગમનારાયણજીનાં દર્શન થાય છે. ઘણાં વર્ષોપર ગોમતીજીનો આ જગ્યાએ "સમુદ્ર સાથે" સંગમ થતો હતો. તેથી સંગમ ઉપર બીરાજમાન થએલા સંગમનારાયણ કહેવાય છે. ત્યાંથી આગળ ચાલતાં શ્રી ચક્રનારાયણજીનું મંદીર આવે છે. તેની પાછળ જે તીર્થ છે તે ચક્રતીર્થ કહેવાય છે. તેમાં પણ નહાવાનું મહાત્મ છે. ભગવાનુંઆયુધ સુદર્શન ચક્ર પણ આ જગોએ રહે છે. અહીં ચક્ર પેદા થાય છે. તેમાં નહાવાથી માણસનાં હાડકાંનાં ચક્ર થાય છે તેનેજ લઇને મુડદાંઓને અગ્નિસંસ્કાર પણ આ જગોએ કરવામાં આવે છે. આગળ જતાં રૂપણકુંડ જેને ભેરવજ્યનો સમુદ્ર પણ કહેછે તે આવે છે. અહીં યાત્રાળુ પાસે તેમના ગોર ખેતર ખેડાવે છે, તથા ઉપરા ઉપર પથ્થર રચી ઘર બંધાવે છે. પીપો કરીને ભક્ત થઇ ગએલો તેની ગુફા અહીં જોવામાં આવે છે. ત્યાર બાદ રત્નેશ્વર મહાદેવનું દેવળ આવે છે. લોકો કહેછે કે આ જગોએ કોઇ કોઈ વખત રૂષિઓનાં બેસવા જેવાં આસનોનો આકાર પડી રહે છે. ત્યાંથી આગળ ચાલતાં બ્રહરાદિક રૂષિઓએ સ્થાપન કરેલા શ્રીસિધ્ધેશ્વર મહાદેવ, અને તેની નજદીક ખોદેલો કૂવો જેને રૂષિતીર્થ કહે તે હાલ જ્ઞાનવાવથી ઓળખાય છે તે આવે છે. આ જગોએ મહાદેવજીની પુજા કરવા હમેશાં સાંઝ સવાર લોકોની આવ જાવ સારી રહે છે. ગામમાં મુખ્ય શિવાલય આ છે. શ્રાવણ માસના સોમવાર તથા શિવરાત્રીના દીવસમાં અહિં મેળો ભરાય છે. આ ઠેકાણે એક મોટા વડનું ઝાડ છે, તે ઘણું વિશાળ છે, તેના નીચે એક ઓટલો બાંધેલો છે તેપર સાધુ સંત યોગી વીગેરે આશ્રમ કરી મોટા આનંદથી ભજન કરે છે, તેથી શોભા સારી થાય છે. ત્યાંથી રસ્તે ચાલતાં રામવાડી નામે રામચંદ્રજીનાં બે મંદીરો આવે છે. તેને નાની રામવાડી તથા મોટી રામવાડી કહે છે. તેનાં દર્શન કરી તે જગ્યાની સામે સાવિત્રિવાવ, અને દામોદરો કુવો છે, ત્યાં આવવું આ સાવિત્રિ વાવમાંથી શ્રીદ્વારકાંનાથજીની મૂર્તિ નીકળ્યાનું કહેવાય છે. જે મૂર્તિ હાલ ડાકોરજીમાં બીરાજમાન છે. પછી ભદ્રકાળીમાતા, આઘશક્તિ મંત્રપીઠ તથા મહા ચમત્કારી કહેવાય છે. તેનાં દર્શન કર્યા બાદ



આવે છે. આ જગ્યા એકાંત સ્થળની ભક્તિરસ ઉત્પન્ન કરે તેવી છે. તેની જોડે આશાપુરા માતાજીનું મંદીર છે. અને એક કુવો છે તેને અઘોરકુંડ કહે છે. ત્યાર પછી વિસોત માતાજી અને શીતળા માતાની જગ્યા આવે છે, તેનાં દર્શન કરી આગળ ચાલતાં કકલાસ કુંડ આવે છે; ત્યાં નૃગરાજાનો ઉદ્ધાર થયો છે. શ્રાપને લીધે નૃગરાજાએ કાકીંડાનો અવતાર આ સ્થળે ભોગવી શ્રાપ પુરો થએથી તેનો એજ સ્થળે ભગવાનના હાથથી ઉદ્ધાર થયો, તેથી તે કકલાશ કુંડના નામથી ઓળખાય છે. આ કુંડ ઉપર સૂર્યનારાયણજીનું મંદીર છે; તે જગ્યા વિશાળ અને યોગીઓને રહીને ભજન કરવા લાયક છે. આ જગ્યાએ દર પખવાડીઆંની દશમના રોજ શ્રીગોપાળજીની સ્વારિની પાલખી આવે છે. અને વિસામો લે છે. ત્યાં એક ઓટલા [illegible]વી ઉંચી જગ્યા છે તે હુંડી વટાવવાની જગ્યા કેહેવાય છે, તેનાપર પથ્થર [illegible]કી યાત્રાળુ હુંડી વટાવવા જેવું કરે છે. ત્યાંથી આગળ ચાલતાં ગામના [illegible]ાગ તરફ શ્રીરામચંદ્રજીનું મંદીર આવે છે. તેનાં દર્શન કરી બાહેર નીકળતાં [illegible]તાની બે બાજુપર ભગવાનના બે દ્વારપાળ જય અને વિજય નામે પરોઆની મોટી કદાવર મૂર્તિ જોવામાં આવે છે. તેનાં દર્શન કરી તેને કહેવામાં આવે છે કે અમારી યાત્રા પૂરી થઇ છે એવી ભગવાનને વિનંતી કરજો. ત્યાર પછી ગોમતી કાંઠે જઇ પાદ પ્રક્ષાલન કરી આચમન લઇ ઘર તરફ જવું [illegible]લે પંચતીર્થી પૂરી થાય છે.

પંચતીર્થી બે પ્રકારની કહેવાય છે. એક નાની તથા બીજી મોટી. ઉપર [illegible] પંચતીર્થી કહી. અને મોટી પંચતીર્થી કરવી હોય તે સિદ્ધનાથ મહાદેવનાં દર્શન કર્યા પછી જૂદી પડે છે. સિદ્ધનાથનાં દર્શન કરીને પશ્ચિમ તરફ દરિઆમાં ભડકેશ્વર મહાદેવનું મંદીર એક મોટા ખડક ઉપર છે ત્યાં જવું. દરિઆ[illegible] ભરતી હોય ત્યારે આ ખડક ઉપર જઇ શકાતું નથી પણ ઓટના વખતે દર્શન કરવા જવાય છે. શિવરાત્રીના રોજ સર્વે લોકો અહીં દર્શન કરવા [illegible] છે. તે દીવસ મેળો ભરાયાની શોભા સારી થાય છે. ત્યાંથી આગળ [illegible]ાં રૂપણ નામનું બંદર આવે છે, ત્યાં ભાગીરથીજીમાં સ્નાન કરી તેના ઉપર ભાગીરથીજીનું મંદીર છે તેનાં દર્શન કરવાં. જેઠ સુદ ૧૦ ના ગંગાજીના દશારા કહેવાય છે તે દિવસ આંહી સ્નાન કરવાનું મહાત્મ છે. રૂક્ષ્મણીજીને શ્રાપ થવાથી તેમની આશ્વાસના કરવા રૂક્ષ્મણીજીના સમુદ્રે એક સખી મોકલી હતી તે ભાગીરથી કહેવાય છે. તે ભાગીરથી-

જીનાં મંદીર પાસે એકાદશ શીવલીંગની જળાધારી સ્થાપન કરેલીનાં પણ દર્શન થાય છે. ત્યાંથી પૂર્વ તરફ આગળ ચાલતાં શ્રી રૂક્ષ્મણીજીનું પુરાતન મંદીર આવે છે. આ ઠેકાણે રૂક્ષ્મણીજીનાં ભગવાન સાથે લગ્ન થયાં તે વખતે લગ્ન થયાની ચોરી હજુ સુધી જોવામાં આવે છે. તેની આસપાસની જગ્યા રૂક્ષ્મણીવનના નામથી ઓળખાય છે. તે પૂર્વે ઘણું શોભિતું વન હતું. પણ દુર્વાસા મુનિના શ્રાપથી સર્વ બળી જઇ ત્યાં સમુદ્રનું ખારૂં પાણી ફરી વળ્યું ત્યાંથી પૂર્વ તરફ ચાલતાં ઘોડાપટીનું મેદાન આવે છે. અહીં ભગવાને ઘોડાં કુદાવી પટી કઢાવી હતી. પછી ગયા કુંડ આવે છે. તેમાં રામચંદ્રજીનું મંદીર છે. તેનાં દર્શન કરી ગયા કુંડમાં સ્નાન કરી પછે ક્કલાસ કુંડ જવાય છે ત્યાંથી નાની પંચતીર્થીનો ક્રમ જેવી રીતે પૂરો થાય છે તેવી રીતે આ મોટી પંચતીર્થી ક્કલાસ કુંડ ઉપર ભેળી થઇ તેનો ક્રમ પુરો થાય છે. અને પછે ગામમાં આવી શ્રીકૃષ્ણના પિતા વાસુદેવજી ભગવાનનાં દર્શન કરી ઘર તરફ જવાય છે.

ઉપર લખી પંચતીર્થી યાત્રાળુને અવશ્ય કરવાની છે. તેમાં પોતાથી જે બને તે પુન્યાર્થે ખર્ચ કરવો. કારણ આ ખર્ચ કાંઇ વેરા અગર કર તરીકે આપવાનો નથી.

ઉપર જણાવેલાં દેવળો સિવાય બીજાં પણ જાણવા લાયક દેવાલયો છે. ગોમતીજીના કાંઠા ઉપર શ્રી હાટકેશ્વર મહાદેવનું મંદીર છે. ત્યાંથી આગળ ચાલતાં શ્રી દક્ષણા મૂર્તિ તથા સોમેશ્વર મહાદેવનાં મંદીર તેજસ્વી છે. આ મંદીર ટોકરા સ્વામિજી મહારાજનાં કહેવાય છે. તેમાં સ્વામિજીની પાદુકા છે. શ્રી ટોકરા સ્વામિમહારાજ પ્રતાપિ અને વિદ્વાન હતા. અહીં ઘણાખરા લોકોનું ગુરૂસ્થાન છે. સંન્યાસિ, ડંડીસ્વામિ, વિગેરેને ઉતરવાની અહીં ખાસ સવડ કરેલી છે. તેઓ જ્યાં સુધી રહે ત્યાં સુધી તેમને ભીક્ષા કરવાનું મળે છે.

ઓંકારનાથ મહાદેવ તથા ખાખ ચોકની જગ્યા પણ જૂની છે તે ગોમતી કીનારે છે.

જંગલમાં થોડે દુર પૂર્વ તરફ મયાસર કરીને મય નામના દા[illegible] બંધાવેલું તળાવ છે. તથા તેનાથી જરા છેટે ગોલપા નામનું તળાવ છે. શ્રાવણ સુદ ૧૧ ને દિવસ ભગવાન શ્રી ગોપાળજીને પાલખીમાં પધ[illegible] સ્નાન કરાવવા માટે હજારો લોકો, વાજીંત્રો, ઘોડેસ્વારો, અને પલટણનાં [illegible]ણુસોની ગાર્ડ સહિત મોટા ભભકાથી લઇ જાય છે. અને ઠાકોરજીને સ્[illegible]



કરાવી સઘળા લોકો તેમાં સ્નાન કરે છે. આ બંને તળાવોમાં કમળોની ઉત્પત્તિ થાય છે. અને વેયાં નામે એક જાતનું સ્વાદિષ્ટ ફળ પણ ઉત્પન્ન થાય છે.

દ્વારકાંથી ઉત્તર તરફ બે માઇલ દુર શ્રી ઇન્દ્રેશ્વર મહાદેવનું ઉગ્રસ્થાન આવે છે, તે મહાદેવનું લિંગ ત્રણ લિંગ સાથે થઇને એક લિંગના દર્શન થાય છે. તથા તેનીજ સીંધમાં ગાંમથી એક દોઢ માઇલ ઉપર શ્રી રાણેશ્વરનું શિવાલય છે, આ સ્થળ રમણીય છે ત્યાં લોકો દર્શન આવે છે.

ઇન્દ્રેશ્વર તથા રાણેશ્વર મહાદેવનાં દર્શન કરી થોડે છેટે સુવાણ (શયન તીર્થ) તીર્થ નામે જગ્યા છે. ત્યાં શ્રી જગન્નાથજીનું મંદીર છે. અને તળાવ છે તેને સુવાણ તીર્થ કહે છે. તેમાં કમળ ઉત્પન્ન થાય છે, અને તેની પરબડીની પણ ઊપજ થાય છે.

ગામથી દક્ષિણ તરફ આસરે બે માઇલપર રામ લક્ષ્મણનાં દેરાં છે. તે ઘણી પુરાતન છે, ત્યાં ગોસ્વામિજી મહારાજની બેઠક છે. આ જગ્યો ઘણી રળીઆમણી લાગે છે. ત્યાં ઝાડો રોપી નાજુક બગીચાની પણ શોભા કરેલી છે. ત્યાંથી થોડે દૂર જંગલમાં ચંદ્રભાગા દેવિનું દેવળ આવે છે. તે શ્રીકૃષ્ણ ભગવાનનાં કૂળ દેવ છે. તેથી અત્રેના ગુગળી લોકોનું કુટુંબ પણ કૂળ દેવ માને છે. આ જગ્યાએ એક તળાવ તથા ધર્મશાળા છે. અહીં લોકો દર્શન આવે છે ત્યાંથી થોડે દૂર સીતાવાડી તથા સીતાકુંડ નામની જગ્યા છે. ત્યાં [illegible] મૂર્ત્તિ જીર્ણ થએલી છે. તથા કુંડ છે. તેની પાસે દેરીમાં શિવલીંગની [illegible]ના છે. તેને રામેશ્વર કરીને કહે છે. સીતાવાડીમાં ઝાડની શોભા સારીછે. [illegible] જમીનનાં ઝાડ સૂકેલાં છે. પણ કોઇ પ્રકારનો સુગંધી પવન આવે છે [illegible] મંદ સુગંધ પવન વાય છે. આ સીતાવાડીમાં એક ઓટલા ઉપર બે [illegible]કા છે તેનાં ચર્ણ સ્પર્શ સર્વ લોકો કરે છે. ગોરિંઝા તરફ જતાં ઓખેશ્વર [illegible]દેવ ઓખા નદીના પૂર્વ કિનારાપર છે તે ઘણા પુરાતની અને સ્વયંભૂ [illegible] તપશ્ચર્યા કરવા લાયક સ્થળની ઝાડીમાં આ શિવલિંગ છે. ત્યાથી આગળ [illegible]નાં મઢી ગાંમ જ્યાં રાત્રે શ્રી રામચંદ્રજી બીરાજમાન થયા હતા, તે એક [illegible]ચા ટેકરાપર છે. તે અસલના વખતની વાતોને સુચવી આપે છે. ત્યાં એક [illegible]દીર છે તેમાં ગોપાલજીની મૂર્તિ બિરાજે છે. એક સદાવ્રત પણ અપાય [illegible] આટલાં દેવળો દ્વારકાંની આસપાસનાં છે. તે પ્રસિદ્ધ અને દર્શન કરવા [illegible]યક છે દરેક મંદીરને નેકભોગની નીમનોક મહારાજા ગાયકવાડ સરકાર [illegible] મંદીરના પ્રમાણે મળે છે. આસપાસના ગામનાં દેવાલયો છે ગામમાં

પણ નાનાં નાનાં બીજાં ઘણાં છે. તળ દ્વારકામાં પણ બીજાં નાનાં નાનાં ખાનગી મંદીરો છે તેમાં લક્ષ્મીનારાયણનું મંદીર પણ છે. તથા બ્રહ્માજીનો બંધાવેલો એક કુંડ છે તેને બ્રહ્મકુંડ કહે છે ત્યાં એક દેરીમાં બ્રહ્માજીની મૂર્તિ છે; સાધુ સંત વિગેરેને માટે આ ગામમાં શેઠ સાહુકારો તરફથી લાડુ, લોટ, દાળ, ખીચડી, દાળીઆ, એવાં સદાવ્રતો પણ અપાય છે. સાધુ લોકો તે સદાવૃત લઈ તેના ચાલુ કરનારને ખુશી થઇ અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપે છે.

દ્વારકાંની યાત્રા સંપૂર્ણ કરી રહ્યા બાદ જેમની મરજી બ્રાહ્મણ ભોજન વિગેરે કરવાની હશે, તે થઇ રહેતાં સુધી બીજું પણ થોડું ઘણું જોવા જેવું છે. દ્વારકાં એ નાનું બંદર દરિઆ કિનારે વસેલું છે. તેને ચારે બાજુ કિલ્લો છે. તથા કીલ્લાતી બહાર પણ વસ્તી છે. પુર્વ તરફ લોકોના વાડા તથા ઘરો છે તેથો શોભાલાયક નથી. પશ્ચિમ તરફનો ભાગ જરા સારો લાગે છે. તે તરફના રસ્તા પણ જરા પહોળા છે. તથા સડકની બંને બાજુપર સારાં સારાં મકાનો આવી રહેલાં છે. શાકમાર્કીટ, સ્કૂલ, દવાશાળા, લાઈબ્રેરી, સાહેબના બંગલા તથા તેમની હાફીસ, દીવાદાંડી, લશ્કરી કાંપ, તથા તેના અમલદારોના બંગલા બટાલિઅન સ્કૂલ, રિસાલાનો કાંપ, જેલનું મકાન, બટાલિયન હોસ્પિટલ વીગેરે મકા ના સારી શોભા આપે છે. એટલેકે ગાંમની બાહેર પશ્ચિમ તથા ઉત્તર ત આ નો દેખાવ હાલના જમાનાની બાંધણીનો હોવાથી સારો લાગે છે. આ વી છે મની લાઇબ્રેરી જેને ઓખા નેટીવ જનરલ લાઇબ્રેરી કહે છે તે સૌ કો દકા નું આશ્રય સ્થાન છે. તેમાં ફરનીચર સારૂં છે. તેની ગોઠવણી સારી ખરા તથા સ્વચ્છતા તરફ સારૂં ધ્યાન આપવામાં આવે છે. પુસ્તકોની સં ખાસ પણ ઠીક છે. આ લાઇબ્રેરીની દેખરેખ સંબંધીનું કામ કાજ મેનેજીંગ કુ ળે છે. ટીના હાથથી થાય છે. આ કમીટીમાં મુખ્યત્વે સરકારી અમલદારો છે ગે ફરતો બગીચો કરી જૂદી જૂદી જાતનાં ઝાડાં ઉછેરવામાં આવ્યાં છે. તે દજી એક હોજ પણ છે. લાઈબ્રેરીનું આવી રીતનું ધોરણ જોઇ ગમે તે જોન કહે રનું દીલ ખુશી થાય છે. અને ઘણા લોકો પોતાથી બનતું ઉત્તેજન આપે તે છે,

આ ગાંમમાં એક તળાવ છે તે ખારૂં તળાવ કહેવાય છે. તેનો અ સા કહે રો પથ્થરથી બાંધેલો છે તેમાં લોકો નહાય છે, ધોય છે, તથા કુવાનું પ ાસે ણી પીવાના કાંમમાં લે છે.



ઉપર પ્રમાણે ફુરસદની વેળાએ દ્વારકાંમાં જે જોવાનું તે થઇ રહ્યા પછી યાત્રાળુઓ બેટ શંખોદ્ધાર તરફ જાય છે. જે રમણદ્વીપ કહેવાય છે. આ બેટમાં શ્રીકૃષ્ણ ભગવાન રાજ લીલા અને બાળ લીલાથી બીરાજમાનછે.

## બેટ ( રમણદ્વીપ. )

બેટ તરફ જવાના બે રસ્તા છે. એક આરંભડાથી અને બીજો ગોપીતળાવ ઉપર થઇને છે. ઘણાખરા લોકો પેહેલે રસ્તેથી જાય છે, અને બીજે રસ્તેથી પાછા વળે છે આરંભડા તરફ જતાં પ્રથમ વરવાળુ ગામ આવે છે. ત્યાં બહારના ભાગમાં ધર્મશાળાનાં મકાનાં આવેલાં છે. જતાં આવતાં મુસાફરો તેમાં વિશ્રાંતી લે છે. એક ધર્મશાળા શેઠ ગોકળદાસ કોરજી જેઓ મુળ આ ગામના વતિ છે, તેમના તરફથી બંધાવેલી છે. તેમાં એક ધર્મનું દેશી દવાખાનું છે. ઘણા લોકો આ દવાખાનાંનો લાભ લે છે. અને તેના ચાલુ કરનારને અંતઃકરણ પૂર્વક આશીશ આપે છે. બીજી ધર્મશાળા શેઠ ઠાકરશી મુળજીની કહેવાય છે. આ ધર્મશાળામાં યાત્રાળુની તેમના મોભા પ્રમાણે તમામ જાતની સવડ થઇ શકે છે. તેમાં લાઇબ્રેરી છે અને સદાવૃત પણ અપાય છે.

વરવાળુ મુકી આગળ ચાલતાં નાનાં નાનાં ગામ જેવાંકે, મકનપોર, મોજપ, ૂરજકરાડી, વીગેરે આવે છે. અને છેવટે આરંભડું આવી પહોંચે છે. મ- ૌવામાં બેસવાનું બંદર ત્યાંથી આશરે એક માઇલ દૂર છે. ત્યાં આવતાં કા ઉપર મુંબાઇના શેઠ. વિશનજી મતજીએ એક સુંદર ધર્મશાળા બંધાવે- ી જોવામાં આવે છે. તેમાં તમામ જાતની સવડ છે. સદાવૃત પણ અ- ાય છે. યાત્રાળુને નહાવા ધોવાનું, જમવા વિગેરેનું કરવું હોય તો તેની પ- ણ સોઇ રાખેલી છે. તેના ઉપર દેખરેખ ઘણી સારી છે. આ ધર્મશાળા- ી જોડમાં બીજી ધર્મશાળા છે, ત્યાં આગળ કાશી વિશ્વેશ્વર મહાદેવનું ંદીર છે.

બેટ આવવાનો થોડો વખત રહે છે, તે અગાઉ કેટલાક સાધુસંત ેગેરે ગરમ છાપ એટલે તપત મુદ્રા લે છે. તેમાં શંખ, ચક્ર, ગદા તથા પદ્મના આકાર પાડેલા છે, તે ત્રાંબાની બનાવેલી હોય છે. તેને દેવતામાં ગરમ કરી ડાબા તથા જમણા હાથના બાહુડા ઉપર લગાવી દે છે. આ છાપ બદલ સરકાર તરફથી પાંચ પૈસા લેવામાં આવે છે.

મછવાનો વખત થતાં તમામ લોકો ફુરજા ઉપર આવે છે. વહાણમાં બેસતાં અવલ યાત્રાળુને બોટ ઉતાર નામની લાગત તે જગ્યોએ સરકારમાં ભરી ચીઠી મેળવવી પડે છે. આ લાગત બ્રાહ્મણો પાસેથી છ પાઇ તથા ઇતર વર્ણ પાસેથી બે આના કલદાર લેવાય છે. સાંધુસંત વિગેરેને સોગંદ આપી માફીથી ચડાવે છે. પછી બોટમાં બેસવું. સરકાર તરફથી આરંભડા અને ગોપી તરફ અકેક મછવો મોકલવામાં આવે છે. તેમાં બેસનાર પાસેથી મછવાનાં ભાડાં તરીકે કાંઇજ લાગત લેવાતી નથી. આ સીવાય બીજા પણ ઘણા મછવા આવે છે તેમાં બીશી જનારને માથાદીઠ બે પૈસા આપવા પડે છે. આ ખાડી આશરે ત્રણેક ગાઉની કહેવાય છે. તેમાં મુસાફરી કરવાનું જોખમ ભરેલું નથી. વહાણ પવનને આધીન હોય છે તેથી જો પવન અનુકુળ હોય તો આશરે અરધા કલાકમાં બેટને કાંઠે પહોંચાય છે. અને પ્રતિકુળ હોય તો દોઢ બે કલાક થાય છે. આ ખાડીમાં શંખ જથાબંધ નીકળે છે તે હીંદુસ્થાનમાં ઘણી જગ્યાએ યાત્રાળુ લઇ જાય છે કોઇ કોઇ વખતે મોતીની છીપો પણ નીકળે છે. શંખના જીવડા દવામાં ઘણા ઉપગીયો થાય છે. તેથી કેટલાક લોકો એ જીવડા પણ લઇ જાય છે.

બેટના કાંઠાપર આવી પહોંચતાં યાત્રાળુઓને ધર્મશાળાઓમાં મુકામ કરવાનું હોય છે. આમાંની કેટલીકતો કાંઠા ઉપરજ બાંધેલી છે. ગોવરધન પીતાંબરની, ધર્મશી વીરજી, નેણશી લક્ષ્મીદાસ, તથા માંડવીના શેઠ. ભી... માણી વાળા વીગેરેની ધર્મશાળાઓ છે. ગામના ભાગમાં માંડવીના શે... આણંદજી વિશ્રામની બંધાવેલી ધર્મશાળા છે તે ઘણી મોટી છે તેમાં પા... ના લાડુનું સદાવ્રત અપાય છે. આ સિવાય મંદીરો વાળાની ગૌશાળા વિ... ગેરે કેટલાંક ખાસ ઉતરવા માટે પણ મકાનો મળી શકે છે. આ મકાન... માં સાધુ સંત વિગેરેને ઉતરવા માટે ઇલાયદા ગોઠવણ રાખેલી છે રામાનુજ સંપ્રદાયના યાત્રાળુને ઉતરવા માટે ગામની પુર્વ તરફ ગોપાળ ટેકરી છે. ખાખચોક, તુળશીચોરો વિગેરે જગ્યાઓ છે.

આવી રીતે ઉતારાની સવડ થઇ રહેતાં યાત્રાળુઓ શ્રીનાં દર્શન કરવ... જાય છે. મંદીરના દરવાજા સામે શ્રી કુશેશ્વર મહાદેવની નાની દેરી છે તેન... દર્શન કરવાં.

મહારાજા ગાયકવાડ સરકાર તરફથી દર્શનનો કર દરેક યાત્રાળુ પાસેથી રૂપીઆ ૨ કલદાર લેવાય છે. તેની ચુકાત કર્યા સીવાય મંદીરના દરવાજામાં જઇ શકાતું નથી. આ કરની માફી તથા વત્તા ઓછી કર માટે જે સે...



નિયમ ગોમતી કરના સંબંધમાં જણાવ્યા છે તેજ છે. કર ચુકવ્યા બાદ મંદિરના દરવાજામાં દાખલ થવું. દાખલ થતાં ગણેશજીની નાની દેરી આવે છે. તેનાં દર્શન કરવાં આ દેરીની આસપાસની જગો ગણેશ ચોકના નામથી ઓળખાય છે. આ ચોકમાં ઉભા રહી જોતાં ચાર ખુણે ચાર પટ્ટરાણીઓનાં મકાન નજરે પડે છે. ડાબા હાથ તરફ શ્રી રાધિકાજીનું તેની પૂર્વે સામેની બાજુએ શ્રી લક્ષ્મીજીનું જમણી બાજુ તરફ શ્રી સત્યભામાજીનું તથા તેની પૂર્વે શ્રી જાંબુવંતીજીનું એવાં ચાર મોટાં વિશાળ મકાનો છે. તે દરેકમાં જે તે પટરાણીઓ બીરાજમાન છે. આ ચાર મકાનોની મધ્યસ્થ પાંચમું તેવુંજ મકાન છે. તેમાં શ્રી દ્વારકાંધીશ, તેમની ડાબી બાજુએ શ્રી ત્રિવિક્રમજી, જમણી બાજુ શ્રી કલ્યાણરાયજીનાં મંદીરો છે શ્રી દ્વારકાંધીશના મંદીરમાં શ્રી ગોદના ગોપાળજીની મૂર્તિ એક સિંહાસનમાં ડાબી બાજુ તરફ પધરાવેલી છે. શ્રી દ્વારકાંધીશના અભાવે આ મૂર્તિ તમામ બાહેરના વૈભવો સમયે એકથી બીજે ઠેકાણે લઇ જાવામાં આવે છે. જેમકે દશમની સ્વારી, લગ્ન થવું, જન્મ થવો, હિંડોળામાં ઝુલવું વીગેરે આ મૂર્તિથી થાય છે. શ્રી દ્વારકાંધીશની સન્મુખ શ્રી દેવકીજી માતા, શ્રી ત્રિવિક્રમજી સન્મુખ ...ી માધવરાયજી તથા શ્રી કલ્યાણરાયજીની સન્મુખ શ્રી પુરૂષોત્તમરાયજીનાં ...ન થાય છે. શ્રી માધવરાયજીના મંદીર પાસે એક નાના મંદીરમાં શ્રી ...ણનાં કુળ દેવતા અંબાજીનું સ્થાપન છે તથા ત્રિવિક્રમજીની સન્મુખ આડ ...જુએ શ્રી ગુરૂડજી ભગવાનનું વાહન વરદાન પ્રમાણે સમીપ રહેનારની નાની ... છે. આટલાં મંદીરો પાંચમા એટલે વચલા મકાનમાં આવેલાં છે. તે બધાં ...ના મંદીરો કહેવાય છે. આ ચોકનાં મંદીરો પૈકી શ્રી દ્વારકાંધીશ, શ્રી ...ાણરાયજી શ્રી માધવરાયજી શ્રી પુરૂષોત્તમરાયજી તથા શ્રી દેવકીજીએ ... મંદીરો સરકારી છે એટલે એ મંદીર સંબંધી ઉપજનો હિસાબ સરકા... ...માં રહે છે. શ્રી ત્રિવિક્રમજીનું મંદીર શ્રી સત્યભામાજીના ભંડારનું છે. ... શ્રી અંબાજી તથા ગુરૂડજીનાં મંદીરો ત્યાંના ગુગળી બ્રાહ્મણનાં છે.

... શ્રી લક્ષ્મીજીના ભંડારમાં શ્રીગોવર્ધનનાથજીનું મંદીર છે ત્યાં ભગવત ...સ્વરૂપે નાના નાના લાલજી તથા સખાઓ સહીત બીરાજમાન છે. શ્રી ...સુવંતીજીના ભંડારમાં શ્રી જાંબુવંતીજીની જોડમાં શ્રી લક્ષ્મીનારાયણ ભ...નનું મંદીર છે. તે શ્રી લક્ષ્મીજીને ગોદમાં લઇ બીરાજ્યા છે. શ્રી દ્વારકાંધી...ી પાછળની બાજુએ શ્રી સાક્ષી ગોપાળજીનું મંદીર છે તે યાત્રાના સાક્ષી

ભગવાન કહેવાય છે. આ મંદીર સરકારી છે.

ઉપર જણાવેલાં સ્વરૂપો અને મૂર્તિઓમાં શ્રી રાધીકાજી શ્રી ગોદન. ગોપાળજી તથા શ્રી ગોવર્ધનનાથજી સિવાય તમામ સ્વરૂપો અચળ છે. શ્રી ગોદના ગોપાલજી તથા શ્રી ગોવર્ધનનાથજીની મૂર્તિઓ ધાતુની બનેલી છે.

આ મંદીરો શિખરબંધી નથી. પરંતુ ત્રણ ત્રણ ચચ્ચાર માળનાં છો-બંધ અગાશીવાળાં છે. અને ઠાકોરજીની સ્થાપના છેક નીચેના ભાગમાં મોટી ફરસબંદીવાળી જગ્યામાં કરેલી છે. દરેક અગાશી ઉપર જે તે મંદીરોના ધ્વજા દંડ ખોદી દીધેલા છે. તે પર રંગબેરંગી ધ્વજા પતાકાઓ ફરફરે છે. બધા દંડમાં શ્રી દ્વારકાંધીશનો ધ્વજાદંડ ગંજાવર છે. તે છેક જમીનથી ઉભો કરેલો છે. તેની અને ભીંતની વચ્ચે થોડો માર્ગ રહે છે તેમાંથી લોકો આ સ્થંભની પ્રદિક્ષણા કરી શકે છે.

આ મંદીરોની સેવા શ્રંગારનું કામ વલ્લભી સંપ્રદાયના આચાર્યો ગોસ્વામીજી મહારાજને સોંપેલું છે. તેથી તે સંપ્રદાયના પુષ્ટીમાર્ગને અનુસરી સેવા શૃંગારનું કામ ચાલે છે. આંહી સર્વે સંપ્રદાયના યાત્રાળુઓ દર્શન માટે આવે છે.

બધાં મંદીરોમાં શ્રી દ્વારકાંધીશનું મંદીર મુખ્ય છે. બીજા સર્વે મંદ્રિરોમાં સેવા શ્રંગારનો ક્રમ શ્રી દ્વારકાંધીશની સેવાના ક્રમને અનુરસતો [illegible] તેથી શ્રી દ્વારકાંધીશનો ક્રમ જાણ્યો એટલે બીજા મંદીરોનો ક્રમ જાણ્યામાં [illegible] આવી જાય છે. આ કારણને લઇને દરેક મંદીરવાર જૂદું જૂદું નહી બ[illegible] વતાં માત્ર શ્રી દ્વારકાંધીશનોજ ક્રમ બતાવેલો છે. [illegible]

શ્રી દ્વારકાંધીશની સેવા કરવાનો એક દિવસ શ્રી લક્ષ્મીજીનો [illegible] બીજે દિવસ શ્રી સત્યભામાજીનો વારો આવે છે. આ વારો શ્રી રાધીકાજી[illegible] મજ શ્રી જાંબુવંતીજીને મળી શકતો નથી પરંતુ પરિચારકની બીજી [illegible]છે. આ બે પટરાણી તરફથી થાય છે. આવી ઘણી ખરી સેવા શ્રી રાધીક[illegible] તરફથી થાય છે.

જે સેવા પટરાણીઓએ પોતપોતાના વારાને દિવસે કરવાની છે તે [illegible] તેમના અભાવે જે તે મંદીરના ગાદીસ્થો શ્રી બ્રહ્મચારીજી મહારાજ કરે [illegible] તેને લઇને આ ગાદીસ્થો વિરક્ત રહે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે જે દિવસે જે પટરાણીનો વારો હોય છે. [illegible] દીવસે તે મંદીરના બ્રહ્મચારીજીના મતાનુસાર શ્રીજીની તમામ સેવા થાય [illegible]



તેઓ શ્રીજીના સિંહાસનને જમણે પગથીએ ઉભા રહી સેવા કરે છે જે સેવા કરવાનો હક ગુસાઇજીના બાલકો સિવાય બીજા કોઇને હોવાનું જણાતું નથી.

હવે આ સેવાનો ક્રમ શી રીતે ચાલે છે તથા કયે વખતે કોણ કરે છે. તેમજ યાત્રાળુને ક્યારે દર્શન થાય અને ક્યારે ન થાય તે સંબંધમાં એક આખા દિવસનો સેવાનો ક્રમ નીચે બતાવવામાં આવે છે.

નિત્ય પ્રાતઃકાળમાં શ્રીજીની સેવા કરનારા નાહી ધોઇ પવિત્ર વસ્ત્ર ધારણ કરી તૈયાર રહે છે. યાત્રાળુઓ પણ મંગળાનાં દર્શન કરવા આવવા માંડે છે ને સારી ઠઠ જામી જાય છે. એટલામાં શ્રી રાધિકાજી મંદીરના ભંડારીજી હાથમાં રૂપાની ચકચકીત ઘીમાં સારી પેઠે ભીજવેલી દાવેટોવાળી આરતી જેને મંગળા આરતી કહે છે તે લઇ શ્રી દ્વારકાંધીશના મંદીર પાસે આવે એટલે તેમના તરફનું માણસ મંદીરનો ઘંટ બજાવી મંદીર ખુલ્લુ કરે છે. અને પછી શ્રી ત્રિવિક્રમજી માધવારાયજી દેવકીજી પુરૂષોત્તમરાયજી કલ્યાણરાયજી તથા શ્રી લક્ષ્મીજી પર્યંત દરેક મંદીરના ઘંટ બજાવતો બજાવતો તમામ મંદીર અનુક્રમે ખુલ્લાં કરેછે. આ વખતે તમામ મંદીરોમાં દર્શન થઇ શકે છે. [illegible]મંદીરો ખુલ્યાં કે તરતજ જે તે મંદીરોના પુજારી (ખવાસ નામથી ઓળખાય [illegible]) આગલી રાત્રીએ શયનના વખતે બીછાવેલાં બીછાનાનું વીસરજન કરે છે. [illegible] દ્વારકાંધીશના મંદીરમાં ભંડારીજી તથા પુજારી મળી આ કામ કરે છે. શ્રી [illegible]દના ગોપાલજીને શય્યામાં શયન કરાવેલું હોય ત્યાંથી બાજુપર રાખેલા [illegible]હાસનમાં પધરાવે છે. અને મંગળા આરતી ઉતારે છે. આ સમયને મંગળા [illegible] છે. પછી તેજ આરતી શ્રી ત્રિવિક્રમજી માધવરાયજી એમ અનુક્રમે લક્ષ્મીજી પર્યંત ઉતારી સીધા શ્રી રાધિકાજી મંદીરમાં દાખલ થાય છે. [illegible] રાધિકાજીને શયનમાંથી એક નાના સિંહાસનમાં પધરાવી સર્વેને દર્શન [illegible]વે છે. બાદ તુરત કાકડા આરતી ઉતારે છે ને દર્શન બંધ થઇ જાય છે. [illegible]મીઆન વારા વાળા બ્રહ્મચારીજી હસ્તમાં શ્રીજીને અંગો છે કરવાનાં વસ્ત્રો [illegible]ળી રૂપાની ઝાંપી લઇ શ્રી દ્વારકાંધીશના મંદીરમાં દાખલ થાય એટલે તે [illegible]દીરનો પુજારી સોનાના મયુર ઉપર તેલમાં ભીંજાવેલો કાકડો મૂકી સળ[illegible]વી, બ્રહ્મચારીજીને આપે છે તેની આરતી ઉતારે છે આ આરતી કાકડા [illegible]રતી કહેવાય છે. તે આરતી થઇ રહી કે તરત પડદો આવી જાય છે અને [illegible]ન બંધ થાય છે. આ વખતે બધી જગોએ દર્શન બંધ હોય છે.

થોડી વારમાં શ્રી રાધીકાજી મંદીરના ભંડારીજી પોતાના હસ્તમાં
જળથી ભરેલો સુવર્ણનો કળસ લઈ અંદર દંત ધાવન રાખી સુગંધી તેલ-
ની વાટકી સહીત શ્રી દ્વારકાંધીસના મંદીરમાં દાખલ થાય છે. એટલે બ્ર-
હ્મચારીજી શ્રીજીને વિધિ પૂર્વક દંતધાવન મુખ માર્જન કરાવે છે. પછી
શ્રી અંગે તેલનું મર્દન કરી પયઃસ્નાન કરાવે છે. તે વખતે શ્રી રાધીકા-
જી મંદીરમાંથી રૂપાની મોટી ગાગરમાં શિયાળો હોય તો ઉષ્ણોદક અને
ઉન્હાળો હોય તો શીતોદક લાવી એક મોટી રૂપાની કુંડીમાં ખાલી કરે છે
તે જળ વડે સ્નાન થાય છે. પંચામૃત સ્નાન માત્ર ઓચ્છવના દીવસેજ
કરે છે. સ્નાન થતી વખતે બ્રાહ્મણો પુરૂષ સુક્ત અને લક્ષ્મી સુક્તના પાઠ
ભણે છે. સ્નાન વિધિ થઇ રહી કે તુરત અંગવસ્ત્રથી શ્રી અંગને અંગુછો
કરે છે. એટલામાં શ્રી રાધિકાજી મંદીરનો મુખ્યો જેના હવાલામાં શ્રીજીના
ભારે દાગીના તથા વસ્ત્રો રહે છે તે આવી શ્રીજીને ધરવા માટે ક્યાં વસ્ત્રો
તથા દાગીના લાવવાના છે તે બ્રહ્મચારીજીને પૂછી જોઇતાં વસ્ત્ર દાગીના
હાજર કરે છે. જો તે દિવસે કોઇ યાત્રાળુ તરફથી ધોતી અગર મહાપુજા
થએલી હશે તો તે વસ્ત્રોજ ધરવામાં આવે છે. વસ્ત્ર ધરાવી દાગીના ધ-
રાવવામાં આવે છે. સૃંગારમાં વસ્ત્ર દાગીના શું શું હોય છે તે પૈકી કે
લાંકના નામ નાકમાં નકવેસર હડપટીએ ચુબક કપાળમાં ત્રિપુંડ્ર તથા તી
લક, અલકાવળી, લરશીરપેચ મુગટ તુરા ટીપારા કુલે કંઠમાં કૌસ્તુક મા-ના
વીહાર કટી મેખલા ઝાંઝર વીંછીઆ જડાવી મોજાં મને બાંહે બાજુ, છેડા
પોંચી કડાં વીગેરે હોય છે. જમઇયો કટાર છડી મોરલી વીગેરે પણ ધરુકાવ
છે. વસ્ત્રોમાં પાઘ, પટકા, ઇજાર વાઘા, ધોતી, શાલ ઉપરણા, ડગલા, મરા
તાંબર, વીગેરે હોય છે. બાદ સુગંધી ફુલની માળા અતર તેલ ચંદનમાસ
ગેરે ધરાવે છે. ગાદી તકીયા પીછવાઈ વીગેરે રાખી તુળશીની જે મ છે.
ધરાવે છે. બાદ પ્રાતઃ સંધ્યાવદન કરાવે છે. ત્યાંસુધી કોઇને શ્રીજીના ગો-
ણુંમાં તુળશી અર્પણ કરવા દેતા નથી. સંધ્યાવંદન થયું કે બાળભોગ છે
વે છે. આ ભોગ શ્રી લક્ષ્મીજી તથા શ્રી રાધીકાજીના મંદીરમાથી રુક્ષ્મી
છે. તે શ્રંગારભોગ કહેવાય છે. ભોગ ધર્યા બાદ દર્શન ખુલી શ્રીજીને કહે
રશી દેખાડે છે અને પછી આરતી થાય છે તેને શ્રંગાર આરતી કહે છે,
આ આરતી વખતે શ્રીજીનો ઉમરો ધોઇ ઉમરા ઉપર ગુરૂડજી ભગવાં કહે
બેસારે છે. પછીથી કોઇનાથી અંદરથી બહાર તેમ બહારથી અંદર



શકાતું નથી. આરતી થઇ રહી કે થોડી વારે શ્રી જાંબુવંતીજી તરફથી
બાળભોગ આવે છે, એટલે વારા વાળા બ્રહ્મચારી પોતાના મંદીરની ગા-
દીએ બેશી વિશ્રાંતી લે છે અગર અધ્યયન કરે છે. જાંબુવંતી મંદીર ત-
રફથી આવેલા ભોગનું વીસરજન યોગ્ય વખતમાં થઇ તે ભોગ શ્રી લક્ષ્મી-
જી મંદીરમાં એમનો એમ ધરાવવા લઇ જાય છે પછી થોડોક વખત દ-
ર્શન થાય છે. તેટલામાં વળી રાધીકાજી મંદીરમાંથી ભોગ આવે છે. તે
સર્યા બાદ ઘંટ નાદ થાય છે આને પડદાનો ઘંટ કહે છે. અને દર્શન ખુલે
છે. આ ઘંટનો નાદ સાંભળી વારા વાળા બ્રહ્મચારીજી પાછા મંદીરમાં દા-
ખલ થાય છે. એટલે પડદો પડી દર્શન બંધ થઇ જાય છે. આ વખત શ્રી-
જીને સ્નાન કરાવવું હોય તો કરાવે છે નહીતો તેલ ચંદનના માટે ઘંટથી
સંજ્ઞા કરે છે. કે તરતજ શ્રી રાધીકાજી મંદીરમાંથી તે પુરું પાડવામાં આ
વે છે. તે ધરાવી મધ્યાન્હ સંધ્યા વંદન કરાવે છે. તેટલામાં છડીદાર ભો-
ના માટે શ્રી લક્ષ્મીજી તથા શ્રી સત્યભામાજી મંદીરમાં કહી આવે છે એ-
 ભોગ આવે છે. તેનું વીસરજન કરી આરતી ઉતારે છે તેને મધ્યાન્હ
આરતી કહે છે. આ વખત પણ ગુરૂડજીને ઉમરા પર બેસારવામાં આવે છે.
આરતી થઇ રહ્યા બાદ જે મદીરનો વારો હોય તે મંદીરનો સેવક આવી
જીના પૂજારી પાસેથી મંદીર સંભાળી લે છે. અને ઘંટ બજાવે છે એટલે
લગીરીઓ જળ લાવે છે. તે વતી મંદીર ધોઇ સાફ કરે છે બાદ કોઇથી
જ મંદીરમાં જઇ શકાતું નથી. પછી ઘંટનાદ કરે એટલે પટ્ટરાણીના
ભાવે બ્રહ્મચારીજી હાથમાં થાળ લઇ આવે છે તેની પાછળ એક બીજો
ણુસ તેજ સ્વરૂપમાં ચાલતો આવતો હોય છે આ થાળ લાવતી વખત એક
ણુસ આગળ ચાલતો જળની ધારા કરે છે તેમાં થાળ ધરનારા ચાલતા
ણુસ આગળ ચાલતો જળની ધારા કરે છે તેમાં થાળ ધરનારા ચાલતા
વે છે. તેઓ થાળ સહીત નીજ મંદીરમાં દાખલ થાય કે ...હાર ઉભે-
માણુસ દ્વારબંધ કરી દે છે. અમુક ગાયત્રીનો જપ કર્યા પછી પ્રથમ
ારાના ઠાકોરજીના રાજભોગનું વીસરજન કરે છે. બાદ વારાવાળા તમામ
કોરજીનો થાળ સરે છે. આ જગ્યોએ ...ારા ઉવારાના ખુલાસા માટે લખ
ની જરૂર છે કે જે દિવસ લક્ષ્મીજીનો વારો હોય તે દિવસે ઉવારાના
ંદીરમાં શ્રી ત્રિવિક્રમજી માધવરાયજી તથા સત્યભામાજી લેખાય છે. શ્રી
ત્યભામાજીના વારાને દિવસે શ્રી કલાણરાયજી શ્રી લક્ષ્મીજી તથા શ્રી પુ
...રાયજીનાં મંદીરો ઉવારાનાં ગણાય છે શ્રી દેવકીજીનું મંદીર હમેશાં

વારા વાળા મંદીરો તરફમાંજ રહે છે. ત્યારે એ પ્રમાણે ઉવારા તેમજ
વારા વાળા ઠાકોરજીની થાળી સર્યા બાદ શ્રી દ્વારકાંધીસની થાળી સરે છે.
ત્યારે પટ્ટરાણીના મંદીરમાં બંટા ભોગના માટે કહેવરાવવામાં આવે છે દ
રમીયાન જે સેવક મધ્યાન્હ આરતી પછી શ્રીજીના મંદીરમાં આવેલો હો-
ય છે તે શયનના માટે બીછાનાં વીગેરે પાથરી રાખે છે. એટલામાં બંટા
ભોગ ધરાવી મંદીર બંધ થાય છે. થોડી વાર પછી રાધીકાજી મંદીરનું મા-
ણસ આવી પ્રથમ ઉવારાનાં અને પછી વારાનાં મંદીરો ખુલ્લાં કરે છે. આ
વખતનાં દર્શનને મીઠાં જલનાં દર્શન કહે છે. તે વખતે એક ભોગ શ્રી સત્ય-
ભામાજી મંદીર તરફથી આવે છે. તે ધરાવ્યા બાદ મીઠાં જલ આરોગાવે
છે. તેની પ્રસાદી યાત્રાળુઓને આપી મંદીરો બંધ કરવામાં આવે છે. અને સ-
વારની સેવા સૃંગારનો ક્રમ બંધ થાય છે.

સાંજના પાંચ વાગતાં સુધી સૌ પોતપોતાનાં ઘર કામમાં લાગી રહે
છે. મંદીરોની સેવા પૂજા સંબંધી તમામ હીલચાલ તે વખત સુધી બંધ
રહે છે. મંદીરોના અધ્યક્ષો તે વખતે પ્રસાદ લઇ નિવૃત્તિ લઇ પાછલે પ[ગે]
બહાર બગીચે હવા ખાવા જાય છે. અગર પોતપોતાની વખારે જઇ અ[ધ]-
તા મુત્સદીઓનાં નામાં તપાસી લે[વા]વડ કરે છે. સાયંકાળ થતાં પાછા [મં]-
દીરમાં આવી સેવા પૂજામાં ગુંથાવા મંડે છે.

સાયંકાળે પૂજારી તથા શેવાના કામમાં જરૂર પડતાં માણસો પી[તાં]-
વસ્ત્ર ધારણ કરી હાજર થાય છે. પ્રથમ શ્રી રાધિકાજી મંદીરનો ઘંટ [છે]
થઇ દર્શન થાય છે. આ વખતને ઉત્થાપન અગર મહોલ કહે છે. ચો[ક]
મંદીરોમાં પ્રથમ શ્રી દ્વારકાંધીસનું મંદીર ખુલ્લું કરે છે. અને પછી અ[ન]
ક્રમે શ્રી લક્ષ્મિજી સુધી તમામ મંદીરો ખુલ્લાં કરી જાય છે. આ વખતે સ
ણ દરેક મંદીરોમાં દર્શન થાવ છે. બપોરનાં શયનની ચીજોનું વિસર્જન છે.
સઘળું ચોખ્ખું કરે છે. દિવાબત્તી માટે ગોઠવણ થવા માંડે છે. એટલા[માં]
શ્રી રાધિકાજી મંદીરમાંથી શ્રીજીને ભોગ આવે છે. તે થોડી વારમાં સરે છે
અને દર્શન થાય છે. તેટલામાં બીજો ભોગ શ્રી જાંબુવંતીજી મંદીર તર[ફ]
આવે છે. તેનું વિસરજન થયા પછી શ્રી રાધિકાજી મંદીરના ભંડારી
મંગળા આરતીની માફક હસ્તમાં તેજ આરતી લેઈ પ્રથમ શ્રી રાધિ[કા]-
જીની આરતી ઉતારે છે. ત્યારપછીથી શ્રી લક્ષ્મિજી, શ્રી કલ્યાણરાયજી, [શ્રી]
દ્વારકાંનાથજી, શ્રી ત્રિવિક્રમજી, ગરૂડજી, માધવરાયજી, દેવકીજી, એમ [...]



[મં]દીરમાં આરતી ઉતારતા શ્રી પુરૂષોત્તમરાયજીની આરતી ઉતારી લોકોને
[વ]ંદન કરાવે છે. આ આરતીને કડછા આરતી કહે છે. શ્રી રાધિકાજી મંદીર
[મ]ાંજતાં તે વખતે શ્રી રાધિકાજીની મોટી આરતી ભંડારીજી ઉતારે છે. આ
[આ]ા આરતીને શ્રૃંગાર આરતી કહે છે. પછી તુરત ભંડારીજી સૂવર્ણનો
[ક]ળસ પવિત્ર જળથી ભરી શ્રી દ્વારકાંધીસના મંદીરમાં લઇ જાય છે. ભંડા
[રી]જી આ જળ લઇ આવી પહોંચે તે પહેલાં વારાવાળાં પટરાણીજી મંદીર
[ના] બ્રહ્મચારીજી અંગવસ્ત્ર વાળી ઝાંપી લઇ શ્રીજીના મંદીરમાં હાજર થઇ
[બ]ેઠેલા હોય છે. જળનો લોટો આવતાં શ્રીજીને બ્રહ્મચારીજી સાયંનસંધ્યા
[વ]ંદન કરાવી આરતી ઉતારે છે તેને સંધ્યા આરતી કહે છે. આ આરતી
[થ]યા બાદ દર્શન બંધ થઇ જાય છે. હવે જો રાત્રીએ સ્નાન કરાવી સૃંગાર
[ક]રાવવા ખુશી હોય તો તેમ કરે છે, નહીંતો તેલ ચંદન માટે ઘંટ થાય છે કે
[તુ]રત શ્રી રાધિકાજી મંદીરમાંથી તેલ ચંદન આવે છે. તે ધરાવી રહેતાં શ્રી લ-
[ક્ષ]્મીજી તથા શ્રી સત્યભામાજી મંદીરમાંથી ભોગ આવે છે. ભોગનું વિસરજન
[...] આરતી થાય છે તેને સૃંગાર આરતી કહે છે. આ વખતે પણ ઉમરો ઘો-
[...]ગરૂડજીને પધરાવે છે. સૃં[ગા]ર આરતી થઇ રહ્યા પછી શ્રી જાંબુવંતીજી
[મં]દીરમાંથી ભોગ આવે છે. તે ભો[ગ] સર્યા પછી તેનો તેજ ભોગ શ્રી લક્ષ્મિ-
[...]ને ધરાવવા લઇ જવામાં આવે છે. એટલામાં વારાવાળાં પટરાણીજીનો સેવ-
[ક] પુજારી પાસેથી મંદીર સંભાળી લે છે, અને પ્રાતઃકાળના ક્રમમાં જણાવ્યા
[મુ]જબ મંદીર સાફ કરી ઘંટ બજાવે છે એટલે રાજભોગ આવે છે. આ રાજ-
[ભો]ગ લાવવાની રીત પ્રાતઃકાળમાં જે વર્ણવી છે તેજ છે.

શ્રી દ્વારકાંધીસને રાજભોગ આવેલો હોય છે તે વખતે ઘણુંકરી ઉવારા
[...]ઠાકોરજી પહોડતા હોય છે. શ્રી લક્ષ્મીજી ઉવારાના મંદીરમાં આવે [...] શ
[...] દીવસ શ્રીજીની અવલ પહોડતાં નથી કારણ તેમને હમેશાં [...]
મંદીરમાં પહોડવા જવાનું હોય છે.

ઉવારાના ઠાકોરજી પહોડી ગયા બાદ શ્રીજીને રાજભોગ સરે છે. અને
[...]નાં શયન માટે બિછાંનાં પાથરી શ્રી ગોદ[...] ગોપાળજીને શયન કરાવી બં-
[...] માટે ઘંટ થાય છે. ત્યારે પટ્ટરાણી મંદીરોમાંથી બંટા આવે છે. થોડી
[...]માં શ્રી રાધિકાજી મંદીરના ભંડારીજી હાથમાં શયન આરતી લઈ આવે
[...] આ આરતી મંગળા, તથા કડછા વખતે જે હોય છે તેજ હોય છે. પ્રથમ
[...]રનાં દ્વારકાંધીસની આરતી ઉતારી પછી શ્રી લક્ષ્મીજીની ઉતારે છે. એટલે તે

વખત એક વસ્ત્રમાં શ્રી લક્ષ્મીજીનાં પગલાં ( ચર્ણ ) છાપેલાં હોય છે તે વસ્ત્ર ત્યાંથી પાથરતા પાથરતા શ્રી દ્વારકાંધીસનાં શય્યા મંદીર સુધી લઇ જાય છે. એ પગલાંનું લોકો ચર્ણસ્પર્શ કરી તેનું આંખેવંદન કરે છે. આ પગલાંનો ભાવ એવો જોવામાં આવે છે કે શ્રી લક્ષ્મીજી ચાલીને શય્યા મંદીરમાં પધારે છે. પછી શ્રી લક્ષ્મીજી મંદીરનાં દ્વાર બંધ થઇ જાય છે. શ્રી દ્વારકાંધીસની પાછી બીજીવાર આરતી ઉતારવામાં આવે છે. અને મંદીર બંધ કરી દેવામાં આવે છે. ચોકનાં તમામ મંદીરોનાં દ્વાર બંધ કરી લક્ષ્મીજી મંદીરનાં આગલાં દ્વારને એક મોટું તાળું લગાવે છે. તે પર રાત્રીના વખત ઓખા બટાલિઅનની એક ગાર્ડનો પેહેરો રહે છે. સઘળા લોકો ત્યાંથી નીકળી મંદીરની બહાર ચોકીના હનુમાનજીના મંદીરે જાય છે. ત્યાં આવી સ્તુતિ કરે છે કે સઘળા દ્વારપાળોને સાથે લઇ શ્રીજી પહોડી ગયા માટે તેમની ચોકી કરવા પધારો અને નીચે પ્રમાણે પદો બોલવા માંડે છે.

**ઠુંમરી**

ધીરવીર હનુમાન મહાબળ, અંજની નંદન નામીરે ॥
વજ્રદંડ વજ્રાંગ વજ્રકો, પીન ધર પાવન ધામીરે ॥ ધીરવીર
પોઢે સુંદર સેજ પ્રેમસે, દ્વારામતિકા સ્વામીરે.
સુખસે ત્રિકમ લાલ ફાંકડા, પોઢે પૂરણ કામીરે ॥ ધીરવીર
પૂરવ ચોકી દેવ સબનકી, પશ્ચિમ રત્નાકરકીરે
ઉત્તર ચોકી હે કાલીય નાગકી, દક્ષિણ ચક્ર સુસ્થલકીરે ॥ ધીરવીર
નિકટ ચોકી હનુમાન તુમેરી, જઇઓ સત્વર ગામિરે ॥
દાસ નરોત્તમ કેરી બિનતી, કરીઓ મસ્તક નામીરે ॥ ધીરવીર

**ઠુંમરી**

અંજની કુમાર પવન સુત મેરી અરજ રામજીસેં કહીયોજી ॥ અંજની
ભવસાગરમેં બહ્યો જાત હું, બાહ્યાપ કરકે રખીયોજી ॥ અંજની
જમકો દંડ સબનકે ઉપર, વાહિસો મોહે બચયોજી ॥ અંજની
જાકે દરશ પરશ અઘનાશત, વાહિસોં મોહે મિલૈયોજી ॥ અંજની
તુળશીદાસ પ્રભુ શરણે આયે, ચરણ કમલ ચિત્ત રખીયોજી ॥ અંજની

આ પ્રમાણે પદો બોલી સર્વે ત્યાંથી પોતપોતાને સ્થળે જાય છે.

ઉપર જે ક્રમ જણાવ્યો તે નિત્યનો છે નૈમિત્તિક ઉ... ...સાહને દિવસે ...ખતમાં ફેરફાર થાય છે, તથાપિ ક્રમ બદલાતો નથી. મુખ્ય ઓચ્છવનાં



વસો કયા કયા છે, તથા તે વખતે શીરીતે દર્શન થાય છે તેનું ટુંક બ્યાન નીચે આપવામાં આવે છે.

દિવાળીના દિવસોમાં સૃંગાર ભારે થાય છે, સામગ્રિ પૂષ્કળ ધરાવે છે. અન્નકોટને દિવસ સવારમાં શ્રી દ્વારકાંધીસના ચોકમાં સૃંગાર આરતી પછી ભગવાન ગોપાળજીને પધરાવી બ્રહ્મચારીજી પધરાવે છે અને પૂજા થાય છે ગોવરધન પર્વતની પૂજા કરે છે. સૃંગાર આરતી પછી શ્રી રાધિકાજી તથા શ્રી જાંબુવંતીજી મંદીર તરફથી જે ભોગ આવે છે તે ભોગ તે દીવસે અન્નકોટની માફક ખુલ્લા ધરાવી દર્શન કરાવે છે. અન્નકોટનાં દર્શન તમામ મંદીરોમાં રાત્રીના વખત થાય છે. કાર્તિક શુદ્ધ ૧૨ને દિવસે શ્રીજીનું લગ્ન થાયછે. ધનસંક્રાંતી બેઠાપછી દર રવિવારે ધનુર્માસ કરવામાં આવેછે. આગલે દિવસ ઠાકોરજીને સાંઝે વેહેલા પોઢાડી પાછલી રાત્રે મંગળા કરી સૂર્યોદય થતાં તમામ ક્રમ પુરો કરી ઠાકોરજીને પહોઢાડી મુકેછે. મહાશુદ્ધ ૫ થી ખેલનાં વસ્ત્રો ધરાવેછે તે દિવસથી મધ્યાન્હ આરતી વખતે ગુલાલનો ખેલ કરે છે. શિવરાત્રીથી ...૫ વખત રાત્રે તથા સવારે સૃંગાર આરતીમાં તથા હોળાષ્ટકથી સવારે સૃંગાર, મધ્યાન, અને રાત્રે સૃંગાર આરતીમાં ગુલાલ ખુબ ઉડે છે. મહાસુદ ...થી તે ચોથ સુધી ચાર દીવસ ભારે સૃંગારનાં દર્શન થાય છે. ફાગણ વ ૧ ના રોજ ડોળ આચ્છવ કરી ઠાકોરજીને ઝુલાવે છે. વદ ૨ના રોજ ...દીરો ગુલાલ વાળાં સાફ કરી ત્રણ ચાર દીવસ સુધી ફરીથી ભારે સૃંગારના દર્શન થાય છે. રાંમનવમીનો ઓચ્છવ પણ થાય છે ચૈત્ર સુદ ૧૨ના ...જ શ્રીજીનું લગ્ન થાય છે. વૈશાક સુદ ૩ના રોજ ચંદન વાઘા ધરે છે તે ...વસ તદન શ્રી અંગને ચંદનનું લેપન કરી બીજો થોડો સૃંગાર ધરાવે છે. ...ષ્ટ શુદ્ધ ૧૫ના રોજ જળ યાત્રાનો ઓચ્છવ થાય છે. તે દીવસ તમામ ...ત્રાળુને શ્રીજીનાં ચર્ણ સ્પર્શ કરવાની છુટ મળે છે. અષાડ શુદ્ધ ૩ ...પુષ્ય નક્ષત્રના રોજ ) રથયાત્રાનો મેળો થાય છે. તે દીવસે ઠાકોરજીને ...માં પધરાવી રથના આંટા ફેરવે છે સાંઝને વખત રથને શણગારી ...ર્વ લોકો દર્શન કરે તેવી રીતે ખુલ્લા રાખે છે. અષાડ સુદ ૧૧ શયની ...એકાદશીને દિવસે ભગવતને એક ગોખલામાં શયન કરાવે છે. તેનું કાર્તિક ...સુદ ૧૧ને દિવસે ઉત્થાપન કરે છે. અષાડ વદ ૨થી હિંડોળા બેસે છે તે એક ...માસ રહે છે. દીવસે દીવસે રોશની વધારતાં વધારતાં શ્રાવણ શુદ્ધમાં ભા... ...લપકા થઇ રહે છે. શ્રાવણ સુદ ૧૧ ના રોજ ઠાકોરજીને પવિત્રાં ધર-

વામાં આવે છે, અને શ્રી ગોપાળજી ઝીલવા ( સ્નાન કરવા ) જાય છે. એમ ચાર માસ સુધી દરેક શુદ ૧૧ને દીવસે ફરતાં ફરતાં તીર્થમાં સ્નાન કરે છે. પ્રથમ કચોરીઆ તળાવમાં, પછે ચક્ર ગોમતીમાં, ત્યારબાદ પંચતીર્થ, અને છેવટે પ્રેમડાના તીર્થમાં ઝીલે છે. શ્રાવણ વદી ૮ના રોજ રાત્રીના બાર વાગતે શ્રીજીનો જન્મ થાય છે. શ્રીગોદના ગોપાળજીને શ્રી દેવકીજીના મંદીરમાં પારણાંમાં ઝુલાવે છે. તેનો ઓચ્છવ પટ્ટરાણી મંદીરોમાં રાધાષ્ટમી એટલે ભાદરવા સુદી ૮ સુધી થાય છે. ભાદરવા શુદ્ધ ૧૨ ને દીવસે વામનજી ( ત્રીકમજી ) નો જન્મ થાય છે. જળયાત્રા રામનવમી. જન્માષ્ટમી વિગેરે દીવસે ઠાકોરજીને ઉઘાડે પડદે પંચામૃતથી સ્નાન કરાવે છે. આ બધા ઓચ્છવના દીવસોમાં યાત્રાળુની ઠઠ જામે છે. ઘણા ખરા યાત્રાળુ દીવાળી, હોળીનો ઓચ્છવ, તથા હિંડોળાના ઓચ્છવના દીવસોમાં દર્શન આવે છે. આવા ઓચ્છવના દીવસમાં મંદીરની શોભા ઘણી સારી થઇ રહે છે.

ઉન્હાળાના દિવસોમાં પણ દર્શનની લેહેર સારી રહે છે. બાહેર હવા વાળા ભાગમાં શ્રી ઠાકોરજીને પધરાવી શીત ઉપચારોથી શોભા બનાવે છે. ફુલના સંગાર ધરાવે છે, ફુવારા ચાલે છે, કુંજો બાંધે છે, રોશની પા ઝાક ઝમાળ દીસે છે. એવા અનેક રાજસી ઠાઠથી શેવાનું કામ ચાલે છે.

દરેક આરતીના વખતે સરકાર તરફથી રાખવામાં આવેલા નગારખાનાંમાં નોબત, શરણાઇ, ઝાંઝ, કરણા વિગેરે નાદ થાય છે. વળી ગવૈયો રાખેલો છે. તે શ્રીજીની સન્મૂખ સમય સમયનાં પદો ગાય છે. ઓચ્છવના દિવસે કીર્તનીયા કીર્તન કરે છે. ચમર વાળા દ્વાર આગળ ઉભી ચમર ઢોળે છે. મધ્યાન્હ આરતી વખતે શ્રીજીની સન્મુખ રૂપાં જડીત્ર મોટું છત્ર ખુલ્લું રાખવામાં આવે છે. રાત્રીના વખત સંગાર આરતી પછી શ્રીજીનું શયન થતાં સુધી એક મસાલ ધરી રાખવામાં આવે છે.

આ પ્રમાણે શેવ.પૂજાનો ક્રમ જણાવ્યો. શ્રીજીનાં દર્શન બાહેરથી શી રીતે થઈ શકે છે. તે સર્વના જાણવામાં આવ્યું. પરંતુ નિજ મંદીરમાં જઇ ચર્ણસ્પર્શ વીગેરે માટે શીરીતે કરવાનું તે વિશે હજી જાણવાનું બાકી રહ્યું છે.

મોચી, વાળંદ, ભોઇ, વિગેરે હલકી કોમને ચર્ણસ્પર્શ કરવાનો બિલકુલ હક નથી તેઓ માત્ર જળયાત્રાને દીવસ કરી શકે છે. આ સિવાય



લોકોને ચર્ણસ્પર્શની લાગત દરેક માણસ દીઠ શ્રી દ્વારકાંધીસના મંદીરમાં રૂ. ૦—૬—૦ છ આના આપવી પડે છે. શ્રી કલ્યાણરાયજી શ્રી પુરૂષોતમરાયજી, શ્રી દેવકીજી, શ્રી માધવરાયજી એ ચાર મંદીરોમાં ચચાર આના આપવા પડે છે. આ લાગત ચર્ણસ્પર્શ કરનારે અવશ્ય આપવાની છે, કારણ તે પાંચ મંદીરો સરકારી હોવાથી તે લાગત સરકારમાં જમા થાય છે. ઉપર જણાવેલી લાગત ભરવાથી માત્ર એકજ દીવસ ચર્ણસ્પર્શ થઇ શકે છે. ચલ્લુચર્ણ સ્પર્શનો દર જુદો છે. તે એકે ઉદ્ધડ રૂપીઆ રાા આપવાથી દસ દિવસ સુધી ઉપર જણાવેલાં પાંચ સરકારી મંદીરોમાં ચર્ણસ્પર્શ થઇ શકે છે. દસ દિવસ વિત્યાબાદ નવીન લાગત ભરે તોજ ચર્ણસ્પર્શ થાય છે. આ મંદીરો સિવાય બીજાં મંદીરોમાં પણ ચર્ણસ્પર્શની લાગત ચાર આના રાખી છે. પરંતુ તે મંદીરો અધ્યક્ષોની પોતપોતાની માલકીનાં હોવાથી ખુ
ીમાં આવે છે તેવા લોકોને માફી આપી ચર્ણસ્પર્શ કરવાનો હક્ક આપે છે.

શય્યા મંદીરો જોવાની લાગત રૂ. ૦-૨-૦ બે આના છે. તેમાં હિંડોળાખાટ, અરિસા, હાંડી, ઝુંમર. વિગેરે સારૂં રાચરચીલું ગોઠવેલું હોય છે. ભાવિક યાત્રાળુઓ ઉપર જણાવેલી ફી ભરી દર્શન કરે છે. આ શય્યામંદીરો
ાટે દેવના નીજ મંદીરમાં ઉપરના ભાગમાં ગોઠવણ કરેલી છે.

ધોતી પુજા કરવી હોય તો ધોતી તથા ઉપરણો એવાં બે વસ્ત્રો હોય છે.
ી દ્વારકાંનાથજીનો ઉપરણો ચાર ગજનો તથા શ્રી કલ્યાણજી ત્રીકમજી વીગે-
દેવનો પાંચ ગજનો થાય છે. દ્વારકાંનાથજીની ધોતી પુજાની લાગત એક
ીઓ પડે છે. બીજા સરકારી મંદીરોની લાગત રૂ. ાા છે. મહાપુજામાં
ેલે વસ્ત્રો હોય છે જેવાંકે ધોતી, ઉપરણો, ( આને બદલે કોઇ પીતાંબર
ા શાલ પણ ધરાવે છે. ) પટકા બે. વાઘો, ઇજાર તથા પાઘ એટલાં છે.
ાપુજાની લાગત શ્રી દ્વારકાંધીસને ધરવા માટે રૂ. ૫ લેવામાં આવેછે બીજાં
ંદીરોનો રૂ. ૧ છે. સરકારી મંદીરો સિવાય, બીજાં મંદીરોમાં પણ ધોતીપુજા
લાગત લેવાય છે પટ્ટરાણીજીના મંદીરમાં મહાપૂજા કરવી હોય તો સાડી,
ળી, લેંઘો, પીછવાઇ વિગેરે ઉમદાં વસ્ત્રો હોય છે. ધોતી અગર મહાપૂજા
ાજીને ધરાવતાં પહેલાં લાગત ચુકવ્યાનો દાખલો સરકાર વતી ઇજારદાર
ાસેથી મેળવી સરકારમાં બતાવવો એટલે વસ્ત્રો નોંધાઇ ત્યાંથી છાપ તથા
ભરો મારવામાં આવે છે. તે જોઇને ધરાવાય છે. બીજાં મંદીરોમાં પણ
ંદીરના અધ્યક્ષો લાગત લેઈ પોતપોતાના મંદીરની મોહોર મારી આપે છે.

ધોતી પુજા કરનારે શ્રી રાધકાજી મંદીરમાં નેક બદલ કોરી ૧ તથા મહાપુજાની કોરી ૨ આપવી પડે છે. તે સિવાય છડીદારને દર ધોતીએ એકઆનો તથા મહા પૂજાએ બે આના મળે છે. ગોરને પણ ધોતી પુજા મહાપુજાની છપાઇ બદલની લાગત જેટલું આપવું પડે છે.

શ્રી દ્વારકાંધીસને ધ્વજા ચડાવવાની લાગત રૂ. ૧ છે. બીજાં મંદીરોના ચાર આના છે. ધ્વજા ચડાવનારને કોરી ૧ તથા સીધાં ૨ આપવાં પડે છે. આ ધ્વજા ચડાવનાર સરકારી નોકર છે.

મહારાજા ગાયકવાડ સરકાર તરફથી શ્રીજી વીગેરે સરકારી મંદીરોની શેવા આરતી તથા ભોગ ધરાવવા બદલ પટ્ટરાણીજી મંદીરોને નેમણુંકો બાંધી આપેલી છે. અને બીજા રાજા રજવાડા તરફથી પણ ગામ ગિરાસ મળે છે, તેમજ યાત્રાનું પવિત્ર ધામ હોવાથી ઘણા ઘણા યાત્રાળુ શ્રદ્ધા પૂર્વક શેવા કરે છે.

મંદીરના અધ્યક્ષો યાત્રાળુની બરદાસ્ત તેમના દરજ્જા પ્રમાણે સારી રાખે છે. તેમને ઉતારે શ્રીજીનો પ્રસાદ પહોંચાડે છે, તથા તેજ મંદીરના સર માધાનીઓ રૂપાની લોટીઓમાં મીઠાં જળ લઇ પાન સોપારીનાં પ્રસાદી બીડાં યાત્રાળુને ઉતારે જઇ આપે છે. આથી તેઓ બેહદ ખુશી થાય છે. અને તેના બદલમાં મંદીરમાં લોટ, દાળ, ઘી, ખાંડ, વીગરે જથાબંદ સામગ્રી અર્પણ કરે છે. વળી ગાદી પાસે રોકડ ભેઠ ધરાવે છે. તેમાંથી અરધો અરધ તેમના ગોર લોકો લઇ જાય છે. અને તેમને અધ્યક્ષો તેના બદલામાં પ્રસાદી ઉપરણો ઓછાડી પ્રસાદ પણ આપે છે. કેટલાક યાત્રાળુ મંદીરના ચોપડામાં પોતાનું નામ નોંધાવી ચલુની કોઇ પણ પ્રકારની શેવા પોતાના ખર્ચથી કરવાનું બાંધી આપે છે. તે પરદેશમાં જઇ જે તે પટ્ટરાણી મંદીરના સેવકો ઉઘાડી લે છે. અગર યાત્રાળુ મોકલાવી આપે છે.

મંદીરના અધ્યક્ષોમાં ભંડારીજી, બ્રહ્મચારીજી, અધીકારીજી વીગેરેનો સમાવેશ થાય છે. શ્રી રાધકાજી મંદીરના અધ્યક્ષ ભંડારીજી કહેવાય છે. તે ઓ મંદીરની સેવા પૂજા કરી મંદીરનો વહિવટ જાતે કરે છે. શ્રી લક્ષ્મીજી, શ્રી સત્યભામાજી, તથા શ્રી જાંબુવંતીજી મંદીરના અધ્યક્ષમાં બ્રહ્મચારીજી ગાદીસ્થ કહેવાય છે. તેઓ ઉપર લખેલી તમામ સેવા સંબંધી કામ કરે છે. અને, એ ત્રણે મંદીરોમાં બીજા અધ્યક્ષો અધીકારી નામથી ઓળખાય છે. તેઓ દરેક મંદીર સંબંધી લેવડ દેવડનો તમામ વહીવટ કરે છે.



આ બ્રહ્મચારીજી અને ભંડારીજી ગાદીનશીન થાય છે ત્યારે સરકાર તરફથી પાંચ હજાર કોરી નજરાણો લેવામાં આવે છે. તે બદલામાં સરકાર તેમને પોશાક આપે છે. શ્રી જાંબુવંતી મંદીરના બ્રહ્મચારીજી પાસેથી અઢી હજાર કોરી લેવાનો રીવાજ છે. અધીકારીજી ગાદી ઉપર બેસે ત્યારે કાંઇ પણ લાગત લેવાતી નથી.

ઉપર પ્રમાણે મંદીરોનાં દર્શન વીગેરેની વ્યવસ્થા છે. આ સીવાય બીજાં દેવાલયો પણ છે. તથા નાની મોટી પંચતીર્થી કરવાનું મહાત્મ છે. તે નીચે પ્રમાણે.

નાની પંચતીર્થીમાં પ્રથમ શ્રીજી વીગેરે મંદીરમાં દર્શન કરી આથમણી બાજુ કુરજા તરફ ભગવતનાં સ્નાનનું જળ દરિઆમાં જમીનમાંથી કહાડવામાં આવ્યું છે. તે જ્યાં મળે છે. તેને ચરણ ગોમતી કહે છે. ત્યાં સ્નાન કરી કરી પદ્મતીર્થ ઉપર આવવું ત્યાં પણ સ્નાન કરી પદ્મેશ્વર મહાદેવનાં દર્શન કરવાં, અહીં સમુદ્ર કીનારા ઉપર પદ્મ નીકળે છે. માણસોના મુડદાંને આ ...ગોએ અગ્નિસંસ્કાર કરે છે. તેનાં હાડકાંનાં થાય છે એમ કહેવાય છે. ત્યાંથી ...ુની શંખ તળાઈ તથા બાણ ગંગામાં સ્નાન કરી કલ્પવૃક્ષ છે, ત્યાં એક ...વાલય છે તેનાં દર્શન કરી રાધિકાજીનાં પગલાંનું વંદન કરવું. ત્યાંથી ગામની પૂર્વ તરફના ભાગમાં શ્રી શંખનારાયણજી તથા શ્રી આદ્યનારાયણજીનાં મંદીરો છે. શ્રી શંખનારાયણ ભગવાન શંખાસુર દૈત્યનો વધ કરી દશ અવતારનાં સ્વરૂપથી અહિં બિરાજમાન છે. આ મંદીરો શીખરબંધી છે. અહીં ...ણ એક ગાદીસ્થ બ્રહ્મચારીજી છે. તે મંદીરની સેવા પુજા કરે છે. તથા વહીવટ સંબંધી પણ તેઓજ કામ કરે છે. યાત્રાળુઓ ગામનાં મંદીરની માફક સામગ્રી તથા ધોતી મહાપુજા અને દાગીના વીગેરેની સેવા અર્પણ કરી ગાદી આગળ ભેઠ ધરી પ્રસાદી મેળવે છે. જેવી રીતે શ્રી દ્વારકાંનાથજીની સેવા શૃંગાર, આરતી, અને બાળભોગ વીગેરેનો ક્રમ છે તેવોજ ક્રમ અહીં ચાલે છે. આ મંદીર અને ગામના મંદીરના વખત વચ્ચે થોડો તફાવત રહે છે તેથી ઓચ્છવના દિવસોમાં પ્રથમ અહીં દર્શન કરી ગામનાં મંદીરમાં લોકો દર્શન કરે છે. આ મંદીરની આસપાસ કેશવરાયજી, રામચંદ્રજી, અને ભક્તવત્સલનાં મંદીર આવેલાં છે. શંખ તળાવ કરીને એક મોટું તીર્થનું તળાવ અહીં છે. ...માં લોકો સ્નાન કરી શ્રદ્ધાદીક ક્રિયા કરે છે. અને બ્રાહ્મણોને દક્ષણા આપે છે. આ તળાવને સામે કાંઠે શ્રી મહાપ્રભૂજીની બેઠક છે તેનાં દર્શન કરી ગોપાળ

ટેકરી, નૃસિંહટેકરી, કબીરચોરો, તુળશીચોરો, કપિલેશ્વરમહાદેવ, ચંદ્રભાગાખાખચોક, મીરાંબાઇ, મુમાઇમાતા વીગેરેનાં દર્શનકરી નાની પંચતીર્થી પૂરી થાય છે. મોટી પંચતીર્થીમાં બાણગંગાથી, વ્યાસ કોટડી, જવું ત્યાં પગલાંનાં દર્શન કરવાં. અને પ્રેમડાતીર્થે સ્નાન કરવું. પછી હનુમાનજી જે ડાંડીના હનુમાનજી કહેવાય છે, ત્યાં જવું. આ હનુમાનજી શેહેરથી આસરે ત્રણેક માઇલ ઉપર છે. તેની માનતા લોકોમાં ઘણી ચાલે છે. પૂર્વ તરફ ચોરાસી સીધ અને નવનાથની જગ્યા આવે છે. તેનાં દર્શન થયા બાદ, દક્ષિણમાં ધીંગેશ્વર, નીલકંઠ અભયામાતા, ભૂતેશ્વર, તથા નાગનાથનાં દર્શન કરવાં. હનુમાનડાંડીથી બીજાં જે દર્શન ધીંગેશ્વર અભીયા માતાનાં કરવાં કહ્યું છે ત્યાં લોકો ગાડી જોડાવી જાય છે. આ ગાડી પટ્ટરાણી મંદીરોમાંથી મળી શકે છે.

એજ બાજુમાં ફુલ તળાવ ઉપર ગોસ્વામિજી મોરલીધરજી મહારાજની હવેલી છે તેમાં બાળકૃષ્ણલાલજીની મૂર્તિ જે કે શ્રીનાથદ્વારાની પ્રસીધ હવેલી પૈકી એક હવેલીમાં બીરાજમાન હતી તેને આ જગ્યાએ પધરાવી છે. તેનાં દર્શન યાત્રાળુઓ કરે છે. આ જગોએ મોટો સારો બગીચો છે. અંઝાડોની રચના સારી છે. અને તેથી મંદીરની હવેલી શોભીતી લાગે છે.

બીજી હવેલી ગામમાં શ્રી પન્નાલાલજી મહારાજ માંડવીવાળા ગોસ્વામિજીની છે તેમાં પણ ઠાકોરજી બીરાજે છે. તેનાં દર્શન સર્વલોકો કેરે છે.

ઉપર લખી બે હવેલી તથા શ્રી મહાપ્રભુજીની બેઠકમાં જે જે દીવસે ગામનાં પટ્ટરાણીજી વીગેરે મંદીરમાં યાત્રાળુ સામગ્રી અર્પણ કરે તેજ દીવસે આ હવેલીઓ અને બેઠકમાં પણ આપે છે. અને આ હવેલીઓ બીજાં મંદીરો માફક માનવામાં આવે છે.

આ ગામમાં કાંઇ વિશેષ જોવા જેવું નથી. જોવા જેવાં મંદીરો છે તેનું વર્ણન ઉપર આવી ગયું છે. સમુદ્રમાં ઉત્તર તરફ સમિઆણી કરીને એક નાનો ટાપુ છે. ત્યાં એક દીવાદાંડી સરકારે મોટા ખર્ચથી રાખેલી છે. ત્યાં સમિઆ માતા છે, તથા શાહમુરાદ ( સમૈયા ) વીર છે. પદ્મતીર્થ ઉપર ગામમાં હાજી કીરમાણી કરીને પીર છે ત્યાં મુસલમાન લોકો મકકાની હજ પૂરી કરી પીરની સલામે આવે છે. આ ગામમાં તળાવો ઘણાં છે. રણછોડસર, શંખતળાવ, કચોરીયું, રાધાસર, ભૂત તળાવ, ફુલ તળાવ, વિગેરે મુખ્ય છે તેનાં કુવાનું પાણી લોકો પીવાના કામમાં વાપરે છે. લાયબ્રેરી, દવાશાળા, કન્યાશાળા, પોષ્ટઓફીસ, વેદશાળા, ગુજરાતીશાળા, પોલીશથાણું, મહાલકરી



કચેરી વીગેરે પબ્લીક મકાનો છે. મંદીરના અધ્યક્ષો સભ્ય, દર્શન કરવા લાયક, ગુણવાન અને રાજપ્રકરણી બાબતો જાણનાર વ્યવહારમાં કુશળ હોય છે. તે સઘળાને મળી હળી યાત્રાળુ બેટમાંથી વિદાય થઇ રાજપુરાં ઉર્ફે ગોપીને ફૂરદે ઊતરે છે. ત્યાંથી ગોપીતળાવ આશરે એક ગાઉ દુર છે ત્યાં જઈ સ્નાન કરે છે. અહીં ભગવાનની સોળહજાર એકસો આઠ ગોપીઓ શ્રી કૃષ્ણ સ્વધામ પધારી ગયા સાંભળી ધરતીમાં સમાઈ ગએલી છે. તે જગ્યોએ તળાવ થયું તે ગોપીતળાવ નામે ઓળખાય છે. ત્યાંની માટી ગોપીચંદન નામે પવિત્ર ગણાય છે આ તળાવમાં નહાવા બદલ બ્રાહ્મણ શિવાય ઇતરવર્ણ પાસેથી એક આનો કલદાર લેવામાં આવે છે તે લાગત ચુકવી સ્નાન કરી મહાપ્રભૂજીની બેઠક તથા ગોપીનાથજીનાં દર્શન કરવાં અહીં એક વીશાળ ધર્મશાળા છે. શેઠ. ગોકળદાસ માધવજીની બંધાવેલીછે તેમાં સદાવ્રત અપાય છે. તેમજ ગોપીના ફુરદા ઊપર મેંદરડું કરીને ગામછે ત્યાં પણ એક ધર્મશાળા છે. ત્યાંથી આગળ ચાલતાં નાગેશ્વર દારૂકારણ્ય વિષેનું જ્યોતિલિંગ કહેવાયછે તેનાં દર્શન કરી મૂળગોમતે જવું, ત્યાં મહાપ્રભુજીની બેઠકનાં દર્શન કરી તળાવમાં સ્નાન થાયછે ત્યાંથી પીંડતારક ( ઉર્ફે પીંડારૂં ) જેને આગળ પૂરૂષોતમપુરી કહેતા ત્યાં જઈ શ્રાદ્ધ કરી પીંડ ...ાણીમાં નાખી જો તરે તો પીત્રી ગતે ગયા એમ સમજાય છે. પીંડ તરે... ...હીં તો ફરી શ્રાદ્ધ પીંડ તરતાં સુધી કરે છે. અહીં કુંડમાં સ્નાન ક... ...વા બદલ જામનગરના મહારાજા જામ સાહેબ તરફથી લાગત કોરી ૧I ...વાય છે. શ્રાદ્ધ કરી નારણીબળ કરે તો કોરી ૮III લાગત છે. અત્રે સઘળી ...ીયા સંપૂર્ણ કરી ઘેર આવી ભોજન કરી પોતાના દેશ તરફ જાય છે. ત્યાં... ...ી હરસિદ્ધ માતા, સુદામાપુરી ( પોરબંદર ) ગીરનાર, પ્રભાસ, મૂળ દ્વાર... ...ં વીગેરેની યાત્રા કરી સુખશાંતીથી ઘેર જાય છે.

ઓખામંડળ ઘણા જુના વખતનો પ્રાચીન દેશ છે. તેમાં દૈત્યોની જ... ...યા છે. એમ જુની એંધાણી પરથી જણાય છે. ધીણકી ગામ પાસે સર્વા... ...ત્યની વાવ છે. ધીણકી અને દ્વારકાંના માર્ગ વચ્ચે કર્ણા દૈત્યની વાવ છે. ...થા વસઇ પાસે–ગોઢા દૈત્યની વાવ છે. તેમજ કુશેશ્વર દૈત્ય દ્વારકાંમાં હતા ...ી ઉપરથી દૈત્યોની વસ્તી પણ આ જગ્યામાં પુર્વે હતી એમ જણાય છે.

દર અગીઆરશે બેટમાં શ્રીજીનું રાત્રનું શયન થયા પછી અગીઆરસની પ્રદક્ષણા ગાય છે તે જાણવા સારૂં નીચે ટાંકી છે.

## બેટનાં તિર્થોની પ્રદક્ષણા
### ગરબી

શંખોદ્ધારે શંખ નારાયણ, પરમ પુરૂષ પરમેશ હેલીરે ॥
બ્રહ્માદિક ઇંદ્રાદિક સેવે. ગૌરી શેષ હમેશ જો ॥ ૧ ॥
દશ અવતારે દર્શન દીધાં, મટયા ત્રીવીધના તાપ હેલીરે ॥
શંખ તળાઇનાં સ્નાને કરીને ક્ષીયાં જનમનાં પાપજો ॥ ૨ ॥
ભક્ત વત્સલ ભકતોના ભેરૂ, જાનકી જીવનરામ હેલીરે ॥
ભરત શત્રુધ્ન લક્ષ્મણ ભ્રાતા, આપત પુરણ કામ જો ॥ ૩ ॥
નારાયણની શોભા સુંદર, લક્ષ્મીજીનો કંથ હેલીરે ॥
એને દર્શન આવે પ્રાણી; મટે છે મનની ભ્રાંત જો. ॥ ૪ ॥
કેશવરાય કરૂણાના સાગર, જગન્નાથ જગદીશ હેલીરે. ॥
આદ્ય નારાયણ અકલ નિરંજન, સકળ ભૂવન પતી ઇશજો ॥ ૫ ॥
પંચવકત્ર, તરૂણેશ્વર પુજ્યા, કપિલેશ્વર મહાદેવ હેલીરે. ॥
નરસિંહજીએ દર્શન દીધાં, સકળ સુરાસર સેવજો ॥ ૬ ॥
ચંદ્ર ભાગા ઓર કબીર ચોરો, વિદૂર તણા ગોપાળ હેલીરે ॥
નાગાના નારાયણ સ્વામી, સંત કેરે પ્રતિપાળ જો ॥ ૭
મીરાંબાઇ હરિની દાશી, ગીરધરલાલ સુજાણ હેલીરે.
કથા પાન અમૃત રસ પીધાં ગાએ સંત સુજાણજો ॥ ૮
ઇંદ્રપાળની બડી હવેલી, વલ્લભ કૂળનો વાસ હેલીરે
વૈષ્ણવ જન ત્યાં કિર્તન ગાવે, આનંદ મંન હુલ્લાસ જો ॥ ૯
રમણદ્વીપ રણછોડ બિરાજે, આનંદ પુરણ બ્રહ્મ હેલીરે.
નારદ તુંબર ગાન કરે છે, સુનત જાય ભવ ભ્રમજો ॥૧૦
કુશેશ્વર ઓર ગણપતિજીને, પ્રેમે લાગું પાય હેલીરે;
નીજ મંદીર જઇ શીશ નમાવું, જન્મ કૃતારથ થાયજો ॥૧૧
છત્ર ચમ્મરની શોભા સુંદર, ચૌદ લોકનો નાથ હેલીરે
એને દર્શન આવે પ્રાણી, પાવન કરે શ્રી નાથજો ॥૧૨
ત્રીકમ તેજ પ્રતાપ અધિકછબ, માધવ મદન ગોપાળ હેલીરે
કલ્યાણરાય કરૂણાના સાગર, પુરષોત્તમ પ્રતિપાળ જો ॥૧૩
માતા દેવકી શ્રી લક્ષ્મિજી, સતભામાજી સાર હેલીરે.
પ્રેમકુંજ બ્રખુભાન લડેતી, શોભાનો નહીં પાર જો ॥૧૪



BARODA

નટવર નવલ ગોવરધન ધારી, ગોપીપતિ ગોપાળ હેલીરે
મુકુદમય સોધન જાંબુવંતી, શ્રીપતી પરમ કૃપાળજો ॥૧૫॥
બ્રહ્માદિક સનકાદીક સેવે, દેવ તેત્રીસ ક્રોડ હેલીરે.
ગરૂડ અંબાજી પ્રેહલાદાદિક, બહુ રહ્યા કર જોડ જો ॥૧૬॥
ચરણ કમલ ગોમતીએ નાહાતાં, ત્યાં સૂરજની જોત હેલીરે
રૂક્ષ્મણી કુંડમાં નહાતાં ધોતાં ગઇ છે મનની છોતજો ॥૧૭॥
કાલી ને કાલિંદ્રી નાહાતાં, શંખોદ્ધારે ધામ હેલીરે
એની ધ્વજાનાં દર્શન કીધાં, ત્યાં પામે છે વિશ્રાળ જો ॥૧૮॥
પદ્મતીર્થ બાણ ગંગા નાહાતાં, ત્યાં તુળશીનો વાસ હેલીરે
શ્રી સત્યભામાજીને આંગણીએ કંઇ, કલ્પ વૃક્ષનું ઝાડ જો ॥૧૯॥
સહસ્ત્ર અઠયાશી રૂષિ તણાં કંઇ, વ્યાસ કોટડી ધામ હેલીરે
રૂષિ કૃપાએ પાપીએ મુખ, નારાયણનું નામ જો ॥૨૦॥
ડાંડીના હનુમાન બીરાજે, નવનાથ ચોરાસિ સિદ્ધ હેલીને
એને દર્શન જાએ પ્રાણી, આપે છે બહુ રિદ્ધ જો ॥૨૧॥
પ્રેમલાના નિલેશ્વર સ્વામિ, અભયા અભયપત ધામ હેલીરે
મમ્માયાને પાયે લાગું, આપત પુરણ કામ જો ॥૨૨॥
પ્રદક્ષણા પરમેશ્વર કેરી, પુરે સૌની આશ હેલીરે
કૃષ્ણ સ્નેહ હરિનંદ કુંવર વ્રજ, જન્મ જન્મનો દાસ જો ॥૨૩॥

### રાગ કલ્યાણ. [ દ્વારકાંની કવિતા ]

રામન હરલીનો રાજા રનછોડ, રાજા રનછોડ, પ્યારા રનછોડ,
મેરામન હરલીનો
ાસપાસ રત્નાગર ગાજત, ગોમતી કરત કલ્લોલ. મેરામન હરલીનો
શવ, માધવ, શ્રી પુરૂષોતમ, કુંવર કલ્યાણકી જો. મેરામન હરલીનો

સમાપ્ત.

## સુદ્ધિ પત્રક

| પાનુ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪ | ૧૬ | વિશેષણુ | વિશે પણુ |
| ૯ | ૧૧ | એ પ્રાંત | આ પ્રાંત |
| ૧૧ | ૧ | ગીતાં | ગીતો |
| ૧૧ | ૨૧ | પાણુ જપાસ્તા | પાણુજ પાસ્તા |
| ૧૩ | ૮ | સોભાગ્ય | સૌભાગ્ય. |
| ૧૩ | ૨૩ | સોરાષ્ટ | સૌરાષ્ટ |
| ૧૪ | ૩ | સર કારી | સર કરી |
| ૧૪ | ૧૭ | મીડા શાખા | મોડા શાખા |
| ૧૮ | ૭ | દોલીરાહ | દીલીરાહ |
| ૧૮ | ૭ | એડો | એડો |
| ૧૮ | ૨૨ | પ્રાક્રમી | પરાક્રમી |
| ૧૯ | ૧૮ | મુંઝાલ દેવાડાશાડે | મુંઝાલ દેવવાડાશાડે |
| ૨૧ | ૧૨ | ઓખમાં | ઓખામાં |
| ૨૨ | ૧૦ | માણુસની. | |
| ૨૪ | ૩૦ | રાણીયે | રાણીએ |
| [illegible] | | | |
| ૨૭ | ૧ | સરાયા | સલાયા |
| ૨૮ | ૧૧ | દ્દોડ | દ્દોઢ |
| ૨૮ | ૨૩ | રોજીનામોથી | રોજીનામામાંથી |
| ૨૯ | ૧૧ | તણે | તેણે |
| ૩૦ | ૧૩ | નાનાંમ | નામના |
| ૩૦ | ૨૭–૨૮ | શાકનીબંધ જમામ | સાંકલી બંધ જમાન |
| ૩૧ | ૪ | બટોબર | એટોબર |
| ૩૨ | ૬ | કરવો | કરવા |
| ૩૨ | ૯ | ખેરા | ખરો |
| ૩૨ | ૨૩ | છીએ સવાલ | છીએ એ સવાલ |
| ૩૩ | ૨૫ | સંબંધી | સીબંધી |
| ૩૩ | ૨૭ | જામની | જામીની |
| ૩૬ | ૧૩ | ભીમીમાણી | ભીયાણી |
| ૪૧ | ૧૬ | મુદત | મદદ |
| ૪૨ | ૨૩ | તેને | તેનો |
| ૪૭ | ૨૫ | રણુનાં કાંઠો | રણુને કાંઠે |
| ૪૮ | ૧૭ | પાડા વાલા | પાડા વાલો |
| [illegible] | ૧૦ | જાણેજા | જાડેજા |
| [illegible] | | | ૫૪ |



| પાનુ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫૩ | ૬ | માહાલણી | માહાલના |
| ૫૩ | ૧૬ | નીકળ્યો | નીકળ્યા |
| ૫૪ | ૨ | હીહ | હીલ |
| ૫૫ | ૧ | સુબેદા | સુબેદાર |
| ૫૭ | ૧ | થયો હતો | થયો હતો " |
| ૫૭ | ૨ | પાવમાં | વાવમાં |
| ૫૮ | ૨૪ | પેલી | મેલી |
| ૬૦ | ૧૬ | પાડયા | પાડયો |
| ૬૦ | ૧૭ | પહોંચ્યો | પહોચ્યાં |
| ૬૪ | ૫ | શીપે | શીખે |
| ૬૪ | ૧૧ | લરી | ડરી |
| ૬૪ | ૨૪ | હતા | હત્યા |
| ૬૫ | ૨૧ | રણુ | ત્રણુ |
| ૬૫ | ૨૫ | મદર | મર્દ |
| ૬૬ | ૧૭ | શઢે | શેઢે |
| ૬૭ | ૨૦ | ઠકરાઇના | ઠકરાઇને ત્યાં |
| ૬૮ | ૯ | મરાં | મારાં |
| ૬૯ | ૧૮ | તુરપ | તુરક |
| ૭૦ | ૨૦ | ગંજશેદું | ગંજશેદું |
| ૭૨ | ૧ | ઝાટના | ઝાડના |
| ૭૨ | ૬ | વાછરડા | માછરડા |
| ૭૪ | ૧૫ | જાલમસિંહના | જાલમસીંહની |
| ૭૯ | ૬ | જોશવર | જોરાવર |
| ૭૯ | ૬ | પોતાનાં | પોતાનો |
| ૭૯ | ૧૫ | કલેલાટ | કળેરાટ |
| ૮૦ | ૨૦ | તે અધાપીસુધી પડયા છે | તદન રદ |
| ૮૧ | ૧૫ | કેટલાએક | કેટલીએક |
| ૮૨ | ૧૮ | તેએ | તેઓ |
| ૮૩ | ૧૦ | નેમવાનાં | નેમવાની |
| ૮૪ | ૧૮ | એજંટનાં | એજંટની |
| ૮૬ | ૨૦ | ખુલા | ખુશ |
| ૯૧ | ૭ | ઓ | એ |
| ૯૧ | ૨૯ | માં | તેમાં |
| ૯૨ | ૧૯ | ફીના | ફીનો |
| ૧૧૧ | ૨૪ | તેની | તેની પાસે |
| ૧૧૩ | ૧ | પરથી | પરશ્રી |

| | | | |
|---|---|---|---|
| ૧૧૪ | ૧૭ | બ્રહરાદિક | બ્રહ્માદિક |
| ૧૧૪ | ૧૯ | કહે | કહેતા |
| ૧૧૭ | ૧૨ | ધની | ઘણાં |
| ૧૧૭ | ૩૦ | ગામનાં | ગામ બહારનાં |
| ૧૧૮ | ૧૧ | કીલ્લાતી | કીલ્લાની |
| ૧૧૮ | ૨૫ | ઝાડાં | ઝાડો |
| ૧૨૦ | ૮ | બીશી | બેશી |
| ૧૨૧ | ૨૪ | ભંદાર | ભંડાર |
| ૧૨૩ | ૨૫ | અંગો છે | અંગો છો |
| ૧૨૪ | ૧૮ | નુરા | તુરા |
| ૧૨૪ | ૧૮ | કૌસ્તુક | કૌસ્તુભ |
| ૧૨૪ | ૧૮-૧૯ | જડ વીહાર | જડા વીહાર |
| ૧૨૫ | ૨---૩ | ગાડીએ | ગાદીએ |
| ૧૨૭ | ૩-૪ | આઆ | આ ( એક આ કમી ) |



[illegible] ગ્રાહક થઈ આશ્રય આપનારા ગૃહસ્થોનાં મુબારક નામનું લીસ્ટ.

| પ્રત. | નામ |
|---|---|
| ૧૦ | ઓં. પી. બી એ યોગીરાજ |
| ૨ | ઠાકર વીરજી દામજી તથા પીતાંબર સોમજી કર ઇજારદાર |
| ૨ | ઓખા નેટીવ જનરલ લાયબ્રેરી |
| ૨ | પંડયા ગોપાલજી રવજી |
| ૨ | વાયડા ચત્રભોજ ભીમજી |
| ૨ | શેઠ શાપુરજી નવરોજજી દ્વારકાં કચેરી |
| ૧ | મે. વેણીશંકર રેવાશંકર બી. એ. એલ. એલ. બી. મુન્સફ્ સાહેબ. |
| ૧ | મે. સોરાબજી માણેકજી એલ. એમ. એન્ડ. એસ. |
| ૧ | મે. ગણેશ જનાર્દન કેલકર બટાલીઅન ડાકતર સાહેબ. |
| ૧ | મે. ગણપતરાવ મેજર સુબેદાર સા. ઓખા બટાલીઅન |
| ૧ | મે. શંભુ ચોહાન સુબેદાર સાહેબ ઓખા બટાલીઅન |
| ૧ | મે. પ્રાગસિંહ સુબેદાર સા. ઓખા બટેલીઅન. |
| ૧ | મે. પ્રાણજીવન ગંગારામ ક્વાર્ટર માસ્તર ઓખા બટેલીઅન |
| ૧ | મે. હીરાલાલ સ્કુલ માસ્તર ઓખા બટાલીઅન |
| ૧ | મે. વામનરાવ ગોવીંદ હાસ્પીટલ આસી૦ |

| પ્રત. | નામ |
|---|---|
| ૧ | મે. લક્ષ્મીદાસ હેમરાજ |
| ૧ | મે. આબાજી ફ્રરસરાંમ નાઝર મુન્સફ્ કોર્ટ |
| ૧ | મે. રામચંદ્ર વિનાયક ખલે ટ્રેઝરર |
| ૧ | મે. ચીતો બળવંત ચીટનીસ વહીવટદાર કચેરી |
| ૧ | મે. છગનલાલ શેવકરામ જકાત ઇન્સ્પેકટર સાહેબ |
| ૧ | મે. ગોવીંદરાવ મહાદેવ પોસ્ટ માસ્તર સાહેબ |
| ૧ | મે. વિષ્ણુનારાયણ ઓવરસીયર |
| ૧ | મે. રામચંદ્ર કેશવ જમાબંદી કા૦ |
| ૧ | મે. માધવલાલ અમૃતલાલ તજવીજદાર |
| ૧ | મે. મૂળજી જગન્નાથ તજવીજદાર |
| ૧ | રા. રાવજી હરી કેલકર સરાફ્ કા૦ |
| ૧ | રા. અમૃતલાલ મણીશંકર મજમુંદારી કા૦ |
| ૧ | રા. વિનાયક બળવંત કારકુન. |
| ૧ | રા. ગોવીંદરાવ રઘુનાથ કા. |
| ૧ | રા. ગોકળદાસ ઝીણા કા૦ |
| ૧ | રા. આબાજી વીનાયક કા૦ |

૧ રા. દામોદર ચકુ કારકુન
૧ રા. કાનજી પુંજા કારકુન
૧ મે. યશવંતરાવ ભાઉ વકીલ.
૧ મે. દ્વારકાંદાસ વાલજી વકીલ
૧ મે નારાયણજી પ્રધાન વકીલ
૧ મે. જગજીવનદાસ જેઠાભાઇ વકીલ
૧ મે. વિશ્વંભર હરીદત્ત વકીલ.
૧ મે. આણંદજી જીવણ વકીલ
૧ મે. પીતાંબર સોમજી વકીલ
૧ રા. ભીમજી નથુ કારકુન.
૧ રા. જુઠા કલ્યાણજી કારકુન
૧ રા. લીલાધર ચકુ કારકુન
૧ મે. બળવંતરાવ ગોપાળરાવ નાયબ ફોજદાર સાહેબ
૧ રા. નારદલાલ જેશંકર જમાદાર
૧ રા. મકનજી નરભેશંકર કારકુન
૧ રા. બળવંતરાવ ગણેશ તલાટી
૧ રા. મોહનજી કલ્યાણજી "
૧ રા. કરસનજી કેશવજી "
[illegible]

૧ રા. રેવાશંકર પ્રમાણંદ "
૧ રા. માધવજી મદનજી "
૧ રા. દામોદર શીવરાંમ "
૧ રા. ગોવીંદજી જેશંકર અધિકારી જામપુરા
૧ રા. લીલાધર દયારામ
૧ રા. હીરજી જયકૃષ્ણ ગોરીઆળી શાળા માસ્તર
૧ રા મકનજી વિઠલજી આ. માસ્તર
૧ વાયડા કહાનજી કૃષ્ણજી ઉમેદવાર
૧ રા. ગોપાળરાવ કંપાઉંડર
૧ શેઠ માધવજી દયાળ હા. સુંદરજી
૧ શેઠ હરિ માધવજી
૧ શેઠ ગીરધર માધવજી હા. તુળશીદાસ
૧ શેઠ જેરાંમ નારાયણજી
૧ શેઠ વહાલજી માધવજી
૧ શેઠ વિઠ્ઠલદાસ લીલાધર
૧ શેઠ જયરામ રાઘવજી
૧ શેઠ નારાયણદાસ હેમરાજ
૧ શેઠ હેમરાજ ગાંગજી
૧ " ખીમજી મૂળજી
૧ " વિઠલદાસ વાલજી



૧ " દૂલભદાસ રણછોડજી
૧ " શીરરાંમ મદનજી
૧ ઉપાદયા કહાનજી નારાયણજી
૧ શેઠ કરશન ઉકા
૧ પુંજારી કુંજ બિહારી કૃષ્ણદાસ
૧ પાઢ રણછોડ ધનજી
૧ ઠકર હરીદાસ ગોકળ
૧ ઠકર પ્રાગજી ચત્રભોજ
૧ રા. ચુનીલાલ ચકુ
૧ ઠકર રવજી જુઠા
૧ ઠકર વિશ્રામ લખુ
૧ ભટ કાળા જગજીવન
૧ ઉપાદયા ત્રીકમજી લાલજી
૧ જોશી લાલજી કાનજી
૧ મેતા વેલજી ઓધવજી
૧ રા. પ્રાણજીવન ચકુ પોલીસ કા૦
૧ રા. ભીમજી આણંદજી
૧ રા. બાપુ બજાજી આડેલી
૧ દુર્ગાશંકર મહાશંકર

ઠકર ગાંગા ભિમાણ
૧ ઠકર મનજી શીવજી
૧ ઠકર મૂળજી આણંદજી ગાંધી
૧ દવે ભીમજી વહાલજી મોદી
૧ પાઢ નથુ પરશોતમ નાકેદાર
૧ ઠાકર ભૂદરજી ગોપાળજી
૧ શેઠ ખમીશા ઇબ્રાહિમ
૧ ભટ નાંના મદનજી
૧ પાઢ ગોકળદાસ મકનજી
૧ ઠકર મુરાર થારાણી
૧ ભટ ભાણજી જેઠા
૧ ભટ દયારામ જેઠા
૧ ઠકર વીસનજી મૂળજી
૧ વાયડા મગન દામજી
૧ ઠકર નથુ ખેરાજ
૧ પઢીઆર લીલાધર દામજી
૧ મોદી કૃષ્ણજી ત્રીકમજી
૧ ઠાકર બાવા લલ્લુ
૧ શેઠ નથુ લક્ષ્મીદાસ ગાંધી
૧ ઠકર હીરજી રૂઘનાથ

| | |
|---|---|
| ૧ | ઠકર ડોસા શ્રીરામ હા. દેવજી |
| ૧ | ઠકર વિશ્રામ નાંનજી |
| ૧ | ઉપાદયા કાંનજી કરસનજી |
| ૧ | શેઠ હેમરાજ સુરજી હા. ગોવીંદજી |
| ૧ | દરજી પુરષોતમ ગોવીંદ |
| ૧ | શેઠ રતનસી દેવરાંમ |
| ૧ | વાયડા વીઠ્ઠલજી રવજી |
| ૧ | વ્યાસ આણંદદાસ ભાણજી |
| ૨ | કાળીદાસ ચુનીલાલ ખીનખાબવાળા એં. વ. એસીસ્ટન્ટ માસ્તર (ફસ્ટ) |
| ૧ | મીસ્ત્રી લધા જેરામ બેટ શંખોદ્ધાર |
| ૨૫ | ભંડારીજી શ્રી જગન્નાથજી હરિમંગળજી |
| ૨૦ | શ્રીલક્ષ્મીજી મંદીરના અધીકારીજી લક્ષ્મીદાસજી મંછારામજી |
| ૨૦ | શ્રીસત્યભામાજી મંદીરના અધીકારીજી નરોતમ |

### બેટ શંખોદ્ધાર

| | |
|---|---|
| ૧ | ઠકર રવજી રતનશી |
| ૧ | ઠકર નારાયણ માહાવજી |
| ૧ | શેઠ કેશવજી કાનજી |
| ૧ | ઠકર હરી જેઠા હા. ખીમજી |
| ૧ | ભાઇભા ત્રીકમદાસ કરસનદાસ |
| ૧ | ઇજારદાર દુર્લભજી રણછોડજી દીવેડ |
| ૧ | ઠકર પુરષોત્તમ જીવા |
| ૧ | જોશી કહાનજી મુળજી |
| ૧ | રા. ગોવરધન સુંદરજી તલાટી |
| ૧ | ઠકર નારાણ કાનજી |

### આરંભડા

| | |
|---|---|
| ૨૦ | રાણાશ્રી શીગરામજી પુંજાજી |
| ૫ | કુંવર લધુભા અભયસિંહજી |
| ૪ | કુંવર પ્રાગજીભાઇ જાલમસિંહજી |
| ૧ | કુંવર બાપુભા દાદાભાઈ |
| ૧ | મેહેતા ઓધવજી રાઘવજી શાહ |
| ૧ | શા. લક્ષ્મીચંદ હંસરાજ વેરા |
| ૧ | બારોટ કહાનદાસ પુંજા |

### વરવાળા

| | |
|---|---|
| ૨ | શેઠ મેઘજી ગોવંદ હા. સુંદરદાસ |
| ૧ | મે૦ માધવલાલ પુરષોતમ હેડ માસ્તર વરવાળા સ્કુલ |

રા. ગણપતરાવ સખારાંમ તલાટી.

કાનજી ઠકલ નાયબ ફોજદાર



| | |
|---|---|
| ૧ | મે. પોસ્ટમાસ્તર સાહેબ ગીરજાશંકરભાઇ |
| ૧ | મે. ગણેશ આબાજી બેટ ગુજરાતી સ્કુલના હેડ માસ્તર |
| ૧ | રા. શંકર લક્ષ્મણ બેટ અવ્વલ કારકુન |
| ૧ | રા. હરજીવનદાસ મયારાંમ કારકુન |
| ૧ | રા. ગોકળદાસ મુળજી વ્યાસ મજમુંદારી કારકુન |
| ૧ | રા. લક્ષ્મીદાસ ધરમશી કારકુન |
| ૧ | વાયડા ગોકળદાસ મુળજી વકીલ |
| ૧ | રા. મયાશંકર જગજીવન સુધરાઇ કા. |
| ૧ | વાયડા કૃષ્ણદાસ જયશંકર મેડીકલ પ્યુપીલ |
| ૧ | રા. દામોદર શીવજી બેટ લાઇબ્રેરીઅન |
| ૧ | મોદી મહાવજી પીતાંબર |
| ૧ | વાયડા ગોવીંદ મનજી |
| ૧ | દીવે. કરસનદાસ વેલજી |
| ૧ | શેઠ રતનશી લધુ |
| ૧ | શેઠ હરીદાસ જેરાંમ |
| ૧ | શેઠ હંસરાજ લધાણી |
| ૧ | શેઠ હરી ધરમસિંહ |
| ૨ | મેહેતા કેશવલાલ જયશંકર મંકોડી |
| ૨ | અમાળી લાલજી મુરારજી પરોત |

બેટ

[illegible]દેવદાસજી

[illegible]રજીદેવકૃષ્ણજી સાહેબ

[illegible]ક્ટર સાહેબ

| | |
|---|---|
| ૧ | દા. નથુ ડોસા વકીલ. |
| ૧ | શેઠ દયાળ મુરારજી |
| ૧ | દલ[illegible]તરાંમ જેઠા |

ઈશ્વરીઆ ( કાઠીઆવાડ )

| | |
|---|---|
| ૧ | મે. રાસાભાઇ અજાભાઇ દરબાર સાહે[illegible] |
| | મે. રામાભાઇ બાપુભાઈ દરબાર સાહેબ |
| | મે. બાળાશંકર જગજી[illegible] પોલીસ પટે[illegible] |
| | મે. દરબાર સાહેબ [illegible]ાઈ ગગાભાઇ |
| | મે દરબાર સાહે[illegible] [illegible]સીંગજી કાળા[illegible] |

[illegible]મનગર

વાદેર. [illegible] ઠાભાઇ

[illegible]સાણુ ( જુનાગઢ )

[illegible]ખલાલ વી. રેવાશંકર અમદાવાદ

[illegible]વજવંદ[illegible]. ચુનીલાલ ટીકીટ કલેક્ટર

૧ શેઠ ધનજી જયરાંમ
૧ શેઠ વાલજી ઝીણા
૧ શેઠ પ્રેમજી પ્રધાન હસ્તે ભીમજી
૧ શેઠ રણછોડદાસ ચત્રભોજ
૧ શેઠ નારાયણદાસ કારાણી
૧ વાયડા નથુ દેવજી
૧ પાઠ દેવકૃષ્ણ પ્રાગજી
૧ ઠાકર લાલજી ઓધવજી પીંડારાના ગોર

**ભાવડા**

૧ પટેલ માણક દુદા મુળુ વાઘેર

**મકનપુર**

૧ પટેલ રવા રણમલ વાઘેર

**રાધાસર**

૧ હરદાસ ડોસા વાઘેર

**વાછુ**

૧ માણક ગગા કાંયા વાઘેર

**ભુજ**

૧ વ્યાસ પ્રેમજી ગંગારામ

**નળીઆ**

૨ મે. મણીભાઇ જશભાઈ લાઇબ્રેરી
૧ મે. દુર્ગાશંકર પ્રભાશંકર
૧ રા. મૂળશંકર મંગળજી શીરસ્તેદાર

૧ ઠકર દ્વારકાંદાસ નાંનજી કારકુન
૧ ઠકર કાહાનજી વેલજી
૧ રા. પોસ્તમાસ્તર સા. પ્રાણજીવન ચત્રભોજ
૧ રા. મણીશંકર ગોકળજી ડાકટર સાહેબ
૧ રા. હાથીરાંમ દલપતરાંમ કમ્પાઊન્ડર

**નારાયણ સરોવર ( કચ્છ )**

૧૦ વિદ્યાનુરાગી બ્રહ્મચારીજી શ્રીવલ્લભદાસજી
૨ જોશી મોહનજી ખીમજી વકીલ
૪ મેહેરબાન બાલાશંકર કાશીરાંમ કારભારી
૨ મે. મગનલાલ હરગોવિંદ માસ્તર
૧ જોશી નથુ વિ. ભારમલ દફતરી
૧ રા. નથુ વિ. હરિકૃષ્ણ ચીટનીસ
૧ રા. શાંમજી લધા હીસાબી કારકુન
૧ વ્યાસ કાળીદાસ લાલજી સાચોરા
૧ મેહેતા મકનજી શાંમજી
૧ સોમપુરા હરિશંકર કહાનજી ગોર

માંડવી

૧ શેઠ હંસરાજ વીસનજી

**ખંભાળીઆ જામ**

શેઠ ભાણજી કાળીદાસ
મે. ડાક્ટર સા. [illegible]

૧ મે. પીતાંબરદાસ બાપુભાઇ
૧ ખેંગાર દાદાભાઇ વાઢેર

મહુવા

૧ દોશીત મુરારજી પ્રેમજી

અમરેલી

૧ મેહેતા ત્રીભોવનદાસ કલ્યાણજી
૧ મેહેતા રાંમનારાયણ પરસદરાય
( આમલીઆર )

કપડવંજ

૧ પટેલ મગનલાલ નરોત્તમદાસ

નડીઆદ

૧ મે. રા. સા. મણીલાલ નભૂભાઇ બી. એ.
૧ વ્યાસ જમનાંદાસ વલ્લભજી

વડોદરા.

૧૦ મે. દીવાન બહાદુર દીવાન સાહેબ મણીભાઇ જસભાઇ
૧ મે. દોરાબજી ટેમુલજી પાવરી સરવૈ કાંમદાર સા.

અંજાર.

૧ રા. ગૌરીશંકર જયશંકર
૨ વકીલ નથુભાઇ ગંગાધાર

પોરબંદર

૧ ઝવેરી હાજી ઇસ્માલ અબુબકર

મુંબાઇ.

૧૫ મે. શેઠ સા. રાંમજી લક્ષ્મીદાસ
૧૦ મે. શેઠ ગોવિંદજી ઠાકરશી મૂળજી
૫ મે. શેઠ કાળીદાસ જૂઠા
૨ મે. શેઠ ગોવરધનદાસ ગોવીંદજી
૨ મે. શેઠ ધરમશી લાલજી
૨ મે. શેઠ ગોકળદાસ કોરજી
૧ મે. શેઠ હંસરાજ થાર્યાણી
૧ મે. શેઠ મહાવજી ખીમજી
૧ ઠકર ભગવાનદાસ પ્રેમજી
૧ શેઠ ગોકળદાસ દેવજી

સુરત

૧ મે. વજુભાઇ માણેકલાલ ખજુરીઆ
૧ મે. મૂળચંદ વેણીલાલ મહેતા

ભાવનગર

મે. મુરારજી આણંદજી બી. એ. એલ. એલ. બી.

૧ શેઠ

૧ શેઠ

૧ શે

૧ ડા. નથુ ડોસા વકીલ.

૧ શેઠ દયાળ મુરારજી

૧ દલ તરાંમ જેઠા

ઈશ્વરીઆ ( કાઠીઆવાડ )

૧ મે. રાસાભાઇ અજાભાઇ દરબાર સાહેબ.

૧ મે. રામાભાઇ બાપુભાઈ દરબાર સાહેબ

૧ મે. બાળાશંકર જગજીવંન પોલીસ પટેલ

૧ મે. દરબાર સાહેબ કાળુભાઈ ગગાભાઇ

૧ મે દરબાર સાહેબ રાંમસીંગજી કાળાભાઇ

જામનગર

૨ વાઢેર. બાલુભા દાદાભાઇ

ભેસાણ ( જુનાગઢ )

૩૦ રા. રા. મનસુખલાલ વી. રેવાશંકર વૈષ્ણવ.

અમદાવાદ

૨ વ્રજવલ્લભ ચુનીલાલ ટીકીટ કલેક્ટર

૧ રા. ...

૨ નંદશંકરભાઇ ટીકીટ કલેક્ટર

૨ રા. જેઠાશંકર પુરૂષોત્તમ સ્ટેશન માસ્તર ઉજળવાવ

સંખેડાબહાદરપુર

૨ મે. ગુલાબસિંહ કળજી ફોજદાર

સીદ્ધપુર

૧૨ મે. રા. સા. પ્રલ્હાદજી સેવકરાંમ નાયબ સુબા સા.

લીંબડી

૨ મે. નરહરીશંકર ઝવેરીશંકર ઝા.

૨ મે. રા. સા. કેશવલાલભાઇ નાંનાભાઇ નાયબદીવાન

નીઝાંમ હૈદ્રાબાદ

૧ ઠકર. જેરાંમ ખીમજી

રાજકોટ ( હાલ સોનગઢ )

૨ વશરામભાઇ પીતાંબરભાઇ

૧ મણીશંકર પ્રભાશંકર કચ્છ મોરબી કમીશન હેડક્લાર્ક

પોરબંદર

મે. ... શીવનાથ રામનાથ

૧ ઠકર ધરમશી વહાલજી

શાવવ (જામનગર)

G. P. B.—(J) Y/272—3,000—12-50

E. E. D. S. F No. 47.

**This book may be kept 15 days.**

આ પુસ્તક પંદર દિવસ રાખી શકાશે.

09 JUL 2015

14 MAR 2018

19 APR 2018

1 JUL 2019

SHML

G6296

ENTERED

DS
485
.053
.B4

માંકોડી, દુર્લભજી જટાશંકર. વાઘેરો અને ઓખામંડળ [illegible]

| Signature | Issue Date |
| --- | --- |
| | |

G.6296

DS
485
.053
.B4

G.6296